જિંદગીને સલામી

નિકોલાઈ ઓસ્ત્રોવ્સ્કી



લેખો
પ્રવચનો
પત્રો

નિકોલાઈ ઓસ્ત્રોવ્સ્કી

જિંદગીને સલામી

લેખો
પ્રવચનો
પત્રો

પ્રગતિ પ્રકાશન
મોસ્કો

પ્રસ્તાવના

નિકોલાઈ ઓસ્ત્રોવ્સ્કી

લેખક નિકોલાઈ અલેક્સેયેવિચ ઓસ્ત્રોવ્સ્કી એમની ગૌરવમય સ્મૃતિ છોડી ગયા છે. વિશ્વભરના લાખો લોકો માટે, પ્રત્યેક જાતિ અને પ્રજાના આબાલવૃદ્ધ સૌ નરનારીઓ માટે, પેલો કાળાં ભવાંનો રશિયન તરુણ પાવેલ કોર્ચાગિન—ઓસ્ત્રોવ્સ્કીની કૃતિ 'માનવીનું ઘડતર'નો *(How the Steel Was Tempered)* નાયક—જીવનભરનો દિલોજાન બની ગયો છે; હામ તથા મનોબળ, અદમ્ય જીવનચાહના, તેમ જ સંકટો તથા મુશ્કેલીઓનો મુકાબલો કરવામાં અડગ નિર્ધારનું ઉદાત્ત અને પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડનારો સાથી બની ગયો છે.

ઓસ્ત્રોવ્સ્કીએ લખ્યું છે: "માનવીનું સૌથી અદ્‌ભુત સૌભાગ્ય તો એ જ હોઈ શકે કે એના મૃત્યુ પછીય એની કૃતિઓ માનવજાતની સેવા બજાવતી રહે"; અને ઓસ્ત્રોવ્સ્કીના જીવન તથા કર્તૃત્વમાં એવી વાંછિત સિદ્ધિનું ગૌરવ અંકિત થયું છે.

ઘડીભર કલ્પના કરો કે તમે વીતી ગયેલા અતીતમાં ફરી પહોંચી ગયા છો—ઓસ્ત્રોવ્સ્કી હજી જીવતા છે. ૧૯૩૫નું વર્ષ ચાલે છે. ડિસેમ્બર મહિનો છે. 'માનવીનું ઘડતર'નું પ્રકાશન થઈ ગયું છે, સોવિયેત જનતા તેના એક વફાદાર અને પ્રતિભાશાળી સપૂતના નિઃસ્વાર્થ શ્રમને બિરદાવે છે. ઓસ્ત્રોવ્સ્કીને લેનિન ચંદ્રક વડે વિભૂષિત કરવામાં આવ્યા છે. તેઓ તેમના નવા પુસ્તક 'ઝંઝાવાતનાં સંતાનો'ની *(Born of the Storm)* તૈયારી કરવા સોચીથી મોસ્કો આવ્યા છે. તમે ગોર્કી સ્ટ્રીટના ૪૦ નંબરના મકાનમાં તેમના નિવાસે તેમની મુલાકાત લેવા જાઓ છો.

અપેક્ષાઓથી છલકાતું મન લઈને તમે પહોળો દાદરો ચડો છો અને બીજે માળે એક તરફ વળીને ઘંટડી દબાવો છો. દ્વાર ખૂલે છે, પછી બીજું દ્વાર, અને તમે તેમના ખંડમાં દાખલ થાઓ છો.

ત્યાં એક દૂબળો માણસ સૂતો છે. તેણે કેડ સુધી ધાબળો ઓઢેલો છે. તેનો પાતળો સંવેદનશીલ ચહેરો—એક વિચારશીલ એકાગ્રચિત્ત વ્યક્તિનો ચહેરો—જાણે પ્રેરણાથી ખરેખર લગભગ ઝળકી રહ્યો છે. તેના ચિત્તમાં ઘોળાતા વિચારોનું આબેહૂબ પ્રતિબિંબ તેના ચહેરા પર અરીસાની જેમ પડી રહ્યું છે. કપાળ ઊંચું અને ભવ્ય છે. જમણી ભ્રમર પર નાનકડા ખાડા જેવું વરતાય છે—ભૂતકાળમાં ઘણાં વર્ષ પહેલાં પડેલા ઘાની એ નિશાની છે. ઊંડે ઊતરી ગયેલી પહોળી પહોળી આંખો જાણે હજુ નીરખી શકતી હોય એમ લાગે છે. તેણે ખાખી રંગનો લશ્કરી કોટ પહેર્યો છે. તેની છાતીએ લેનિન ચંદ્રક સોહી રહ્યો છે.

ઓરડામાં આછો અંધકાર છવાઈ ગયો છે, કારણ કે રસ્તા પરનો ઘોંઘાટ અંદર આવી ન શકે એ માટે બારી પર પડદા લટકાવી દેવામાં આવ્યા છે.

ડાબી બાજુ દીવાલે, શય્યાની ઉપર, લેનિનની તસવીર લટકે છે. જમણી બાજુના ખૂણામાં એક ડેસ્ક છે અને દીવાલ પર સ્તાલિનની તસવીર છે. ઓરડામાં ચામડાનો કોચ, પિયાનો, પુસ્તક માટેની છાજલી, અને આંરી બાર્બૂસની પ્રતિમા છે.

પરંતુ તમને નિરીક્ષણ માટે વધુ સમય નહિ મળે. તમારા આગમનની તમારા મેજબાનને જાણ થઈ ચૂકી છે અને તેમણે તમારી સાથે વાત શરૂ કરી દીધી છે. તેમનો અવાજ તરવરાટભર્યો અને જોમદાર છે. તેઓ તમને તેમની બાજુમાં બેસવાનું કહે છે અને તેમનો ડાબો હાથ લંબાય છે. તેમના આખાય શરીરમાં જો ચેતનનું નામનિશાન રહ્યું હોય તો માત્ર તેમના બે હાથમાં જ. તેઓ અભિવાદન કરવા તમારો હાથ દબાવે છે, અને તમે એમની સાથે વાત કરો ત્યાં સુધી તમારો હાથ એમના હાથમાં પરોવેલો જ રાખે છે.

અને તમને લાગે છે કે તેમની મજબૂત પકડ, તમે વાત કરો તેમ તેમ તેમની આંગળીઓનું વધતું જતું તણાવભર્યું દબાણ, એ સ્પર્શ, જાણે તમને ઝગહળિત કરી દે છે અને તમે કેવા હશો એનો ખ્યાલ બાંધવામાં તેમની માનસિક દૃષ્ટિને મદદરૂપ થાય છે.

તમારી ધારણાનું જ સમર્થન કરતા હોય તેમ તેઓ કહે છે, "હું તમારો હાથ પકડી રાખું છું ત્યારે તમે શું કહો છો તે મને વધુ સારી રીતે સમજાય છે. હું તમને વધુ હૂબહૂ કલ્પી શકું છું અને તે મને ખૂબ મદદરૂપ બને છે."

પરંતુ તેઓ જેમ જેમ આગળ બોલતા જાય છે તેમ તેમ તમે ભૂલી જાઓ છો કે તમારી સમક્ષ સૂતેલો એ માનવી અંધ અને બીમાર છે.

તેમના એક મિત્ર, માતે ઝાલ્કાએ લખ્યું છે: "મારા મનમાં ઓસ્ત્રોવ્સ્કીની છાપ અત્યંત તીવ્ર વિરોધાભાસોવાળી છે, પરંતુ તે સૌથી વધારે તો આનંદપ્રેરક છે, ઉત્સાહપ્રેરક છે. તેઓ ચત્તા સીધા પડી રહે છે, પથારીવશ છે, અંધ છે અને એવું બધું તો માત્ર સપાટી પરની વાત છે. હકીકતમાં તો તેઓ શક્તિશાળી છે, હિંમતવાન છે, લડવૈયા છે. હા, હજી તેમનું વલણ લાલ સેનાના સિપાહી જેવું જ છે. તેઓ જાણે હરોળમાં કૂચ કરી રહ્યા હોય એવી લાગણી અનુભવે છે. અને સાચે જ તેઓ હરોળમાં છે, હા છે, અને તેય એકદમ મોખરે. તેમની આ શારીરિક સ્થિતિ—જાણે કે મામૂલી આકસ્મિક બાબત છે, કદાચ કંઈક ખેદજનક ખરી પણ કાયમી નહિ, અજેય નહિ, અને કોઈ રીતે આખરી નહિ."

સાચું, સાવ સાચું! તેમની પડખે બેસીને તેમની જુસ્સાથી છલકાતી વાતો સાંભળતાં સાંભળતાં તમે તેમનાં ચપળ ઉત્સાહભર્યા વિચાર ઉડ્ડાનોમાં ઓતપ્રોત થઈ જઈને એકદમ ભૂલી જાઓ છો કે તેઓ માંદગીને બિછાને છે. "હું જ્યારે આંખો બંધ કરું છું," તેઓ કહે છે—અને તમને એ હકીકતનો ખ્યાલ પણ નથી રહેતો કે તેમની આંખોની રોશની તો કેટલાંય વર્ષોથી બુઝાઈ ગયેલી છે. તેઓ "કાળમુખા ફ્લુ"ની વાત કરે છે—અને તમને એમ જ લાગે છે કે તેમને માત્ર એ જ એક બીમારી છે. "હું વાંચું છું," તેઓ કહે છે. "હું લખું છું," "હું જવાની તૈયારી કરું છું," "મારે પુરાલેખસંગ્રહમાં સંશોધન કરવું પડશે," "હું કોંગ્રેસ માટે મારું પ્રવચન તૈયાર કરી રહ્યો છું." તેઓ શારીરિક આંખે અંધ છે પરંતુ આંખો વડે જોઈ શકતા અનેક માણસો કરતાં એમની દૃષ્ટિ વધુ તીવ્ર છે. સતત પિડાતા અને અસાધ્ય રોગના ભોગ બનેલા તેઓ એવી સ્ફૂર્તિ તથા માનવીય ઉષ્માની આભા ફેલાવે છે કે તમારા દિલમાં તેમને અંગે ગર્વની—દયાની નહિ, મુદ્દલ નહિ—લાગણી છલકાઈ ઊઠે છે. તમારી પોતાની કવચિત મંદતાની પળો તમને યાદ આવે છે, તમે કદાચ આજે કે કાલે કે પરમદિવસે અધૂરા છોડેલા કાર્યનો તમને ખ્યાલ આવે છે, અને તમારા મનમાં શરમની લાગણી ભરાઈ જાય છે.

"માનવીનો સૌથી ખરાબ દુશ્મન રોગ નથી," તેઓ કહે છે. "અંધાપો ભયાનક હોય છે, પણ અંધાપાનેય જીતી શકાય. બીજી એક

બાબત એથી ઘણી વધુ ખતરનાક છે—આળસ. સીધીસાદી માનવીય આળસ. જ્યારે માનવીને કામ કરવાની ધગશ ન થાય કે જરૂર ન લાગે, તેનું હૈયું ખાલીખમ હોય, રાત્રે નીંદર તાણવા પથારીમાં લાંબા થતી વેળા તેને એવા પ્રશ્નનો કશો ઉત્તર ન મળે કે વીતી ચૂકેલા આ દિવસ દરમિયાન મેં શું સિદ્ધ કર્યું?—તો એ બાબત ભયાનક છે, ખતરનાક છે. ત્યારે તેના મિત્રોએ ભેગા મળીને મસલત કરવી જોઈએ, એને બચાવવાના રસ્તા શોધી કાઢવા જોઈએ—કારણ કે એવો માણસ વિનાશની આણીએ પહોંચી ગયેલો હોય છે. પરંતુ મનુષ્યમાં કામ કરવાની ધગશ જળવાઈ રહે અને તે કોઈ પણ અવરોધો તથા મુશ્કેલીઓનો સામનો કરીને, ગમે તે સંકટનો સામી છાતીએ મુકાબલો કરીને, કામ કરતો રહે—તો એ સ્વાભાવિક મહેનતકશ માનવી હોય છે, બધી રીતે ક્ષેમકુશળ માનવી હોય છે."

અને તેઓ વધુ ને વધુ ઉષ્માથી કહે છે:

"સાંભળો,—હું તમને એક રહસ્યની વાત કહું: માનવી ક્યારેક સાવ નકામો અને વિનાશક જીવ બની જાય છે. માનવી ખરેખર માનવી તો ત્યારે જ ગણાય કે જ્યારે તે જીવનમાં કોઈ મહાન આદર્શ ધરાવતો હોય. એમ હોય ત્યારે તે કેવળ અવયવો ખાતર—પેટ, કાળજું, વગેરે ખાતર—નથી જીવતો પરંતુ એક સમગ્ર હસ્તી તરીકે જીવવાનું શરૂ કરે છે. હકીકતમાં તો એ જ બાબત માનવીને અન્ય પ્રાણીઓથી જુદો પાડે છે. એ જ માનવીની તાકાત છે. અને એક મહાન આદર્શ એવો છે કે જે માત્ર વ્યક્તિઓને જ નહિ પણ આખેઆખાં રાષ્ટ્રોને વીર નાયકો તરીકે રૂપાંતરિત કરી શકે છે. એ છે સામ્યવાદ, લોકોની સુખાકારી માટેનો સંઘર્ષ. મને બોલ્શેવિક હોવાનું, સામ્યવાદી પાર્ટીના સભ્ય હોવાનું ગૌરવ છે. એ હકીકત મને માનવી બનાવે છે, અને માનવીને છાજતી જિંદગી જીવી શકું છું. હું પ્રભાવ પાડવા આમ નથી કહેતો, પરંતુ એ પરમ સત્ય છે તેથી કહું છું. હું સુખી માણસ છું."

હા, ઓસ્ત્રોવ્સ્કી સુખી હતા. તેમના શબ્દો અને તેમનાં કાર્યો વચ્ચે કોઈ અંતર ન હતું. જેમ જેમ તમને એમનો વધુ ને વધુ પરિચય થતો જાય તેમ તેમ એ હકીકતનો અધિકતર સ્પષ્ટ પ્રભાવ તમારા મન ઉપર પડે.

નિકોલાઈ ઓસ્ત્રોવ્સ્કીનો જન્મ ૧૯૦૪ની ૨૯મી સપ્ટેમ્બરે થયો હતો. તેમના પિતા દારૂના કારખાનામાં કામદાર હતા. કુટુંબનું ભરણપોષણ કરવા

જેટલી તેમની કમાણી ન હોવાથી માતાને રસોઈયણ તરીકે કામ કરવું પડતું હતું. નિકોલાઈ બાર વર્ષના હતા ત્યારે તેમણે પણ ઘરકામની નોકરી શરૂ કરી દીધી. તે પછી તેમણે ઍન્જિનની ભઠ્ઠીમાં કોલસા નાખનારના મદદનીશ તરીકે અને ઇલેક્ટ્રીશ્યનના શાગિર્દ તરીકે કામ કર્યું. ૧૯૧૯માં તેઓ તરુણ સામ્યવાદી સંઘમાં જોડાયા, અને સ્વયંસેવક તરીકે મોરચે ઊપડી ગયા. ત્યારથી તેમનું જીવન પાર્ટીના મહાન કાર્ય સાથે અવિભાજ્ય રૂપે સંકળાયેલું રહ્યું.

એ રીતે, પંદર વર્ષના કિશોર ઓસ્ત્રોવ્સ્કીએ કોતોવ્સ્કી અને બુદ્યોન્નીની આગેવાની હેઠળ આંતરવિગ્રહમાં જંગ ખેલ્યો. પછી શાંતિમય નિર્માણનાં વર્ષોમાં તેમણે વીરતાપૂર્વક શ્રમ કર્યો—રેલવે કારખાનાં બાંધવામાં, રેલવેની લાઈનો નાંખવામાં, ડીમચાં નદીમાં તરતાં મૂકવામાં, વગેરે. ત્યાર બાદ તરુણ સામ્યવાદી સંઘના કાર્યકર તરીકે પ્રથમ બેરેઝ્દોવમાં અને પછી ઇઝ્યાસ્લાવ્લ જિલ્લામાં તેમણે પોતાનું સાહજિક જોમ પૂરેપૂરું પ્રવૃત્તિમાં રેડી દીધું. "તમે જ્વાળા ન બનો તો ધુમાડામાં જ રૂંધાઈ જાઓ," તેમણે લખ્યું છે. "એ હંમેશાં સાચું છે. અભિવાદન, જીવન જ્યોત!" અને પક્ષે તથા સંઘે તેમને જે કંઈ કાર્ય સોંપ્યું તે તેમણે યુવાનીની પૂરી ધગશથી કરી બતાવ્યું.

૧૯૨૪ના અંતમાં ઓસ્ત્રોવ્સ્કી ગંભીર માંદગીમાં પટકાયા. તેમની કરોડરજ્જુમાં પીડા ઊપડી. તેમણે જીવનના આરંભમાં જ વેઠેલી અગણિત હાડમારીઓ—બાળપણની ગરીબી, યુદ્ધમાં થયેલા જખમો, યુદ્ધોત્તર વર્ષોમાં આરામ કે ઊંઘ વિના કરેલી આકરી અણથંભ મહેનત—તેમની તંદુરસ્તીને ખતમ કરી નાખવામાં કારણભૂત બની.

હંમેશાં સક્રિય સંઘર્ષથી, નૂતન જીવનના સક્રિય નિર્માણથી, ટેવાયેલા ઓસ્ત્રોવ્સ્કી હવે "તદ્દન પાછલી હરોળમાં" ધકેલાઈ ગયા. એક છેડેથી બીજા છેડા સુધી આખાયે સોવિયેત દેશમાં નિર્માણની પ્રચંડ ધગશ ફેલાઈ ગઈ હતી. એ વર્ષો પ્રથમ પંચવર્ષી યોજનાની મહાન હરણફાળની તૈયારીનાં વર્ષો હતાં. ઉદ્યોગ તથા ખેતીની પુનર્ઘટના થઈ રહી હતી, નવનિર્માણ થઈ રહ્યું હતું. સાંસ્કૃતિક ક્રાંતિ ચાલી રહી હતી. ઇતિહાસમાં જેનો જોટો ન મળે એવા વ્યાપના નિર્માણ કાર્યમાં જોડાઈને તરુણપ્રજા, ઓસ્ત્રોવ્સ્કીની આખી પેઢી, આહ્લાદક અણથક પરિશ્રમ કરી રહી હતી.

એવે વખતે તેઓ પોતાની ફરજિયાત નિષ્ક્રિયતાથી વધુ ઊંડું દુઃખ અનુભવી રહ્યા હતા.

પરંતુ માતૃભૂમિ તેમની વહારે આવી. તેમને દેશની ઉત્તમ હોસ્પિટલો તથા આરોગ્યધામોમાં મોકલવામાં આવ્યા. તેઓ ઇલાજ માટે ખાર્કોવ, યેવ્પાતોરિયા, સ્લાવ્યાન્સ્ક, મોસ્કો, સોચી, વગેરે જગ્યાઓએ રહ્યા... તેમણે પોતે પણ હરોળોમાં પાછા ફરવા બનતા બધા જ પ્રયત્નો કર્યા.

“તેઓ હોસ્પિટલની દીવાલોની બહારના જીવનની પ્રત્યેક ઘટનામાં ખૂબ જીવંત રસ લેતા હતા. તેઓ ખૂબ વાંચતા અને તેમના બીમાર સાથીઓ જોડે અખબારોના વાચનનું, અને રાજકીય વિષયો તથા ચાલુ ઘટનાઓ અંગે ચર્ચાઓનું આયોજન કરતા. તેઓ અણનમ લડવૈયા હતા, સામ્યવાદી હતા, પોતાના લક્ષ્ય અંગે વાકેફ હતા, જાણતા હતા કે પોતાને શાને ખાતર લડવાનું છે... તેમના વ્યક્તિત્વની સામે માંદગી જાણે સંકોચાઈ જતી, તેનું મહત્ત્વ ઓસરી જતું, અને તે પશ્ચાદ્‌ભૂમાં ધકેલાઈ જતી”—ખાર્કોવ મેડિકો-મિકેનિકલ સંશોધન ઇન્સ્ટિટ્યૂટના ક્લિનિકમાં કામ કરતી નર્સ આન્ના પાવ્લોવ્ના દાવીદોવાની દૃષ્ટિએ ઓસ્રોવ્સ્કી એવા હતા. એ વર્ષોમાં ઓસ્રોવ્સ્કીને જે કોઈ—તરુણ સામ્યવાદી સંઘના સૌથી નાના સભ્યથી લઈને મોટેરી પેઢીના સામ્યવાદીઓ સુધી—પિછાનતા હતા તે સૌની નજરે ઓસ્રોવ્સ્કી એવા હતા. મુશ્કેલીઓના દિવસોમાં અનેક વાર તેમને મદદ કરનારા તેમના સદ્‌ભાવી મિત્રો ઇનોકેન્તી પાવ્લોવિચ ફેદેનેવ, ખ્રિસાની પાવ્લોવિચ ચેર્નોકોઝોવ, અને અલેક્સાન્દ્રા અલેક્સેયેવ્ના ઝિગિરેવાની નજરમાં પણ ઓસ્રોવ્સ્કી એવા હતા.

“જિંદગી ટકાવી રાખવાનું કશુંક કારણ છે ખરું, હજી મારી જરૂર છે”—આ અડગ વિચારે ઓસ્રોવ્સ્કીને તેમની શારીરિક પીડા સહેવાની, એની ઉપર પ્રભુત્વ મેળવવાની, તાકાત આપી.

એ વર્ષોમાં ઓસ્રોવ્સ્કીનું આત્મબળ, તેમનો પ્રચંડ આત્મવિશ્વાસ, તેમની ઇચ્છાશક્તિ અને ધ્યેયપરાયણતા વિશેષ સ્પષ્ટ રૂપમાં પ્રગટ થયાં. જેમ જેમ તેમની મુશ્કેલીઓ વધુ કપરી બનતી ગઈ તેમ તેમ તેઓ પોતાનું ધ્યેય સિદ્ધ કરવા વધારે ને વધારે નિર્ધારપૂર્વક લડતા ગયા; એ ધ્યેય હતું ફરી પાછા હરોળોમાં જોડાઈ જવાનું.

તેઓ મોસ્કોની સ્વેર્દલોવ કોમ્યુનિસ્ટ યુનિવર્સિટીમાં વિદ્યાર્થી તરીકે જોડાઈ ગયા અને પત્રવ્યવહાર દ્વારા માર્ક્સવાદી-લેનિનવાદી પ્રશિષ્ટ કૃતિઓનો અભ્યાસ કરવા લાગ્યા.

એક નાનકડો રેડિયો તેમને ખૂબ મદદરૂપ બન્યો. તેમના અભ્યાસના વિષયો સંબંધી વ્યાખ્યાનો રેડિયો પર નિયમિત પ્રસારિત થતાં હતાં, અને તેઓ કદી એ સાંભળવાનું ચૂકતા નહિ.

સ્થાનિક ગ્રંથાલયના બિરાદરો તેમને પુસ્તકો, અખબારો તથા સામયિકો પહોંચાડતા રહેતા.

“હું તેમને માટે પુસ્તકો, પુસ્તકો ને પુસ્તકો લાવ્યા જ કરતો હતો—પુસ્તકોનો અંત નહિ—પુસ્તકોના ખડકલા, દોરી વડે બાંધેલા ખડકલા, ખડક્યા જ કરતો હતો,” નોવોરોસ્સીઇસ્કના ગ્રંથાલયના એ વખતના વ્યવસ્થાપક દ્મીત્રી પાવ્લોવિચ ખોરુઝેન્કોએ યાદ નોંધી છે. “ગ્રંથાલયનો એ અસાધારણ સભ્ય વિસ્મયકારક ઝડપે એ બધું વાંચી નાખતો. શરૂઆતમાં હું તેમને માટે જે પુસ્તકો લઈ જતો તેની વિગતવાર નોંધ સભ્યપોથીમાં કરી લેતો, પરંતુ મારે તેમાં વારંવાર નવાં કોરાં પાનાં ચોંટાડવા પડતાં પોથીની હાલત બગડવા લાગી. એટલે મેં પુસ્તકાલયના બધા નિયમોનો ભંગ કરીને કશી વિગતો વિના માત્ર પુસ્તકોની કુલ સંખ્યા જ નોંધવા માંડી. હું ચોપડીઓ દુકાનેથી સીધી—ગ્રંથાલયની યાદીઓમાં નોંધાયા પહેલાં જ—તેમની પાસે લઈ જતો, જેથી તેઓ પોતે જ પસંદગી કરી શકે.”

ઓસ્રોવ્સ્કીનું વલણ જેવું લોકો પ્રત્યે હતું તેવું જ પુસ્તકો પ્રત્યે હતું—લડવૈયાનું, ઉત્સાહભર્યું, સક્રિય.

તેઓ હંમેશાં મક્સીમ ગોર્કી પ્રત્યે વિશેષ આકર્ષણ અનુભવતા.

“કેવી અદ્‌ભુત રચના છે!”—તેમણે ગોર્કીની કૃતિ ‘બાજપક્ષી’ વિશે કહ્યું છે. “અરે, આ તો પાંખાળા યૌવનનું ગીત છે—સિદ્ધના સામર્થ્યના આત્મવિશ્વાસથી છલકાતા યૌવનનું ગીત છે, મુક્તિ અને સૌંદર્યમય જીવનનાં સૌથી ઉજ્જ્વલ સ્વપ્નો સાકાર કરવાની ઉત્કટ આકાંક્ષા ધરાવતા યૌવનનું ગીત છે. આ તો જાણે ખરેખરો બૉંબ છે, એક વિશટ યોદ્ધાએ રૂઢિપરાયણ જડતા અને કૂપમંડૂકતાની છાવણીમાં ફેંકેલો બૉંબ છે... હા, ગોર્કીએ પહેલ કરી છે. આવું એમની અગાઉ કોઈએ લખ્યું ન હતું.”

પૂશ્કિન, લેર્મોન્તોવ, ગોગોલ, નેક્રાસોવ, તોલ્સ્તોય, ચેખોવ, કોરોલેન્કો, સેરાફિમોવિચ, ફૂર્માનોવ, શોલોખોવ, ફાદેયેવ, નોવિકોવ-પ્રિબોઇ, ફેદિન, બાલ્ઝાક, વિક્ટર હ્યુગો, ઝોલા, જેક લંડન, દ્રાઇઝર, કેલ્લેર્માન, બાર્બ્યૂસ અને બીજા ઘણા લેખકોની કૃતિઓ ઓસ્રોવ્સ્કીએ એ સમય દરમિયાન ફરી ફરીને વાંચી.

તેમણે, ખાસ કરીને, આંતરવિગ્રહ સંબંધી સાહિત્યનું—સંગ્રહોના રૂપમાં કે સામયિકોમાં છૂટાંછવાયાં પ્રગટ થયેલ કથાકહાણીઓ, લેખો, દસ્તાવેજો, અને સંસ્મરણોનું—ખંતથી અધ્યયન કર્યું.

તેમની દિનચર્યાનું કાળજીપૂર્વક આયોજન થતું હતું. રાજકીય સાહિત્ય અને કથાસાહિત્યના વાચન માટે, રાજકીય અભ્યાસ માટે, તેમ જ પત્રલેખન માટે ચોક્કસ કલાકો નક્કી થયેલા હતા. શરૂઆતમાં તેમની દિનચર્યામાં દરરોજ ફરવા જવાનોય સમાવેશ થતો હતો. પણ પછી, ચાલવાનું બંધ કરવું પડ્યું. ચાલવું એ શારીરિક રીતે અશક્ય બની ગયું હતું. દિનચર્યાની યાદીમાં "સમયની બરબાદી" શીર્ષક હેઠળ નોંધ કરવાની ખાસ જોગવાઈ હતી—નાસ્તો, ભોજન, વાળુ, પુસ્તકો વિના આરામમાં ગાળેલ સમય, અને એવા બધી બાબતોનો એમાં સમાવેશ થતો હતો.

તેઓ માત્ર જીવનને "વળગી રહેવા" નહોતા માગતા. ઓસ્ત્રોવ્સ્કીએ આગળ જતાં લખ્યું છે તેમ, તેમણે હૃદયના ઊંડાણમાં "પોતાના જીવનચાલનો નકશો દોરી લીધો હતો." તેઓ તેમનું ધ્યેય બરાબર જાણતા હતા. તેમણે હરોળમાં તેમનું સ્થાન પસંદ કરી લીધું હતું.

સ્પષ્ટ છે કે તેમનો લેખનના પ્રયાસનો નિર્ણય આ જ ગાળા દરમિયાન ઘડાયો હતો.

૧૯૨૭માં નોવોરોસ્સીઈસ્કથી પ્યોતર નિકોલાયેવિચ નોવિકોવને લખેલા પત્રમાં ઓસ્ત્રોવ્સ્કીએ નોંધ્યું છે કે હું "'ઐતિહાસિક-ઊર્મિશીલ-વીરરસયુક્ત કથા' જેવું કંઈક લખવાનો વિચાર કરું છું. ખરેખર, મજાક બાજુ પર રાખીને કહું તો, હું લખવાનું ગંભીરપણે વિચારી રહ્યો છું. પરંતુ પરિણામ કેવું હશે એની મને ખબર નથી..."

તેમના મનમાં આંતરવિગ્રહના વીર નાયકોની—કોતોવ્સ્કી અને તેની બ્રિગેડની—વાત રમતી હતી. તેમણે એ વાર્તા ૧૯૨૭માં શરૂ કરી અને ૧૯૨૮ના આરંભમાં પૂરી કરી.

તેમની દિનચર્યાની યાદીમાં અગાઉની ઘણી રુચિઓનું સ્થાન એક નવા મથાળાએ લઈ લીધું—"લેખન". નાસ્તો પતાવ્યા પછી તરત જ તેઓ તેમના ઓશીકા નીચેથી જાડી નોટ-બુક કાઢતા અને કામ કરવા મંડી પડતા. ઘણી વાર તે એટલા બધા તલ્લીન થઈ જતા કે તેમને કામ બાજુ પર મૂકીને ભોજન લેવાનું કહેવું આસાન ન હતું. તેઓ ગુસ્સે થઈ કહેતા કે લોકોએ મને "મૂર્ખાઈભર્યાં ભોજનો" માટે બોલાવવાનું બંધ કરવું. અથવા

તેઓ વચન આપતા કે થોડા દિવસમાં—પુસ્તક પૂરું થઈ જાય કે તરત જ—લોકો ચાહે એટલાં ભોજનો હું એકી બેઠકે જમી લઈશ.

વાર્તા પૂરી થઈ એટલે તેને ઓદેસ્સા ખાતે ઓસ્ત્રોવ્સ્કીના જૂના લશ્કરી મિત્રોને મોકલવામાં આવી. બેએક અઠવાડિયાં પછી તેમનો ઉત્તર આવ્યો—એ સામૂહિક પત્ર હતો, એમાં સમગ્ર રીતે એ કૃતિને બિરદાવવામાં આવી હતી અને કેટલીક વિગતોમાં ફેરફાર કરવાની સલાહ આપવામાં આવી હતી.

પરંતુ ઓદેસ્સાથી પાછી રવાના થયેલી હસ્તપ્રત રસ્તામાં ટપાલમાં ક્યાંક ખોવાઈ ગઈ, અને બીજી નકલ હતી નહિ. વાર્તા ગુમ થઈ ગઈ. ઓસ્ત્રોવ્સ્કીનાં પત્ની લખે છે: "નિકોલાઈને આ આઘાતમાંથી કળ વળતાં લાંબો સમય લાગ્યો," પરંતુ તેમનાં દુઃખ તથા રોષનું પ્રથમ પ્રાકટ્ય સાવ થોડો સમય જ ટક્યું. તેમણે કાળજું કઠોર બનાવી દીધું. તેમના પત્રોમાં કે કુટુંબ તથા મિત્રો સાથેની વાતચીતમાં એ ભારે ફટકાનો વધુ કોઈ ઉલ્લેખ તેઓ કરતા ન હતા.

તેમના પ્રથમ પ્રયાસને મિત્રોએ બિરદાવ્યો તેથી ઓસ્ત્રોવ્સ્કીનો પોતાની શક્તિઓમાં વિશ્વાસ વધ્યો. તેમણે તેમનું અધ્યયન ફરીથી ચાલુ કર્યું અને નવા કાર્યક્ષેત્રના નિયમો પર પ્રભુત્વ મેળવવા પ્રયત્ન કર્યો. તેઓ મનમાં ઊંડે ઊંડે નવા પુસ્તકની યોજના કરવા લાગ્યા.

જ્યારે તેમનું જીવન જાણે આખરી સીમાએ પહોંચી ગયું હતું, અંધાપા અને અપંગતાએ સાથે મળીને તેમને માટે સર્વ કંઈનો અંત બિલકુલ નજીક આણી દીધો હતો, ત્યારે ઓસ્ત્રોવ્સ્કીએ સોચીથી પ્યોતર નિકોલાયેવિચ નોવિકોવને લખ્યું (૧૧ સપ્ટેમ્બર, ૧૯૩૦):

"મેં મારા જીવનમાં ખરો અંતરાર્થ ભરી દેવાની યોજના વિચારી લીધી છે—જીવનની હકીકતને સાર્થક બનાવે એવી એકમાત્ર પ્રવૃત્તિ વિચારી લીધી છે. મારી આ યોજના મુશ્કેલ છે, જરાય સીધીસાદી નથી જ. હું એ પાર પાડી શકીશ તો એને વિશે તમને વધુ લખીશ. ગમે તેમ, મારા જીવનપંથમાં કંઈ જ આયોજન વિનાનું નથી. હું સીધે રાહે જાઉં છું—એમાં નથી આડાઅવળા ફાંટા કે નથી વાંકાચૂકા ફેરા. હું મારી હાલત બરાબર સમજું છું અને મને બેચેન બની જવાનું કશું કારણ અત્યાર સુધી મળ્યું નથી. જે લોકો જીવનના નિષ્ઠુર ફટકા પડતાં ચિત્તભ્રમ થઈને આક્રંદ કરવા લાગે છે તેઓની પ્રત્યે મારી રગેરગમાં ધિક્કાર અને ઘૃણાની લાગણી ભરાઈ જાય છે.

"હું આજે ભલે પથારીવશ હોઉં પણ એનો અર્થ એવો નથી કે તમે મને માંદો માણસ કહી શકો. એમ કહેવું એ ભૂલભરેલું છે, મૂર્ખાઈ છે! હું પૂરેપૂરો તંદુરસ્ત છું. મારા પગ ભલે ચાલી શકતા ન હોય, અને હું કશું જોઈ શકતો ન હોઉં—એથી શું થયું? એ તદ્દન ગેરસમજ છે—મૂર્ખતાભર્યો, શઠતાનો ઉપહાસ છે."

કેવું અદ્‌ભુત, કેવું અજબ મનોબળ! જ્યારે મૃત્યુના વિજયની પળ આવી પહોંચી લાગતી હતી ત્યારે મૃત્યુની સામે કેવો પડકાર! ડૉક્ટરો કંઈ જ કરી શકે તેમ ન હતું. ઓસ્ત્રોવ્સ્કીના શરીરમાં ચાલી રહેલી વિલયની પ્રક્રિયાને તેઓ રોકી શક્યા નહિ. ઓસ્ત્રોવ્સ્કી ફરી કદી પથારીમાંથી ઊભા થવાના ન હતા, જોઈ શકવાના ન હતા, ચાલી શકવાના ન હતા. ભલે—એથી શું થયું?

તેમણે ઉપાય શોધી કાઢ્યો હતો. તેઓ તેમનાં પુસ્તકનાં પૃષ્ઠોમાંથી જીવનમાં આગળ ધપવાના હતા!

પોતે શું લખવા માગે છે તે તેઓ સારી રીતે જાણતા હતા, લાંબા સમયથી જાણતા હતા. તેમની મંછા યુવાન પેઢી માટે પુસ્તક લખવાની હતી—ક્રાંતિના એવા લડવૈયાની કથા આલેખવાની હતી કે જેને કોઈપણ કસોટી, કોઈપણ મુશ્કેલીઓ, કદી નમાવી નહોતી શકી. હા, તેઓ તેમની પોતાની જ વાત તરુણોને કહેવા માગતા હતા—એવી આશાએ કે આ મારો "પરિચિત કામદાર જુવાન" પાવેલ કોર્ચાગિન પોતે જેવી રીતે લડ્યો હતો એવી જ રીતે લડવા વાચકોને તત્પર બનાવશે.

ઓસ્ત્રોવ્સ્કી સ્મારક સંગ્રહસ્થાનો (મોસ્કો, સોચી અને શેપેતોવ્કા)માં પ્રદર્શિત તેમની હસ્તપ્રતોનાં પૃષ્ઠો પર નજર ફેરવતાં જણાશે કે તેમણે પુસ્તક અંગે કેટલો પરિશ્રમ કર્યો હતો.

શરૂઆતમાં તેમને મદદ કરનારું કોઈ જ નહોતું. તેમની પત્ની આખો દિવસ કામમાં અને જાહેર પ્રવૃત્તિઓમાં રોકાયેલી રહેતી અને દરરોજ સાંજે તદ્દન થાકેલી ઘેર પહોંચતી. ઓસ્ત્રોવ્સ્કી પડ્યા પડ્યા લગભગ વાળી જ ન શકાય એવી અક્કડ આંગળીઓ વચ્ચે પેન્સિલ પકડીને લખતા, અથવા કહો કે અક્ષરો ચીતરતા. કેટલીક વાર એક લાઈનની ઉપર જ બીજી લાઈન લખાઈ જતી અને બન્ને વાંચી ન શકાય એવી બની જતી.

પછી તેમની મદદ માટે એક સાધન ઘડી કાઢવામાં આવ્યું.

તે સાવ સાદું સાધન હતું. બેવડા વાળેલા સાધારણ પૂંઠાના ફોલ્ડરના

ઉપલા પડમાં આઠેક મિલિમીટર પહોળા સીધા ખાંચા પાડવામાં આવ્યા હતા. પટ્ટા પેન્સિલ ખાંચામાં સીધી જ ચાલતી, એટલે દરેક લીટી સીધી લખાતી અને જુદી પડતી.

આ ગાળામાં ઓસ્ત્રોવ્સ્કીનું મોટા ભાગનું લખાણ રાત્રે જ્યારે બધા નિદ્રાધીન હોય ત્યારે થતું હતું. સૂતાં પહેલાં તેમની પત્ની કે મા તેમના ફોલ્ડરમાં ૨૫-૩૦ કાગળ મૂકી દેતાં અને કેટલીય પેન્સિલોની અણી કાઢી રાખતા. સવાર પડતી ત્યારે ભાગ્યે જ એકેય કાગળ વાપર્યા વિનાનો પડ્યો હોય. રાત્રે થયેલા લખાણને બીજે દિવસે કાળજીપૂર્વક જોઈ લેવામાં આવતું અને કુટુંબ કે મિત્રો એની નકલ તૈયાર કરતા.

"પ્રવૃત્તિની ઝળહળતી મશાલ" રોમાં રોલાંએ ઓસ્ત્રોવ્સ્કી માટે કહેલું. હા, અને એ મશાલને જેમ જેમ કાતિલ પવને હોલવવા પ્રયત્નો કર્યા તેમ તેમ તેની જ્યોતિ વધુ ઉજ્જવલ, વધુ પ્રદીપ્ત, બનીને ઝળહળતી રહી.

ઓસ્ત્રોવ્સ્કીએ 'માનવીનું ઘડતર' નામની તેમની આત્મકથાત્મક નવલકથાના બે ખંડ લખ્યા, અને (ગમે તે ભોગે) ત્રીજો ખંડ 'કોર્ચાગિનનું સુખ'—(પહેલા બે ખંડોથી બિલકુલ અલગ એવો, જીવને કોર્ચાગિનને આપેલા સુખ વિશેનો ખંડ)—લખવાની આશા રાખી હતી. તેમણે તેમની બીજી એક, નવલકથા 'ઝંઝાવાતનાં સંતાનો'નો પ્રથમ ભાગ તેમના મૃત્યુથી થોડા દિવસ પહેલાં જ પૂરો કર્યો હતો, અને બે વધુ ભાગ લખવાની તેમની યોજના હતી (માત્ર પુસ્તક લખવા ખાતર નહિ પણ મારા પોતાના... હૈયાની આગથી તેને જ્વાલામય બનાવી દેવા માટે). એક યુવાન ફિલ્મકથાલેખક સાથે મળીને તેમણે 'માનવીનું ઘડતર'ની ફિલ્મ માટે પટકથા લખી. વધુમાં તેમણે 'પાવ્કાનું બાળપણ' નામનું એક બાળપુસ્તક (એ તો "મારે લખવું જ જોઈએ"), બુઢ્ઢાઓની વિશે એક પુસ્તક, અને હાસ્યકથાઓનું એક પુસ્તક લખવાની યોજનાઓ પણ ઘડી રાખી હતી...

એ ઉપરાંત તેમના લેખો, તરુણ સામ્યવાદી સંઘની કોંગ્રેસોમાં તથા લેખક સંમેલનોમાં પ્રવચનો... અને વળી અખબારો, સામયિકો, પુસ્તકોનું રોજિંદું વાચન તો ખરું જ... તેમના ખંડમાં લેખકો, અભિનેતાઓ, ગ્રંથપાલો, જાણીતી સામૂહિક ખેત મહિલાઓ, તરુણ સામ્યવાદી સંઘના લેનિનગ્રાદવાસી સભ્યો, અને તેમના નગર શેપેતોવ્કાના રહેવાસીઓની "અનંત લોકવણજાર" ઊમટતી જ રહેતી... તેઓ ટેલિફોન કરતા, રેડિયો પ્રસારણો સાંભળતા, સંખ્યાબંધ પત્રોના ઉત્તરો આપતા. કોઈપણ વ્યક્તિને,

કોઈપણ રીતે મદદરૂપ બની શકે ત્યારે તેઓ સદા આનંદ અનુભવતા. એ બધું તેમના મનમાં જીવનની પરિપૂર્ણતાની લાગણી પેદા કરતું, તેઓ ખુશીની લાગણી અનુભવતા કે હું પણ બીજા સૌની જેમ કામ કરી રહ્યો છું, હરોળોમાં આગેકૂચ કરી રહ્યો છું.

તેઓ તેમનું જીવન જવાબદારીપૂર્વક જીવ્યા હતા.

"મને ખબર છે કે હવે હું ઝાઝું જીવવાનો નથી," તેમણે લખ્યું છે, "મારી અંદર એક આગ જલી રહી છે, તે મને ભરખી રહી છે, અને તેને કાબૂમાં રાખવામાં મારું સમગ્ર મનોબળ ખર્ચાઈ જાય છે. હાલના પૂરતો તો હું ગમે તે રીતે એમ કરી લઉં છું. પણ કુદરતે મને આ જે અવકાશ આપ્યો છે તેનો મારે શ્રેષ્ઠ ઉપયોગ કરવો જોઈએ અને એનો અંત આવે તે પહેલાં મારે મારા દેશબાંધવો માટે જે કંઈ લખી શકું તે લખવું જોઈએ. મારી પાસે સમય ઓછો છે... મારે કામ ઝડપથી કરવાનું છે."

૧૯૩૬ના નવેંબરમાં ઓસ્ત્રોવ્સ્કીની નવી કૃતિ 'ઝંઝાવાતનાં સંતાનો'ના પ્રથમ ખંડની હસ્તપ્રત અંગે વિચારણા માટે સોવિયેત લેખક સંઘના વિસ્તારિત પૂર્ણ અધ્યક્ષમંડળ અને સોવિયેત સંઘના લેનિનવાદી તરુણ સામ્યવાદી સંઘની કેન્દ્રીય સમિતિની એક સંયુક્ત મિટિંગ, મોસ્કોમાં ઓસ્ત્રોવ્સ્કીના નિવાસે યોજાઈ હતી. ચર્ચા દરમિયાન વ્યક્ત થયેલ મૈત્રીભરી ટીકા બદલ ઓસ્ત્રોવ્સ્કીએ હાર્દિક આભારની લાગણી પ્રગટ કરી, અને હસ્તપ્રતને મુદ્રણ માટે તૈયાર કરવાનું કામ એક દિવસના આરામ ("હું એટલા વૈભવની છૂટ લઈશ") પછી આરંભી દેવાનું વચન આપ્યું. કોઈ પણ તંદુરસ્ત માણસ માટે એ ત્રણ મહિનાનું કામ હતું, પણ ઓસ્ત્રોવ્સ્કીએ તેને એક મહિનામાં પતાવી દેવા માટે કમર કસી.

"મને અનિદ્રાનો રોગ છે, અને તે મને મદદરૂપ થશે", તેમણે કહ્યું, "કેટલાક લોકો આરામ કરીને તો કેટલાક કામ કરીને પોતાની માંદગીનો ઉપચાર કરે છે."

અને તેમણે શરૂઆત કરી દીધી—સવારના નવ વાગ્યાથી તે છેક રાતના દસ, અગિયાર, અને કેટલીક વાર તો બાર વાગ્યા સુધી કામ ચાલુ રાખીને તેમણે તેમની માંદગીનો કાર્ય દ્વારા "ઉપચાર" કરવા માંડ્યો. તેઓ વચમાં ક્યારેક ક્યારેક થોડોક વિસામો લઈ લેતા...

તેમનું કુટુંબ આ બધું ઊંડી ચિંતાપૂર્વક જોઈ રહ્યું હતું. ઓસ્ત્રોવ્સ્કી વાસ્તવમાં તેમની શક્તિના અંતિમ સ્રોતો વાપરી રહ્યા હતા. કુટુંબીજનોએ

તેમને કંઈ નહિ તો થોડાક સમય માટે પણ કામ બાજુ પર મૂકીને આરામ કરવાની કાકલૂદી કરી. પરંતુ કામમાં વિલંબ પાડવાની કોઈ વાત તેઓ સાંભળતા જ નહિ. તેઓ પોતે સખત મહેનત કરતા અને જેમને તેઓ પોતાનો "સ્ટાફ" કહેતા એ સઘળા સહાયકોને પણ કઠોરતાથી આકરી મહેનત કરાવતા.

તેમની પથારીની નજીક ટેબલ પર, ખુરશીઓ પર, પલંગ પર, હસ્તપ્રતની નકલો પડી જ હોય. અને એ દરેક પર તેને જોઈ જનાર સંપાદકની ટીકાટિપ્પણીઓ પણ હોય જ.

એક પછી બીજું પૃષ્ઠ એમ કામ આગળ ધપ્યું. પહેલાં લેખકનો પાઠ વંચાતો, પછી તેની દરેક નકલ પર નોંધવામાં આવેલી તમામ ટીકાટિપ્પણીઓ. દરેક શબ્દ અને વાક્યને મનમાં જોખી જોતા ઓસ્ત્રોવ્સ્કી તેમની નવલકથાનો આખરી પાઠ તૈયાર કરતાં પહેલાં તેમાં ફેરફાર તથા ઉમેરા કરતા અને બિનજરૂરી લાગે તે કાઢી નાખતા. અને નિર્ણય લેવાઈ જાય એટલે તેઓ સહાયકોને ઉતાવળ કરાવતા.

"આગેકદમ, આગેકદમ, પ્યારા મિત્રો!" તેઓ સતત હાકલ કરતા રહેતા.

દિનપ્રતિદિન સખત શ્રમ ચાલુ જ રહ્યો. માત્ર ભોજન માટે, અખબારો અને પત્રો વાંચવા માટે, અને સવારે તથા સાંજે રેડિયો પર સમાચાર સાંભળવા માટે જ કામમાં અંતરાય પડતા.

છેલ્લું પૃષ્ઠ ૧૧મી ડિસેંબરે લખાયું.

"'ઝંઝાવાતનાં સંતાનો'ના પ્રથમ ખંડ અંગે મારે જે કંઈ કરવાનું હતું તે બધું આજે પૂરું કરી દીધું છે," તેમણે તેમની માતાને લખ્યું, "એટલે મેં સંઘની કેંદ્રીય સમિતિને પુસ્તક ૧૫મી ડિસેંબર પહેલાં પૂરું કરી દેવા અંગે આપેલ વચન બરાબર પાળ્યું છે.

"છેલ્લો આખોય મહિનો મેં 'ત્રણ પાળી' કામ કર્યું. મારા બધા સહાયકોને ખૂબ થકવી નાંખ્યા. છેક સવારથી માંડીને મોડી રાત સુધી તેમની પાસે કામ કરાવ્યું, અને વચમાં એકેય દિવસ છુટ્ટી આપી નથી. બિચારી બાળાઓ! તેઓ મારા માટે શું માને છે તે હું નથી જાણતો, પણ એટલું તો ચોક્કસ કે હું તેમની સાથે નિર્દય રીતે વર્ત્યો છું. પણ આખરે કામ પતી ગયું છે. હું એટલો થાકી ગયો છું કે એનું વર્ણન કરી શકાય એમ નથી. પણ પુસ્તક પૂરું થઈ ગયું..."

થોડાક વિશ્રામ પછી ઓસ્ત્રોવ્સ્કીએ 'ઝંઝાવાતનાં સંતાનો'ના બીજા ખંડ અંગેના કામનું આયોજન કર્યું. તેમના એક ફોલ્ડરમાં, એ કૃતિની તૈયારી માટે વાંચેલી ઐતિહાસિક સામગ્રીની તારવણી અને નવલકથાના કાચા લેખનનાં કેટલાંક પાનાં પડ્યાં હતાં. તેઓ ઑક્ટોબર ક્રાંતિની ૨૦મી જયંતી પહેલાં—એક વર્ષથીય ઓછા સમયમાં—નવલકથાનો બીજો અને ત્રીજો ભાગ પૂરો કરવાની ઉમેદ રાખતા હતા.

પરંતુ માતાને લખેલ ઉપર્યુક્ત પત્ર તેમનું છેલ્લું લખાણ હતું.

૧૫મી ડિસેંબરે આખરી જીવલેણ હુમલો થયો. માનવી સહન ન કરી શકે એવી પીડા તેમને ઊપડી. તેમને મોર્ફિયાનાં ઇન્જેક્શનો અંગે સંમતિ આપવાની ફરજ પડી.

પરંતુ તેમણે 'કોમ્સોમોલ્સ્કાયા પ્રાવદા'ની કચેરીએ ફોન કર્યો અને પૂછ્યું: "મેડ્રિડ સલામત છે?"

ફ્રાન્કોનાં ફાસીવાદી ધાડાંએ સ્પેનના પાટનગરને ઘેરો ઘાલ્યો હતો. મેડ્રિડ હજી અણનમ હતું અને ઓસ્ત્રોવ્સ્કી આનંદભેર બોલી ઊઠ્યા: "સરસ! તો તો મારેય અણનમ રહેવું જ જોઈએ."

પરંતુ એક પળ પછી તેમણે ખિન્નતાથી ઉમેર્યું.

"લાગે છે કે હું ટકી નહિ શકું."

તેમની માંદગીએ એવો જાલિમ હુમલો કર્યો હતો કે ગત વર્ષોના સખત પરિશ્રમથી થાકી ગયેલા અને દૂબળા પડી ગયેલા ઓસ્ત્રોવ્સ્કી એ હુમલા સામે ટકી ન શક્યા.

ડૉક્ટરોના તમામ પ્રયાસો વ્યર્થ ગયા. તેઓ હુમલાને રોકી શક્યા નહિ. મૃત્યુ નજીક આવી રહ્યું હતું.

ઓસ્ત્રોવ્સ્કી જેવી હિંમતથી જીવન જીવ્યા હતા એવી જ હિંમતથી મૃત્યુને ભેટ્યા.

એક દિવસ—૨૧મી ડિસેંબરનો દિવસ હતો—તેમણે તેમની સારવાર કરતી નર્સને પૂછ્યું:

"તમે કેટલા વખતથી નર્સનું કામ કરો છો?"

"છવ્વીસ વર્ષથી," તેણે જવાબ આપ્યો.

"એ દરમિયાન તમે તો બહુ બહુ દુઃખ ને યાતના જોયાં હશે, ખરું ને? તમારું કામ જ એવું છે."

"હા, બેશક, પારાવાર પીડા જોઈ છે."

"અને હવે મારો વારો છે," તેમણે કહ્યું. "હું તમને આનંદ નહિ આપી શકું."

નર્સ માંડમાંડ આંસુ ખાળી શકી.

"આ શું કહો છો?" તે બોલી ઊઠી. "તમે થોડા દિવસમાં સાજા થઈ જશો. મને ખાતરી છે. અને તમને સાજા જોઈને મને બેહદ ખુશી થશે."

"ના, ના," તેમણે કહ્યું. "હું મારી સ્થિતિ સારી રીતે જાણું છું. હું તમને આનંદ નહિ આપી શકું... અફસોસની વાત છે! મારે તો મારું કામ પૂરું કરવા માત્ર એક જ વર્ષ વધારે જોઈતું હતું. મેં કેટલું બધું અધૂરું છોડી દીધું છે... અને તરુણ સંઘ—એ તો હજી મારી પાસેથી ઘણી અપેક્ષા રાખે છે."

એ રાતે તેમની પત્ની પથારી પાસે બેસીને તેમની સામે જોઈ રહી હતી ત્યારે તેમણે કહ્યું:

"મને દર્દ થાય છે, પ્યારી રાયા, ખૂબ પીડા થાય છે. ડૉક્ટરો મને સાચી વાત કહેતા નથી. પરંતુ આ વખતે અંત આવી ગયો હોય એમ લાગે છે..."

તેઓ શાંત પડી રહ્યા. સખત ખેંચાઈ ગયેલાં તેમનાં ભવાં અસહ્ય વેદના સામેના તેમના સંઘર્ષના તણાવને પ્રગટ કરતાં હતાં.

"હું તને અત્યારે જે કંઈ કહી રહ્યો છું તે કદાચ મારા આખરી સુગમ્ય શબ્દો હશે... મારું જીવન બહુ ખરાબ નથી વીત્યું. મેં અલબત્ત મારી જાતે જ મારું જીવન ઘડ્યું હતું. કંઈપણ આપમેળે સરળતાથી આવ્યું નથી. પણ હું હંમેશાં લડતો રહ્યો છું. અને તું તો જાણે છે કે મેં કદી હાર નથી માની. અને હવે મારે તને આટલું કહેવું છે: તારું જીવન જો ક્યારેય મુશ્કેલ બની જાય તો મને યાદ કરજે. બીજું કંઈ નહિ. તું ભલે ગમે ત્યાં હો અને ગમે તે કામ કરતી હો, અભ્યાસ કરજે અને નવું નવું શીખતી રહેજે. અભ્યાસ વિના વિકાસ નથી. અને આપણી માતાઓને ક્યારેય ભૂલતી નહિ. તેમણે આખું જીવન આપણી સારસંભાળમાં વિતાવી દીધું છે. મને એમને માટે ખૂબ દુઃખ થાય છે... આપણે એમનાં ખૂબ ઋણી છીએ, ખૂબ જ. પણ આપણે એમને બદલામાં બહુ જ ઓછું આપ્યું છે. એમનું બરાબર ધ્યાન રાખજે, એમને હંમેશાં યાદ રાખજે..."

ઓસ્ત્રોવ્સ્કી ૧૯૩૬ની ૨૨મી ડિસેંબરે મૃત્યુ પામ્યા. તેમની વય માત્ર બત્રીસ વર્ષની હતી.

એ ભગીરથ યોદ્ધાના જીવનનો, અંતિમ શ્વાસ સુધી સામ્યવાદના મહાન ધ્યેયને સમર્પિત જીવનનો - હિંમત, ઉત્કટ ઊર્મિઓ, તથા સૌંદર્યથી છલકાતા જીવનનો—અંત એવી રીતે આવ્યો.

પરંતુ એવા માનવીઓને મૃત્યુ ખરેખર પરાજિત તો કદી ન જ કરી શકે.

તેમની સર્જનશક્તિ જ્યારે પરાકાષ્ઠાએ પહોંચી હતી એ જ વખતે મૃત્યુએ તેમના હાથમાંથી કલમ છીનવી લીધી. પરંતુ તેમની ઉત્કૃષ્ટ કૃતિઓ, તેમના સત્યથી મઘમઘતા શબ્દો, અને તેમના બહુ ટૂંકા પણ બહુ મહાન જીવનનું ઉદાત્ત ઉદાહરણ અમર છે.

પ્રસ્તુત ગ્રંથમાં તેમણે પત્ની, માતા, તથા મિત્રોને લખેલા પત્રો, તેમનાં પ્રવચનો, અને તેમની જોડેની મુલાકાતોના અહેવાલોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ બધી સામગ્રી એકત્રિત રૂપમાં માનવીય હિંમત તથા ઉમદાપણાનો હૃદયસ્પર્શી દસ્તાવેજ બની રહે છે.

ઓસ્ત્રોવ્સ્કીની ઇચ્છા કોર્ચાગિનના સુખી જીવન સંબંધી પુસ્તક— 'માનવીનું ઘડતર'ના અનુસંધાનનો ગ્રંથ—લખવાની હતી. પણ મૃત્યુએ એ આશા ફળવા ન દીધી.

પ્રસ્તુત લેખો તથા પત્રો પોતાની રીતે એ કથા કહી જાય છે કે જેને અન્ય રૂપમાં કહેવા તેઓ જીવ્યા નહિ.

સેમ્યોન ત્રેગૂબ

લેખો તથા પ્રવચનો

એક સામાન્ય દિવસ

'વિશ્વ: એક દિવસ' નામે સંગ્રહ માટે લિખિત લેખ

૨૭ સપ્ટેંબર, ૧૯૩૫

...ટેલિફોનની ઘંટડી રણકી ઊઠે છે, અને સુખની નીંદનાં મનોરમ સોણલાં ત્વરાએ ઊડી જાય છે. જાગૃતિ આવતાં જ પહેલી પળે મારાં જડવત્ બની ગયેલાં અવયવોને શૂળથી વીંધી નાખતું કારમું દર્દ મેં અનુભવ્યું. તો હું કેવળ એક જ ક્ષણ પૂર્વે એક સ્વપ્ન જોઈ રહ્યો હતો. એવું સ્વપ્ન કે જેમાં હું યુવાન તથા શક્તિશાળી હતો, ઊગતા સૂર્યને ભેટવા માટે રશકરી ઘોડા પર સવાર થઈને હું પવનવેગે જઈ રહ્યો હતો. હું મારી આંખો ખોલતો નથી. તેની કશી આવશ્યકતા જ નથી. હવે મને યાદ આવે છે. આઠ વર્ષ પૂર્વે આ ક્રૂર માંદગીએ મને પથારીમાં જડી દીધો હતો, મારા શરીરને જડવત્ બનાવી દીધું હતું, મારી આંખોનું તેજ હરી લીધું હતું. મને સદાને માટે રાત્રિમાં તથા અંધકારમાં ધકેલી દીધો હતો. હા, આઠ વર્ષ પૂર્વે!

તીવ્ર શારીરિક વેદના મારા અંગેઅંગમાં ઊપડી—વેગીલી, નિષ્ઠુર, અવિરત. મેં સહસા દાંત ભીડી દીધા—વેદનાના પ્રતિકારનો પ્રથમ પ્રયાસ. ફરી વાર ટેલિફોનની ઘંટડી રણકી ઊઠી. એથી મને રાહત લાગી. હું જાણું છું કે જીવન મને વિજયી બનવા સાદ દઈ રહ્યું છે. મા સવારની ટપાલ લઈને અંદર આવે છે: પુસ્તકો, અખબારો, થોકબંધ પત્રો. મારે આજે કેટલાક રસપ્રદ લોકોને મળવાનું છે. જીવન મને હાકલ કરે છે. વેદનાઓ તથા યાતનાઓ દૂર થાઓ! હંમેશની જેમ સવારનું એ અલ્પ સમયનું મનોમંથન જીવનના વિજયમાં પરિણમે છે.

"મા, મને હાથ મોં ધોવામાં મદદ કર. જલદી. પછી થોડો નાસ્તો લાવ."

મા નાસ્તાની થાળી લઈ જતી હોય છે ત્યાં હું મારી સેક્રેટરી અલેક્સાન્દ્રા પેત્રોવ્નાને હંમેશની જેમ બરાબર સમયસર અંદર પ્રવેશતી જોઉં છું.

મને બાગમાં વૃક્ષો નીચે લઈ જવામાં આવ્યો. મારા દિવસના કાર્ય માટે જે કંઈ જરૂરી હતું તે બધું ત્યાં મારી રાહ જોતું તૈયાર પડ્યું હતું. મારે જીવનમાં ત્વરા આણવાની છે. એથીસ્તો મારી ઇચ્છાઓમાં આટલી બધી અધીરાઈ પ્રવર્તે છે.

"અલેક્સાન્દ્રા પેત્રોવ્ના, મને અખબારો વાંચી સંભળાવો. ઇટાલી-એબીસીનીયા જંગના શા સમાચાર છે? પાગલ ફાસીવાદ હાથમાં બૉંબ લઈને એ માર્ગે નીકળી પડ્યો છે. કોણ કહી શકે કે એ ક્યારે બૉંબ ફેંકવાનો અને ક્યા સ્થળે?"

અખબારોમાં બેહદ અટપટા તથા ગૂંચવાયેલા આંતરરાષ્ટ્રીય સંબંધો વિશેનાં તેમ જ દેવાળિયા શાહીવાદના ઉકેલવા અશક્ય આંતરવિરોધો વિશેનાં લખાણો છે. યુદ્ધનો ખતરો કાળા મડદાખાઉ કાગડાની જેમ જગતની ઉપર તોળાઈ રહ્યો છે. મરવા પડેલા મૂડીદાર વર્ગે તેના અંતિમ અનામત દળને—ફાસીવાદી દોજખના કૂતરાઓને—છૂટો દોર દીધો છે. ફાંસીના દોરડા તથા કુહાડા લઈને તેઓ મૂડીવાદી સંસ્કૃતિને ઝડપથી પાછી મધ્યયુગમાં લઈ જઈ રહ્યા છે. યુરોપમાં ગૂંગળામણ થાય છે. હરેક સ્થળે લોહીની ગંધ આવે છે. ૧૯૧૪ની ઘેરી છાયા આંધળાનેય દેખાય તેવી બની છે. જગત અત્યંત ઝડપથી શસ્ત્રસજ્જ બની રહ્યું છે.

"બસ, બહુ થયું. હવે અહીં ઘરઆંગણે શું ચાલી રહ્યું છે તે વાંચી સંભળાવો!"

અને હું સૂતો સૂતો મારી વહાલી માભોમના હૈયાના ધબકારા સાંભળતો રહું છું. તે મારી સમક્ષ ઊભી છે, યુવાન અને સુંદર—સોવિયેતોની અમારી ભૂમિ, આનંદી, નીરોગી, અજેય. માત્ર તે એકલી જ (મારી સમાજવાદી માતૃભૂમિ) શાંતિ તથા સંસ્કૃતિની પતાકા ઉન્નત ફરકાવી રહી છે. તેણે અને માત્ર તેણે જ પ્રજાઓની સાચી બાંધવતા પ્રગટાવી છે. આ મારી ભૂમિના સંતાન હોવું એ કેટલું સુખદ છે!..

અલેક્સાન્દ્રા પેત્રોવ્ના મને મારા પત્રો વાંચી સંભળાવે છે. અમારા અસીમ સોવિયેત સંઘના ખૂણેખૂણાથી - વ્લાદિવોસ્તોક, તારકંદ, ફેરઘાના, સિમ્ફેરોપોલ, બેલોરશિયન, યુક્રેઇના, લેનિનગ્રાડ, તથા મોસ્કોથી એ બધી ટપાલ આવેલી છે.

મોસ્કો, મોસ્કો! વિશ્વનું હાર્દ! આ પત્રો મારા દેશે મને લખ્યા છે—પોતાના એક પુત્રને, 'માનવીનું ઘડતર' પુસ્તકના લેખકને, લેખનકળાના ક્ષેત્રમાં પ્રથમ ડગલાં માંડનારા ઇન્સાનને લખ્યા છે. પ્રેમપૂર્વક ફાઇલમાં ગોઠવેલા હજારો પત્રો મારો સૌથી પ્યારો ખજાનો. મને પત્રો કોણ લખે છે? સહુકોઈ. કારખાનાંના યુવાન કામદારો, કાળા સમુદ્ર નૌકા બાલ્ટિકના ખલાસીઓ, વિમાનીઓ, બાળવીરો મારું પુસ્તક વાંચીને અનુભવેલી ભાવનાઓ તથા પોતાના વિચારો પ્રગટ કરવા ઉત્સુક એવા સહુકોઈ. અને પ્રત્યેક પત્ર નવું ઐશ્વર્ય, નવું જ્ઞાન, લાવે છે. આ એક જુઓ—તેમાં પરિશ્રમની હાકલ છે. "વહાલા બિરાદર ઓસ્ત્રોવ્સ્કી! અમે તમારી નવી નવલકથા 'ઝંઝાવાતના સંતાનો'ની રાહ આતુરતાપૂર્વક જોઈ રહ્યા છીએ. એને ઝટપટ પૂરી કરી નાંખો. એ એક અદ્ભુત ગ્રંથ બની રહેશે, એની અમને ખાતરી છે. યાદ રહે, અમે સહુ વાટ જોઈ રહ્યા છીએ. અમે આપને આરોગ્ય તથા સફળતા વાંછીએ છીએ. બેરેઝ્નીકી એમોનિયા કારખાનાના કામદારો."

બીજા એક કાગળમાં જણાવાયું છે કે આવતે વર્ષે કેટલાંય પ્રકાશનગૃહો મારું પુસ્તક પ્રકાશિત કરવાનાં છે. કુલ ૫૨૦૦૦૦ નકલો છપાશે. આ તો એક આખી સેના થઈ—પુસ્તકોની સેના!

દરવાજે કોઈ ગાડી ઊભી રહી હોય એવો અવાજ મને સંભળાય છે. પગલાં. "સલામ!" અવાજ મારો જાણીતો છે. ઇજનેર માલ્ત્સેવ. યુક્રેઇનાની સરકારે લેખક ઓસ્ત્રોવ્સ્કીને જે ગ્રીષ્મ કુટિર ભેટમાં આપવાની યોજના ઘડી છે તેનું બાંધકામ ઇજનેર માલ્ત્સેવને હસ્તક છે. એ રૂપાળી કુટિર સાગરકિનારાથી થોડે દૂર એક જૂના ઘટાદાર ફળોદ્યાનમાં બંધાવાની છે. તેઓ એ કુટિરના રેખાંકનો ખોલીને બતાવે છે.

"આ તમારો અભ્યાસખંડ, અને આ પુસ્તકાલય, અને આ તમારા અંગતમંત્રીનો ખંડ. પછી સ્નાનગૃહ અને પછી તમારાં કુટુંબીજનો માટેના ખંડો. મોટા વરંડાની જોગવાઈ રાખવામાં આવી છે. તમે ગરમીની મોસમમાં ત્યાં કામ કરી શકશો. પુષ્કળ અજવાળું ને તડકો રહેશે. વળી તાડનાં ઝાડ, મેગ્નોલિયા..."

બધી જ સગવડો રાખવામાં આવી છે. હા, ત્યાં હું સુખે કામ કરી શકીશ. હરેક વિગતમાં મને મારી માતૃભૂમિની હેતભરી કાળજી વરતાય છે.

"કેમ, જગ્યા ગમી ને?" માલ્ત્સેવે પૂછ્યું.

"ખૂબ જ!"

"તો કાર્યક્રમ તરત શરૂ કરી દઈશું."

તેઓ વિદાય લે છે. અલેક્સાન્દ્રા પેત્રોવ્ના પોતાની નોંધપોથી ઉઘાડે છે. હવે સાંજ સુધી કોઈ મુલાકાતી આવનાર નથી. લોકોને ખબર છે કે હું કામમાં છું. પછી થોડા કલાક અમે સખત કામમાં ડૂબી જઈએ છીએ. મારી આસપાસના વાતાવરણનું મને ભાન રહેતું નથી – હું સર્વાંશે અતીતમાં સરકી ગયો છું. ૧૯૧૯નું ઝંઝાવાતી વર્ષ છે. તોપોના ગડગડાટ સંભળાતા રહે છે. રાતના અંધકારમાં અગ્નિના ભડકા થતા રહે છે. અમારી ધરતી પર સહસ્ર દુશ્મનોનાં ધાડાં ઊતરી પડ્યાં છે. મારી નવલકથાનાં પરાક્રમી યુવાન પાત્રો વડેરાઓની સાથે ખભેખભા મિલાવીને રણમેદાનમાં શત્રુ સામે જંગ ખેલી રહ્યાં છે.

"ચાર વાગી ગયા," અલેક્સાન્દ્રા પેત્રોવ્ના શાંત સ્વરે જણાવે છે, "તમારે હવે આરામ લેવાનો સમય થઈ ગયો છે."

ભોજન… ક્વાકેક આરામ… સાંજની ટપાલ! અખબારો, સામયિકો અને વળી પાછા પત્રો. થોડુંક વાચન અથવા વાસ્તવમાં તો શ્રવણ. પર્લ બકની નવલકથા *The Good Earth*. સૂર્ય પશ્ચિમમાં આથમી રહ્યો છે. હું તેને જોઈ શકતો નથી, પણ સંધ્યાનું શીતળ આગમન અનુભવી શકું છું.

ઘણાં પગલાંનો અવાજ. સ્પષ્ટ રણકતું હાસ્ય. મારા મુલાકાતીઓ આવી પહોંચ્યાં છે—કેટલીક બહાદુર સોવિયેત બાળાઓ. તેમણે વિમાનમાંથી ભૂસકો મારીને હવાઈછત્રી વિલંબથી ખોલવાનો વિશ્વવિક્રમ તાજો જ નોંધાવ્યો છે. અને તેમની સાથે સોચીના નિર્માણ સ્થળોએથી તરુણ સામ્યવાદી સંઘના સભ્યો પણ આવ્યા હતા. સુદૂર શહેરમાં ચાલતા બાંધકામનો ધમધમાટ હું અહીં મારા નીરવ ઓરડામાં પણ સાંભળી શકું છું. અને મારી કલ્પનામાં હું તેનું કેટલું સ્પષ્ટ ચિત્ર જોઈ શકું છું! સોચીમાં દરરોજ નવા બંધાતા પાકા રસ્તા, એક વાર જ્યાં પહેલાં ઝાડઝાંખરાં છવાયેલાં હતાં ત્યાં વિશાળ મજલાવાળાં નવાં આરામભવનો.

સંધ્યા થઈ. ઘરમાં નિઃસ્તબ્ધતા છવાયેલી છે. મારા મુલાકાતીઓ ચાલ્યા ગયા છે. એક પુસ્તકમાં મારું મન પરોવાયું છે. પછી બારણે ટકોરા વાગે છે. આજને માટે આયોજિત કરેલી મુલાકાત 'મૉસ્કો ડેઈલી ન્યૂઝ'ના એક ખબરપત્રી સાથેની. તે મારી સાથે ભાંગ્યાતૂટ્યા રશિયનમાં વાત કરે છે.

"એ સાચું છે કે એક વખત તમે સામાન્ય કામદાર હતા?"

"હા, હું ભઠ્ઠીમાં કોલસા પૂરવાનું કામ કરતો હતો."

હું તેની ઝડપભેર ચાલતી પેન્સિલનો અવાજ સાંભળી શકતો હતો.

"કહો જોઈએ, તમારે ભયંકર યાતના સહેવી પડતી હશે, ખરું ને? તમે કેટલાંય વર્ષોથી અંધ અને પથારીવશ છો. દૃષ્ટિના આનંદથી કાયમને માટે વંચિત હલનચલનની અશક્તિની દશામાં તમે ક્યારેય હતાશ નથી થઈ જતા?"

હું સ્મિત ફરકાવું છું.

"એવા વિચારો માટે મારી પાસે જરા જેટલોયે સમય નથી. સુખ ઘણા ઘણા પ્રકારનું હોય છે. અને હું સુખમાં છું, ગહન સુખ માણું છું. મારી અંગત કરુણતા સર્જનાત્મક શ્રમના અદ્ભુત અવિસ્મરણીય આનંદથી, આપણી સમાજવાદની આલેશાન મહોલાતના નિર્માણમાં હું પણ મદદરૂપ થઈ રહ્યો છું એવા જ્ઞાનથી, ધોવાઈ જાય છે."

…રાત્રિ. હું નીંદરની તૈયારી કરું છું—થાક્યોપાક્યો, પરંતુ ગહન સંતોષ અનુભવતો. જીવનનો એક વધુ દિવસ વીતી ગયો છે. સામાન્ય દિન. અને એ દિવસને હું સારી રીતે જીવ્યો છું.

આત્મકથા

સામયિક 'મોલોદાયા ગ્વાર્દિયા' (યુવાન સંત્રી)ના સંપાદકમંડળ જોગ પત્ર
જાન્યુઆરી ૧૯૩૨ *

સાહિત્યિક સ્વરૂપે મેં જે વર્ણવવા પ્રયાસ કર્યો છે તે વાસ્તવિક હકીકત છે. એમાં જેનું વર્ણન છે એ બિરાદરો અરેખરા લોકો છે. તેમાંના કેટલાકે તો વિદાય લઈ લીધી છે, તેઓ જંગમાં ખપી ગયા છે. બાકીના આજેય જીવિત છે, અને કામ કરે છે.

હું સર્વ મુખ્ય પાત્રોને પિછાનતો હતો. અને મેં તેમના યથાર્થ ચિત્રણનો રજૂ પ્રયત્ન કર્યો છે, તેમાં મેં તેમની ઊણપો તથા તેમની ગુણવત્તા દર્શાવી છે.

---

*'માનવીનું ઘડતર'ના પ્રથમ ખંડની હસ્તલિખિત પ્રત સાથે આ પત્ર જોડવામાં આવ્યો હતો.—સં.

વાર્તાનું ઘટનાસ્થળ ઉક્રેઈનનું એક નાનકડું નગર શેપેતોવ્કા છે. મારી તેમ કામદારોનાં સંતાનોના બાળપણ તથા યુવાનીનો અને નાનપણથી જ તેમને સાથે લડાઈ જતી તનતોડ મહેનતની જિંદગીનો ચિતાર રજૂ કરવાની રહી છે, તેઓ વર્ગસંઘર્ષમાં કેવી રીતે ખેંચાઈ આવ્યા એ બતાવવાની રહી છે. મેં તો ફક્ત હકીકતોનો જ આધાર લીધો છે અને તેથી મારું લેખન કંઈક અંશે મર્યાદાઓમાં બંધાઈ ગયું છે. પ્રત્યેક હકીકતો મારા મન ઉપર વધારે પડતી સવાર થઈ ગઈ છે. પરંતુ અન્યથા ચિત્રણ કલ્પનાજન્ય બની ગયું હોત, તેમાં વાસ્તવિક ઘટનાઓ રજૂ કરવા અંગેની નિષ્ફળતા જ અંકિત થઈ હોત.

કેટલાંક પાત્રોનાં નામ ખરાં છે તો કેટલાંકનાં નામ કાલ્પનિક છે.

૧૯૧૯માં શેપેતોવ્કામાં પેત્લ્યૂરાનાં ટોળાંએ સર્જેલી સંહારલીલા, ૧૯૨૦ના શિયાળામાં પોલીશ શ્વેત શાસનનો આતંક, પાર્ટીના ભૂગર્ભ સંગઠનના ગિરફતાર થયેલા સભ્યોની હત્યા, જર્મનોનું આગમન, વગેરે નજરોનજર જોનારા લોકો આજેય જીવતા છે. જર્મન સૈનિકને મારી નાખનારા ઍન્જિન-કામદારો અથવા મેં વર્ણવેલી અન્ય ઘટનાઓના સામેલગીરો આજેય જીવિત છે.

તેમનો ઉલ્લેખ કરતાં પ્રકરણો વાંચી જોવાની વિનંતિ મેં તેમને કરેલી, અને મેં રજૂ કરેલી હકીકતોને તેમણે પુષ્ટિ આપી છે.

આ સંસ્મરણો આપણા તરુણ લોકો વાંચીને માણી શકે તેવા સ્વરૂપે આપવાની મારી ઇચ્છા છે. હું મારા પુસ્તકને કથા, કહાણી કે નવલ કશુંયે ગણાવતો નથી. હું તો તેને માત્ર 'માનવીનું ઘડતર' જ કહું છું. જરૂર જણાય તો મારી જીવનકથા સંક્ષેપમાં આ મુજબ છે:

હું ૧૯૦૪માં એક કામદાર વર્ગના એક કુટુંબમાં જન્મ્યો હતો. બાર વર્ષની વયે હું કામે લાગ્યો. શિક્ષણ—પ્રાથમિક. વ્યવસાય—ઇલેક્ટ્રીશ્યનનો મદદનીશ. ૧૯૧૯માં તરુણ સામ્યવાદી સંઘમાં, અને ૧૯૨૪માં પાર્ટીમાં જોડાયો. આંતરવિગ્રહમાં લડ્યો. ૧૯૧૫થી ૧૯૧૯ સુધી ઘરેલુ નોકર તરીકે, ગોદામના મજૂર તરીકે, અને પાવર સ્ટેશનમાં કોલસા પૂરનારના મદદનીશ તરીકે કામ કર્યું. ૧૯૨૧માં કીયેવના રેલવે વર્કશોપમાં કામ કર્યું. ૧૯૨૨માં બળતણ લાવવા માટેના રસ્તાના પાટા નાખનાર જાંનિસાર સ્વયંસેવક જૂથ સાથે કામ કર્યું. શરદી થઈ અને પછી ગંભીર માંદગી આવી. ટાઈફોઈડ. એમાંથી બેઠો થયો તોયે નાદુરસ્ત તબિયતને લઈને ૧૯૨૩માં શારીરિક શ્રમની મનાઈ કરવામાં આવી. સરહદ પર અન્ય કાર્ય સોંપવામાં આવ્યું. ૧૯૨૩માં લશ્કરી ટુકડીના કમિસાર તરીકે કામ કર્યું. પછીના વર્ષોમાં તરુણ સામ્યવાદી સંઘનો કાર્યકર્તા બન્યો જિલ્લા કક્ષાએ. ૧૯૨૭માં મારી તબિયત તદ્દન ભાંગી પડી. આરંભનાં વર્ષોનો સંઘર્ષ તેમાં કારણભૂત હતો. સંઘની ઉક્રેઈના શાખાની કેંદ્રીય સમિતિએ મારી કામગીરી પરથી મને પાછો બોલાવી લીધો. મારા રોગના ઇલાજ માટે બને એટલું બધું જ કરવામાં આવ્યું, જેથી હું પાછો હરોળમાં જોડાઈ શકું. પરંતુ એમાં કશી સફળતા ન મળી. સંગઠનાત્મક કાર્ય કરવા અશક્ત એવો હું પ્રચારક બન્યો. મેં માર્ક્સવાદી અભ્યાસ વર્તુળો ચલાવ્યાં, પાર્ટીના યુવાન સભ્યોને શિક્ષણ આપ્યું. મેં પથારીવશ રહીને જ આ બધું કર્યું. ત્યાર પછી એક વધુ ફટકો પડ્યો. મારી આંખોની રોશની બુઝાઈ ગઈ. મારે અભ્યાસ વર્તુળો પડતાં મૂકવા પડ્યાં. ગયે વર્ષે મેં બધો વખત મારું પુસ્તક લખવામાં ગાળ્યો. શારીરિક દૃષ્ટિએ માનવી પાસે જે કંઈ ગુમાવી શકે તે બધું જ મેં ગુમાવ્યું છે. હવે જે કંઈ શેષ રહ્યું છે તે યુવાનીની અખૂટ કાર્યશક્તિ છે, અને મારી પાર્ટીને, મારા વર્ગને, કોઈપણ રીતે ઉપયોગી થવાની ધગશભરી તમન્ના. મારું પુસ્તક આ બધું જ સાહિત્યિક સ્વરૂપે રજૂ કરવાનો પ્રયાસ છે. લેખનનો મારો એ પ્રથમ પ્રયાસ છે.

સોવિયેત સંઘની કોમ્યુનિસ્ટ
પાર્ટી (બો)નો સભ્ય—
સભ્યપદ પુસ્તિકા નંબર ૦૨૮૫૯૭૩
નિકોલાઈ અલેક્ષેયેવિચ ઓસ્ત્રોવ્સ્કી

'માનવીનું ઘડતર' કેવી રીતે લખાયું

આ પુસ્તક અંગેના મારા કાર્ય તરફ વળીએ તે પહેલાં હું મારા પોતાના વિશે થોડા શબ્દો કહીશ.

વાત એમ બની કે આંતરવિગ્રહનાં ઝંઝાવાતી વર્ષો અને ત્યાર બાદના ગાળા દરમિયાન મારું સ્વાસ્થ્ય ગંભીર રીતે કથળી ગયું હતું. છેલ્લાં થોડાંક વર્ષોથી તો મેં મારી પથારી પણ ક્યારેય છોડી નથી. હું ચાલી શકતો નથી. હું હલનચલન કરી શકતો નથી. બે વર્ષ પૂર્વે મારી ડાબી આંખનું તેજ હરાઈ ગયું. જમણીમાં તો ક્યારનોયે અંધાપો આવી ગયો હતો. એમ

કહેવા માટે સબળ કારણ હતું કે "આવી મુસીબતો સાથે માનવી કામ જ ન કરી શકે."

અને મનેય એમ જ લાગ્યું કે મારો બંધાપો મારા કાર્યમાં અનિવાર્ય અવરોધો ઊભા કરશે. જે અનુભવો તથા વિચારોને કાગળ ઉપર ઉતારવાની ઝંખના હું સેવતો હતો તે અસીમ વૈવિધ્યસભર હતા, ક્યારેક તો તેનું નિરૂપણ અત્યંત કઠિન લાગતું. મને જરાય ખાતરી નહોતી કે બીજાને હાથે લખાવીને હું એ બધું વ્યક્ત કરી શકીશ.

હાથમાં કલમ લઈને બેઠા હોઈએ ત્યારે સમજો કે કોઈ મિત્રને પત્ર લખવાનું સહેલું હોય છે. એ રીતે પોતાના વિચારો તથા ભાવનાઓને મુક્ત તથા [illegible] શૈલીમાં રજૂ કરી શકાય છે. પરંતુ એવો પત્ર બોલીને કોઈ અન્ય વ્યક્તિના હાથે લખાવવામાં આવે તો લગભગ દરેક કિસ્સામાં એ બહુ ઓછો જીવંત બને, બહુ ઓછો આત્મીય બને.

તેમ છતાં મારે તો કોઈ વિકલ્પ ન હતો એથી મેં આ રીતે કાર્ય શરૂ કર્યું—હું મારું પુસ્તક લખાવવા માંડ્યો, અને તેમાંથી શું નીપજે છે તે આતુર થઈને નીરખતો રહ્યો. હવે એ પુસ્તક પૂરું પણ થઈ ગયું છે. ત્યારે હું દૃઢ પ્રતીતિ સાથે આપણા નેતાના શબ્દો દોહરાવી શકું એમ છું કે "બોલ્શેવિકો જીતી ન શકે એવા કોઈ ગઢ અસ્તિત્વમાં છે જ નહિ."

હા, બિરાદરો, માનવી અત્યંત કપરી, અત્યંત કારમી, પરિસ્થિતિમાં કામ કરી શકે છે. અને જો અન્ય સંજોગો શક્ય ન હોય તો કરી શકે એટલું જ નહીં પણ તેણે કરવું જ જોઈએ.

માનવી એમ જરૂર કરી શકે—એનો કામ કરવાનો નિર્ધાર અજેય હોય તો, એની ખંત પૂરતી પ્રબળ હોય તો, અને એને શાંતિમય વાતાવરણ મળે તો. હા, શાંતિમય વાતાવરણ તદ્દન અનિવાર્ય છે. તેના વિના કંઈ પણ ખરું કાર્ય સંભવી જ ન શકે. તમારી સાથે ખંડમાં જો છ બીજાં માણસ હોય, તેમાં બે વળી ચંચળ બાળકો હોય, અને એ સહુ સતત બોલબોલ કર્યા કરતાં હોય, તો સાહિત્યિક કાર્યને નામે મીંડું જ મુકાઈ જવાનું.

હું મારા પુસ્તકની વાસ્તવિક પૂર્વભૂમિકા ઉપરાંત કથાવસ્તુ સાથે જેને કશો સંબંધ ન હોય એવી બીજી ઘણી બાબતોનો ઉલ્લેખ કરીશ.

ઠીક ઠીક સમય વીતી ગયો છે એ વાતને, જ્યારે મને મેં નિહાળેલી ઘટનાઓ - જેમાંની કેટલીકમાં મેં ભાગ પણ લીધો હતો—અંગે લખવાની ઇચ્છા પ્રથમ વાર થયેલી. પણ એ વખતે હું તરુણ સામ્યવાદી લીગનો

કાર્યકર હતો અને સંગઠનાત્મક કાર્યમાં ડૂબેલો રહેતો. વળી એ પણ ખરું કે આવા પ્રકારનાં [illegible] આ કાર્ય હાથ ધરતાં હું [illegible] કરતો હતો.

મારો એકમાત્ર પ્રયત્ન એ સાહિત્યિક પ્રયાસ નહોતો પણ હકીકતોની નક્કર રજૂઆત હતી—મેં ઉક્રાઇનાની તરુણ સંસ્થાઓના ઇતિહાસ અંગેના સંપાદક મંડળની વિનંતીના જવાબમાં બીજા એક બિરાદર સાથે મળીને તૈયાર કરેલો સંશોધનલેખ હતો. એટલે મેં અગાઉ કશું લખ્યું નથી, અને આ પુસ્તક મારો પ્રથમ પ્રયાસ છે. પણ એની તૈયારીમાં મેં વર્ષો ગાળ્યાં છે. બીમાર પડ્યો હોવાથી મારી પાસે પુષ્કળ સમય હતો—જે મને અગાઉ કદી નહોતો મળતો. મેં વાંચવાનું શરૂ કર્યું—ઉત્સુકતાથી, અધીરાઈથી. પુસ્તકો માટેની મારી જૂની ભૂખ સંતોષવા હું આકળો બની ગયો. આવું ભયંકર અમંગળ પોતાની ભેગું કશુંક મંગળ પણ લેતું આવ્યું છે!

મારી માંદગીનાં આરંભનાં વર્ષોમાં મેં સામ્યવાદી વિશ્વવિદ્યાલયનો પ્રથમ વર્ષનો અભ્યાસક્રમ પૂરેપૂરો આત્મસાત્ કરી લીધો, અને મારા નજીવા સાહિત્યિક અભ્યાસની ખામી પૂરી કરવા આપણા સોવિયેત લેખકોની કૃતિઓનો સર્વાંગી પરિચય કરી લીધો.

એવી લાંબા ગાળાની વિસ્તૃત તૈયારી વિના હું કદી કંઈ લખી શક્યો ન હોત.

મારો વિચાર એવો હતો કે કામદારોનાં બાળકોના એક જૂથની, તેમના નાનપણથી લઈને તેઓ પાર્ટીમાં જોડાય ત્યાં સુધીની, કહાણીનું આલેખન કરવું. એટલે મારી નવલકથાનો સમયગાળો ૧૯૧૫થી અત્યાર સુધીનો છે.

પાર્ટી અને તરુણ સામ્યવાદી સંઘ અસ્તિત્વમાં આવ્યાં ત્યારથી તેઓએ લાખો અદ્ભુત ઇન્સાનોને તાલીમ આપી છે, અને એ ઇન્સાનો હવે નિષ્ઠાપૂર્વક પાર્ટી તથા વર્ગની નિ:સ્વાર્થ સેવા બજાવી રહ્યા છે.

આંતરવિગ્રહ દરમિયાન તેઓ લાલ સેનામાં જોડાઈને લડ્યા અને યુદ્ધ બાદ આપણા દેશની આર્થિક અવ્યવસ્થાને ખતમ કરવાના સંઘર્ષમાં સામેલ થઈ ગયા. પુનરુત્થાનના સમય દરમિયાન તેઓ સર્જનાત્મક શ્રમમાં લાગી ગયા. ગત થોડાં વર્ષો દરમિયાન આપણા દેશમાં ખૂબ વ્યાપક બની ગયેલી નવી આગેકૂચમાં કદમ માંડતા તેઓ સમાજવાદના નિર્માણની દિશામાં આગળ ધપી રહ્યા છે. અને આ સંઘર્ષ, આ આગેકૂચ, કામદાર સાહિત્ય માટે અખૂટ સામગ્રી પૂરી પાડે છે.

આ બધી બાબતો લખાવી જ જોઈએ. હવે જેઓ તરુણ સામ્યવાદી

ક્રીગમાં જોડાઈ રહ્યા છે એ લાખો નવા તરુણ લોકો માટે, શ્રમજીવી વર્ગના તરુણ લોકોએ પોતાના વડીલો સાથે ખભેખભા મિલાવીને આપણા પ્રજાસત્તાકના [illegible] વીરતાપૂર્ણ લડઈ જેવું નિહાળી પણ નથી અને એમાં ભાગ પણ લીધો નથી એ નવા પેઢી માટે, આ લખાણું જ જોઈએ.

મેં લખવાનું શરૂ કર્યું. અને તુરંત મેં મારી પ્રથમ ભૂલ કરી. એક પ્રસંગ અલગ તારવી લીધો અને લખી કાઢયો. તમામ સંદર્ભથી વેગળો. કોઈ પાતુતરી વિનાની શરૂઆત કહી શકાય એને.

એ પ્રથમ લખાણ બિનઉપયોગી રહ્યું. હું એને પુસ્તકમાં ગોઠવી શક્યો નહિ.

થોડા સમય બાદ મેં 'લિતેરાતૂર્નાયા ઉચોબા' (સાહિત્ય અભ્યાસ) સામયિકમાં વાંચ્યું કે ઘણા લેખકો તેમના પુસ્તકનો પ્રારંભ અંતથી કરે છે, ક્યારેક અધવચથી કરે છે, અને શરૂઆતનો ભાગ લખવાનું કામ સૌથી છેલ્લે હાથ ધરે છે.

કલમના ઉસ્તાદો માટે એ કદાચ યોગ્ય હશે, પણ મને લાગે છે કે નવોદિતોએ પ્રારંભનો હિસ્સો પહેલાં લખવો જોઈએ અને એ રીતે લખતાં લખતાં અંત સુધી પહોંચવું જોઈએ. એથી કામ ઘણું સારી રીતે પાર પડશે.

અક્વોતેપેશ ઉક્રાઈનનું નાનું શહેર છે. અગાઉ તે વોલીન્સ્કાયા ગુબેર્નીયામાં હતું. તે મહત્ત્વનું રેલવે જંક્શન છે. તોફાની વર્ષો દરમિયાન ત્યાં ક્રાંતિનાં બળો અને પ્રત્યાઘાતનાં બળો વચ્ચે વારંવાર અથડામણો થઈ હતી.

શેપેતોવ્કા (એના અંગ્રેજી અક્ષરો અંતથી શરૂઆત ભણી લખીએ તો એ અક્વોતેપેશ બની જાય છે) પરનો કબજો લગભગ ત્રીસ વાર એક હાથમાંથી બીજા હાથમાં ગયો હતો—એ એક જ હકીકત પરથી ત્યાંના સંઘર્ષની તીવ્રતાનો ખ્યાલ આવી શકશે. મારા પુસ્તકમાં નોંધાયેલા લગભગ તમામ પ્રસંગો હકીકતો છે.

[illegible] ગોલુબ શહેરમાં યહૂદીઓની કત્લેઆમ કરી હતી એ મને વિશેષ રૂપે યાદ છે. અને મને ખ્યાલ આવે છે કે નિઃસહાય યહૂદી વસતિની એ કત્લેઆમના ત્રાસની રજૂઆતના પ્રયાસમાં હું સફળ થયો નથી. હું માત્ર એટલું જ કહી શકું કે મેં કરેલું વર્ણન એ વાસ્તવમાં બની ગયેલી [illegible] અનિષ્ટના ઘટનાને પૂરો ઇનસાફ કરી શકતું નથી.

[illegible] સૈનિકને મારી નાખવામાં આવ્યો અને સજા કરવા માટે આવતી ટ્રેનને અટકાવી દેવામાં આવી, ત્યારે એન્જિન કામદારોએ મારી સમક્ષ જે

રીતે વર્ણન કર્યું હતું એ મુજબ મેં આલેખન કર્યું છે. ત્રણેય જાનિસાર કામદારો અને બોલ્શેવિક પાર્ટીના સભ્યો આજેય એ જૂના સ્ટેશને હયાત છે.

એક યા બીજા સ્ત્રી કે પુરુષ પાત્રનું વર્ણન લખાવતી વેળા હું હંમેશાં તેનું ચિત્ર મારા મગજમાં ઊપસાવવાનું શરૂ કરું છું. મારી યાદદાસ્ત સારી છે અને મને એ ઘણી જ ઉપયોગી થાય છે. લોકોની યાદ મારા મનમાં સાફ જળવાઈ રહે છે. ભલે દશ વર્ષ વીતી જાય તોયે હું તેમને સ્પષ્ટ યાદ રાખી શકું છું. હું જે દૃશ્ય બોલીને લખાવતો હોઉં છું એને મારી કલ્પનામાં ખડું કરીને હું મારી સમક્ષ નિહાળું છું. હંમેશાં જોતો રહું છું. એ મને દેખાતું બંધ થાય ત્યારે મારે લખાવવાનું બંધ કરવું જ પડે છે. મને લાગે છે કે નવોદિત લેખક કોઈ દૃશ્યને કે પાત્રને ત્યાં સુધી સ્પષ્ટ વર્ણવી શકે નહીં જ્યાં સુધી એવું ચિત્ર એના માનસપટ પર એ રીતે ઊપસે નહીં. અને—વાત કદાચ વિચિત્ર લાગે પરંતુ હું સંગીત સાંભળતો હોઉં ત્યારે આ ચિત્રો મને સૌથી વધુ સ્પષ્ટ દેખાતાં હોય છે. સંગીત હળવું હોવું જોઈએ, અને મધુર—વાયોલિન હોય તો સૌથી ઉત્તમ.

મેં સેર્યોજાના અવસાનનું દૃશ્ય એ રીતે જ લખ્યું હતું. રેડિયો ચાલુ હતો. ઈપ્પોલીતોવ-ઈવાનોવના કોકેશિયન મધુર ગીતોના સૂરો રેલાઈ રહ્યા હતા. મેં લખાવ્યું નહીં, હાથે જ લખ્યું.

નવોદિત લેખકોને મદદરૂપ થવા અને શીખવવા માટે સામયિકોમાં લખાતા લેખોમાં આપણા આગેવાન લેખકો સિદ્ધાંતને સ્પર્શતા સામાન્ય સવાલો અંગે ઘણું લખે છે, પણ તેમના કાર્યનાં અમલી ટેકનિકલ પાસાં—લેખન અથવા સમજો કે પ્રકરણની રચના, વગેરે— અંગે કશું કહેતા નથી. એવી બાબતોને તેઓ બિનજરૂરી અને મામૂલી ગણે છે. એ બરોબર નથી. લેખનની ટેકનિકલ બાજુનું જ્ઞાન, પોતાના કામનું આયોજન કઈ રીતે કરવું એ અંગેની સૂઝ, નવોદિતો માટે જરૂરી છે.

અનુભવી લેખકોએ ઘણા સમયથી શોધી કાઢેલી બાબતો નવોદિતોને શોધવી પડે અને એકત્રિત કરવી પડે, એ કારણે કેટલી બધી શક્તિનો બિનજરૂરી વ્યય થાય છે!

બધા લેખકો નિરપવાદરૂપે નોંધપોથીના મહત્ત્વની વાત કરતા હોય છે. તેઓ સંપૂર્ણપણે ખરા છે. તત્કાળ નોંધ ન લેવાય એ કારણે કેટલા બધા મહત્ત્વના વિચારો અને મનોભાવો ભૂંસાઈ જતા હોય છે! પોતાના વિચારો

... લખાવવાનું બંધ [illegible] હોવા છતાં મેં પણ નોંધપોથી [illegible] છે, અને એથી મને ઘણો ફાયદો થઈ રહ્યો છે.

મારા પુસ્તકમાં ઘણાખરાં પાત્રોનાં નામો કાલ્પનિક છે. ફ્યોદોર [illegible] — મેં માત્ર એનું પ્રથમ નામ બદલ્યું નથી. અને એ [illegible] અધ્યક્ષ નહીં પરંતુ વિશેષ વિભાગના વડા હતા. હું એ લોખંડી પુરુષને બૂલિટકના [illegible] અને ક્રાંતિકારીને યોગ્ય ન્યાય આપી શક્યો છું કે નહિ એની મને ખબર નથી. આપણા પક્ષમાં એવા બિરાદરો છે, એવા લોકો છે, કે જેને કોઈ પવન કે કોઈ તોફાન કદી પછાડી કે અટકાવી ન જ શકે. અદ્ભુત લોકો!

૧૯૩૩

મારો અહેવાલ

સોવિયત સંઘની કોમ્યુનિસ્ટ પાર્ટી (બો)ની સોચી સમિતિના બ્યૂરોની મિટિંગમાં રજૂ કરેલો અહેવાલ અને પ્રશ્નોના ઉત્તરો, ૧૬ મે, ૧૯૩૫

બિરાદરો, તરુણ સામ્યવાદી સંઘની કેંદ્રીય સમિતિએ આપણા યુગના યુવાન ક્રાંતિકારીનું ચિત્રણ આલેખવાની સોવિયેત લેખકોને કરેલી હાકલના જવાબ રૂપે મેં 'માનવીનું ઘડતર' લખ્યું છે. મધ્યયુગથી આપણા સમય સુધીનું વિશ્વનું સાહિત્ય તપાસો. તેના સર્વોચ્ચ ગ્રંથોમાં વર્ણવાયેલા યુવાન લોકો શાસક વર્ગોના તરુણ લોકો છે. મૂડીવાદી સાહિત્યના મહાન લેખકોએ ખૂબ તેજસ્વી રીતે તથા જોશપૂર્વક તેમના વર્ગના યુવાન લોકોનું ચિત્રણ કર્યું છે—તેમના જીવનનું, તેમના ચારિત્ર ઘડતરનું, તેમની આકાંક્ષાઓનું, કીર્તિની પ્રાપ્તિ અર્થે તેમને કેવી રીતે કેળવણી અપાય છે તેનું, માતાપિતા પાસેથી વારસામાં મળેલી સંપત્તિમાં તેઓ કામદાર વર્ગનું લોહી ચૂસવાની પદ્ધતિઓ નિરંતર અધિક વિકસાવીને કેવી રીતે વૃદ્ધિ કરતા રહે છે તેનું!

સોવિયેત લેખકો માટે ગૌરવની બાબત છે કે તેમનાં પુસ્તકોમાં તેઓ આપણા પોતાના સમયના, સર્વહારા ક્રાંતિના સમયના, યુવાન ક્રાંતિકારીનું ચિત્રણ કરે છે; પિતાઓની જોડાજોડ ખડા રહીને સોવિયેત શાસન માટે લડેલા અને આજે સમાજવાદનું નિર્માણ કરી રહેલા તરુણ લોકોનું ચિત્રણ કરે છે. અદ્ભુત લોકો, હિંમતવાન, પરાક્રમી! આપણા સાહિત્યમાં એવાં પાત્રો (તરુણ નાયકો) બહુ ઓછાં છે. આપણાં જીવનમાં આપણાં પુસ્તકો કરતાં વધુ પરાક્રમ સમાયેલું છે.

હું લેખક કેવી રીતે બન્યો? માંદગીએ મને નકામો બનાવી દીધો. હું મારા બિરાદરો જોડે કામ કરી શકું એમ નહોતો, મારામાં હરવાફરવાની શક્તિ નહોતી, હું અંધાપાનો ભોગ બની ગયેલો હતો. જીવને મારી સમક્ષ કોઈક નવા હથિયારની ઉસ્તાદી હાંસલ કરવાનું કર્તવ્ય પેશ કર્યું, જેથી હું આગેકૂચ કરતા કામદારોની હરોળમાં જોડાઈ શકું. લેખન—માણસ હરીફરી ન શકતો હોય કે જોઈ ન શકતો હોય ત્યારે પણ એ કામ તો થઈ શકે.

લેખન—પણ શાને વિશે? "તમે જે કંઈ જોયું છે અને અનુભવ્યું છે તેને વિશે લખો," મારા બિરાદરોએ મને કહ્યું. "તમે જે લોકોને ઓળખો છો અને જે વાતાવરણમાં ઊછર્યા તેને વિશે લખો. પાર્ટીના ધ્વજ હેઠળ સોવિયેત શાસન માટે લડનારાઓ વિશે લખો." અને એ જ મારો પ્રથમ વિષય બની ગયો—'માનવીનું ઘડતર'નો મૂળભૂત વિષય બની ગયો. એ પુસ્તક માટે મેં ચાર વર્ષો (૧૯૩૦-૧૯૩૪) કામ કર્યું. આપણા યુવાન લોકોને એ ગમ્યું છે અને મારા માટે એ અત્યંત આનંદની બાબત છે.

મને લાગે છે કે મારે એક વાત સ્પષ્ટ કરવી જ જોઈએ. અખબારોમાં આવતા અહેવાલોમાં મારી નવલકથા 'માનવીનું ઘડતર'ને ઘણી વાર આત્મકથાત્મક દસ્તાવેજ તરીકે, નિકોલાઈ ઓસ્ત્રોવ્સ્કીની જીવનકથા તરીકે, લેખવામાં આવે છે. એવો ઉલ્લેખ બેશક પૂર્ણ રૂપે સાચો નથી જ, નવલકથા સૌપ્રથમ તો કલાકૃતિ હોય છે. અને મારા પુસ્તકને નવલકથા રૂપે લખતી વેળા મેં લેખકના કલ્પના વિહારના અધિકારનો ઉપયોગ કર્યો છે. મારી નવલકથા હકીકતો પર આધારિત છે, પણ એને દસ્તાવેજ કહી શકાય નહીં. તેને દસ્તાવેજ રૂપે લખવાનો ઇરાદો હોત તો એ જુદી રીતે લખાઈ હોત. એ નવલકથા છે, તરુણ સામ્યવાદી સંઘના સભ્ય ઓસ્ત્રોવ્સ્કીની જીવનકથા નથી. આ નિર્દેશ મારે કરવો જ રહ્યો, નહિતર કદાચ મને બોલ્શેવિક વિનમ્રતાના અભાવનો દોષિત ગણાવવામાં આવે.

હાલમાં હું પોલેંડના સામ્રાજ્યવાદની સામે યુક્રાઈનાના કામદારો અને કિસાનોની લડતનું વર્ણન કરતી 'ઝંઝાવાતનાં સંતાનો' નામની નવલકથા લખી રહ્યો છું. તેનો સમય ૧૯૧૮ના અંતનો અને ૧૯૧૯ના આરંભનો છે. આ પુસ્તક પાછળનો મારો હેતુ આપણા યુવાનોને દુશ્મન કોણ છે એ દર્શાવવાનો છે. નવી પેઢી ઊછરીને મોટી થઈ છે—ઑક્ટોબર ક્રાંતિ પછી જન્મેલી પેઢી. આ પેઢીએ જમીનદાર, કારખાનદાર કે ઝારશાહી પોલીસને

ખેતરોમાં શ્રમજીવીઓનું કદી જોયા નથી—ગેલિસિયા અને ઉક્રાઈનાના ખેતરોમાં શ્રમજીવીઓનું રક્ત વહેવડાવનારાઓને કદી જોયા નથી.

મારા નવા પુસ્તકમાં હું આ જલ્લાદોનું ચિત્રણ કરીશ, ભૂતકાળ જેવો હતો એની વાસ્તવિક રજૂઆત કરીશ. હું આ કાર્ય આપણા યુવાનો માટે કરી રહ્યો છું—જેથી આપણા પર યુદ્ધ લાદવામાં આવે તો આગામી લડાઈઓમાં ઝંપલાવતાં તેઓ અચકાય નહીં. હું આ પુસ્તક એ યુવાનો માટે લખી રહ્યો છું જેમને કદાચ આપણી સમાજવાદી માતૃભૂમિની રક્ષા કાજે ખડા થઈ જવાની, એની સરહદોનો ભંગ કરવાના પ્રયાસો કરનારા તમામને પોલાદ અને ગોળાઓથી પાછા હાંકી કાઢવાની, જવાબદારી પોતાને શિરે લેવી પડશે.

'ઝંઝાવાતનાં સંતાનો' રાજકીય નવલકથા છે, એટલે તેના લેખનમાં વધારાની મુશ્કેલીઓ આવી પડે છે. ૧૯૧૮-૧૯૧૯માં જ્યારે પ્રજાસત્તાકમાં જ્વાળાઓ ફેલાઈ ગયેલી હતી અને ચોમેર હજારો માઈલોના વિસ્તારમાં પથરાઈ ગયેલો હતો ત્યારે પોલાંડ અને ઉક્રાઈનાની રાજકીય પરિસ્થિતિ બહુ જટિલ હતી, અને તેના નિરૂપણ માટે ઊંડી સૂઝ તથા પૂરી ચોકસાઈ આવશ્યક છે. એ કામ સહેલું નથી. તેને યોગ્ય રીતે પાર પાડવા માટે આંતરવિગ્રહના જમાના સાથે સંબંધિત ઐતિહાસિક દસ્તાવેજોનો અભ્યાસ જરૂરી છે.

દુર્ભાગ્યે અહીંયાં સોચીમાં હું એવી સામગ્રી મેળવી શકું એમ નથી. એવી બધી સામગ્રી કેંદ્રીય પુરાલેખઘરમાં રાખવામાં આવી છે. હાલ તુરંત તો હું અહીં જે કંઈ થોડું ઘણું મેળવી શક્યો છું અથવા તો બીજે કશે જે કંઈ વાંચ્યું છે તેના આધારે જ આગળ વધી રહ્યો છું.

પોલીશ વ્હાઈટોને કીયેવ ખાતે આપવામાં આવેલા સખત પરાજય અને ઉક્રાઈનામાંથી તેમનાં હકાલપટ્ટીનું વર્ણન કરીને નવલકથા પૂરી કરવાની મારી યોજના છે.

અને તેની સમાપ્તિમાં—પ્રથમ ઘોડેસવાર લશ્કરની વિજયકૂચનું વર્ણન.

એ ખરું કે પોલીશ હાકેમોને એ વેળા ખતમ નહોતા કરી નાખવામાં આવ્યા. તેઓ પોતે જેને "વિસ્લાનો ચમત્કાર" ગણાવે છે તેને કારણે તેઓ બચી ગયા હતા. આપણ બોલ્શેવિકો જાણીએ છીએ કે હકીકતમાં ચમત્કારો કદી થતા નથી. અને એ હાકેમો નવી ધમાલના કોશિશો કરશે તો ફરી વાર ચમત્કાર નહીં જ થાય. એટલું આપણે વિશ્વાસપૂર્વક કહી શકીએ એમ છીએ.

અલબત્ત, હું મારા કાર્યની યોજના અગાઉથી ઘડી લઉં છું. એ ખરું કે મારી પાસે પંચવર્ષી યોજના નથી હોતી. હું ભાવિમાં આટલે દૂર સુધી નજર નાખવાની હિંમત કરી શકતો નથી. હું મારા જીવનનું આયોજન દરેક વાર એક એક વર્ષ માટે કરું છું. મારો ઇરાદો અંત સુધીમાં મારી નવી નવલકથાનો પ્રથમ ભાગ પૂરો કરી નાખવાનો છે. ત્યાર બાદ બાળ પ્રકાશન ગૃહ માટે હું 'પાવકાનું બાળપણ'—જેને 'માનવીનું ઘડતર'ના પૂરક તરીકે ગણી શકાય એવું પુસ્તક—લખવા માગું છું. આપણાં બાળકો માટે એ પુસ્તક લખવામાં મને ખુશી થશે. નવાં પુસ્તકો માટેની તેમની આવશ્યકતા પ્રત્યે ઘણું દુર્લક્ષ સેવવામાં આવ્યું છે.

તમે જાણો છો કે તરુણ સામ્યવાદી સંઘની ઉક્રાઈનિયન કેંદ્રીય સમિતિએ 'માનવીનું ઘડતર'ના આધારે એક બોલતી ફિલ્મ બનાવવાનો નિર્ણય લીધો છે. ઉક્રાઈનિયન સ્ટુડીઓમાંથી બિરાદરોનું જૂથ આ અંગે મારી સાથે પટકથા તૈયાર કરવા ટૂંકમાં જ આવી પહોંચશે.

મારી વાર્ષિક યોજના પાર પાડવા હું તમામ પ્રયાસો કરી છૂટીશ. નવી નવલકથા 'મોલોદાયા ગ્વાર્દિયા' સામયિકમાં પ્રસિદ્ધ થશે—અલબત્ત, તંત્ર બહાલી આપશે તો. મને સાહિત્યક્ષેત્રે લાવનાર 'મોલોદાયા ગ્વાર્દિયા' છે. અને એ મને મારા સર્જનાત્મક કાર્યમાં સતત મદદ કરે છે.

પાર્ટી અને તરુણ સામ્યવાદી સંઘે મારી કેટલી ખેવના રાખી છે એ અંગે હું અહીં બે શબ્દો કહેવા માગું છું. મારા કાર્યને હળવું બનાવવા માટે મને તમામ સવલતો પૂરી પાડવામાં આવી છે. આવી કાળજી નવો શક્તિનો સ્રોત છે. એથી મને એવી લાગણી થાય છે કે હું જાણે સંપૂર્ણ અર્થમાં ખરેખર પાછો હરોળમાં જોડાઈ ગયો છું. હું સાચે જ કહી શકું એમ છું કે હું સુખી માણસ છું. અલબત્ત, તબીબો તો એમ જ માને છે કે હું ટૂંકમાં જ "મોટે ગામતરે" ઊપડી જઈશ. પરંતુ પાંચ વર્ષ પૂર્વે પણ તેમણે એમ જ કહ્યું હતું. ઓસ્ત્રોવ્સ્કી એ પાંચ વર્ષોને સલામત પાર કરી ગયો છે, અને ઓછામાં ઓછાં બીજાં ત્રણ વર્ષ સુધી ટકી રહેવાનો તેનો પૂરેપૂરો ઇરાદો છે...

મને તરુણ સામ્યવાદી સંઘનાં દેશભરનાં સંગઠનો તરફથી સેંકડો પત્રો મળે છે—તેમાં મને લડત ચાલુ રાખવાની હાકલ હોય છે. એ પત્રો હૃદયમાં જાણે જ્વાળા પેટાવી દે છે, અને મારા મનમાં એવી લાગણી પેદા કરે છે કે એક પણ દિવસ આળસમાં ગાળવો એ ગુનો છે.

ચોવીસ કલાકમાંથી મારો કામદિન દસથી બાર કલાકનો હોય છે. મારે જીવનને વેગીલું બનાવવું જ જોઈએ.

...સર્જનાત્મક મોરચે એવા ગાળા આવે છે કે જ્યારે હું પ્રબળ ઉત્તેજના અનુભવું છું, ઝડપથી આગેકૂચ કરું છું. એવા ગાળાઓમાં મારા સમગ્ર વિચારો લેખન ઉપર કેંદ્રિત હોય છે. સપ્તાહોના સપ્તાહો વીતી જાય છે કે જ્યારે હું અખબારો સિવાય બીજું કશું જ વાચન નથી કરતો. પરંતુ જ્યારે મેં મનમાં અંકિત કરી રાખેલું બધું કાગળ પર ઊતરી જાય છે, ત્યારે ક્રમ પલટાઈ જાય છે.

તમામ પ્રકાશિત સામયિકો મને મળે છે. 'બોલ્શેવિક' અને સાહિત્યિક મીમાંસાનાં સામયિકો નિયમિત વાંચું છું. નવલકથાઓ અંગે—એક યા બીજી રીતે નામના મેળવનાર પ્રત્યેક નવું પુસ્તક હું વાંચું છું. જે કંઈ છપાય એ બધું તો કોઈ પણ માણસ ન જ વાંચી શકે.

મારી નવી નવલકથા લખવાની શરૂઆત કરતાં પહેલાં મેં આઠ મહિના અભ્યાસમાં ગાળ્યા હતા. એ આઠ મહિનાઓમાં મેં વિશ્વ સાહિત્યનાં મૂળભૂત પુસ્તકોનું વાચન કર્યું. 'યુદ્ધ અને શાંતિ' તથા 'આન્ના કારેનિના' અને એવાં બીજાં ઘણાં પુસ્તકો મેં ફરીફરીને વાંચ્યાં છે...

...લેખકોની કોંગ્રેસે મને કાર્યપંથ બતાવ્યો—ખાસ કરીને ગોર્કીના તેમ જ કોમરેડ ઝ્દાનોવના પ્રવચને. ત્રણ સપ્તાહ પહેલાં મને કોંગ્રેસના શબ્દશ: અહેવાલની નકલ મળી. ફરી એક વાર હું એનો વિગતવાર અભ્યાસ કરીશ.

...હું મોજમાં છું. તંદુરસ્તી સિવાય મારી પાસે કંઈ ખૂટતું નથી. મારી માનસિક અવસ્થા આનંદિત છે. મારા દિમાગમાં સ્પષ્ટતા છે. હું સુખી માણસ છું, અને એ કોઈ જોડી કાઢેલી વાત નથી.

જિંદગી, તને સલામી!

લેનિન પારિતોષિકની પ્રાપ્તિના પ્રસંગો પ્રવચન
સોચી, ૨૪ નવેંબર, ૧૯૩૫

આપણા દેશની ક્રાંતિકારી સરકારે મને મહાન પુરસ્કારને પાત્ર ગણ્યો છે. જવાબમાં હું શું કહી શકું? આપણને વીરતાપૂર્ણ યુદ્ધનાં વર્ષોમાંથી સમાજવાદની ભૂમિમાં જીવન જીવવાના આનંદ ભણી દોરી જનાર એ અદ્ભુત લોકોના, જૂના બોલ્શેવિકોના, જીવનરૂપી આદર્શ અનુસાર આપણું

જીવન ઘડવાની જહેમત આપણે હંમેશાં કરી છે. આપણે તરુણ લોકોએ હંમેશાં એમના જેવા થવાના પ્રયાસો કર્યા છે. આપણે એમના પ્રત્યે ઊંડો આદરભાવ ધરાવીએ છીએ. આપણા સરદારો પ્રત્યે, અગ્રણી નેતાઓ પ્રત્યે, આપણે તનમનથી નિષ્ઠા રાખી છે. અને જ્યારે માંદગીએ મને પથારીવશ બનાવી દીધો ત્યારે મેં મારામાં હતી એ સમગ્ર શક્તિઓ મારા શિક્ષકો સમક્ષ, જૂના બોલ્શેવિકો સમક્ષ, પુરવાર કરવામાં લગાવી દીધી કે મારા વર્ગની યુવાન પેઢી ગમે તેવા સંજોગો હોય તોપણ કદી શરણાગતિ નહીં સ્વીકારે. હું મારી માંદગી સામે લડ્યો. તેણે મને તોડી નાખવાના, મને હરોળમાંથી ખેરવી નાખવાના, પ્રયાસો કર્યા, પણ મેં કહી દીધું કે "શરણાગતિ ન ખપે!" મને વિજય અંગે વિશ્વાસ હતો. હું લડતો રહ્યો, કારણ કે હું આપણી પાર્ટી તરફથી હૂંફભર્યું જીવન અનુભવી રહ્યો હતો. અને આજે હું જીવનને આનંદથી નિહાળી રહ્યો છું કારણ કે તેણે મને ફરી હરોળમાં સ્થાન અપાવ્યું છે.

અમારામાં ક્રાંતિ પ્રત્યે આવી નિઃસ્વાર્થ નિષ્ઠાની ભાવનાનું સિંચન લેનિનવાદી કોમ્યુનિસ્ટ પાર્ટી સિવાય બીજું કોઈ ન જ કરી શક્યું હોત. હું પ્રત્યેક યુવાન કામદાર અંગે એવી કામના રાખું છું કે તે પરાક્રમી યોદ્ધો બને; કારણ કે કામદાર વર્ગના, પાર્ટીના ખરા સપૂત હોવાની સભાનતાથી બહેતર સુખ બીજું કોઈ ન જ હોઈ શકે. અને હું આમ કહી શકું છું: તેની એ સિવાય બીજું કશું શક્ય જ નથી. આપણી ભૂમિમાં યુવાન લોકો એથી ભિન્ન હોઈ શકે જ નહીં કારણ કે એમની પાછળ આપણો અઢાર વર્ષનો દેશ ખડો છે, તરુણ અને સુંદર, નીરોગી અને સમર્થ. અને આપણો દેશ—આપણે તેનું દુશ્મનો સામે રક્ષણ કર્યું છે અને તે આજે જેવો છે એવા તેના ઘડતરમાં મદદ કરી છે. હવે આપણે સુખી જીવનમાં પ્રવેશી રહ્યા છીએ, અને આપણી સમક્ષ એથીયે વધુ ગૌરવમય ભાવિ ઉપસ્થિત છે—એવું ગૌરવમય ભાવી કે જેની સિદ્ધિના સંઘર્ષમાં આપણને કોઈ રોકી શકે નહીં. એટલે, 'પ્રાવદા'એ લખ્યું છે તે મુજબ, એક ચક્ષુહીન યોદ્ધો પોતાના સહબંધુઓની મહાન કૂચ સાથે કદમ મિલાવતો આગળ ધપી રહ્યો છે.

વિશ્વક્રાંતિનો ઝંડો લહેરાવનાર દેશની જિંદગી, તને સલામી!
સંઘર્ષ, તને સલામી! આપણા ગૌરવમય દેશના તરુણ લોકો, આગેકદમ!
આપણી ઊગતી માતૃભૂમિના ખરા સપૂતો બનજો!
આપણને સામ્યવાદ ભણી દોરી જતી સમર્થ પાર્ટી ઝિંદાબાદ!

મક્કમ પ્રયાસો, અથાક અભ્યાસ

આઝોવ-કાળા સમુદ્ર પ્રદેશના લેખકોની પરિષદને સંબોધન*

૬ ડિસેંબર, ૧૯૩૫

પ્રિય બિરાદરો! મારાં હાર્દિક સામ્યવાદી અભિવાદનો!

બિરાદરો, મને તમારી પરિષદમાં મતાધિકારી પ્રતિનિધિનું સ્થાન અપાયું છે. મને સખત અફસોસ છે કે હું તમને પરિષદના મંચ પરથી પ્રત્યક્ષ સંબોધન કરી શકું એમ નથી. પણ આપણા જમાનામાં ટેકનિકલ પ્રગતિ એટલી સધાઈ છે કે આપણી વચ્ચેના અંતર છતાં મેં ગઈકાલે પરિષદનું ઉદ્ઘાટન રેડિયો પર અત્યંત રસપૂર્વક સાંભળ્યું હતું અને આજે તમને ઉદ્દેશીને બોલી શકું છું, પરિષદમાં સક્રિય ભાગ લઈ શકું છું. સાહિત્યક્ષેત્રે પ્રવેશી રહેલા તમારામાંના નવોદિતોને હું અભિવાદનના બે બોલ કહેવા માગું છું... આપણે આપણા તરુણ લોકો અંગે, આપણા મોટેરા કલમ કસબીઓ સાથે જોડાવા આગળ આવી રહેલા યુવાન લેખકો અંગે, ઘણું ઘણું સાંભળીએ છીએ. હું તેમને સૌને, આપણા દેશના તેજસ્વી તરુણ ઇન્સાનોને, ઓળખું છું અને ખૂબ ચાહું છું.

હું પોતે પણ તરુણ સામ્યવાદી સંઘે પ્રોત્સાહન આપીને વિકસાવેલા યુવાનોમાંનો જ એક છું, અને એક ભાઈ તરીકે તમારું અભિવાદન કરી રહ્યો છું.

તમે લેખનને તમારા જીવનકાર્ય તરીકે પસંદ કર્યું છે, અને આ પરિષદમાં એક મોટો સવાલ ભેગો લઈને આવ્યા છો: કોઈ ઇન્સાન લેખક કેવી રીતે બને છે? તરુણ લોકોને લાગે છે કે તેને માટે કોઈ સ્પષ્ટ જાદુઈ કીમિયો હોવો જોઈએ. સાહિત્યના સ્વામીઓ જાણે છે કે લેખન વેદનામય કાર્ય છે, પરંતુ સાથે સાથે અસીમ આનંદ આપનારું કાર્ય પણ છે.

મારા યુવાન બિરાદરો, મારે તમને કહેવું જ જોઈએ કે કોઈ પણ વ્યક્તિ લેખક બની શકે છે. પણ તેને માટે મક્કમ પ્રયાસો અને અથાક અભ્યાસની જરૂર પડે છે, નવા જ્ઞાનની અનંત શોધ અને માનવ સંસ્કૃતિનાં શિખરો

* ૮૭, સોચીમાં ઓરેખોવાયા માર્ગ પરના ઓસ્ત્રોવ્સ્કીના નિવાસેથી રેડિયો દ્વારા પ્રસારિત કરવામાં આવ્યું હતું.—સં.

સર કરવાની અદમ્ય ઝંખના આવશ્યક બને છે. તમારે એ સમજી લેવું જોઈએ અને હંમેશ યાદ રાખવું જોઈએ. એના વિના તમે કદાચ એવાં પુસ્તકો લખી શકશો કે જેમાં ક્યાંક ક્યાંક તીક્ષ્ણ બુદ્ધિના ચમકારા હશે ખરા, પરંતુ ખરેખરી વિશાળતા અને વ્યાપકતા ધરાવતી કૃતિઓ તમે કદી નહીં સર્જી શકો.

તમને હું મારો જ અનુભવ કહું. પંદરથી સોળ વર્ષ પૂર્વે હું વિરાટ સંઘર્ષોનો, ઐતિહાસિક ઘટનાઓનો, સાક્ષી બન્યો અને મેં તેમાં ભાગ પણ લીધો. મેં વીર યોદ્ધાઓનાં કૃત્યો જોયાં. પણ, હવે ખંતીલા અભ્યાસ પછી, ક્રાંતિકારી સંઘર્ષના સિદ્ધાંતની સમજણ પ્રાપ્ત કરી લીધા પછી, સજ્જ થતા મારા અનુભવની સામાન્ય તારવણી કરવાની શક્તિ કેળવી લીધા પછી, જેવું પુસ્તક મેં લખ્યું છે એવું પુસ્તક એ વેળાએ અજ્ઞાન બાળક જેવો હું લખી શક્યો હોત ખરો? ના, ન જ લખી શક્યો હોત. કારણ કે માત્ર જોવું, નિરીક્ષણ કરવું, અનુભવ કરવો, એટલું પૂરતું નથી. લખવા માટે તમારે અભ્યાસ કરવો જોઈએ, જીવનનું પૂરેપૂરું જ્ઞાન મેળવવું જોઈએ, વિશ્વ સંસ્કૃતિનાં સર્વોત્તમ સર્જનોનો પરિચય સાધી લેવો જોઈએ, તમારા દૃષ્ટિકોણને વિસ્તારવો જોઈએ, અને અમલી અનુભવોનું પરીક્ષણ માર્ક્સવાદી-લેનિનવાદી સિદ્ધાંતના આધારે કરતાં શીખી લેવું જોઈએ. ત્યાર પછી જ, તમે કલમ હાથમાં લઈને તમારાં નિરીક્ષણોનું સામાન્ય તારણ કાગળ ઉપર ઉતારો તો જ તમારા લેખનના ખરા મૂલ્ય અંગે આત્મવિશ્વાસ ધરાવી શકો.

અને એટલા માટે જ લેખકના જીવનવૃત્તાંતનો સવાલ બહુ મહત્ત્વનો હોય છે. કોઈ પણ યુવાન લેખક જો માનવી તરીકે વિકાસ પામે, લડવૈયા તરીકે વિકાસ પામે, આપણા સમગ્ર દેશ સાથે કદમ મિલાવી શકે, તો જ તે લેખક તરીકે વિકાસ સાધી શકે. તમે એક જ દિવસમાં પરિપક્વતા ન મેળવી શકો. એ અસંભવ છે. અને ભૂતકાળના વ્યાપક સાંસ્કૃતિક વારસા ઉપર પ્રભુત્વ પણ માત્ર એક જ ઝપાટામાં પ્રાપ્ત કરી શકાય નહિ. આપણા યુવાન બિરાદરોએ આ ખાસ યાદ રાખવું જોઈએ. એવા પ્રભુત્વ માટે એકધારી ખંત અને પારાવાર અથાક પરિશ્રમની જરૂર હોય છે. પણ આ પરિશ્રમની પ્રક્રિયા જ, તે દરમિયાન પાર કરવી પડતી મુશ્કેલીઓ, હૈયું ઝણઝણાવી દેનારો ઉલ્લાસ આણે છે! તમે લેખકો બનવા ઇચ્છો છો... પણ તમારે જાણી લેવું જોઈએ કે લેખક તો શિક્ષક હોય છે. અને જે માણસ એના શિક્ષણાર્થીઓ કરતાં વધુ જાણતો હોય, જેની પાસે તેમને કહેવા જેવું

[illegible] ન જ દીપાવી શકે. આપણા વાચકોની પરખશક્તિ ખૂબ વધી છે, તેમના જ્ઞાનમાં ઘણો વધારો થયો છે. અને આપણે તેમના માટે જે પુસ્તકો લખીએ તે નિરસ અને સાવ સાધારણ કોટિનાં હોય તો તેઓ આપણને માફ નહીં કરે.

એથી આપણે લેખકોએ આગેકૂચની મોખરાની હરોળમાં રહેવું જોઈએ— મદદગારીના સૌથી છેલ્લા ડબ્બામાં બેસીને ઘસડાવું ન જોઈએ. પાછળ રહી ગયેલો લેખક તેનાથી ખૂબ આગળ નીકળી જનારાઓને શિખામણ ન જ આપી શકે, અને તેને એવો અધિકાર પણ ન જ હોઈ શકે.

પ્રયોગશાળામાં એકલો બેસીને જીવનના રસાયણ સંયોજન અને બંધારણ અંગે રમત કરતા રહેતા કોઈ મૂડીવાદી વિજ્ઞાનીની જેમ લેખક જીવનથી, સંઘર્ષથી, વેગળો રહી શકે નહીં. એ ઉદાસીન પ્રેક્ષક બની શકે નહીં.

જે સૌથી મોખરાની હરોળમાં કૂચ કરતો હોય, સંઘર્ષના ઉત્સાહથી તરવરતો હોય, આપણી સમગ્ર જનતાના સંગાથમાં જેનું હૈયું પ્રત્યેક પરાજયથી ફફળી ઊઠતું હોય અને પ્રત્યેક વિજયથી ઉલ્લાસમય બની જતું હોય, તે જ દિલમાં જોમ રેડનારું, સત્યપૂર્ણ, અને હાકલ બની રહે એવું પુસ્તક લખી શકે. આપણું સાહિત્ય સત્યનું સાહિત્ય છે, માનવજાતિના સત્યનું સાહિત્ય છે, માનવજાતિના વર્તમાન અને ભાવિના સમાજવાદી સત્યનું સાહિત્ય છે.

ચાલુતર પરજીવીઓના હાથે કામગાર લોકોનું ભયંકર શોષણ નજરે જોનારા મૂડીવાદી લેખકોને તેમના વાચકો સમક્ષ સતત જૂઠાણાં ચલાવવાં પડે છે. આખો દિવસ કામગાર લોકોનું ક્રૂર દયાહીન શોષણ કરવામાં અને સાંજનો સમય કૌટુંબિક પ્રેમના તેમ જ પત્ની તથા બાળકો ઉપર હેત વરસાવવાના મનોરમ વાતાવરણમાં ગાળનાર બેંકર કે વેપારી અંગે મઝાની વાતો કહેવાનું આખરે સરળ તો નથી જ. પણ આપણને—આપણને ખોટું બોલવાની જરૂર નથી. આપણું જીવન સુંદર છે, રસમય છે, લગભગ માની ન શકાય એવું છે. એ આપણી સમક્ષ અપરંપાર ઉત્કૃષ્ટ કથાવસ્તુઓ અને તેજસ્વી પાત્રો ખડાં કરે છે—શક્તિ અને સૌંદર્યના સંબંધમાં પરસ્પર સ્પર્ધા કરતાં કથાવસ્તુઓ તથા પાત્રોનાં આખેઆખાં સૈન્યો જાણે આપણી સામે ધસી આવે છે, આપણાં મનને ભરી દે છે. જીવનની જોડે, તેની વેગીલી ગતિના આગેકૂચની સાથે, કદમ મિલાવી રાખવાનું આપણે માટે [illegible] બને છે. આજે પણ આપણે આપણી નજર સમક્ષ ભાવિના

નવા અદ્ભુત લોકોને, દુનિયાના ઇતિહાસમાં અભૂતપૂર્વ લોકોને, સામ્યવાદના લોકોને, આકાર લઈ રહેલા જોઈએ છીએ, અને આપણે એ લોકોને આપણાં પુસ્તકોમાં આલેખવા જોઈએ. જીવન આપણા સમક્ષ કેવી સમૃદ્ધ સામગ્રી પેશ કરે છે! કેવા વિપુલ વિષયો રજૂ કરે છે! "આ તો જૂનું છે," લોકો ઘણી વાર એક યા બીજા વિષય માટે કહેતા હોય છે, "આ તો કાળગ્રસ્ત બાબત છે." ખોટું! કાળગ્રસ્ત વિષય જેવી કોઈ ચીજ હોતી જ નથી. એવા લોકો પણ છે કે જે આંતરવિગ્રહને જૂનો, કાળગ્રસ્ત વિષય ગણે છે. એવું છે જ નહીં! આજથી દશ વર્ષ કે સો વર્ષ બાદ પણ એ તાજો જ રહેવાનો, વૈવિધ્યસભર રહેવાનો પણ અને નવેસરથી, નિરંતર વધુ સત્યપૂર્ણ રીતે અને વધુ તેજસ્વી રીતે રજૂ કરવાની સૂઝબૂઝ કેળવો! પણ આપણે એમ ત્યારે જ કરી શકીએ કે જ્યારે આપણે સતત આગળ વધી રહ્યા હોઈએ અને આપણા જ્ઞાન તથા કૌશલ્યની વૃદ્ધિ માટે નિરંતર અથાક મહેનત કરતા હોઈએ.

આપણે—નાનેરી સાહિત્યિક પેઢીએ—એ રીતે જ વિકાસ સાધવો જોઈએ. અને આપણે એ રીતે વિકાસ સાધીએ તો જ આપણા દેશના ગૌરવને અનુરૂપ પુસ્તકો લખી શકીએ!

આપણા સોવિયેત સાહિત્યનો, તેના સામ્યવાદી નૈતિક ધોરણનો, તેના સત્યનો જય હો!

મારા જીવનનું અધિકતમ સુખમય વર્ષ

'ઇઝ્વેસ્તિયા' અખબારમાં પ્રકાશિત લેખ
૧ જાન્યુઆરી, ૧૯૩૬

મને જો કોઈ એમ પૂછે કે મારા જીવનનું અધિકતમ સુખમય વર્ષ ક્યું તો હું એમ જ કહી શકું કે ૧૯૩૫.

કોઈ લડવૈયાના આત્મબળની, તેના ખંતપૂર્વકના પ્રયાસોની, તેનો દેશ કદર કરે તેની છાતીએ જ્યાં હૃદય ધબકારા લેતું હોય ત્યાં, લેનિન ચંદ્રક લટકતો હોય તો એની ખુશીનો પાર જ ન રહે.

૧૯૩૫નું વર્ષ મારા માટે કાર્યસિદ્ધિનું વર્ષ હતું. તેમાં મેં મારી સર્જનાત્મક કામગીરીની, મારા અભ્યાસ તથા વિકાસની, અને મારી આગેકૂચની આરંભિક કક્ષાનું સમાપન કર્યું.

હું ૧૯૩૬ના નવા વર્ષનું સ્વાગત આશાના ઊભરાથી, સર્જનાત્મક આકાંક્ષાઓથી, કાર્ય કરવાની પ્રબળ તમન્નાથી કરું છું. હું એ તમન્નાથી પ્રેરાઈને મોસ્કો આવ્યો છું, જેથી આગલા રાષ્ટ્રીય પુરાલેખઘરની નજીક રહી શકું. નવી નવલકથા 'તોફાનનાં સંતાનો'ના લેખન માટે એ તદ્દન આવશ્યક છે.

જાન્યુઆરીની બીજી તારીખ મોસ્કોમાં મારા કાર્યનો પ્રથમ દિવસ હશે. એ દિવસે હું આંતરવિગ્રહના દસ્તાવેજો અંગે મારો અભ્યાસ શરૂ કરીશ.

મોસ્કો સુધી પ્રવાસ કર્યા બાદ આટલા દિવસ આરામ લેવા મને મિત્રો માટે, તબીબો માટે, સહેલું હતું — આરામ કરવાનું કામ મારા મનનું નહોતું. સમય વેડફ્યા વિના, કામ શરૂ કરી દેવાની મારી ઝંખના અત્યંત પ્રબળ હતી.

હું જ્યારે આપણા સ્તાખાનોવાઈટ કામદારોનાં, આપણા સર્વોત્તમ ખેડૂતોનાં — આપણાં કારખાનાં તથા નિર્માણ પરિયોજનાઓના જાંનિસાર કામદારોનાં — ઉમંગભર્યાં પ્રવચનો વાંચું છું, શ્રમના આનંદથી ગુંજતાં અને શ્રમના ઊંડા સંતોષથી છલકાતાં પ્રવચનો વાંચું છું, ત્યારે મારા મન તથા હૃદયમાં તેમની લાગણીઓનો રણકાર અનુભવું છું. હું પણ આખા દિવસના સખત પરિશ્રમ બાદ થાકેલો પણ ઉલ્લાસમય હૈયે નીંદરને ખોળે જાઉં છું ત્યારે અચૂક એવી જ લાગણીઓ અનુભવું છું.

છેલ્લા થોડાક મહિનાઓ દરમિયાન મેં મારી નવલકથા સંબંધી કામ કર્યું નથી. સંજોગોએ મને એ કાર્ય મોકૂફ રાખી દેવા મજબૂર કરી દીધો હતો. પરંતુ હવે હું વળી મારા નાયકો પાસે પાછો ફરું છું, ૧૯૧૯ના શિયાળાના હિમાચ્છાદિત ઉક્રાઈનામાં પાછો ફરું છું... ચેતનમય અને વાંકડિયા સોનેરી વાળવાળો આન્દ્રી પ્તાખા — ભઠ્ઠીમાં કોલસા પૂરનારો યુવાન — મારી નજર સમક્ષ તરવરવા લાગે છે. તેની હિંમતવાન રાખોડી આંખો રીસભરી મારી ઉપર મંડાયેલી છે.

“તેં તો અમને સાવ પડતા મૂકી દીધા, ભાઈ! તને ઘોડાઓની ખરીઓનો નગારાં જેવો અવાજ નથી સંભળાતો? અમને રણાંગણમાં મોકલવાની વેળા તો ક્યારની પાકી ગઈ છે!..”

અને એની બાજુમાં છે — કાળી કીકીઓવાળી રૂપાળી ઓલેસ્યા કોવાલ્લો. હું ઓલેસ્યાને ખૂબ ચાહું છું. મને ખાતરી છે કે તે સરસ તરુણ સામ્યવાદી બનશે અને ઍન્જિન ડ્રાઈવરનું કામ કરતા તેના વૃદ્ધ પિતા ભોમભીતર બોલ્શેવિક કોવાલ્લોને મદદગાર થશે.

હું તેમના હાથ મારા હાથમાં લઈને વચન આપું છું કે યુવાન મિત્રો, હવે ફરી ક્યારેય તમારાથી અળગો નહીં થાઉં...

સંઘની દસમી કૉંગ્રેસ સમક્ષ અહેવાલ

લેનિનવાદી તરુણ સામ્યવાદી સંઘની દસમી કૉંગ્રેસની તૈયારીઓ દરમિયાન ૭મી જાન્યુઆરી, ૧૯૩૬ના રોજ લખેલો લેખ

આ કૉંગ્રેસ અત્યંત મહત્ત્વના સમયે, સમાજવાદની ભૂમિમાં અભૂતપૂર્વ સિદ્ધિઓ અને ફતેહોના સમયે યોજાઈ રહી છે.

પ્રત્યેક નવું વર્ષ આપણા જીવનમાં એવાં પ્રચંડ પરિવર્તનો આણે છે કે ભૂતકાળની સરખામણીમાં આજે આપણે નવજીવન, નવા સંબંધો, નવી સંસ્કૃતિ, અને નવી રાષ્ટ્રીય સંપત્તિના સર્જનનો વ્યાપ તથા વેગ જોઈને વિસ્મિત થઈ જઈએ છીએ. આપણા રાષ્ટ્રીય અર્થતંત્રમાં પ્રત્યેક મોરચે સમાજવાદનો વિજય, સર્વહારા વર્ગ પ્રત્યે દુશ્મનાવટ ધરાવતાં તમામ વર્ગીય પરિબળોને સખત પરાજય આપ્યા પછી હવે જ શક્ય બનેલી આપણી રાષ્ટ્રીય સંપત્તિની વૃદ્ધિ, આપણી ઉત્પાદક શક્તિઓને અવરોધનારાં રૂઢિગત પ્રમાણો તથા ધોરણોના ભુક્કા ઉડાવી દઈને શ્રમ વીરતાનાં અસાધારણ ઉદાહરણો રજૂ કરનારું પ્રબળ સ્તાખાનોવાઈટ આંદોલન, આપણી સમગ્ર જનતાએ સંસ્કૃતિ અને જ્ઞાનના શિખરો ભણી કરેલી પ્રચંડ આગેકૂચ— આ બધું પાર્ટીના ખરા સહાયક તરુણ સામ્યવાદી સંઘ સમક્ષ ગંભીર અને મહત્ત્વની સમસ્યાઓ ખડી કરે છે, એ સમસ્યાઓને ઉકેલવાનું કાર્ય સંઘની દસમી કૉંગ્રેસે કરવાનું છે.

આપણા દેશની તરુણપ્રજાને તાલીમ આપવી, તેમને બોલ્શેવિક, સામ્યવાદી તાલીમ આપવી—એ લેનિનવાદી તરુણ સામ્યવાદી સંઘનાં મૂળભૂત કાર્યોમાંનું એક છે. અને આપણામાંના પ્રત્યેક પાસેથી, સંઘમાં જ ઉદય પામેલા અને તેની હરોળોમાં તાલીમ તથા શિક્ષણ પામેલા યુવાન પાસેથી, એવી અપેક્ષા રાખવામાં આવે કે તેઓ એ સંબંધી અહેવાલ સંઘની વિજય કૉંગ્રેસમાં પેશ કરે, તો એ તદ્દન ઉચિત ગણાશે.

સંઘની, મારા સંઘની, ક્રાંતિકારી પરંપરાઓ પ્રત્યે ખરી નિષ્ઠાપૂર્વક હું યુદ્ધના મેદાનેથી અપાતો હોય એવો સંક્ષિપ્ત મુદ્દાસર અહેવાલ રજૂ કરું છું.

દસમી કૉંગ્રેસનું હું હરોળમાંના એક લડવૈયા તરીકે, લેનિનવાદી તરુણ સામ્યવાદી સંઘના સક્રિય સભ્ય તરીકે, સ્વાગત કરું છું, એ હકીકત મારા

મારાં સાત મોટાં સંતાનોનો વિષય છે. હું જે કંઈ કામ કરી રહ્યો છું, સંઘમાં અને સંઘ માટે, એ મને આવા સભ્યપદના ઉચ્ચ સન્માનનો અધિકારી બનાવે છે. કોંગ્રેસની તૈયારીઓ ચાલી રહી છે ત્યારે હું મારી નવી નવલકથા 'સંઘનાં સંતાનો' સંબંધી કાર્યમાં ડૂબેલો છું. મારા બધા દિવસો નવલકથાનાં પાત્રોના સાંનિધ્યમાં જ વીતે છે. એ પાત્રો સોવિયેતોની સત્તાના પહેલા દાયકાના તરવરતા યુવાન ઇન્સાનોનાં છે. મારા હૃદય અને મનમાં આંતરવિગ્રહનાં ગૌરવપૂર્ણ વર્ષોના તરુણ સામ્યવાદી સંઘનાં ચિત્રો છવાયેલાં છે, અને એ ચિત્રો આજના સંઘ સાથે અવિભાજ્ય રૂપે સંકળાયેલાં છે.

જ્યારે આપણું વર્તમાન સુખ, આપણું આજનું સુંદર અને આનંદમય જીવન, કામદાર વર્ગના ઉત્તમ સપૂતોના લોહીની કિંમત ચૂકવીને જીતવામાં આવી રહ્યું હતું એ જમાનાની કારમી વાસ્તવિકતાનો ખ્યાલ, કામગાર લોકોના કાળમી દુશ્મનોની સામે—શોષકો તથા જેલરોની સામે—લડવા પડેલા કટ્ટર સંઘર્ષનો ચિતાર, આપણા નાનેરા બિરાદરો સમક્ષ, જેમણે જીવતોજાગતો ઝારશાહી પોલીસ કદી જોયો પણ નથી એવા બિરાદરો સમક્ષ, રજૂ કરવાના ઉદ્દેશે હું કાર્ય કરી રહ્યો છું. ઓક્ટોબરના જમાનામાં જન્મેલા એ ખુશનસીબ બિરાદરોએ જાણી લેવું જોઈએ કે કામદાર વર્ગે પોતાની આઝાદી કેવી રીતે, કેટલા પ્રચંડ પ્રયાસોની કિંમતે, હાંસલ કરી છે. સમાજવાદની નાનેરી પેઢીના ઇન્સાનોનાં દિલોમાં એવું જ્ઞાન ભંડારેલું હશે તો જ તેઓ લશ્કરવાદ અને ફાસીવાદની સામે સમાજવાદી માતૃભૂમિનું રક્ષણ કરનારા પોતાના મોટેરાઓના સ્વાર્પણને અનુરૂપ સામર્થ્ય રાખી શકશે.

આ નવલકથાનું કામ કરતી વેળા, હું આજના સંઘના જીવન સાથે અત્યંત નિકટના સંપર્કમાં રહું છું. હું જ્યાં સત્તર વર્ષ પહેલાં સંઘનો સભ્ય બન્યો હતો એ શહેરમાંથી સંઘની ઉક્રાઈનિયન કોંગ્રેસના ડેલિગેટ તરીકે ચૂંટાયો છું. હું એ કોંગ્રેસ માટેના પ્રવચનની તૈયારી કરી રહ્યો છું, અને મારું પ્રવચન આપણા આજના તરુણ લોકો અંગે હશે.

આપણને કેવા તરુણ લોકોની જરૂર છે? આપણા સમયના તરુણ લોકો સોવિયેત જીવન ઘણું ઘણું માને છે. આપણી ક્રાંતિકારી ભૂમિના તરુણ લોકો મૂડીવાદી દેશોના તરુણ લોકો કરતાં અદ્ભુત રીતે ભિન્ન છે.

સંઘ તેના અસ્તિત્વના આડત્રીસ વર્ષના ગાળા દરમિયાન આપણા તરુણ લોકોનું ઘડતર કર્યું છે. બાહ્ય દેખાવમાં તેમ જ સાંસ્કૃતિક ભૂમિકાની દૃષ્ટિએ એકંદરે પરિવર્તન પામી ચૂકેલા હોવા છતાં તેમણે હંમેશાં ક્રાંતિકારી

સર્વહારા વર્ગની પરંપરાઓને, અત્યુત્તમ આકાંક્ષાઓને, પોતાની અંદર હંમેશાં અપરિવર્તિત રૂપમાં જાળવી રાખી છે.

હરહંમેશ અને પ્રત્યેક સ્થળે તરુણ સામ્યવાદી સંઘના સભ્યોએ, અગ્રગામી તરુણ ઇન્સાનોએ, ક્રાંતિકારી સંઘર્ષમાં પોતાના પ્રદેશનાં વર્ષોની જ્યોતિને, આકાંક્ષાઓને, જતનથી હૃદયમાં સંઘરી રાખી છે. આપણે સંઘના ૧૯૧૭ના, ૧૯૧૯ તથા ૧૯૨૦ના—આંતરવિગ્રહના જમાનાના—સભ્યો વિશે સારી રીતે જાણીએ છીએ; આપણે પુનરુત્થાનના ગાળાના, પુનર્નિર્માણના ગાળાના, મહાન પંચવર્ષી યોજનાઓના ગાળાના સભ્યો વિશે જાણીએ છીએ.

સંઘનો આજનો સભ્ય ભૂતકાળથી આપણા સમયને અલગ તારવનારાં નવાં લક્ષણો દર્શાવે છે. આ વર્ષો દરમિયાન આપણા દેશે અમાપ પ્રગતિ કરી છે, અને આપણા સમાજ તરફથી તેના તરુણ લોકો પાસેથી રાખવામાં આવતી અપેક્ષાઓ વધી છે.

એ અપેક્ષાઓ આપણા દેશની સિદ્ધિઓ અને સંભાવનાઓ જેટલી જ અપાર છે.

આપણા દેશના તરુણ ઇન્સાનોનો ખ્યાલ આપણે મોખરાની હરોળના લડવૈયાઓ તરીકે, ટેકનિકલ સિદ્ધિ અને સંસ્કૃતિનાં શિખરો સર કરતા ઘડવૈયાઓ તરીકે, ઉત્સાહી ને આનંદી તથા અણઓસરતી જ્ઞાનતૃષા ધરાવતા ઇન્સાનો તરીકે, સામ્યવાદી નીતિમત્તાનું પાલન કરનારા માનવીઓ તરીકે, સમાજવાદના ધ્યેયના નિષ્ઠાવાન નિઃસ્વાર્થ સૈનિકો તરીકે કરીએ છીએ.

સંઘની ઉક્રાઈનિયન કોંગ્રેસ સમક્ષ હું આપણી તરુણ પ્રજા અંગેની એવી વિભાવના રજૂ કરીશ.

સોવિયેતોની ભૂમિની યુવાન મહિલાનો ઉલ્લેખ હું વિશેષ રૂપે કરીશ. તેની ગમે તે મુશ્કેલીઓ હોય તોપણ તેની પેઢીના યુવાન પુરુષથી તે કોઈ રીતે ઊતરતી રહી નથી. ઘણી બાબતોમાં તે યુવાન પુરુષથી આગળ નીકળી ગઈ છે.

મારો સંક્ષિપ્ત અહેવાલ પૂરો થયો.

લેનિનવાદી તરુણ સામ્યવાદી સંઘની દસમી કોંગ્રેસને, વિજયી તરુણ લોકોની કોંગ્રેસને, મારાં અભિવાદન!

આપણને તાલીમ આપનારી અને આપણે આજે જેવા છીએ એવા આપણને ઘડનારી બોલ્શેવિક પાર્ટી ઝિંદાબાદ!

મારા શહેરના તરુણ સામ્યવાદી સંઘના સભ્યોને

યુક્રાઈનાના લેનિનવાદી તરુણ સામ્યવાદી સંઘના શેપેતોવ્કા વિસ્તાર સંમેલનને અભિવાદન સંદેશ

પ્રિય બિરાદરો,

મારી પ્રબળ ઝંખના છે કે તમારા હાથ સાથે બિડાયેલા મારા હાથનો ઉષ્માભર્યો સ્પર્શ—મારા હૃદયના ધબકારા અને એમાં છલકાતી તમારા પ્રત્યેની નિષ્ઠા તમે અનુભવો, મારા તરુણ મિત્રો! હું તમને લાગણીથી ઊભરાતાં અભિવાદનો પાઠવું છું. વિસ્તાર સંમેલનમાં ભાગ લેવા માટે શેપેતોવ્કા જિલ્લામાંથી મને પણ એક ડેલિગેટ તરીકે ચૂંટવામાં આવ્યો છે એથી હું ગૌરવની લાગણી અનુભવું છું. આ સન્માન અને વિશ્વાસ માટે હું આભારી છું.

આ હાર્દિક શબ્દો હું તમારા સંમેલનમાં મંચ પરથી બોલી શકતો નથી. પણ હું તમારી સાથે જ છું. હું હરોળમાં છું. સંઘની આગામી દસમી કોંગ્રેસનું હું એક લડવૈયા અને સભ્ય તરીકે સ્વાગત કરું છું. મેં મારા કાર્ય દ્વારા—સંઘમાંના અને સંઘ માટેના કાર્ય દ્વારા—આ ઉચ્ચ સન્માનનો, લેનિનવાદી તરુણ સામ્યવાદી સંઘનો સભ્યપદનો, મારો અધિકાર જાળવી રાખ્યો છે. પાર્ટીના સભ્યપદની મારી પુસ્તિકાની અંદર એનો નાનકડો બાળ—લેનિનવાદી સંઘના મારા સભ્યપદની પુસ્તિકા—પણ હંમેશાં હોય જ છે. તે સંઘની અંદર મારા સમગ્ર પ્રવૃત્તિમય જીવનની સાક્ષી તરીકે મને ખૂબ પ્યારી છે અને મેં તેને અમૂલ્ય ખજાનાની જેમ જતનથી સાચવી રાખી છે.

સત્તર વર્ષ પહેલાં ૧૯૧૯માં શેપેતોવ્કામાં અમે પાંચ જણ તરુણ સામ્યવાદી સંઘના સભ્યો હતા. પાંચ વ્યક્તિઓના અમારા જૂથનું સંગઠન શેપેતોવ્કા પાર્ટી સમિતિ અને ક્રાંતિકારી સમિતિએ કર્યું હતું. મેં મારી નવલકથા 'માનવોનું ઘડતર'માં એ સૌને વિશે લખ્યું છે. આજે તો તમારી સંખ્યા સેંકડોની, બલકે હજારોની, થઈ ગઈ છે. આપણી મહાન પાર્ટીની આગેવાની હેઠળ લેનિનવાદી સંઘનો વિકાસ થયો છે અને તે મજબૂત બન્યો છે. નવા યુવાન લડવૈયાઓ આગળ આવ્યા છે—પ્રારંભના એ દિવસોમાં તેઓ તો બાળકો હતા. સામ્યવાદના ધ્યેય પ્રત્યે નિઃસ્વાર્થ નિષ્ઠા ધરાવતી

નાનેરી ક્રાંતિકારી પેઢીની હરોળો વિસ્તરી રહી છે, આગળ ધપી રહી છે. શેપેતોવ્કાના પ્રથમ સંઘ-સભ્યો પોલીશ ઉમરાવો સામે, પેત્લ્યૂરા સામે, પ્રત્યેક જાતની અને વર્ણની લુટારુ ટોળકીઓ સામે બહાદુરીથી લડ્યા હતા. અને બિરાદરો, સંઘની બીજી પેઢી, જેના તમે પ્રતિનિધિઓ છો એ પેઢી, પણ પહેલી પેઢીની જેમ જ વીરતાપૂર્વક લડશે.

સરહદી પ્રદેશોમાં સંઘને માથે સવિશેષ જવાબદારી આવે છે.

તમારે પાર્ટીના નિષ્ઠાવાન સહાયકોએ વધારે ધ્યાન રાખવું જોઈએ.

મારા શહેરના તરુણ સંઘના સભ્યો, તમને મારાં બંધુભાવી અભિવાદનો!

જનતાના દુશ્મનો વિરુદ્ધ કટ્ટર સંઘર્ષના પરિણામે પ્રાપ્ત થયેલા આપણા સુખી જીવનનો જય હો!

નિકોલાઈ ઓસ્ત્રોવ્સ્કી

મોસ્કો, ૧ ફેબ્રુઆરી, ૧૯૩૬

લેખકના ઉદાત્ત વ્યવસાયનું ગૌરવ ઊજળું રાખો!

સોવિયેત સંઘના લેનિનવાદી તરુણ સામ્યવાદી સંઘની દસમી કોંગ્રેસ સમક્ષ પ્રવચન માટે તૈયાર કરેલી નોંધો

મોસ્કો, ૧૭ એપ્રિલ, ૧૯૩૬

પ્યારા બિરાદરો, હું ઊંડી ચિંતા અને સંતાપની લાગણી અનુભવતો આ મંચ પર ખડો થયો છું, કારણ કે હું પણ "માનવ ચારિત્ર્યના ઘડવૈયાઓ"ની એ જ ફોજનો એક સિપાહી છું કે જેની અહીં આકરી ટીકા કરવામાં આવી છે. આપણા રાષ્ટ્રના સમર્થ સંઘના યુવક સંતતિઓની સમીક્ષા કરવા આપણે અહીં એકઠા થયા છીએ ત્યારે આપણને શું દેખાય છે? તમે જાતે જ જોઈ શકો છો: સમગ્ર જીવન પ્રચંડ પ્રગતિના જુવાળમાં વેગથી આગળ ધપી રહ્યું છે. મુક્ત થયેલી પ્રજા બોલ્શેવિક પાર્ટીની આગેવાની હેઠળ સિદ્ધિઓનાં નવાં ને નવાં શિખરો નિરંતર સર કરી રહી છે. પરંતુ સાફ શબ્દોમાં કહીએ તો આ વિજયી આગેકૂચમાં "માનવ ચારિત્ર્યના ઘડવૈયાઓ"ની ફોજ તેને સોંપાયેલાં અત્યંત મહત્ત્વનાં કાર્યો પાર પાડવામાં ગોથાં ખાઈ રહી છે. આપણી નજર સામે પરિસ્થિતિ કેવી છે! અગ્રગામી બહાદુર યોદ્ધાઓની એક નાનકડી પલટણ મોરચે જંગ ખેલી રહી છે. એ યોદ્ધાઓ ઝડપી

વિજયી આગેકૂચમાં જરાય પાછા પડતા નથી. તેમનાં હથિયારો ઉપર કાટનાં કોઈ ચિહ્નો દેખાતાં નથી. અલેક્સાન્દર ફદેયેવે તેના લાલ છાપામારોને જંગમાં સામેલ કરી દીધા છે, શોલોખોવે તેના કઝ્ઝાક બોલ્શેવિકોને ધીરી વહેતી દોનને કિનારે એકત્રિત કર્યા છે, વ્સેવોલોદ વિશ્નેવ્સ્કીએ તેના ક્રાંતિકારી બાલ્ટિક ખલાસીઓને રણાંગણમાં ઉતાર્યા છે. યાનોવ્સ્કી તેના ઘોડેસવારોને લઈને હરોળોમાં સ્થાન લેવા આવી પહોંચ્યો છે. હા, અને બીજા લગભગ દસબાર બહાદુર યોદ્ધાઓ પણ છે. બસ, એ પલટણમાં બધા મળીને એટલા છે. પણ બાકીના ક્યાં છે? કારણ કે આખર આપણી ફોજ તો આદરને પાત્ર છે. પણ બાકીના ક્યાં છે? કારણ કે આખર આપણી ફોજ તો આદરે પાત્ર હજારની છે! આપણી ફોજના ઊંચા અને શ્વેત કેશધારી સેનાપતિ—લબ્ધપ્રતિષ્ઠ અને ગૌરવમય, પોતાની કળાના મહાન ઉસ્તાદ મૂછો પર હાથ ફેરવતા ચિંતાપૂર્વક હળવે સાદે કહે છે: "અરે, એ પાછળ ઘસડાનારા તો બહુ હેરાન કરે છે! મોરચાથી પચાસેક કીલોમીટર પાછળ મોજથી નાસ્તો ઉડાવી રહ્યા હશે! લાગે છે કે તેમનું રસોડું ત્યાં પાછળ કોઈ કળણમાં ખૂંપી ગયું છે. મારા ધોળા વાળને કલંક લગાવી રહ્યા છે!"* આ તો મજાક છે, અલબત્ત ક્રૂર મજાક છે, પણ એમાં સમાયેલું સત્ય નાનુંસૂનું નથી.

જીવન અંગે ઉત્સાહ ધરાવતા અને જ્ઞાન, સંગીત તથા સાહિત્ય અંગે ઉત્સુક આપણા તરુણ લોકો પોતાના કવિઓ તથા લેખકો પાસેથી એવાં રણકતાં, સુંદર, અને જોમપ્રેરક ગીતોની અપેક્ષા રાખે છે કે જેના શબ્દો અને સંગીત બેઉ સીધાં આત્માને સ્પર્શી જાય. તેઓ પોતાના લેખકો પાસેથી ચેતનમય, પ્રેરક, સત્યનિષ્ઠ, અને પ્રતિભા છલકાવતાં પુસ્તકોની અપેક્ષા રાખે છે. અને આપણા તરુણ લોકો જે ઝંખે છે એ તેમને આપવાનું કામ આપણું છે, આપણા માટે એ ગૌરવનો વિષય છે. આવી માગણીઓ સંતોષવા માટે સોવિયેત સાહિત્ય પાસે સર્જનાત્મક પ્રતિભા છે ખરી? હા, છે.

---

*"માનવ ચારિત્ર્યના ઘડવૈયાઓની ફોજ"નો ઇજનેરોની ટુકડીનો શબ્દપ્રયોગ ઓસ્ત્રોવ્સ્કીએ સોવિયેત લેખકોના સમૂહ માટે કર્યો છે. તેમણે કરેલા બીજા ઉલ્લેખો અલેક્સાન્દર ફદેયેવની *'Debacle'*, મિખાઈલ શોલોખોવની *'And Quiet Flows the Don'*, યૂરી યાનોવ્સ્કીની *'Riders'*, અને વ્સેવોલોદ વિશ્નેવ્સ્કીના *'Optimistic Tragedy'*, તથા *'We of Kronstadt'* ફિલ્મ માટેની તેની પટકથા, વગેરે કૃતિઓ અંગે છે. લેખકોની ફોજના શ્વેત કેશધારી "સેનાપતિ" તે સોવિયેત લેખક સંઘના અધ્યક્ષ મેક્સીમ ગોર્કી છે.—સં.

જરૂર લાગે તો આપણે પુસ્તકો ભલે ઓછાં લખીએ, પણ પુસ્તકો સારાં તો હોવાં જ જોઈએ. આપણાં કબાટોમાં અધકચરાં હલકી કોટિનાં પુસ્તકો માટે મુદ્દલ જગ્યા નથી. કોઈને સમય ગોતવાનો, પ્રામાણિક કામદારોના ફુરસદના કલાકો ચોરવાનો, અધિકાર નથી.

શિક્ષણાર્થીઓ કરતાં વધારે જ્ઞાન ધરાવતો હોય એવો માણસ જ બીજાને શીખવી શકે.

માણસોના મગજમાં હજુ રહી ગયેલા મૂડીવાદના અવશેષોની નાબૂદીને લેખકે પોતાનું કર્તવ્ય લેખવું જ જોઈએ.

આપણો વાચક કડક નિર્દય આલોચક બની ગયો છે. કોઈએ એને છેતરાં ખવડાવવાની ધૃષ્ટતા કરવી જોઈએ નહીં. લોકોને મૂર્ખ બનાવી શકાય એમ નથી. એવી કોશિશ હવે કામ નહીં આવે. તમારા લખાણમાં જે કંઈ ખોટું કે નિષ્ઠા વિનાનું, કે કૃત્રિમ હશે એને આપણા વાચકની નજર પકડી પાડશે. તે ખીજનું આકરું વેણ બોલીને તમારા પુસ્તકને અધૂરું જ ફેંકી દેશે, અને બધે એનું ખરાબ બોલતો ફરશે. અને તમારી સારી ખ્યાતિ એક વખત ખોયા બાદ સરળતાથી પાછી નહીં મળે.

સોવિયેત ભૂમિમાં આપણે લેખકના ઉદાત્ત ધ્યેયને વળગી રહેવું જ જોઈએ. અને આપણે જાણીએ છીએ કે માત્ર પ્રામાણિક શ્રમથી જ, અથાક શ્રમથી જ, નૈતિક અને શારીરિક શક્તિના કેન્દ્રીકરણની એકાગ્રતાથી જ અવિરત અભ્યાસ અને અભ્યાસથી જ, સંઘર્ષમાં તેમ જ નિર્માણકાર્યમાં સીધી સામેલગીરીથી જ, લેખક મોખરાની હરોળોમાં સ્થાન પ્રાપ્ત કરી શકે. અગાઉની સફળતાઓને રટ્યા કરતા પડી રહેવાય નહીં, ભૂતકાળના વિજયોને વાગોળતા બેસી રહેવાય નહીં. આપણે સૌ જાણીએ છીએ કે આપણા દેશના અગ્રગામી લોકો, સ્તાખાનોવપંથીઓ, થઈ ગયેલી સિદ્ધિઓથી સંતોષ માનીને કદી બેસી રહેતા નથી. તેઓ હંમેશાં વીરતાપૂર્વક કામ કરીને શ્રમની નેતાગીરી જાળવી રાખવા સતત પ્રયત્નશીલ રહે છે. એ તેમના માટે ગૌરવની બાબત બની ગઈ છે. પરંતુ ઘણા લેખકો એક સારું પુસ્તક લખ્યા બાદ સફળતાને વાગોળતા બેસી રહેવાનું વલણ અખત્યાર કરતા હોય છે. પણ જીવન ઝડપથી આગેકૂચ કરે છે. નિષ્ક્રિયતાને જીવન માફી બક્ષતું નથી. જીવન એવા લેખકોને પાછળ રાખી દે છે. એ તેમની કરુણતા છે.

યુવાન લડવૈયાની જાંનિસાર કામદાર તરીકેની સિદ્ધિઓનાં ગૌરવગાન દિગંતરમાં ગુંજવા લાગે તેનો અર્થ એવો નથી કે તેને તેના પગ તળેની ધરતીને ભૂલી જવાનો અધિકાર મળી ગયો હોય. તમે તમારા સ્વદેશની ભૂમિ પર તમારા પગ બરાબર ખોડી રાખો. સામૂહિક જીવન જીવો. અને યાદ રાખો કે તમારી તાકાત સામૂહિક સંગઠનમાં જ રહી છે. તમે સામૂહિક સંગઠનથી અળગા થઈ જાઓ એ દિવસ તમારા અંતનો આરંભ થઈ જશે. નમ્રતામાં લડવૈયાની શોભા છે. ઘમંડ અને ઉદ્ધતાઈ વીતેલા મૂડીવાદી જમાનાના અવશેષો છે. એ વ્યક્તિવાદમાંથી પેદા થાય છે. લડવૈયો જેટલો વધુ નમ્ર હોય એટલો વધુ આદર પામે. અને એ વાત લેખકને પણ સંપૂર્ણપણે લાગુ પડે છે.

નવો ઉમંગ

મૈત્રી, પ્રામાણિકતા, સામૂહિકતા, માનવતા—આ આપણા સાથીઓ છે. હિંમત અને બહાદુરી માટેની તાલીમ, ક્રાંતિ પ્રત્યેની નિઃસ્વાર્થ નિષ્ઠા, અને શત્રુ પ્રત્યે ધિક્કાર આ આપણા કાનૂનો છે. શસ્ત્રો હાથમાં લઈને આપણી ભૂમિ પર આવતા શત્રુ માટે મૃત્યુ અને વિનાશ વહોરી લેવા સિવાય બીજો કોઈ વિકલ્પ નહીં રહે. શસ્ત્રો હેઠાં મૂકી લડવાનું બંધ કરનાર મૂડીવાદી સૈન્યનો સૈનિક આપણો શત્રુ રહેતો નથી. આપણે તેને એના સ્પષ્ટ સમજણ હાંસલ કરવામાં અને તેની બંદૂક શોષણખોરોની સામે તાકવામાં મદદ કરીશું. પણ શસ્ત્રો સજીને આપણી સામે આવતા શત્રુ પ્રત્યે આપણી નફરત અમર્યાદ છે. સશસ્ત્ર સંઘર્ષમાં સોવિયેત ભૂમિના યુવાન લડવૈયાનું એક જ લક્ષ્ય છે, એક જ આકાંક્ષા છે:-દુશ્મનનો વિનાશ. દુશ્મન પ્રત્યેના ધિક્કારને લીધે અનેક ગણો વધી જતો માતૃભૂમિ પ્રત્યેનો પ્રેમ—માત્ર આવો પ્રેમ જ આપણને વિજય અપાવી શકે. અને ધિક્કારવા માટે લોકોએ શત્રુને ઓળખી લેવો જ જોઈએ; તેની નીચતા, તેની દગલબાજી, અને તેની ક્રૂરતાને જાણી લેવી જ જોઈએ. અને એ બધું બનાવવાનું કામ લેખકનું છે.

કદીય ન પૂરી શકાય એવી આ ખોટથી મારા આત્માના ઊંડાણમાં વિષાદ છવાઈ ગયો છે. ગોર્કી આપણને છોડી ચાલી ગયા. એ વિચાર જ કેટલો ભયાનક છે. અરે, હજુ તો ગઈકાલે તેઓ જીવિત હતા, ચિંતન કરતા હતા, આપણી માતૃભૂમિના પ્રચંડ વિજયો અંગે આપણી સાથે ઉત્સાહ અનુભવતા હતા! તેમની સર્જનાત્મક પ્રતિભા સંપૂર્ણ રૂપે માતૃભૂમિને સમર્પિત હતી! સોવિયેત સાહિત્યના કાર્યના સંગઠક અને પ્રેરક ગોર્કીની ખોટ પડતાં, સોવિયેત સાહિત્યના શિરે હવે જવાબદારીનો કેટલો બધો બોજ આવી પડ્યો છે!

પ્યારા, અવિસ્મરણીય, દિલોજાન ગોર્કી, અલવિદા!

નિકોલાઈ ઓસ્ત્રોવ્સ્કી

સોચી, ૧૯ જૂન, ૧૯૩૬

મુલાકાત

'ન્યૂઝ ક્રોનિકલ'ના મોસ્કો ખાતેના સંવાદદાતા રોડમેનને આપેલી મુલાકાતનો અહેવાલ ૩૦ સપ્ટેમ્બર, ૧૯૩૬

રોડમેન: હું લંડનથી પાછો ફર્યો કે તરત જ મેં મોસ્કોમાં તમારી મુલાકાત લેવાનો વિચાર કર્યો હતો પણ તમે મોસ્કોમાં ન હતા. સોચી માટે રવાના થઈ ગયા હતા.

ઓસ્ત્રોવ્સ્કી: હા, હું મેની ૧૫મીએ મોસ્કોથી રવાના થયો હતો.

રોડમેન: તમે ઉનાળાના દિવસોમાં ક્યાં કામ કરો છો?

ઓસ્ત્રોવ્સ્કી: અહીંયાં, આ પરસાળમાં, કે વરંડામાં. બંને સ્થળો શીતળ અને છાંયાદાર છે.

રોડમેન: તમે તો જાણતા હશો કે તમારી કૃતિઓ આજકાલ વિદેશોમાં ખૂબ વ્યાપક રૂપે વંચાઈ રહી છે.

ઓસ્ત્રોવ્સ્કી: મેં પણ એમ સાંભળ્યું છે. મારા પુસ્તકનો ફ્રેન્ચ, ડચ અને અંગ્રેજીમાં અનુવાદ થઈ રહ્યો છે. વિદેશી ભાષાઓમાં સોવિયેત પુસ્તકોના અનુવાદો અંગેનું કામ સંભાળનાર બિરાદર ઉમાનસ્કીએ કોઈ અંગ્રેજી પ્રકાશક સાથે કરાર કરી દીધા છે—ક્યા પ્રકાશક સાથે એની મને ખબર નથી.

રોડમેન: કદાચ 'ગોલિન્કઝ', કે 'ઉનવીન' પણ હોય.

ઓસ્ત્રોવ્સ્કી: અંગ્રેજી આવૃત્તિ થોડી ટૂંકી હશે—૫૩ પાનાં ઓછાં થઈ જશે. પરંતુ માત્ર વ્યાપારી ગણતરીના આધારે, એના પાછળ કોઈ રાજકીય કારણો નથી. અનુવાદ ત્રણ મહિના પહેલાં તૈયાર થઈ ગયો હતો તેથી ટૂંક સમયમાં જ પ્રગટ થવાની સંભાવના છે. પુસ્તક ઝેક અને જાપાની ભાષાઓમાં પ્રગટ થઈ ગયું છે. કેનેડિયન આવૃત્તિ તૈયાર થઈ રહી છે. ન્યુયોર્કમાં, પુસ્તક 'નોવી મીર' દૈનિકમાં રશિયન ભાષામાં હપતાવાર પ્રગટ થઈ રહ્યું છે.

રોડમેન: મેં 'માનવીનું ઘડતર' થોડા સમય પહેલાં જ વાંચવું શરૂ કર્યું છે. અને હજી થોડાંક જ પાનાં વાંચ્યાં છે. રશિયન ભાષામાં વાચન મુશ્કેલ લાગે છે. બહુ ઓછું સોવિયેત સાહિત્ય અંગ્રેજીમાં અનુવાદ પામ્યું છે.

ઓસ્ત્રોવ્સ્કી: સાચી વાત. 'ધીરે વહે છે દોન' અને 'અક્ષત ધરતીનું ખેડાણ'ના અમુક ભાગ સિવાય બીજું કંઈ જ નહિ. જાપાની આવૃત્તિ જોઈને મને બહુ આશ્ચર્ય થયું. ત્યાં પોલીસની સેન્સરશીપ ખૂબ કડક છે.

રોડમેન: પરંતુ રાજકીય દૃષ્ટિએ ખતરનાક ગણવામાં આવે એવી વાચન-સામગ્રીને જ એ લાગુ પડે છે. જાપાનમાં બુદ્ધિજીવીઓનો સ્તર ખૂબ વિસ્તૃત છે.

ઓસ્ત્રોવ્સ્કી: તો તમે 'માનવીનું ઘડતર'ને ખતરનાક નથી માનતા?

રોડમેન: મેં હજી તેનો એટલો થોડો હિસ્સો વાંચ્યો છે કે અભિપ્રાય આપી શકું એમ નથી. પરંતુ એટલું જરૂર જાણું છું કે તમારા વ્યક્તિત્વ અંગે વિદેશોમાં ખૂબ રસ લેવાઈ રહ્યો છે. અને તમારું વ્યક્તિત્વ પુસ્તકમાં મોટો ભાગ ભજવે છે—ખરું ને?

ઓસ્ત્રોવ્સ્કી: કૃતિના આત્મકથનાત્મક હોવાનો મેં શરૂઆતમાં તો ભારપૂર્વક ઇનકાર કરેલો. પરંતુ હવે ઇનકારનો કશો અર્થ નથી. પુસ્તકમાં સત્ય નિરૂપાયું છે, જરાય શણગાર્યા વિના. એ લખનાર કોઈ લેખક ન હતો, સમજ્યા ને? તે પહેલાં મેં એકેય વાક્ય લખ્યું ન હતું. હું લેખક તો નહોતો જ. પરંતુ મારે સાહિત્યિક કાર્ય જોડે કે અખબારી લેખન જોડે પણ કશો સંબંધ રહ્યો જ નહોતો. એ પુસ્તક તો ભઠ્ઠીમાં કોલસા પૂરનારા અને પછી તરુણ સામ્યવાદી સંઘના કાર્યકર બનેલા એક કામદારે લખેલું છે. હા, કશું અસત્ય ન લખવાનો નિર્ધાર સતત મારું માર્ગદર્શન કરતો હતો. એ ઉપરાંત, મારા જીવનની આ કથા મેં લખવા માંડી ત્યારે તેને પ્રગટ કરવાનો કોઈ વિચાર મારા મનમાં ન હતો. હકીકતમાં તો એ પુસ્તક તરુણ આંદોલનના ઇતિહાસના સંપાદક મંડળ માટે લખાયું હતું—આંતરવિગ્રહ અને કામદાર

વર્ગીય સંગઠનો તથા યુક્રેઈનામાં તરુણ સામ્યવાદી સંઘના આરંભની તવારીખ તરીકે લખાયું હતું. પરંતુ વિવેચકોને લાગ્યું કે પુસ્તક સાહિત્યિક મૂલ્ય પણ ધરાવે છે. નવલકથા તરીકે 'માનવીનું ઘડતર'માં ઘણી ક્ષતિઓ છે. વ્યવસાયી લેખક કદી એવી ક્ષતિઓ ન જ કરે. એમાં કેટલાંક પ્રાસંગિક પાત્રો છે જે એકબે વાર દેખાય છે, પણ એમનો ફરી ક્યારેય ઉલ્લેખ થતો નથી. પરંતુ એવાં પાત્રો વાસ્તવિક જીવનમાં હોય જ છે, અને તેથી મારા પુસ્તકમાં પણ આવે છે. એ પુસ્તક જો હું આજે લખી રહ્યો હોત તો તેની શૈલી કદાચ વધારે પ્રવાહી બની હોત અને લેખન બહેતર હોત, પરંતુ એનું ઘણું ખરું મહત્ત્વ અને મોહકતા ધોવાઈ ગયાં હોત. પુસ્તક તો ખરેખર શું બન્યું હતું એ જણાવે છે, શું બની શક્યું હોત એ નહીં. તે સત્યને દૃઢતાથી વફાદાર રહીને લખાયેલું છે. અને એ તેનો મુખ્ય ગુણ છે. તે કલ્પનાનું સર્જન નથી અને કાલ્પનિક કથાઓની જેમ લખાયેલું નથી. મેં લેખકની જેમ લખવાનું—જેને કદી મળ્યો ન હોઉં એવાં પાત્રોનું સર્જન કરવાનું અને જેમાં કદી ભાગ લીધો ન હોય એવી ઘટનાઓ વર્ણવવાનું—હવે શરૂ કરી દીધું છે.

રોડમેન: પાવેલ તેની મા પાસે કેવી રીતે પાછો ફર્યો એનું તમે કરેલું વર્ણન વાંચીને મને રોમાં રોલાંનો વિચાર આવ્યો. તમે જે ટૂંકમાં જ વર્ણવી દીધું છે એનું એમણે આખું પ્રકરણ લખ્યું હોત. પણ એ અત્યંત રસપ્રદ છે અને હું તો ટીકાલક્ષી વાચક છું. જાણે લેખકનો ઉદય થતો જોઈ રહ્યા હોઈએ એવું લાગ્યું. હું વિચાર કરું છું કે 'ઝંઝાવાતનાં સંતાનો' કેવું હશે.

ઓસ્ત્રોવ્સ્કી: શૈલી અને કથા નિર્માણની દૃષ્ટિએ તે મારા પ્રથમ પુસ્તકથી ભિન્ન હશે. મને આશા છે કે કલાકૃતિ વાચકને પસંદ પડશે, રંગદર્શી પૃષ્ઠભૂમિ કદાચ વાચકને પ્રભાવિત કરી દેશે, પણ એ પુસ્તક 'માનવીનું ઘડતર' જેટલા મહત્ત્વનું ભાગ્યે જ હશે. તે સંપૂર્ણપણે કાલ્પનિક કથા છે. તેનાં પાત્રો કે તેમની પ્રવૃત્તિમાં નક્કર હકીકતોનું પ્રતિબિંબ નથી. ઇતિહાસના ક્રમનું નિરૂપણ કરવાનો કલાકારને અધિકાર છે, પણ એટલી શરતે કે તેમાં વિકૃતિ ન હોય.

રોડમેન: 'માનવીનું ઘડતર'ની કુલ કેટલી નકલો બહાર પડી છે?

ઓસ્ત્રોવ્સ્કી: અત્યાર સુધીમાં ૧૫૦૦૦૦૦. પણ આ વર્ષે થોડીક વધુ આવૃત્તિઓ નીકળવાની છે. અને તેથી કુલ સરવાળો ૧૭૫૦૦૦૦ કે કદાચ ૨૦૦૦૦૦૦ સુધી પહોંચી જશે.

છત્રીસ વર્ષોમાં બાવન આવૃત્તિઓ બહાર પડી છે—છત્રીસ તો માત્ર આ વર્ષમાં જ. અનારી પ્રવૃત્તિઓના વિશાળ પાયાઓની દૃષ્ટિએ પણ આ સંખ્યા પ્રચંડ છે. પુસ્તક વાચકોના હૃદયને સ્પર્શી ગયું છે અને ખાસ કરીને તમે તેમને જીતી લીધાં છે, કારણ કે તેની સાહિત્યિક ગુણવત્તા ઉપરાંત તે સત્યને જેના વગર તો તેની કોઈ અસર પડી શકે જ નહિ પૂર્ણ રૂપે વફાદાર છે. તેમાં જેની વાત રજૂ કરવામાં આવી છે એ લોકો પાસે તે પહોંચી ગયું છે, અને એવા માણસોએ મને પત્રો લખ્યા છે. એમાંથી કોઈએ ઘટનાઓ કે પાત્રોના વિકૃત નિરૂપણની ફરિયાદ કરી નથી.

બધી ઘટનાઓ તથા તેમાં ભાગ લેનારાં પાત્રોનું નિરૂપણ ખરી હકીકતોના આધારે કરવામાં આવ્યું છે, તેમના બધા ગુણદોષોનું તેમ જ સમગ્ર સુખદુઃખનું યથાર્થ ચિત્રણ કરવામાં આવ્યું છે.

શેકમેન: નિખાલસતાથી કહું તો મારા મનમાં સૌથી પ્રબળ છાપ સામ્યવાદના વિચાર પ્રત્યેની તમારી નિષ્ઠાએ પાડી છે. જીવન માણસને એવી પરિસ્થિતિમાં મૂકી દે છે કે તે કોઈ પ્લાંટ અથવા કારખાનામાં સક્રિય કામ કરી શકતો નથી. પણ તે કામ કરવાના બીજા માર્ગો ખોળી કાઢે છે. એ માનવી પ્રત્યે આદર થાય જ. એટલા માટે હું તમને મળવા માગતો હતો. તમે અદ્‌ભુત કલાકાર છો એ હકીકત ઉપરાંત, તમારું જીવન જ એવું છે કે તે કાર્ય કરવાની, સમાજને ઉપયોગી બનવાની, તમારા જેવું આચરણ કરવાની, પ્રેરણા અર્પે છે. તમારો 'શરણાગતિ નહીં જ'નો મુદ્રાલેખ ઘણાંને, અસંખ્ય લોકોને, તમારા પગલે પગલે ચાલવા પ્રેરે છે. રોમાં રોલાં તમને મળવા આવ્યા હતા?

ઓસ્ત્રોવ્સ્કી: તેઓ મોસ્કો આવેલા ત્યારે હું શહેરમાં નહોતો. તેઓ ફરી વાર સોવિયેત સંઘની મુલાકાતે આવે ત્યારે તેમને મળવાનો મારો ઇરાદો છે.

શેકમેન: મને ખાતરી છે કે કો'ક દિવસ તમારા અંગે પુસ્તક લખાશે. એ સમય હજુ આવ્યો નથી, પણ તમે વિદેશોમાં જાણીતા તો થઈ જ ચૂક્યા છો. મહત્ત્વના લેખકો સાથે તમે સંપર્ક કેળવશો એ અંગે તો કોઈ પ્રશ્ન જ નથી. ઓસ્ત્રોવ્સ્કી જેવી રીતે તેમના દેશમાં જાણીતા થયા છે તેવી જ રીતે ટૂંક સમયમાં સમગ્ર વિશ્વમાં જાણીતા થઈ જશે. મૂડીવાદીઓ માનવીય હિંમતની કદર કરે છે. તમારી હિંમત બોલ્શેવિઝમની ભાવનાથી પ્રેરાયેલી છે. બોલ્શેવિક હિંમત શું છે અને પાર્ટી તેની તાલીમ કેવી રીતે આપે છે, એ બાબત મૂડીવાદીઓએ જાણી લેવી જ પડશે. તમારા પુસ્તક પરથી તેમને

આવા માનવી અંગે જાણવા મળશે કે જેને પોતાના સમગ્ર દેશનો પ્રેમ પ્રાપ્ત થયો છે અને જે પોતાની સરકાર તરફથી આદર હેતભર્યું જતન પામે છે.

ઓસ્ત્રોવ્સ્કી: બિરાદર (આ શબ્દથી મને હું ના વગાડશો, ક્રાંતિએ સર્જેલા શબ્દોમાંનો તે એક અત્યંત અદ્‌ભુત શબ્દ છે, અમે તેમાં એવો અર્થ ભરી દીધો છે), હું જાણવા માગું છું કે તમારી પ્રતીતિઓ કેવી છે.

તમે મૂડીવાદી અખબારનું પ્રતિનિધિત્વ કરો છો. પણ તમારી અંગત પ્રતીતિઓ? તમે હિંમતવાન માનવી હો તો એનો સાચો જવાબ આપો.

શેકમેન: મોસ્કોમાં મેં ગાળેલાં પાંચ વર્ષ દરમિયાન મેં ઘણા સામ્યવાદી મિત્રો બનાવ્યા છે, અને હું જાણું છું કે તેમને મારામાં વિશ્વાસ છે. વિદેશો સંબંધી લોક મંત્રાલયમાં હું મૈત્રીભાવી પત્રકાર તરીકે ઓળખાતો છું. 'ન્યૂઝ ક્રોનિકલ' ઉદારવાદી અખબાર છે. મારે બીજાં ઘણાં અખબારોનું કામ પડતું મૂકવું પડ્યું હતું કારણ કે તેમણે સોવિયેત સંઘ પ્રત્યે પૂર્વગ્રહભર્યું વલણ લેવા માંડ્યું હતું. હું કામગીરી બજાવવા અહીં આવ્યો કારણ કે હું નવા જીવનનો અભ્યાસ કરવા માટે સોવિયેત સંઘમાં રહેવા માગતો હતો. માનવ સભ્યતાની આગલી કક્ષા સામ્યવાદ છે એ અંગે મારા મનમાં કોઈ શંકા નથી.

ઓસ્ત્રોવ્સ્કી: બેશક! પણ મૂડીવાદી દેશોમાં આજે અખબારનવીસોને જૂઠું બોલવાની ફરજ પડાય છે. વધુમાં, આખેઆખી રાજકીય પાર્ટીઓ તેમની તમામ પ્રવૃત્તિઓમાં જૂઠાણાં ચલાવે છે. તેઓ સત્યને બહાર આવવા દેતી નથી કેમ કે એમ થાય તો લોકસમૂહો તેમને પડતી મૂકી દે. શાસક જૂથ અને મહેનતકશ લોકસમૂહો એમ બંનેનો ટેકો જાળવી રાખવાના પ્રયત્ન રૂપે તેમને કાવાદાવા કર્યા સિવાય છૂટકો નથી રહેતો.

અમારી પાર્ટીમાં એંશી ટકા સર્વહારાઓ છે. તેઓ પ્રમાણિક કામદારો છે. અને તેમને, માત્ર તેમને જ, દેશ પર શાસન કરવાનો અધિકાર છે. કલાકૃતિઓનો નાશ કરવાનો આરોપ અમારા પર મુકાય છે. પણ તમે જોઈ શકો છો કે આ બદગોઈ કેટલી પાયા વિનાની છે. અમારા દેશમાં કલાનું જેટલું રક્ષણ થાય છે એટલું ક્યાંય નથી થતું. અને શેક્સપીયરની કૃતિઓ અહીં જેટલી વંચાય છે એટલી ક્યાં વંચાય છે? હા—અમારા કામદારો, જેમને બર્બર કહેવામાં આવે છે એવા ઇન્સાનો, એ કૃતિઓ વાંચે છે. અને માનવતાનો સવાલ! અમે એ શબ્દ જ ભૂલી ગયા છીએ એમ કહેવાય છે. નરદમ જૂઠાણું! હકીકતમાં દુશ્મનો પ્રત્યે અમારા માનવીય વર્તનને કારણે અમારે માટે ઘણી મુશ્કેલીઓ ઊભી થઈ છે. અમે જે સ્વપ્ન જોઈ રહ્યા છીએ એ તો સમગ્ર માનવજાતિ માટેના નવજીવનનું સ્વપ્ન છે.

રોડમૅન: હા, અહીં સોચીમાં કામગાર લોકોના સ્વાસ્થ્ય અને આરામ માટે સરકારની કાળજી તુરંત નજરે ચડે છે.

ઓસોવ્સ્કી: આ તો માત્ર શરૂઆત છે. પૈડું ગતિમાં આવવાની શરૂઆત થઈ રહી હોય ત્યારે એ મિનિટના ૧૫૦૦ ચક્કર ન ફરે. એ ક્રમશઃ ગતિમાં આવે. આમ છતાં તમને Wells' *'Russia in the Shadows'* યાદ છે? તેણે માની લીધું કે ક્રેમલિનમાં તો ખ્વાબો નગ કલ્પનામાં રાચનારાઓ બેઠા બેઠા પરીકથાઓ જોડી શકે છે. આવી પ્રખર વિદ્વત્તા અને કુશાગ્ર બુદ્ધિ ધરાવતો માનવી આટલી મર્યાદાઓ ધરાવતો હોય એ વિચિત્ર લાગે છે. ભાવિમાં નજર નાખીને (ખરેખર તો, વિકૃત રીતે) આજથી ૧૫૦૦ વર્ષ પછી શું થશે એ અંગે તે કલ્પનાતીત વાતો લખે છે, પણ અમારા દેશમાં આજે ખરેખર શું બની રહ્યું છે એ જોવાનો ઈનકાર કરે છે.

રોડમૅન: રોલાં, બાર્બ્યૂસ—પશ્ચિમમાં બૌદ્ધિકો સાથે સામ્યવાદ અંગેની ચર્ચામાં એવા માનવીઓનાં કથનો ધારદાર હથિયારની કામગીરી બજાવે છે. માનવજાત સમજે છે કે તમે કાર્યો પાર પાડી રહ્યા છો. લિથુઆનીઆના એક પ્રાધ્યાપકે ટૂંક સમય પહેલાં પ્રવાસી તરીકે સોવિયેત સંઘની મુલાકાત લીધી હતી ત્યારે તેની જોડે મારી વાતચીત થઈ હતી. તે વીસ વર્ષ બાદ અહીં આવ્યો હતો. તેના કહેવા મુજબ બહારના લોકોને એવું લાગતું હતું કે બોલ્શેવિકોએ ખાનગી મિલકત નાબૂદ કરી નાખી એટલે તેઓ કોઈ રીતે કોઈ સફળ નહિ થાય કારણ કે લોકો માટે પ્રોત્સાહન જેવું કશું રહેશે જ નહિ. પણ તેને ખબર પડી કે વાસ્તવમાં બધું ઠીક ચાલી રહ્યું છે. ટ્રેનો દોડી રહી છે, હોટેલો ખુલ્લી છે ઈત્યાદિ. વધુમાં તેણે વિશાળ નવાં બાંધકામો થઈ રહેલાં જોયાં. તેણે જોયું કે વસ્તીનાં સાંસ્કૃતિક ધોરણોની ઉન્નતિ માટે મુખ્ય કાર્ય થઈ રહ્યું છે. તે આવ્યો ત્યારે આ અંગે પૂર્વગ્રહો ધરાવતો હતો. પણ પોતાને વતન પાછો ફર્યો ત્યારે તેને ખાતરી થઈ ચૂકી હતી કે સામ્યવાદ એક મહાન પરિબળ છે. તે તત્ત્વજ્ઞાનનો પ્રાધ્યાપક છે, અને ધાર્મિક વૃત્તિનો માણસ છે. સોવિયેત સંઘમાં નિરીશ્વરવાદના શાસન પ્રત્યે તેને ભારે અણગમો થયો. તેણે કહ્યું કે સામ્યવાદીઓ ખ્રિસ્તીધર્મના સિદ્ધાંતોને અનુસરી રહ્યા છે અને તેમને ગમે કે ન ગમે છતાં તેઓ ખ્રિસ્તીઓ બની રહેશે.

ઓસોવ્સ્કી: અમે સામ્યવાદીઓ ભૌતિકવાદીઓ છીએ, અને માનવીના શોષણનું યંત્ર કેટલી ભયંકર વસ્તુ છે એ બરોબર સમજીએ છીએ. એ

યંત્રે એનું કામ કર્યું છે. એવો સમય પણ હતો કે જ્યારે મૂડીવાદે સભ્યતાના પ્રસારની સર્જનાત્મક કામગીરી બજાવી હતી. શોષણ પર આધારિત હોવા છતાં, તેણે વિપુલ સંપત્તિ પેદા કરી. એનો કોઈ ઈનકાર કરી શકે એમ નથી. પણ આજે શું થઈ રહ્યું છે—તેલ ભરેલાં લાખો પીપડાં તેમ જ હજારો ટન કોફી સમુદ્રમાં ડુબાવી દેવાય છે… એને મૂડીવાદના પતન કે સડાનાં એંધાણો સિવાય બીજું શું કહી શકાય? પક્ષાઘાત થઈ ચૂક્યો છે; અને માત્ર નવું લોહી જ વધુ વિકાસ સાધી શકે એમ છે. અધિક સર્જન કરી શકે એમ છે. પણ એ નવું લોહી એકમાત્ર સામ્યવાદમાં જ છે, એટલે તેમને ક્યાંથી મળે? સામ્યવાદનો અર્થ છે સમગ્ર વિશ્વનો પુનર્જન્મ, અને શાસક વર્તુલો માટે એ બાબત ભયાનક છે. વિદેશોમાં નીતિનું સંચાલન એવા લોકો કરે છે જેમનું સ્થાન ગાંડાઓની ઈસ્પિતાલમાં હોવું જોઈએ. એક ગાંડાના હાથમાં તમંચો આવી જાય તો એ ભારે ખતરનાક સાબિત થાય, તો પછી આપણે એવા લોકો અંગે શું કહેવું કે જે કરોડો ઈન્સાનોને, તેમના સમગ્ર રાષ્ટ્રને, કતલ માટે ધકેલી દઈ શકે એમ છે, સમગ્ર વિશ્વને ખૂનરેજીમાં તરબોળ કરી દઈ શકે એમ છે? વિદેશોમાં લોકો હજુ એટલુંયે કેમ નથી સમજી શકતા કે સોવિયેત સંઘનો હેતુ વિનાશનો નથી?

રોડમૅન: તેમનામાં એવી સમજણ આવી રહી છે.

ઓસોવ્સ્કી: ખરેખર? પેલા ભયાનક, ઘાતકી સરમુખત્યારો હિટલર અને મુસોલિની—ના, ઈતિહાસ તેમને કદી ભૂલશે નહિ. અને પેલો ઘૃણાસ્પદ દૈત્ય, મૂડીવાદી અખબારોના રૂપમાં! પત્રકારો માટે કેવી પરિસ્થિતિ: પૈસા કમાવા એમને જૂઠું બોલવું જ પડે, નહીંતો બહાર ફેંકાઈ જાય. કોઈ ખરા દિલે પ્રામાણિક હોય તો 'જૂઠાણું' ચલાવવાનો ઈનકાર કરી દે, પણ મોટા ભાગના તો નમતું જ મૂકવાના. ત્યાં કોઈને માટે પોતાનું નામ નિષ્કલંક રાખવાનું કામ સહેલું નથી. અને એવી જિંદગી તો ભયંકર યાતના. અખબારનવીસો જૂઠું બોલે ત્યારે જાણીબૂજીને જ બોલતા હોય છે. તેઓ હંમેશાં સત્ય જાણતા હોય છે, પણ તે છતાં એનો દ્રોહ કરે છે. એ વ્યભિચાર છે. ફાસીવાદીઓ સારી રીતે જાણે છે કે ક્યાં શું સારું છે. પણ તેઓ હડહડતા ધિક્કારથી પ્રેરાઈને જે સારું છે એ તમામનો નાશ કરવા માગે છે. અને તેમના અખબારો કામદારોના લોકસમૂહો વાંચે છે, અને ઘણા પોતે જે વાંચે તે ખરું માની લે છે. સૌથી ખરાબ બાબત તો એ જ છે.

આમાં હથિયાર હર્ડન ઈમાનદારીથી સામી છાતીએ કરવામાં આવતા હુમલાની સામે આપણે આદરની લાગણી ધરાવી શકીએ. હું જાતે લડ્યો છું, મેં હત્યા કરી છે; અને જ્યારે હત્યાની આવશ્યકતા મારા હૃદયમાં હતી ત્યારે બીજાઓને લડવાનું અને હત્યા કરવાનું જોમ પણ ચડાવ્યું છે. પરંતુ હથિયાર હેઠાં મૂકીને શરણે પડેલા દુશ્મનને કદી પણ ખતમ કર્યાનું મને યાદ નથી. પછી તેઓ દુશ્મન રહેતા નથી. અમારા સિપાહીઓ માત્ર દસ જ મિનિટ પહેલાં જેમની સામે ઝઝૂમી રહ્યા હતા એમની જ પ્રત્યે પોતાના હૃદયમાં આટલી દયા કેમ લાવી શક્યા? મેં પોતે ઘણી વાર મારી આખરી તમાકુ આપી દીધી છે. ઘણાક એવા કિસ્સા બન્યા હતા જેમાં અમારી ટુકડીમાં તાજા જોડાયેલા કેટલાક અને અગાઉના ગામના સિપાહીઓએ કેદી પ્રત્યે ખરાબ વર્તાવ કરવા લાગેલા, પરંતુ અમે એ તુરંત બંધ કરાવ્યું અને અમારો દૃષ્ટિકોણ તેમને સમજાવ્યો.

મારા અંગે કહું તો -મને જે અયોગ્ય લાગ્યું હોય એવું જો હું કરી રહ્યો હોત તો હું નથી માનતો કે કદી સ્મિત કરવાનું પણ મારા માટે શક્ય બન્યું હોત. અને તમે જાણો છો -અમે જેમને કેદ કર્યા હતા એ સૈનિકોને બિરાદરોમાં પલટાવી નાખવા માટે અમને પ્રચારકોની જરૂર નહોતી પડી. અમારા સૈનિકોનું વલણ કોઈ પણ પ્રચાર કરતાં વધુ અસરકારક નીવડ્યું, કારણ કે એથી કેદીઓના અફસરોએ તેમને જે જૂઠાણાં કહ્યાં હતાં એ ખુલ્લાં પડી ગયાં. એવા કેદીને—દાખલા તરીકે પોઝનાનના ખેડૂતને—તરત ખ્યાલ આવી જતો કે તેના પર કોઈ ભય ઝઝૂમી રહ્યો નથી, અને એ ટૂંકમાં જ અમારા પક્ષે ભળી જઈને લડાઈમાં જોડાવા તૈયાર થઈ જતો. પણ પોલૅંડના અફસરોએ લાલ સેનાના કેદ પકડાયેલા સિપાહીઓ સાથે કેવું ભિન્ન વર્તન કર્યું હતું! સંસ્કૃતિના પ્રચારકો! તેમણે કેદીઓ પ્રત્યે કેવી બર્બર વર્તણૂક દાખવી—તેમની આંખો ખેંચી કાઢી, ત્રાસ ગુજાર્યો, તેમની નાલેશીના પ્રયાસો કર્યા! અને પોલૅંડને પશ્ચિમમાં સંસ્કૃતિના રક્ષક તરીકે ઓળખવામાં આવતું! પોલીશ અફસરો કેદીઓ જોડે કેવું જુલમી વર્તન કરતા એ મેં મારી સગી આંખે જોયું છે. મને આ બાબતો અંગે બોલવાનો પૂરેપૂરો અધિકાર છે કારણ કે મેં જાતે એનો અનુભવ કર્યો છે. એટલા માટે ફાસીવાદીઓ પ્રત્યે મારી નફરતની જ્વાળાઓ આટલી ભયંકર છે.

મૂડીવાદી શોષણનો અર્થ શો છે એ મને ખબર છે. હું અગિયાર વર્ષની ઉંમરથી તેર કલાક, ઘણી વાર પંદર કલાક, કામ કરતો અને એ બદલ

શાબાશીને બદલે મને ગાળો મળતી. ગાળો—ખરાબ કામ કરવા બદલ નહીં, ના, હું પ્રામાણિકતાથી કામ કરતો પણ એટલા માટે કે મારો માલિક મને જેટલી હદે નિચોવવા માગતો હતો એટલું કામ હું પાર પાડી શકતો નહોતો. વિશ્વમાં સર્વત્ર કામગાર જનતા પ્રત્યે શોષકોનું વલણ એવું જ છે. અને તેઓ વાતો કરે છે માનવતાની! ઘેર તેઓ વાગ્નેર અને બિથોવનનું સંગીત સાંભળે છે, અને તેમના શિકાર બનેલાઓનો વિચાર તેમના મનની શાંતિને ડગાવી શકતો નથી. તેમની સુખસાહ્યબી જેમને તેઓ ઘૃણાપૂર્વક અસંસ્કૃત ગણાવે છે એ કામદારોના અમાનુષી શોષણ પર આધારિત હોય છે. પણ મૂડીવાદી શોષણ હેઠળ કામદાર કઈ રીતે સુસંસ્કૃત બની શકે? તેમને ઊલટા તગેડીને પાછા મધ્યયુગમાં ધકેલી દેનારા શું એ શોષકો પોતે જ નથી? અમારામાં પણ ખામીઓ છે. પણ અમારી એ ખામીઓ તો અમને પુરાણા જીવનમાંથી વારસામાં મળેલા અવશેષો છે...

શેડમેન: તમારો નિર્દેશ કઈ ખામીઓ અંગે છે?

ઓસ્ત્રોવ્સ્કી: એક તો—ગ્રામવિસ્તારોના લોકોની પછાત દશા. અમારાં ગામડાંઓમાં હજુ ઘણા પછાત લોકો છે. સદીઓ સુધી ખેડૂતોને જાનવરની જેમ રહેવાની ફરજ પડાઈ હતી, જ્ઞાનપ્રાપ્તિની કોઈ તક અપાઈ નહોતી, તેમને જાણીબૂજીને જડ અને અજ્ઞાની રખાયા હતા. લોકોનું વાચન કેવળ ધાર્મિક પુસ્તકો અને શયતાનની વાતો પૂરતું જ સીમિત હતું, અને વિવિધ અલ્પસંખ્યક પ્રજાઓના સંબંધમાં તો એવી નીતિ ખાસ ચોકસાઈથી લાગુ કરવામાં આવતી. આપણે કાબાર્દીનિયન પ્રજાસત્તાકની વાત લઈએ તો તેણે મધ્યયુગીન રીતરિવાજો તથા ભૂતકાળમાં વ્યાપક રીતે સ્ત્રીઓ પ્રત્યે થતા ઘૃણાસ્પદ વર્તનથી છેક તાજેતરમાં જ મુક્તિ મેળવી છે. પ્રજાઓ વચ્ચે ધિક્કારની લાગણી ઉશ્કેરવી એ મૂડીવાદીઓની નીતિની એક પદ્ધતિ છે. શોષિત પ્રજાઓ સંગઠિત બને એ અંગે મૂડીવાદીઓના ભયને સમજવો સાવ સરળ છે.

રોડમેન: બે સપ્તાહ પૂર્વે લિત્વીનોવ જોડે મારે લાંબી વાતચીત થયેલી. એમનું માનવું છે કે હિટલર સોવિયેત સંઘ વિરુદ્ધ યુદ્ધની તૈયારીઓને વેગ આપી રહ્યો છે, અને યુદ્ધ અનિવાર્ય છે.

ઓસ્ત્રોવ્સ્કી: ઑક્ટોબરના દિવસો બાદ બધું બદલાઈ ગયું છે. ઝારશાહી રશિયાનું હવે અસ્તિત્વ નથી. અમારું સૈન્ય પરાજિત રાષ્ટ્ર પ્રત્યે કદી ક્રૂરતાથી નહીં વર્તે. અમારી લાલ સેનાના સૈનિકો જાણે છે કે જર્મનીની જનતા

અમારી દુશ્મન નથી... એમ અંતે વિજયી થઈશું જ, એક પછી એક દુર્ગ કબજે કરીશું, કારણ કે ક્રાંતિકારી સૈન્યો પ્રત્યાઘાતી સૈન્યો સામેની લડતમાં હંમેશાં વિજયી નીવડ્યાં છે. હિટલરે રાષ્ટ્રીય નેતાગીરીની લાગણીઓનો ફાયદો ઉઠાવ્યો છે અને એનો ઉપયોગ અંધરાષ્ટ્રવાદની ભયાનક વૃત્તિ ઉશ્કેરવા માટે કર્યો છે. આ બાબત ભયંકર છે. અમારા સંઘમાં ૧૬૮ વિવિધ પ્રજાઓ વસે છે — આમ છતાં આજે અમારી પ્રજાઓમાં સાચા બંધુત્વની ભાવના અમે કેળવીએ છીએ. વીસ વર્ષ પહેલાં યહૂદીઓ જોડે અત્યંત આઘાતજનક ગેરવર્તણૂક થતી મેં જાતે જોઈ છે. આજે એ બાબત અશક્ય, માની ન શકાય એવી, લાગે છે. લાલ સેના પોતાના સૈનિકોની તાલીમમાં રાજકીય શિક્ષણ પરત્વે સવિશેષ ધ્યાન આપે છે. હું પોતે ૧૯૨૩ સુધી બટૅલિયન કમાન્ડર હતો. પોલૅન્ડવાસીઓની વાત લઈએ. અમે તેમનો ઉલ્લેખ અમારા દુશ્મનો તરીકે કદી નથી કર્યો. એ ગુનાહિત કૃત્ય થયું હોત. તેઓ અમારા મિત્રો છે — બંધન અને ગુલામીમાં જકડાયેલા મિત્રો છે. પીડન અને જુલમ અને ત્રાસ બધે એકસરખાં નથી હોતાં. ફાસીવાદ છે અને લોકશાહીવાદ પણ છે, બન્નેમાં શાસનધુરા મૂડીવાદના હાથમાં હોવા છતાં અમે બન્નેને એક જ કક્ષામાં મૂકતા નથી... જર્મની અને ઇટાલીમાં સમગ્ર પ્રામાણિકતા, તમામ શ્રેષ્ઠતા અને સમગ્ર સુંદરતાનું ગળું ઘૂંટી નાખવા ફાસીવાદ પ્રયાસ કરી રહ્યો છે. અને જો તેઓ અમને લડવા માટે મજબૂર કરશે તો અલબત્ત અમે વળતો હુમલો કરીને આગળ ધપીશું, કારણ કે વિજય તો આગેકૂચ કરનારને જ મળે છે. પણ એટલું ચોક્કસ છે કે અમે અમારા સૈન્યને અન્યના પ્રદેશો કબજે કરી લેવાની ભાવનાની તાલીમ આપતા નથી. અને બીજી વાત: મોરચા પર ફાસીવાદીઓની પરિસ્થિતિ ગમે તે હોય, તેમની હરોળોની પાછળ કદી શાંતિ રહેવાની નથી.

રોડમૅન: હસતો, નક્કી જ વળી! કિશોરો પણ, બાળકો સુધ્ધાં, જાણે છે કે ફાસીવાદનો મતલબ શો છે.

ઓસ્રોવ્સ્કી: એથી ઊલટું, જે કોઈ પ્રદેશ અમારે આવશે ત્યાં પ્રથમ મહિનામાં જ અમને મિત્રો મળી રહેશે. અમારી શિસ્ત પોલાદી છે, અમારું સૈન્ય અત્યાચારો કે બળાત્કાર ગુજારનાર નહીં હશે. આંતરવિગ્રહ દરમિયાન જ્યાં બળવાખોર સંત્રીઓ ફરી વળ્યા હોય ત્યાં વધસ્તંભો અને તેમણે ગુજારેલા અત્યાચારોના નિશાનો અમારી નજરે પડતાં, અને એથી અમારા સિપાહીઓમાં વેર વાળવાની તીવ્ર ઝંખના પેદા થતી. પણ અમે તેને નિઃશસ્ત્ર વસ્તી

સામે વાપરવા દીધી નહોતી. હંમેશા કમીસારોની કમિટીએ અમાનુષી કૃત્યોને અટકાવી હતી, અને અમારા સિપાહીઓએ લાલ ધ્વજનું ગૌરવ હંમેશાં જાળવી રાખ્યું હતું.

રોડમૅન: હા, તમામ સ્થળે તમારા ઘણા મિત્રો છે. હું એ અનુભવું છું અને સમજું છું. અને કટોકટીના ટાંકણે મૂડીવાદી અને નિમ્ન-મૂડીવાદી બૌદ્ધિકો તમારે પક્ષે આવી જશે. મને વિશ્વાસ છે કે ઈંગ્લૅન્ડ, અમેરિકા અને ફ્રાંસના કામદારો સોવિયેત સંઘને મદદ કરવાની હાર્દિક તમન્ના બતાવ્યા કરશે. ઈતિહાસનાં ચક્રો ધીમાં ધીમાં ફરતાં હોય છે. પણ આજે તે અગાઉ કદીયે ન ફર્યાં હોય એટલા વેગથી ફરી રહ્યાં છે.

ઓસ્રોવ્સ્કી: તમારી સાથેની મારી આ વાતચીતમાં મને ખાસ રસ પડ્યો છે. વિદેશોમાં શું બની રહ્યું છે? ખાસ કરીને તમારા સાથીઓમાં, પત્રકારોમાં — જેઓ સત્ય જાણે છે અને ખરી હાલત સમજે છે — તેઓની અંદર કેવી પરિસ્થિતિ છે? તેમની સહાનુભૂતિ કોના પ્રત્યે છે? મારા મનમાં અંગ્રેજ મૂડીવાદીઓમાંના અગ્રિમ માણસોની વાત છે. તમે સમજી શકશો — હું એક લેખક તરીકે પૂછી રહ્યો છું.

રોડમૅન: ઘણાખરા આગેવાનો, અને મુખ્ય પત્રકારો, ફાસીવાદીઓ છે. કોનું મૂળ ક્યાં છે એ બાબત મહત્ત્વની હોય છે. તેઓ લગભગ બધા જ મૂડીવાદી કુટુંબોમાંથી આવે છે, અને સારી નોકરીઓ તથા મળતી આવકો ગુમાવવાનો ભય તેમને ફાસીવાદીઓ બનાવે છે. પરંતુ હકીકતમાં શું બની રહ્યું છે એ ખરેખર ન સમજી શકનારા પણ ઘણા છે. અમારે ત્યાં વર્ગીય મૂળને ઘણું મહત્ત્વ આપવામાં આવે છે. એ ખરી વાત છે. એ માણસની જીવનપદ્ધતિ નક્કી કરે છે.

ઓસ્રોવ્સ્કી: ઈંગ્લૅન્ડ વિચિત્ર નીતિ અપનાવે છે. મારો ઇરાદો અપમાન કરવાનો નથી, પરંતુ કહેવું જ પડે કે તેના રાજકીય વલણમાં સ્પષ્ટતા નથી. તે આવતીકાલે શું કરશે, કઈ દિશામાં વળશે, કોની જોડે મળશે, એ અંગે કોઈ કદી જાણી શકતું નથી.

રોડમૅન: હું જેના માટે સાપ્તાહિક લેખ લખું છું એ 'ઓબ્ઝર્વર'ના પ્રકાશક ગાર્વિનને હું થોડા વખત પહેલાં મળ્યો હતો. અમે ૬ કલાકથી વધુ સમય સુધી વાતો કરેલી. ગાર્વિન લૉર્ડ એસ્ટર તેમ જ ગોલ્ડવીન સાથે ગાઢ સંકળાયેલા છે અને અંગ્રેજોની નીતિના પ્રત્યેક પાસાથી સુપરિચિત છે. સોવિયેત યુક્રેનમાં બધું કેવી રીતે ચાલી રહ્યું છે તેનું વર્ણન મેં ઝીણવટભરી વિગતો સહિત

એમની સમક્ષ શું: સમૂહીકરણ, અને પ્રજાના સાંસ્કૃતિક વિકાસમાં હરણફાળ, તેઓ કહે છે કે પત્રકાર નિક્સનના હેતુઓ જોઈએ અને સત્ય લિખવું જોઈએ. પણ હું જોઉં છું કે 'ઓબ્ઝર્વર' ખરેખર તંત્ર ને એવું લાગવું જોઈએ. પણ હું જોઉં છું કે તેમાં એવી નફાઈવાળાં ફેરફાર કરી દેવામાં આવતા મારા લખાણો છપાય એ પહેલાં તેમાં એવી નફાઈવાળા ફેરફાર કરી દેવામાં આવે છે કે હું જે કહેવા માગું છું એમાંનું કંઈ બાકી રહેતું નથી, અને વાચક સાચા સોવિયેત સંઘ અંગેનું સાચું ચિત્ર ભાગ્યે જ ઊપસે છે. એ તો જાણે ઠીક, પણ મેં જ્યારે એમને લડાઈનામાં જે કંઈ જોયેલું તેની વાત કરી ત્યારે તેમણે કહ્યું કે હા, બોલ્શેવિકોએ ઓછું નથી કર્યું, પણ જર્મન નેતાગીરી હેઠળ એથી ઘણું વધુ થઈ શક્યું હોત. તેઓ હિટલરના તરફદાર છે. અને આમાં તેઓ એકલા જ નથી.

ઓસ્ત્રોવ્સ્કી: મૂડીવાદી અખબારોના વાચકો કલમના ઠગોના શિકાર છે. રોજ ને રોજ અખબારો સોવિયેત સંઘની બદનામીની પુનરુક્તિ કરે છે— અને અંતે વાચક તેમની વાત ખરી માનતો થઈ જાય છે. અખબારના લેખકો સત્ય જુએ છે. યુદ્ધના ભયની ગંધ તેમને સૌપ્રથમ આવે છે. તેઓ સમગ્ર વિશ્વમાં પરિબળોના પારસ્પરિક સંબંધો જાણતા હોય છે. તેમણે જરા થંભીને વિચારવું જોઈએ કે તેઓ કેવું કામ કરી રહ્યા છે, અને એ તેમને કઈ તરફ લઈ જઈ રહ્યું છે.

રોડમેન: મારા માટે એ સવાલ ઘણા સમયથી ઉકેલાઈ ગયો છે. સામ્યવાદી પક્ષ ઇંગ્લેંડ અને અમેરિકા બન્ને સ્થળે વિકસી રહ્યો છે. અને ઘણાં અખબારનવીસો એમાં જોડાઈ રહ્યા છે.

ઓસ્ત્રોવ્સ્કી: એથી માનવીનું ભાવિ જીવન નિર્ધારિત થાય છે. એનું જીવન વ્યાપક આંદોલન સાથે એકાકાર થઈ જાય છે. અખબારી લેખકોમાં સરસ પ્રામાણિક હૈયાં ધરાવતા માણસો પણ છે. અને એવા દેશમાંનો એક પણ જો નિષ્કલંક મન લઈને શોષકોની છાવણી તજી દે તો એ અત્યંત ખુશ થવા જેવી બાબત છે...

સમાન હેતુ, સહિયારો સંઘર્ષ, માણસને પ્રત્યેક કસોટીમાંથી પાર ઊતરવાની શક્તિ આપે છે. આઠ વર્ષ થવા આવ્યાં હવે, હું હરીફરી શકતો નથી, દેખી શકતો નથી. તમને ખબર નથી, તમે કદાચ કલ્પના પણ નહીં કરી શકો, કે હરીફરી ન શકાય તો કેવું લાગે. તમે તંદુરસ્ત હો, મારી જેમ કંઈ દુખાવો કે વેદના ન હોય, તોપણ તમે હલચલ ન કરી

શકો ત્યારે હાલત અત્યંત મુશ્કેલ બની જાય. અરે, માણસ તો ઊંઘમાં પણ હલચલ કરતો હોય છે.

રોડમેન: મને એક વાત કહો—તમે આજે જેટલી સહનશક્તિ ધરાવો છો એટલી સામ્યવાદના ધ્યેય વગર ધરાવી શક્યા હોત ખરા?

ઓસ્ત્રોવ્સ્કી: કદી નહીં! હવે મારી અંગત બદનસીબી ના મારે માટે ગૌણ બાબત બની ગઈ છે. અને એ સહેલાઈથી સમજી શકાય એવી વાત છે...

માનવીની આસપાસનું જીવન જ્યારે હતાશાજનક અને શુષ્ક હોય છે ત્યારે તે પોતાની અંગત ખુશીઓમાં શરણું શોધે છે. તેના આનંદ સંપૂર્ણપણે તેના કુટુંબ પૂરતો સીમિત થઈ જાય છે, કહો કે -માત્ર વિવિધ અંગત રસની મર્યાદામાં બંધાઈ જાય છે. અને એવું હોય ત્યારે અંગત જીવનમાં કોઈપણ કમનસીબી (માંદગી, નોકરી છૂટી જવી, કે એવું કંઈ) ભારે આફત આણી શકે છે. માનવીના જીવનમાં જીવવા જેવું કશું જ રહેતું નથી. એ મીણબત્તીની જેમ બુઝાઈ જાય છે. એને ઝૂઝવા માટે કોઈ હેતુ રહેતો નથી કારણ કે એના હેતુઓ એના સંપૂર્ણપણે અંગત જીવનની મર્યાદામાં સમાઈ જતા હોય છે. એ જીવનની બહાર, ઘરની બહાર, ક્રૂર દુનિયા હોય છે અને તેમાંના બધા માણસો દુશ્મનો હોય છે. મૂડીવાદ ગણતરીપૂર્વક દુશ્મનાવટને, વિસંવાદને, ઉત્તેજન આપે છે. એને કામદાર લોકોની એકતાનો મૃત્યુના જેવો ભય લાગતો હોય છે. પરંતુ અમારી પાર્ટી બિરાદરીની, મૈત્રીની, ઊંડી ભાવનાને ઉત્તેજન આપે છે. એ ભાવના—મૈત્રીભાવી સમૂહનો એક ભાગ હોવાની ભાવના -પ્રત્યેક માનવી માટે નૈતિક બળનો પ્રચંડ સ્રોત બની રહે છે.

મેં જીવનની સૌથી અદ્‌ભુત ચીજ ગુમાવી છે—જીવનને જોવાની શક્તિ. અને એમાં મને પળ વાર પણ ન છોડતી અપાર વેદના ઉમેરો. એ મારા મનોબળની જબ્બર કસોટીરૂપે આવી છે કારણ કે હું મારી વેદના અંગે વિચારવા લાગું તો ખરેખર ગાંડો થઈ જાઉં. સાચી વાત કહું છું. મારા મનમાં એક સવાલ ઊઠેલો: મારી શક્તિ મુજબ થઈ શકે એટલું બધું મેં કર્યું છે ખરું? પણ એ બાબતમાં મારું મન સાફ છે. હું મારું જીવન પ્રામાણિકતાથી જીવ્યો છું. મારું સર્વસ્વ મેં સંઘર્ષને ચરણે ધરી દીધું છે. મારી સમક્ષ અંધારી રાત છે અને મારાં અંગોમાં અસહ્ય પીડા છે. તમામ શારીરિક સુખોથી હું વંચિત છું. ખાવાની ક્રિયા સુદ્ધાં મારા માટે પીડાદાયક છે. આવી પરિસ્થિતિમાં માણસ શું કરી શકે?..

પાર્ટી અમને પુનિત ફરજની ભાવનાની તાલીમ આપે છે: જીવનનો એક નખમાં પણ બળ હોય ત્યાં સુધી સંઘર્ષ ચાલુ રાખવો. સમજો કે આક્રમક હુમલો કરવો. કહો કે, આગેકૂચ કરતી વેળા ગોળો જ ખમાં જખમી થઈ પડે—પરંતુ એને પીડા તો કેવળ એવા ખ્યાલને લીધે જ થાય કે હવે તે તેના બિરાદરોને સંઘર્ષમાં મદદ કરી શકે એમ નથી. અમારી ટુકડીઓમાં સખત રીતે ઘવાયેલા સિપાહીઓ કદી હરોળ છોડતા નહિ. આગેકૂચ કરતી બટેલિયનમાં તમને વીસ જેટલા માણસોના માથે પટ્ટા બાંધેલા નજરે પડે. અમારા સંઘર્ષમાં એવી પરંપરા ઉદય પામી, અમને જેની તાલીમ મળી હતી એ ગૌરવની ભાવના વિકાસ પામી. વિદેશોમાં જાતજાતના ઠાકોરો અને ઉમરાવો પોતાના પ્રાચીન વંશવેલા અંગે ગૌરવ લે છે. શાહુકારો પણ પોતાના અંગે ગૌરવની લાગણી ધરાવે છે. અહીંયાં કોઈ બિરાદર પોતે કરેલા ભઠ્ઠીમાં કોલસા પૂરવાના કામની વાતને આજે ગૌરવની લાગણીથી યાદ કરે છે. પણ તમારી દુનિયામાં એનો કશો જ અર્થ નથી. ત્યાં કામદારો એટલે કંઈ જ નહીં...

હું હંમેશાં અત્યંત સ્વાભિમાની રહ્યો છું—કોઈ અન્યાય ચુપચાપ સાંખી લીધો નથી, કોઈને મારું અપમાન કરવા દીધું નથી. મને કોઈ કદી ગુલામ બનાવી શક્યું નથી. મેં રોજ પંદરથી અઢાર કલાક કામ કર્યું છે—પ્રમાણિકતાથી કામ કર્યું છે, કોઈ યંત્રો ખરાબ કર્યાં નથી. પણ કોઈ માલિક મારા પર હાથ ઉપાડે તો હું લડી લેતો. 'માનવીનું ઘડતર' એ મારા જીવનની વર્ષોવર્ષની તબક્કાવાર સંપૂર્ણ કથા છે...

રોડમૅન: પશ્ચિમના આગેવાન લેખકોમાંથી તમારી મુલાકાત કોણે કોણે લીધી છે?

ઓસ્ત્રોવ્સ્કી: મેં થોડા સમય પૂર્વે જ લખવાનું શરૂ કર્યું છે અને મારા પુસ્તકની આટલી વિશાળ આવૃત્તિઓ પણ તાજેતરમાં જ બહાર પડી છે. હું મોસ્કો પાછો ફરીશ ત્યારે વિદેશોના ઘણા લેખકો સાથે વાર્તાલાપ થશે. અને રોલાં સાથે તો નક્કી જ.

રોડમૅન: તમને લેનિન ચંદ્રક ક્યારે મળ્યો?

ઓસ્ત્રોવ્સ્કી: આવતીકાલ બરોબર એક વર્ષ પૂરું થઈ જશે.

રોડમૅન: તમારા પ્રથમ પુસ્તકની હસ્તપ્રત ખોવાઈ ગઈ એ ખરું છે?

ઓસ્ત્રોવ્સ્કી: હા—બહુ સખત કામ કરેલું. હું બિનઅનુભવી હતો અને મેં એકમાત્ર નકલ જ મોકલી આપેલી.

રોડમૅન: મોસ્કોમાં તમે ક્યાં રહેશો?

ઓસ્ત્રોવ્સ્કી: મારું રહેઠાણ છે ત્યાં—શહેરની બરોબર મધ્યમાં, એટલે હું મારા બિરાદરોથી વિખૂટો નહીં પડી જાઉં. પણ ચોક્કસ ઠેકાણાની ઝાઝા માણસોને ખબર નથી. વાત એમ છે કે અમારા દેશના તરુણ લોકોમાં મારે માટે ભારે લાગણી જન્મી છે અને તેઓ મને મળવા અત્યંત આતુર હોય છે. પણ મને મળવા માગનારાઓના દશમા ભાગના લોકોને મળવા જેટલી પણ મારામાં શક્તિ નથી.

રોડમૅન: તમે અહીં સોચીમાં એવી મુલાકાતોથી કેવી રીતે બચી શકો છો?

ઓસ્ત્રોવ્સ્કી: બિરાદરોએ ચોકીદાર ગોઠવવાનું સૂચવ્યું હતું. પણ મેં એ માટે નન્નો ભણી દીધો. હું જો પ્રત્યેકને અંગત રીતે મળી ન શકું તો છેવટે મારું ઘર તો બધા માટે ખુલ્લું રહેવું જ જોઈએ. તરુણ લોકો ભલે આવીને જુએ કે હું કેવી રીતે રહું છું—સાહસી અને સદાય આનંદી ગણાતો આદમી કેવી રીતે રહે છે. હું મારા વાચકોથી વેગળો રહી પાડી શકું જ નહીં.

રોડમૅન: તમે શું વાચન કરો છો?

ઓસ્ત્રોવ્સ્કી: અમારાં તમામ મુખ્ય અખબારો અને અત્યંત મહત્ત્વની નવલકથાઓ. મારે અભ્યાસ કરવો જ જોઈએ. જમાનો પ્રગતિ કરી રહ્યો છે અને હું પાછળ રહી જઈ શકું નહીં. દિવસના ઘણા કલાકો હું વાચનમાં ગાળું છું.

રોડમૅન: અને તમારું સ્વાસ્થ્ય?

ઓસ્ત્રોવ્સ્કી: તમે મારા ડૉક્ટરને પૂછો તો આવો જવાબ મળશે: "ત્રીસ વર્ષથી હું એમ માનતો હતો કે જેઓ માંદગીની ફરિયાદ કરે એ જ માંદા હોય છે. પણ આ માણસ—તમે કદી નહીં વિચારી શકો કે એ માંદો છે. અને છતાં એનું હૃદય તારાજ થયેલું છે, એની તંગ ચેતાઓ તૂટવાની અણીએ પહોંચી ગયેલી છે, એના આખા આંતરડામાં ભયંકર નબળાઈ આવી ગઈ છે. એણે આવતાં ત્રણ વર્ષ સુધી કશું જ ન કરવું જોઈએ, ખાવા અને સૂવા સિવાય બીજું કશું જ નહીં, અને અનતોલ ફ્રાંસ તથા માર્ક ટ્વેન સિવાય બીજું કશું જ ન વાંચવું જોઈએ—તે પણ સાવ ઓછા પ્રમાણમાં." આમ છતાં હું કામ કરું છું. દિવસમાં પંદર કલાક કામ કરું છું. કેવી રીતે? તબીબો એ સમજી શકતા નથી. પણ એમાં અલૌકિક કશું

જ નથી. વસ્તુગત દૃષ્ટિએ જોતાં હું અલબત્ત બીમાર છું. અકથ્ય વેદના મને રાતે કે દિવસે ક્યારેય છોડતી જ નથી.

રોડમેન: તમે નીંદર કેટલી લો છો?

ઓસ્ત્રોવ્સ્કી: રોજ સાતથી આઠ કલાક.

રોડમેન: બીમારીની શરૂઆત થઈ ત્યારે તમે શું કરતા હતા?

ઓસ્ત્રોવ્સ્કી: હું રાજકીય કાર્યકર હતો, તરુણ સામ્યવાદી સંઘની જિલ્લા સમિતિનો મંત્રી હતો. અને એનો અર્થ સવારના છથી રાત્રે બે વાગ્યા સુધી કામ, પોતાની જાત માટે જરાય ફુરસદ નહીં.

હા, હું જિલ્લા કક્ષાએ કાર્યકર હતો. આંતરવિગ્રહ બાદ હું ફરી રેલવે કારખાનાંઓમાં જોડાયો. એ ૧૯૨૧ની વાત છે. મેં ત્યાં ઇલેક્ટ્રીશીયન તરીકે ૧૯૨૩ સુધી કામ કર્યું. ત્યાર બાદ ૧૯૨૩માં હું ફરી સરહદે ગયો કારણ કે કારખાનામાં કામ કરી શકું એમ નહોતો. મેં તબીબોને મૂર્ખ બનાવ્યા અને તેમણે મને સૈન્યમાં જોડાવા લાયક ઠરાવ્યો. હું સૈન્યમાં એક વર્ષ સુધી કમીસાર હતો. ત્યાર બાદ ૧૯૨૭ સુધી તરુણ સામ્યવાદી સંઘનો કાર્યકર હતો. અને એ બધા સમય દરમિયાન હું બીમાર હતો. ૧૯૨૭માં મારી માંદગીએ મને તદ્દન નકામો બનાવી દીધો. હું સૈન્યમાં સૌપ્રથમ ૧૯૧૯માં પંદર વર્ષની વયે જોડાયો હતો. સૈન્યમાં હતો તે દરમિયાન જ હું તરુણ સામ્યવાદી સંઘમાં જોડાયો.

રોડમેન: હું ઘણાં માણસોને મળ્યો છું. આગેવાનો પણ ખરા જ, અને ઘણા રસપ્રદ. મેં અગાઉ કહ્યું તેમ મેં લિત્વીનોવ સાથે પણ વાતચીત કરી છે. પરંતુ મારે કહેવું જ જોઈએ કે તમારી સાથેની મારી આ વાતચીતે મને ઘણું શીખવ્યું છે. હું એ કદી નહીં ભૂલું.

તમે હિંમતવાન માનવી છો. તમારી હિંમત સામ્યવાદના વિચારો પ્રત્યેની તમારી નિષ્ઠામાંથી જન્મે છે. એ સિદ્ધાંતે પ્રેરેલી હિંમત છે, સામ્યવાદી હિંમત છે. ખરું ને?

ઓસ્ત્રોવ્સ્કી: હા. હું જાણું છું કે કોઈ પણ ક્ષણ મારા માટે આખરી ક્ષણ બની જાય એમ છે. તમે મારાથી છૂટા પડીને ઘરમાં જશો ત્યારે તમારી પાછળ પાછળ જ કદાચ મારા મૃત્યુની જાહેરાતનો તારસંદેશ વહેતો થઈ જાય. એથી હું ભયભીત બનતો નથી. એટલે જ હું જે રીતે કામ કરું છું એ રીતે કરી શકું છું, જોખમની પરવા કર્યા વિના. હું તંદુરસ્ત હોત તો મેં મારી શક્તિનો ઉપયોગ વધુ કરકસરથી કર્યો હોત, જેથી હું વધુ કાર્ય

સિદ્ધ કરી શકું. પણ હું ભેખડની કોર પર જીવી રહ્યો છું અને ગમે તે પળે ઊંડી ખાઈમાં ગબડી પડું એમ છું. હું એ સારી રીતે જાણું છું. બે મહિના પહેલાં મને પિત્તનો રોગ થયો હતો, અને એથી હું મરી કેમ ન ગયો એ તો અચંબાની જ વાત છે. પણ જેવો તાવ ઊતર્યો કે હું કામ કરવા બેસી ગયો. અને મેં દિવસના વીસ કલાક કામ કરવાનું ચાલુ રાખ્યું કારણ કે મને ભય હતો કે મારું પુસ્તક પૂર્ણ થાય એ પહેલાં જ હું કદાચ મરી જઈશ.

મને લાગે છે કે મારું જીવન અન્ત થઈ રહ્યું છે, અને મારી પાસે બચેલી પ્રત્યેક પળનો મારે વધુ ને વધુ ઉપયોગ કરી લેવો જોઈએ—મારું હૃદયમાં જ્વાળાઓ જલી રહી છે અને મારું મગજ સાફ છે ત્યાં સુધી. મૃત્યુ મને ઘેરી રહ્યું છે અને જીવન માટેની મારી આતુરતાને તીવ્ર બનાવે છે. આ કોઈ ટૂંકી ક્ષણજીવી વીરતાની બાબત નથી. જીવને મારી ઉપર લાદેલી પ્રત્યેક ક્રુરતા પર મેં વિજય મેળવ્યો છે. અંધાપો, હલચલની અશક્તિ, અસહ્ય શારીરિક વેદના. અને હું અત્યંત સુખી માણસ છું, આ બધું છતાં. ના—માત્ર એવા અર્થમાં જ નહીં કે હું સફળ થયો છું, અમારી સરકારે મારું બહુમાન કર્યું છે. એ સર્વ પહેલાં પણ હું ઓછો આનંદી નહોતો. મારા કાર્ય પાછળ નિશ્ચયથી લાગી પડવામાં મારો ઇરાદો ભૌતિક સફળતાનો નહોતો. તમારે એ ખાસ સમજી લેવું જોઈએ. જે નાનકડી ખાલી ઓરડીમાં મેં મારું કામ શરૂ કર્યું હતું ત્યાં હું આવતીકાલે જ પાછો પહોંચી જાઉં તો એથી મને કશો ફરક પડશે નહીં.

રોડમેન: પાર્ટીએ તમારી બાબતમાં રસ લેવાનું ક્યારથી શરૂ કર્યું?

ઓસ્ત્રોવ્સ્કી: મારી તરફ બેકાળજી દર્શાવાઈ હોય એવું મને કદી લાગ્યું નથી. મને પેન્શન અપાતું હતું, મને સેનેટોરીયમોમાં અને મોસ્કોની સર્વોત્તમ ઇસ્પિતાલોમાં સારવાર અપાતી હતી, મારે નવ શસ્ત્રક્રિયાઓમાંથી પસાર થવું પડ્યું. પણ કોઈ ખાસ મદદ સ્વીકારવાનો મેં હંમેશાં ઇનકાર કર્યો હતો કારણ કે જીવનનિર્વાહ માટે મારી પાસે પૂરતું હતું. અને ૧૯૩૨માં હું ફરી હરોળમાં જોડાઈ ગયો—જ્યારે મારા પુસ્તકને સ્વીકૃતિ મળી. પ્રથમ ભાગ ૧૯૩૨માં બહાર પડ્યો અને બીજો ૧૯૩૪માં.

રોડમેન: તમે તમારા પુસ્તકનું નામ આવું શા માટે રાખ્યું?

ઓસ્ત્રોવ્સ્કી: લોખંડને ખૂબ તપાવ્યા પછી એકદમ ઠંડું પાડીને પોલાદનું ઘડતર કરાય છે. એથી તે કોઈ તોડી ન શકે એવું મજબૂત બને છે. અને એ જ રીતે અમારી પેઢીનું ઘડતર થયું—સંઘર્ષમાં અને કારમી કસોટીઓમાં.

ઉત્પાતના હુમલાઓ સામે કઈ રીતે અડીખમ રહેવું એ અમે એમાંથી શીખ્યા. હું માત્ર અર્ધશિક્ષિત હતો. ૧૯૨૪ સુધી હું રશિયન બરોબર જાણતો નહોતો.

પછી મેં અભ્યાસ કર્યો, ભારે પરિશ્રમ કર્યો, અને હું બૌદ્ધિક બન્યો. પ્રારંભમાં મારી લશ્કરી તાલીમને બાદ કરીએ તો મને ખરેખરું જ્ઞાન કશું નહોતું. શરૂઆતના એ દિવસોમાં મારા માટે એ પૂરતું હતું. મેં ઘણુંખરું અભ્યાસ હું માંદો પડ્યા બાદ કર્યો છે કારણ કે બીમાર હોવાથી મારી પાસ એ માટે સમય હતો. હું ચોવીસ કલાકમાંથી વીસ કલાક વાંચતો. હલનચલન કર્યા વિના ગાળેલાં છ વર્ષોમાં મેં અસંખ્ય પુસ્તકો વાંચી નાખ્યાં.

રેડમેન: આ વાતચીત બદલ હું તમારો ઘણો આભારી છું. મને આશા છે કે મોસ્કોમાં હું ફરી તમને મળી શકીશ.

ઓસ્ત્રોવ્સ્કી: હું આશા રાખું છું કે આપણી આજની વાતચીતથી તમે હૃદયમાં ખરેખર ઉષ્મા અનુભવશો... અમે વિશ્વાસ રાખનારા સરળ લોકો છીએ.

રેડમેન: સાવ એવું તો નથી. તમારા લોકો હવે વધુ સાવચેત છે, ગમે તેના પર પૂરેપૂરો વિશ્વાસ મૂકી દેતા નથી. અને એ સારી વાત છે. જરૂરી છે—જોકે મને એથી ક્યારેક ખમવું પડે છે, કારણ કે મને એવું લાગે છે કે મારા પર પૂરેપૂરો વિશ્વાસ મુકાતો નથી. તમારે હંમેશાં સાવચેતી રાખવી પડે છે.

ઓસ્ત્રોવ્સ્કી: મારામાં લોકો પર વિશ્વાસ રાખવાની, તેમને સારા અને પ્રામાણિક મિત્રો માનવાની, પ્રબળ ઉત્સુકતા રહે છે. હું મૂડીવાદીઓનો પ્રતિનિધિ હોત તો લોકો મને માન આપે કે મારા પર વિશ્વાસ રાખે એવી આશા હું રાખી શક્યો ન હોત. પણ હું તો કામ કરનારાઓમાંનો એક છું અને એથી મારામાં એવી ભાવના જન્મે છે કે હું પ્રત્યેકના આદરનો અધિકારી છું. અમે અમારા દેશમાં નવી દુનિયાના સર્જનની કામગીરી કરી રહ્યા છીએ. તમારા દેશમાં પણ ઘણા હવે એ સમજતા થયા છે.

રેડમેન: ઇંગ્લૅંડના મારા એક ઓળખીતાને ઓટ્ટો યૂલ્યેવિચ શ્મીદ્તે* અહીં આવવાનું નિમંત્રણ આપ્યું હતું. આર્કટિક વિશે પુસ્તક લખવાની તેની યોજના છે. તે ઉત્તરમાં ગયો, અને એક દિવસ ત્યાં કેટલાક નાવિકો

---

*ઓટ્ટો યૂલ્યેવિચ શ્મીદ્ત—આગેવાન સોવિયેત વિજ્ઞાની અને ધ્રુવ સંશોધનકાર.—સં.

સાથે તેની વાતચીત થઈ. એમણે તેને પૂછ્યું કે કયા પ્રકાશક માટે પુસ્તક લખી રહ્યા છો.

"મૂડીવાદી પ્રકાશક માટે." તેણે નાવિકોને કહ્યું.

"પણ આનો અર્થ એ થયો કે તમારું પુસ્તક સોવિયેત પદ્ધતિથી વિરુદ્ધ હશે!" એમણે કહ્યું. "તેમાં અમારી પદ્ધતિની ટીકા કરવી જ પડશે, નહીં તો એ પ્રકાશિત જ નહીં થાય. તો પછી તમે તમારી જાતને સોવિયેત સંઘના મિત્ર કઈ રીતે કહેવડાવો છો?"

અને તે પોતાની જાતને સોવિયેત સંઘનો મિત્ર પુરવાર કરી શક્યો નહીં. જનસમૂહ આજે ખરી મૈત્રી ઇચ્છે છે. જે કોઈ પોતાને મિત્ર કહેવડાવતા હોય તેમણે એ પુરવાર કરી બતાવવું જોઈએ!

ઓસ્ત્રોવ્સ્કી: તમે તમારી પ્રામાણિકતા અને માનવીય ગૌરવ જાળવી રાખ્યાં છે એ કંઈ નાનીસૂની વાત નથી. આખરે તો એવું ઘણું છે કે જે તમે સહેલાઈથી સમજી ન શકો. તમને ક્રાંતિપૂર્વેના રશિયાની જાણકારી નહોતી. એ કારમી નારકીય હાલતની તમે કલ્પના પણ નહિ કરી શકો. કંપારી છૂટે એવા અમારા ભૂતકાળની જેને ખબર હોય એ જ અમે પાર પાડેલા વિરાટ કાર્યને સમજી શકે અને એનું યોગ્ય મૂલ્યાંકન કરી શકે.

અને એવો ખ્યાલ જ ભયાનક લાગે છે કે અમારી સમગ્ર સિદ્ધિઓના ભુક્કા ઉડાવી દેવાના, સઘળું ખેદાનમેદાન કરી નાખવાના, અને અમને ફરી પાછા પુરાણી ગુલામીમાં ધકેલી દેવાના મનસૂબા ધરાવનારા લોકો પણ આ દુનિયામાં છે ખરા.

હું એવી ધારણા રાખું છું કે તમે તમારા પ્રામાણિક વલણને જાળવી રાખશો. એ ઘણી વાર જોખમી બાબત નીવડે છે. એ ઘણી કિંમત માગી લે છે.

તમારે સમજવું જોઈએ કે અમે બળવો કર્યો એ માટે કારણો હતાં; કામદારો પોતાને ગુલામીમાં જકડી રાખનારાઓને ફગાવી દેવાનો, ગુલામી નાબૂદ કરવાનો, અમારા નવા અદ્ભુત સ્વતંત્રતાપૂર્ણ જીવનને ઘડવાનો, પૂરેપૂરો અધિકાર ધરાવતા હતા. અને એવા લોકો પણ છે જેઓ આ સર્વનો નાશ કરવા માગે છે, જેઓ નવેસરથી વિશ્વયુદ્ધની તૈયારીઓ કરી રહ્યા છે.

રેડમેન: આપણે સાચો માર્ગ શોધી કાઢીશું. મને એની ખાતરી છે. હું તમને જણાવવા માગું છું કે હું નિકોલાઈ ઓસ્ત્રોવ્સ્કી વિશે, મારી તમારી સાથેની વાતચીત અંગે, ઇંગ્લૅંડ અને અમેરિકાનાં અખબારો માટે લખીશ...

શ્રમથી વધુ આનંદદાયક બીજું કંઈ હોઈ શકે નહીં

'પ્રાવદા'ના સંવાદદાતા સાથે વાતચીત
સોચી, ઑક્ટોબર ૧૯૩૬

કેટલાક દિવસો પહેલાં મેં મારી નવલકથા 'ઝંઝાવાતનાં સંતાનો'નો પ્રથમ ખંડ (૧૩ ફોર્મ) પૂર્ણ કર્યો.

બધા મળીને, નવલકથાના ત્રણ ખંડ થશે.

થોડા દિવસો બાદ, મારી "રજા" પૂરી થતાં જ, હું બીજા ખંડનું કામ શરૂ કરીશ.

મારા મનમાં ઊંડે ઊંડે આશા છે કે ઑક્ટોબર ક્રાંતિની વીસમી વાર્ષિક જયંતી સુધીમાં હું ત્રણે ખંડ પૂર્ણ કરીશ. પણ દુર્ભાગ્યે, હું એવું વચન આપી શકતો નથી કારણ કે બોલ્શેવિક જે વચન આપે તે એણે પાળવું જ જોઈએ. અને મારી દગાખોર તબિયત હું જે તારીખ નક્કી કરું એ રદ કરી નાખે એવી ધાસ્તી રહે છે. આથી, મારી આશાઓ ખરેખર ફળે તો એ મારા માટે વધુ આનંદદાયક હશે.

એક માન્યતા આજ સુધી વ્યાપક રહી છે કે કવિઓ અને લેખકો માત્ર પ્રેરણાની પળોમાં જ કામ કરી શકે. કદાચ એ કારણે જ કેટલાક લેખકો વર્ષો સુધી કશું જ કરતા નથી—પ્રેરણાની રાહ જોતા રહે છે!

પ્રેરણા શ્રમની પ્રક્રિયામાંથી આવે છે. એ અંગે મને નક્કી ખાતરી થઈ ચૂકી છે. લેખકે કામ કરવું જ જોઈએ, પ્રામાણિકતાથી કામ કરવું જોઈએ, આપણા દેશના બીજા બધા ઘડવૈયાઓની જેમ જ—ગમે તે ઋતુ હોય અને ગમે તે પરિસ્થિતિ હોય, કામ તો કરવું જ જોઈએ. કારણ કે શ્રમ એ તમામ બીમારીઓનો ઇલાજ છે.

શ્રમથી વધુ આનંદદાયક બીજું કશું હોઈ શકે નહીં.

મને જે રજા લેવાનો આદેશ* અપાયો છે તે પૂરી થાય એની હું અધીરાઈથી રાહ જોઈ રહ્યો છું, જેથી હું ફરી કામ આરંભી શકું.

---

*'ઝંઝાવાતનાં સંતાનો' પૂરું કરવાની તાલાવેલીને કારણે ઓસ્ત્રોવ્સ્કીએ ટૂંક સમય માટે આરામ લેવાની સલાહ પણ માની નહોતી. પણ તેમના સ્વાસ્થ્ય માટે આરામ અત્યંત જરૂરી હતો. આથી સોચી પાર્ટી સમિતિએ સત્તાવાર નિર્ણય દ્વારા પાર્ટીની શિસ્તના પાલન રૂપે – તેમનું નામ મોકૂફ રાખી છ સપ્તાહની રજા લેવાનું તેમને માટે બંધનકર્તા બનાવ્યું. સં.

'ઝંઝાવાતનાં સંતાનો' ઉપરાંતની મારી યોજનાઓ વિષે તમે પૂછો છો. તમારે મને આવા હૃદયને આઘાત પમાડી નાખનારા પ્રશ્નો ન પૂછવા જોઈએ. હું કદાચ મારી જાતને ભૂલી જઈને એવાં અસંખ્ય આશાઓના ધોધ વહાવીશ કે તમે અંજાઈ જશો.

મને બાળવાર્તા લખવાનું મન છે. ત્યાર બાદ કલ્પનારંગી નવલકથાનો પ્રયાસ, અને એ પછી 'માનવીનું ઘડતર'નો અંતિમ ખંડ. એને હું 'કોર્ચાગિનનું સુખી જીવન' કહેવાનું પસંદ કરીશ. અને તેની સાથે સાથે અભ્યાસ કરવા માગું છું—ઊંડો અને વિસ્તૃત, બન્ને રીતે. હા, મારા જીવનના અંતિમ દિવસ સુધી હું અભ્યાસ કરવા માગું છું.

એ કોઈ કોયડો નથી. એ તો આવશ્યકતા છે. અને આ બધી યોજનાઓ પાર પાડવા માટે મારે ઓછામાં ઓછાં બીજાં દસ વર્ષ જીવવું જરૂરી છે.

કોણ જાણે તબીબો આ અંગે શું કહેશે! સાચું કહું તો હું દીર્ઘાયુના તમામ વિક્રમો સર કરવાની તમન્ના ધરાવું છું. જીવન કેટલું અદ્ભુત છે, આપણા આ દેશમાં!

મારાં સ્વપ્નો

'કોમ્સોમોલ્સ્કાયા પ્રાવદા' અખબારના સાહિત્યવિભાગના મૅનેજર સાથેનો વાર્તાલાપ નવેંબર ૧૯૩૬ (અધૂરો અહેવાલ)

હું દસ ગ્રંથો ભરી નાખું છતાંય એ બધાં જ વ્યક્ત ન કરી શકું.

હું હંમેશાં સ્વપ્નો જોતો હોઉં છું, સવારથી રાત સુધી, હા, અને રાત્રે પણ. શાનાં? એ કહેવું મુશ્કેલ છે. એ કોઈ એક શુષ્ક સ્વપ્ન નથી જે રોજ રોજ મહિનાઓ સુધી આવ્યા જ કરતું હોય. એ હંમેશાં, બદલાતું રહે છે—સૂર્યોદય કે સૂર્યાસ્તની જેમ.... સ્વપ્નો જોવાં એ મારા માટે નવું જોમ પ્રાપ્ત કરવાના મારી જાણના અદ્ભુત માર્ગોમાંનો એક છે. હું પુષ્કળ શક્તિ ખર્ચી નાખું છું. અને હું વપરાઈ ગયેલી બૅટરીની જેમ ક્ષીણ થતો જાઉં છું. ત્યારે મારે નવી શક્તિના સ્રોતો શોધવા પડે છે, મારી તમામ શક્તિ એકત્રિત કરવા માટે કાંઈક શોધવું પડે છે. મારાં સ્વપ્નો -ક્યારેક તે કદાચ કલ્પનાતીત લાગે છતાં, હંમેશાં તે જીવનનાં હોય છે, ધરતી પરનાં હોય છે. હું અશક્ય હોય એવાં સ્વપ્નો કદી જોતો નથી.

...જો હું મારા દેશની, આપણા પ્રજાસત્તાકની, શક્તિને અનેકગણી કરી શકું તો! અને એ તીવ્ર ઇચ્છા હું સ્વપ્ન જોવાની શરૂઆત કરું ત્યારે જેટલી હોય છે એટલી તીવ્ર બીજે ક્યારેય નથી હોતી. મૂડીવાદીઓની કરોડોની સંપત્તિ, તેમનાં તમામ ગંજ—તેમના હાથમાં પડેલ, કામ વિના પડેલું, શક્તિ વિના પડેલું બધું જ—લઈ લેવાનું શક્ય બને; કોઈ તેમના ભૂખમરાથી પીડિત, શ્રમથી જીર્ણ થઈ ગયેલા, હદઉપરાંતની ગર્તામાં ધકેલાઈ ગયેલા, પીડાના કામદારોને લાવી શકાય; તેમને અહીં લાવી શકાય અને કામ તથા જીવન આપી શકાય; આ કેવું અદ્ભુત સ્વપ્ન છે! હું તેમને અહીં લાવી રહેલાં જહાજ જોઈ શકું છું. હું સુખપૂર્વક ઘણું મિલન જોઉં છું. મુક્ત અને સુખી લોકોને નીરખું છું.

સ્વપ્નને બંધનો હોતાં નથી...

ઘણી વાર મારા મગજના કો'ક ખૂણામાં એક તણખો પેટશે અને પછી મારી દૃષ્ટિ વિશાળ બનતી જશે. અને એ મકાન, વિજળી આગેકૂચમાં ફેલાઈ જશે. આવાં સ્વપ્નોથી મને બહુ જ સારું લાગે છે! પ્રેમ, વ્યક્તિગત ખુશી—મારાં સ્વપ્નોમાં એને માટે સ્થાન નથી. માણસ પોતાની જાત સમક્ષ જૂઠું બોલતો નથી. લડવૈયાને જે આનંદ મળે છે એથી વધુ આનંદ મારા માટે બીજો કોઈ હોતો જ નથી. જે માત્ર અંગત હોય છે એ બધું ક્ષણિક હોય છે. એ કદી એવો વિસ્તૃત વ્યાપ ધારણ કરી શકે નહીં જે સમગ્ર સમાજને સ્પર્શતું હોય. અને માનવીના અત્યંત ભવ્ય સુખ માટેની લડતમાં યોદ્ધો થવાનું—એ પણ જેવો તેવો યોદ્ધો નહીં—એ મારા માટે જીવનનું સૌથી ગૌરવપ્રદ કાર્ય અને સૌથી ગૌરવપ્રદ ધ્યેય છે. હા, લડાઈમાં આગેવાનનું સ્થાન લેવાની મારી ફરજને હું સ્વીકારું છું. મારાં સ્વપ્નોમાં હું મારી જાતને માત્ર હુકમો ઉઠાવનારાઓમાંના એક તરીકે કદી જોતો નથી.

આ બધું હું શબ્દોમાં કદી નહીં મૂકી શકું. આવા અદ્ભુત, તથા ગહન હૃદયસ્પર્શી વિચારોને કોઈ યોગ્ય અભિવ્યક્તિ આપી શકે નહીં...

ક્યારેક કોઈ મૂર્ખ વેવલો મારી જોડે વાત કરતો ફરિયાદ કરવા લાગે છે કે એની પત્ની બેવફા છે અને હવે એને જીવવા જેવું કશું રહ્યું નથી, જીવનમાં કશું જ રહ્યું નથી, અને એવી બધી નિરર્થક વાતો કરે છે. ત્યારે હું મનમાં વિચારું છું કે એ માણસ પાસે જે કંઈ છે એ બધું મારી પાસે હોત—તેનું સ્વાસ્થ્ય, તેના હાથ અને પગ, આ અસીમ ભૂમિ પર હરવાફરવાની તેની શક્તિ (એ સ્વપ્ન ભયંકર છે, અને હું મારા મનને

એવા સ્વપ્નની છૂટ કદી આપતો નથી)—એ માણસ પાસે જે કંઈ છે એ બધું મારી પાસે હોત તો? અને મારા વિચારોમાં જ હું ઊભો થાઉં છું—યુવાન, મજબૂત, ટટ્ટાર. વસ્ત્રો પરિધાન કરી હું ઝરૂખામાં જાઉં છું અને મારી સમક્ષ જીવન પડ્યું હોય છે... પછી શું? ના, હું માત્ર ચાલવા પૂરતો જ મર્યાદિત ન રહી શકું. હું દોટ જ મૂકું—મારાથી દોડ્યા વગર રહી શકાય જ નહિ! હું દોડતો દોડતો મોસ્કો પહોંચી જાઉં, કદાચ ટ્રેનની સાથોસાથ આખે રસ્તે દોડતો દોડતો જ, અને મોસ્કોમાં હું મોટર વર્ક્સમાં જાઉં, ત્યાં સીધો ભઠ્ઠીઓ પાસે પહોંચી જાઉં, બળતા કોલસાની ધારા લેવા માટે ભઠ્ઠીનું બારણું ખોલું, બને એટલી ઝડપથી ખોલી નાખું, અને ભઠ્ઠીને કોલસાથી પૂરેપૂરી ભરી દઉં. ઓહ, હું સાઠ, સિત્તેર દહાડાનું કામ એક જ દિવસમાં કરી નાખું. હું મારી કાયા પાસેથી કોઈ માની પણ ન શકે એટલું કામ કઢાવું. હું જીવવા માટે પ્રબળ તલસાટ અનુભવું, ભારે ઘેલછા અનુભવું. હું કેટલું બધું કરી લઉં અને કેટલી બધી શક્તિ ખર્ચું ત્યારે જ થાકું! નવ વર્ષ સુધી હાલચાલબંધીની એક જ હાલતમાં પડ્યા રહેવામાંથી મુક્ત થયો હોઉં તો હું કદી સખણો બેસી ન શકું. કામ કરવાની મારી તૃષ્ણા ન સંતોષાય ત્યાં સુધી કદી કામ બંધ ન કરી શકું.

જ્યારે મારી પાસે કોઈ માણસ આવે છે અને મૂર્ખની જેમ લવારો કરે છે અને તેને જીવવા માટે કશું રહ્યું નથી એવો કકળાટ કરે છે ત્યારે હું મનોમન આ રીતે વિચારું છું. જે એની પાસે છે એ મને મળી શકે તો ભલે ને મારી પત્ની મને પચાસ વાર છેતરતી—એમ છતાં હું સુખી હોઈશ, અને હંમેશાં એવો અનુભવ કરતો રહીશ કે જીવન કેટલી અદ્ભુત ચીજ છે!

આપણા દેશમાં માણસની પ્રથમ ફરજ છે કે એ વીર બને. આપણા દેશમાં બધા જ કાર્યકુશળ હોશિયાર છે—આળસુઓ અને કામ પ્રત્યે સૂગ ધરાવનારાઓ સિવાયના બધા જ. તેઓ કાર્યકુશળ થવા માગતા જ નથી. અને ઢીલાપણાનું પરિણામ ઢીલાપણું જ હોઈ શકે. જળ પથ્થરમાં થઈને વહી શકતું નથી. તમે જ્વાળા ન બનો તો ધુમાડો થઈને નકામા બની જાઓ. એ હંમેશાં સાચું છે. જીવન જ્વાળાનો વિજય હજો!

અને તમે કદી એવું ન વિચારશો કે હું દુઃખી માણસ છું, વિષાદગ્રસ્ત શખ્સ છું. ના, હું કદી એવો રહ્યો નથી. જ્યાં સુધી વિજય પ્રાપ્ત નહોતો કર્યો ત્યાં સુધી હું હંમેશાં દૃઢનિશ્ચયી હતો—શરણાગતિ નહીં જ! હું મક્કમપણે લડતમાં રત રહેતો, અને આખરે તો હું કદી જાણી શકું એમ જ નહોતો

[illegible] વર્તુળમાંથી મને કેટલો [illegible] આનંદ મળતો! ત્યારે હું મજબૂત હતો. હું પણ ત્રણ કલાક સુધી એકધારું [illegible] ન કરું ત્યાં સુધી [illegible], અને વીસ વીસ [illegible] તલ્લીન બેસી રહેતા. તેઓ શ્વાસ પણ ભાગ્યે જ લેતા. [illegible] તો છે જ. અને જીવવા માટે પણ કંઈક—એવી જાણ કે [illegible] છે. તમે દસને ન શીખવી શકો તો પાંચને શીખવો - છેવટે એકને શીખવો. એ નાનીસૂની વાત નથી - પાંચ બોલ્શેવિકોને શીખવવું એ નાની બાબત નથી.

પણ માણસને જ્યારે એમ લાગે કે એની કામ કરવાની ઇચ્છા મરી ગઈ છે—તો સમજવું કે એના માટે ચિંતા કરવાનો સમય આવી ગયો છે.

અહંકારી માણસ સૌથી પહેલો ભાંગી પડે છે. એ પોતાનામાં જ રાચે છે અને પોતાને માટે જ જીવે છે. અને એક વાર એનો અહં ઘવાય તો એના માટે જીવવાનો આધાર રહેતો નથી. એ એની સમક્ષ અહંની કાળી રાત્રિ અને વિનાશ સિવાય કશું જોતો નથી. પણ જે માણસ માત્ર પોતાને ખાતર જ જીવતો નથી હોતો, સમાજના જીવન સાથે ઓતપ્રોત થઈ જાય છે—એવા માણસને ભાંગી નાખવાનું મુશ્કેલ છે. એને ખતમ કરી નાખવા માટે તમારે એની આસપાસનું બધું ખતમ કરી નાખવું પડે, એના દેશનો નાશ કરવો પડે, તમામ જીવનનો નાશ કરવો પડે. હું ઘવાયો છું—પણ મારી ટુકડી હજુ હયાત છે અને વિકસી રહી છે. લડાઈમાં જખમી થઈને ઢળી પડેલા અને આખરી શ્વાસ લઈ રહેલા યોદ્ધાના કાનમાં એની ટુકડીના વિજયોદ્ગારો પડે ત્યારે તે કાર્યપૂર્તિનો આનંદ, મહાસંતોષ, અનુભવે છે. કોઈ પણ યોદ્ધા માટે પોતાની ટુકડીને પોતે દગો દીધો હોવાના, પોતાની ટુકડીને વિનાશને પંથે લઈ ગયો હોવાના, ખ્યાલથી વધારે ભયાનક બાબત બીજી કોઈ હોઈ શકે નહીં. મોત આવે એ દહાડા સુધી દગાખોરી માટે એનું મન એને ડંખતું જ રહે.

સામ્યવાદમાં પણ અંગત ગેરસમજો, અસંતોષો રહેશે. પણ લોકો પોતાને સંકુચિત અંગત જીવનો પૂરતા મર્યાદિત નહીં બનાવી દે. અને જીવન સુંદર હશે.

આપણા બિરાદરો—તેમની વીરતા ક્ષણજીવી નથી. અંગત દુઃખો તેમની દૃષ્ટિમાં ગૌણ કક્ષાએ હોય છે. સંઘર્ષ બંધ થાય ત્યારે કરુણતાનો આરંભ થાય છે.

જીવનનો પ્રત્યેક દિવસ મારા માટે અદૃશ્ય વેદના અને વ્યાધિ સામેના સંઘર્ષનો દિવસ છે. અત્યાર સુધીમાં એને દસ વર્ષ થઈ ગયાં, જીવનનાં દસ વર્ષ. છતાં તમે મને સ્મિત કરતો જોઈ શકો છો અને મારું સ્મિત નિષ્ઠાપૂર્વક અને આનંદી છે. મારી બધી વ્યાધિઓ છતાં અસંખ્ય દૈવની ફતેહોથી થતા પુષ્કળ આનંદથી મારું જીવન ભરપૂર છે. વેદના અને વ્યાધિ પર વિજય જેટલું સુખ બીજા કશામાં નથી. મારા કહેવાનો અર્થ એવો નથી કે માત્ર શ્વાસ લેતા રહેવું, માત્ર જીવતા રહેવું (જોકે એ પણ અદ્ભુત છે), મારા કહેવાનો મતલબ સંઘર્ષ અને વિજય છે.

હું મોસ્કોથી પાછો ફર્યો ત્યારે માંદો અને થાકેલો હતો. હું ભારે પરિશ્રમ કરતો. પણ મારી માંદગીથી મારી શક્તિ તૂટી નહીં. એ એકઠી થઈ. "યાદ રાખજે", મેં મારી જાતને કહ્યું, "તું કદાચ કાલે મરી જઈશ. માટે કામ કર, જ્યાં સુધી થઈ શકે ત્યાં સુધી કામ કર!"

અને મેં મારી જાતને કામમાં ડુબાડી દીધી. મેં મારી આસપાસના બધાને આશ્ચર્યચકિત કરી દીધા. મેં આતુરતાપૂર્વક આનંદથી કામ કર્યું.

હું એ માણસને ધિક્કારું છું જે આંગળીમાં થતી પીડાથી સમતુલા ખોઈ બેસે છે, જે એની પત્નીની ધૂનને ક્રાંતિથી વધુ મહત્ત્વ આપે છે, જે નરી અદેખાઈને લીધે ઘરની બારીઓ અને કાચની ચીજો તોડી નાખવા લાગે છે.

અથવા એવા કવિનો દાખલો લો કે જે વિષયની તલાશમાં ઘડી ઘડી નિસાસા નાખતો તથા પીડાતો રહે છે, અને વિષય મળી જાય ત્યાર પછી પણ લખી શકતો નથી કારણ કે કાં તો એનો મનોભાવ સાનુકૂળ નથી હોતો અથવા કદાચ એને શરદી થઈ ગઈ હોય છે અને નાક વહ્યા કરતું હોય છે. એવો માણસ ગળે કાંઈક ને કાંઈક વીંટાળીને ભયનો માર્યો ફર્યા કરે છે અને ફફડ્યા કરે છે કે ક્યાંક ટાઢનો ઝટકો ન લાગી જાય. એને જરાક તાવ આવી જાય તો એ દહેશતથી ધ્રૂજવા માંડે છે, હાંફવા લાગે છે અને આખરી 'વસિયતનામું' લખવાનું શરૂ કરી દે છે. એવા ભયગ્રસ્ત ન થશો; બિરાદર! તમારી શરદી વિશે વિચારવાનું બંધ કરી દો. કામમાં મંડી પડો એટલે શરદી જતી રહેશે.

અથવા તો એવા લેખકનો દાખલો લો કે જે આખલા જેવો જોરાવર હોય અને વાચકશ્રોતાઓની સમક્ષ ત્રણ વર્ષથી કો'ક અધૂરા પુસ્તકના એકના એક ભાગનું વાચન કર્યા કરતો હોય. પ્રત્યેક વાચન માટે અઢીસો રૂબલ મળે છે! "હજુ પુષ્કળ મૂર્ખાઓ પડ્યા છે", કહેતો એ હસે છે,

“[illegible] ૯ વર્ષ સુધી એક શબ્દ પણ લખવાની જરૂર નથી.” લખવા માટે એની પાસે સમય પણ નથી. એનો બધો સમય ખાવામાં, ઊંઘવામાં, અને સ્ત્રીઓ પાછળ—ગમે તેવી સ્ત્રીઓ, સુંદર કે અસુંદર, સત્તરથી સિત્તેર સુધી ગમે તે વયની સ્ત્રીઓ પાછળ—ભમવામાં જ ખતમ થઈ જતો હોય છે. સ્વાદ!—એ તો એની પાસે હોય છે, પણ એના હૃદયમાં જ્વાળા નથી હોતી.

હું કેટલાક તેજસ્વી વક્તાઓ વિશે પણ જાણું છું. તેઓ નેક તથા ઉમદા જીવન જીવવાની હાકલોનાં અદ્ભુત અદ્ભુત શબ્દચિત્રો આલેખી દે છે. પણ તેઓ પોતે એ રીતે જીવન જીવતા નથી. મંચ પરથી તેઓ તેમના શ્રોતાઓને મહાન કાર્યો કરવા ભારપૂર્વક અનુરોધો કરે છે પણ તેઓ પોતે તો અધમ જીવન જીવતા હોય છે. કલ્પના કરો કે એક ચોર પ્રામાણિકતાના પાઠ ભણાવે છે, મોટે સાદે કહે છે કે ચોરી કરવી એ ખોટું છે—અને, એ બોલી રહ્યો હોય ત્યારે શ્રોતાઓ પર નજર ફેરવીને જુએ છે કે કોનું ખિસ્સું સરળતાથી કાપી શકાય એમ છે. અથવા રણમેદાનમાંથી નાસી છૂટેલો કાયર, પ્રામાણિક યોદ્ધાઓને સ્વેચ્છાએ જંગમાં ઝંપલાવવાની હાકલ કરી રહ્યો હોય એની કલ્પના કરો. આપણા યોદ્ધાઓ એવા પ્રકારના લોકો માટે દયા દાખવતા નથી. જો તેઓ શોધી કાઢે તો તેને માર મારીને અધમૂઓ કરી નાખે. અને અમારા લેખકોમાં પણ એવા માણસો છે કે જેમનું જીવન જેમના શબ્દોનું ખંડન કરતું હોય છે. એવું આચરણ લેખકના વ્યવસાયથી તદ્દન વિસંગત છે.

લેખકની કરુણતા ત્યારે આવે છે જ્યારે એના અત્યંત સુંદર, અત્યંત તેજસ્વી વિચારો કલમ વાટે ઊતરી શકતા નથી, જ્યારે એના હૃદયમાં જ્વાળાઓ ભભૂકતી હોવા છતાં કાગળ ઉપર તો રાખથી છવાયેલા બુઝાતા અંગારાઓ સિવાય બીજું કશું ઊતરતું જ નથી. લેખક જે સાધનો વડે કામ કરે છે એ એટલા બધા અવરોધો ઊભા કરતા હોય છે જે બીજી કોઈ કામગીરીમાં ભાગ્યે જ જોવા મળે.

હું મારાં નવાં પાત્રોને ‘ઝંઝાવાતના સંતાનો’નાં તરુણ નરનારીઓને, ખરેખર ચાહવા લાગ્યો છું—સાહસિક આન્દ્રી, અને શાંત ગંભીર જુવાનિયો પ્શેનીચેક, અને ગોળમટોળ દેખાવડી ઓલેસ્યા, અને અદ્ભુત ક્રાંતિકારી રૂપાળી સારા. હું એ બધાને ચાહું છું. હું સતત એમના વિશે વિચાર કર્યા કરું

છું, અને એમાંના કેટલાક માટે ભાવિમાં શું છે એ હું અત્યારથી જ જોઈ શકું છું.

ઓલેસ્યા શ્રાબેલને પરણવાનું વચન આપશે. એ બહાદુર ડીવીઝન કમાન્ડર તેના હૃદયમાં આન્દ્રીના સ્થાનને પાછળ ધકેલી દેવા આવી પહોંચ્યો છે. પણ ઓલેસ્યા એને કહેશે—“યુદ્ધ પૂરું થયા બાદ હું તારી થઈ જઈશ, એ પહેલાં નહીં.” એક દિવસ શ્રાબેલ નશામાં ચકચૂર બની જશે અને ઓલેસ્યાએ એનામાં મૂકેલા વિશ્વાસનો ભંગ કરી બેસશે. ઓલેસ્યા એ માફ નહીં કરી શકે. પછી એને જીવતા પાછા ફરેલા, આકસ્મિક રીતે જ બચી ગયેલા, આન્દ્રીનો ભેટો થઈ જશે. એણે ઓલેસ્યાના વિયોગને કારણે, યુદ્ધમાં મરી જવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. અને એ બન્ને સાથે જીવન જીવશે. પ્શેનીચેક—એની વાત અસાધારણ છે, અને પૂરેપૂરી રસપૂર્ણ. એ યુદ્ધમાં પગ ગુમાવે છે અને ટુકડીને ભારરૂપ બની જાય છે. લડવાનું શક્ય ન રહેવાથી એને લાગે છે કે પોતે હવે જીવનમાં જરાય ઉપયોગી રહ્યો નથી. અને પછી, વસંતઋતુમાં, એ જે મિલમાં કામ કરી રહ્યો હોય છે ત્યાં એની ફ્રાંસીસ્કા સાથે મુલાકાત થાય છે. ફ્રાંસીસ્કા એને પોતાના ઉષ્માપૂર્ણ સ્ત્રીહૃદયમાં સ્થાન આપે છે, પ્રેમ આપે છે. પણ એની સાથે બહુ લાંબો સમય રહેતી નથી. લોકો તેને અને તેના પ્રેમીને દયાભાવની નજરે જોતા હોય છે તેથી તેનું સ્ત્રી તરીકેનું ગૌરવ સખત ઘવાય છે. એટલે એને છોડીને ચાલી જાય છે. પ્શેનીચેક સહજ ભાવે પ્રેરાઈને તેની જૂની ટુકડી ભણી ખેંચાય છે. તે પોતાને પાછો સ્વીકારવા સાથી સિપાહીઓને કાકલૂદી કરે છે, પણ તેઓ માત્ર હસે છે. તેઓ એને કહે છે—“તું જઈને મરઘાંબતકાં પાળવાનું કામ કર. અમારે તો લડવાનું છે, અહીંયાં તારો શો ખપ?” એમ છતાં, તે છેવટે પોતાને રસોઈ માટે રાખી લેવા એમને મનાવી લે છે. એ અંતે તો વ્યવસાયે પેસ્ટ્રી બનાવનાર રસોઈયો જ છે. તેઓ એને શરણું આપે છે અને એ તેમના માટે રસોઈ કરવાનું શરૂ કરે છે. સિપાહીઓએ અગાઉ કદી ચાખી ન હોય એવી સ્વાદિષ્ટ વાનગીઓ એ બનાવે છે. એ સૌનું પ્રિયપાત્ર બની જાય છે. પણ તેનું હૃદય યોદ્ધાનું હૃદય છે. એ આ પ્રકારના જીવનથી મન મનાવી શકતો નથી. એ સૈનિકો માટે મશીનગનો સાફ કરે છે અને એને છૂટી કરવામાં તથા ગોઠવવામાં મદદ કરે છે. મશીનગનો પર એનો હાથ એવો તો બેસી જાય છે કે એ આંખો બંધ કરીને એને છૂટી પાડી શકે છે અને પાછી ગોઠવી શકે છે.

પછી સમય વીતતો જાય છે અને એ મશીનગન ચલાવવાનું શરૂ કરે છે. દુશ્મનોના સાક્ષાત્ કાળ. લોકો લંગડા અહંકારીના યશોગાન ગાવાનું શરૂ કરે છે. એ ભય જેવી નીજન ઓળખનો નવો, દુશ્મનોને ખતમ કરી નાખવામાં કોઈક નિષ્ફળ જતો નથી. જે વખત અને ચાકુ ક એનાથી ઘર છે. હવે એ કાખઘોડીના આધારે ક્યા ઝુલાવીને ચાલતો નથી. એને માટે કૃત્રિમ પગ તૈયાર કરાયો છે. એ વિજયના ઉલ્લાસમાં ફરી ફ્રાંસીસ્કાને મળે છે, અને ફ્રાંસીસ્કા પોતાનું જીવન એના જીવન સાથે વણી લે છે. મારાં પાત્રોના ભવિષ્યની અને પારસ્પરિક સંબંધોની કાચી રૂપરેખા એવી છે.

રોજનીશી? હું એ ન રાખી શકું. રોજનીશીમાં તો દરેક વિગત હોવી જોઈએ, પ્રેમની બાબતો સુધીની, અત્યંત ખાનગી સ્વપ્નો સુધીની. અસલી રોજનીશીમાં તો પોતાની હસ્તી સાથેની વાતચીત હોય, તદ્દન નિખાલસ અને પ્રામાણિક. એને માટે ભારે હિંમતની જરૂર પડે. ઇતિહાસ માટે, ભાવિ પ્રકાશન તરફ નજર માંડીને રોજનીશી લખવાની બાબતને તો હું ઘૃણાસ્પદ માનું છું. એ રોજનીશી નહિ હોય. એ સાહિત્યિક રચના બનવાની. હું મારા પોતાના હાથે લખી શકતો હોત તો રોજનીશી રાખ્યા વગર રહી જ ન શક્યો હોત. પરંતુ હું (કે બીજું કોઈ પણ) પોતાની અંતરતમ હસ્તીને બીજા કોઈના હાથમાં સોંપી શકું નહિ. એવીય બાબતો હોય છે કે જેને ખુદ પોતેય સ્વીકારવાનું સરળ નથી હોતું. એવીય લાગણીઓ હોય છે કે જેને ખુલ્લી કરી શકાતી નથી, જેમ લોકો સામે નગ્નાવસ્થામાં, નિર્વસ્ત્ર થઈને, નવી આવી શકાતું એમ જ. એ નગ્નતા કદાચ સૌન્દર્યમંડિત હોય તો પણ એમ કરવાનું અશક્ય હોય છે. માણસના હૃદયમાં ઊંડે ઊંડે પડેલી ઘણીય એવી ઇચ્છાઓ અને લાગણીઓ હોય છે જેને રોજનીશીનાં પાનાંઓ પર પણ અંકિત ન કરી શકાય. પરંતુ માણસની આંતરિક દુનિયા અને આજુબાજુની બાહ્ય દુનિયા વચ્ચેની વિસંવાદિતા હદ વટી પડે ત્યારે એણે જરા થંભીને પોતાની જાતને પૂછવું જોઈએ: "મારા વિચારોનો મને પોતાને મનોમન પણ સ્વીકાર કરવામાં શરમનો અનુભવ થાય છે તો હું તે કેવો માણસ છું?"

માણસના જીવનમાં એટલું બધું શરમજનક કશું જ ન હોવું જોઈએ કે જેને એ શબ્દોમાં પણ ઉતારી ન શકે. આવી રોજનીશી જરૂરી વસ્તુ છે.

એ માણસને એના પોતાના ચારિત્ર્યને ઘાટ આપવામાં અત્યંત મદદરૂપ બને છે. ફૂર્માનોવની રોજનીશી, અને એની કાચી રૂપરેખાઓ એક મહાન ખજાનો છે.*

ટીકાની મોટી બંદૂકો મારી સામે તાકો!

નવલકથા 'ઝંઝાવાતનાં સંતાનો'ના પ્રથમ ખંડ વિશે ચર્ચાવિચારણા માટે બરાતમાં આવેલી સોવિયત લેખક સંઘની કાર્યવાહક સમિતિના અધ્યક્ષમંડળના મિટિંગની શબ્દશઃ નોંધોમાંથી

૧૫મી નવેમ્બર, ૧૯૩૬

હું અત્યારે બોલી રહ્યો છું એ હકીકત, લેખક પોતે પ્રથમ વક્તા બને એ હકીકત, કદાચ તમને આશ્ચર્ય પમાડશે.

હું આ બેઠકની રાહ એવી ઊંડી શ્રદ્ધાની લાગણી સાથે જોતો રહ્યો છું કે એ મને ઘણી બાબતોમાં મદદરૂપ બનશે.

મારે એક તાકીદની વિનંતી, બિરાદરો પરના પત્રોમાં અને એમની સાથેની વાતચીતમાં મેં ઘણી વાર દોહરાવેલી એક વિનંતી, અહીંયાં કરવાની છે: મારા લાભ માટે અને આપણા સમાન હિત માટે આપણી ચર્ચા નીચેના મુદ્દાઓને લક્ષમાં રાખીને કરાય.

મારી કૃતિમાંની દરેક ખામી, અપૂર્ણતા, મને બોલ્શેવિક સત્યપરાયણતાથી સખત શબ્દોમાં અને જરૂર લાગે તો કઠોરપણે ચીંધવામાં આવે. સંજોગો મને કડક આલોચના માટેની મારી અપીલ આગ્રહપૂર્વક રજૂ કરવાની ફરજ પાડે છે. બિરાદરો મારું જીવન અને બીજાં જીવનોથી એને જુદું પાડનારી તમામ બાબતો જાણે છે. અને મને ડર છે કે એ જ હકીકત ઉગ્ર આલોચનાને અવરોધવાનું વલણ કદાચ ઊભું કરે. એમ ન બનવું જોઈએ. તમારામાંથી પ્રત્યેક જણ જાણે છે કે એક પુસ્તકને છેક તેના પાયામાંથી ફરી લખવાનું કામ કેટલું મુશ્કેલ છે. પરંતુ જો એ જરૂરી હોય તો કરવું જ જોઈએ.

---

*દ્મીત્રી ફૂર્માનોવની પ્રસિદ્ધ નવલકથા 'ચાપાયેવ' ઘણા મોટા અંશે રોજનીશીઓ પર આધારિત છે જેમાં એણે આંતરવિગ્રહ દરમિયાનના વિચારો, ઘટનાઓ, છાપોની નોંધ કરી છે.—સં.

મને સાહિત્યમાં પ્રથમ પગલાં માંડનાર તરીકે ન નિહાળવાની હું તમને આગ્રહભરી વિનંતી કરું છું. હું છ વર્ષથી લખી રહ્યો છું, અને કંઈક જાણવાનું શીખી લેવા માટે એ પૂરતો સમય ગણાય. તમારી અપેક્ષાઓને અત્યંત ઊંચી રાખજો. બસ, મુખ્ય વાત મારે તમને આ જ કહેવાની છે. મને એવા વાચક તરીકે નિહાળજો કે જે એની કૃતિ માટે પૂર્ણ રૂપે જવાબદાર છે—કળાકાર અને સામ્યવાદી બન્ને હેસિયતથી જવાબદાર છે. ગુણવત્તા, કલાત્મકતા, મૂલ્ય—આપણા લોકો આપણા સોવિયેત લેખકોની કૃતિઓ અંગે આ અપેક્ષાઓ ધરાવે છે. અને આ ઉચિત અપેક્ષાઓને પૂરી કરવી એ ગૌરવની બાબત બની રહેવી જોઈએ.

મહાન લેખક અને અદ્ભુત માનવી, સાહિત્યમાં અસંસ્કારિતા સામેના તેમ જ ક્ષુદ્રતા સામેના જોમભર્યા અને અથાક લડવૈયા ગોર્કી હવે આપણી સાથે નથી. અને આ ખોટ લેખક સંઘના પાર્ટી જૂથને, દરેકે દરેક પાર્ટીસભ્ય તેમ જ બિનપાર્ટી બોલ્શેવિક લેખકને, આપણા સૌના કાર્ય અંગે આપણી દરેકની જવાબદારીનું ભાન અભૂતપૂર્વ ગહન રીતે કરાવે છે.

અને આ સંદર્ભમાં મને મૈત્રીના આપણા ખ્યાલ અંગે થોડા શબ્દો કહેવાનું મન થાય છે. હું સોવિયેત સાહિત્યમાં તરુણ સામ્યવાદી સંઘની હરોળોમાંથી આવ્યો છું. આપણી પાર્ટી અને સંઘની પરંપરાઓ સર્જનાત્મક કાર્યમાં મૈત્રીનાં અજોડ ઉદાહરણો દાખવે છે: એવાં ઉદાહરણો કે જે આપણને આપણા પોતાના અને આપણા બિરાદરોના શ્રમનો આદર કરવાનું શીખવે છે, જે આપણને મૈત્રી સૌપ્રથમ તો નિખાલસતા, નિષ્ઠા, અને આપણા બિરાદરની ભૂલોની આલોચનામાં સમાવિષ્ટ હોવાનું બતાવે છે. સાચા મિત્રો આલોચના કરવામાં, ઉગ્ર આલોચના કરવામાં, પ્રથમ હોવા જોઈએ, જેથી એમનો બિરાદર પોતાની ભૂલો સુધારી લે. મિત્રો એમ ન કરે તો એ કાર્ય, ખરાબ રીતે લખાયેલાં પુસ્તકો વાંચવાની ઇચ્છા મુદ્દલ ન ધરાવનારા એના વાચકો અનિવાર્ય રૂપે કરશે જ.

આપણે આપણા લેખકોમાં આ અદ્ભુત મૈત્રીનું નિર્માણ કરવું જોઈએ કારણ કે લેખક જ્યારે "એકલવીર" હતો એ પુરાણા જમાનામાંથી ઊતરી આવેલા વાતાવરણના અવશેષો હજુ આપણામાં મોજૂદ છે.

સમય આવી ગયો છે કે જ્યારે આપણે નિખાલસતાથી અને પ્રામાણિકતાથી હાથ મિલાવીએ; અને ભૂતકાળની જૂથબાજી તથા ઘર્ષણોના, આલોચનાની ખોટી પદ્ધતિઓના, દલીલોની ખોટી પદ્ધતિઓના, જૂથહિતોને સોવિયેત

સાહિત્યનાં હિતોથી ઉચ્ચતર સ્થાન આપવામાં આવતું હતું એ જમાનાના, તમામ ઝેરીલા શોચનીય અવશેષોને સદાને માટે ફગાવી દઈએ.

આપણામાં પણ એવા પ્રકારના લોકો છે કે જે "પ્રમાણિક લવરીખોરો" તરીકે ઓળખાય છે—એવા લોકો અંતહીન લવારા કરતા રહેતા હોય છે પરંતુ કામ નથી કરતા, જ્યારે આપણા દેશમાં તો લેખકનું પ્રથમ કર્તવ્ય કામ કરવાનું છે— એનાં પુસ્તકો અંગે અને પોતાની સુધારણા માટે કામ કરવાનું છે. વળી એક બીજા પ્રકારના લોકો પણ છે—"સાહિત્યિક નિંદાખોરો". એવા લોકો ગુણ કે પ્રતિષ્ઠાને મુદ્દલ લક્ષમાં લેતા જ નથી. તેઓ આપણા દેશના અગ્રિમ લેખકો વિશે તિરસ્કારભર્યું બોલે છે, એમને દ્વેષભર્યાં વ્યંગાત્મક ઉપનામો વળગાડે છે, એમના વિશે સડેલી મજાકો, કૂથલી, અને જાતજાતની ગંદી વાતો ફેલાવે છે. આ પ્રકારના લોકો કેવળ લવરીખોરો નથી હોતા. તેઓ તો એથીયે અધિક અનિષ્ટ છે. આપણે આવા કૂથલીખોરો, અફવાખોરો સામે અવિરત સંઘર્ષ શરૂ કરી દેવો જોઈએ. આવા કચરાને ઝાટકી નાખવા માટે આપણને જરૂર છે સારા તાજા પવનની.

સોવિયેત લેખક સંઘના અધ્યક્ષમંડળની આ મિટિંગ આપણા એક બીજા લેખકની કૃતિ નિમિત્તેની તાજેતરની મિટિંગ પછી થઈ રહી છે. મને આશા છે કે આ મિટિંગમાં પણ ચર્ચાનું એવું જ ઉચ્ચ ધોરણ જાળવવામાં આવશે.

તમે બધાએ મારી નવલકથા 'ઝંઝાવાતનાં સંતાનો'નો પ્રથમ ખંડ વાંચ્યો છે. એ અઢી વર્ષના પરિશ્રમનું ફળ છે. એની ભૂલોની વાત કરો. એ આપણને ઐક્યના સૂત્રે બાંધશે, કારણ કે સોવિયેત સાહિત્ય શ્રેષ્ઠ બને, સૌથી સુંદર બને એ શું આપણું સમાન ધ્યેય નથી? સાચી અને કઠોર આલોચના લેખકને વિકાસ સાધવામાં મદદ કરે છે. એનો પ્રભાવ ઉન્નતિમાં સહાયક બને છે. માત્ર આડંબરી અને સંકુચિત લોકો એ સહન કરી શકતા નથી. આપણે આપણી ચિંતાઓ અને ભીતિઓમાં એકબીજાને ભાગીદાર બનાવીએ, આપણે ક્યાં નિષ્ફળ ગયા છીએ એ એકબીજાને ખુલ્લંખુલ્લા કહીએ... હું તમને મારી ગણના પોતાની કૃતિમાંની ખામીઓને સુધારવા તૈયાર અને સમર્થ લડવૈયા તરીકે કરવા વિનંતી કરું છું. આલોચના મને નાહિંમત નહિ બનાવે. ના, એ મને સાબિત કરી બતાવશે કે હું એવા મિત્રો વચ્ચે છું જે મને મારી તકલીફો પર વિજય મેળવવામાં મદદ કરશે. હજુ સુધી મેં આપણી કળા પર પૂરું પ્રભુત્વ નથી મેળવ્યું— એ હું ક્યારેય ભૂલતો નથી, અને મારે તમારી પાસેથી ઘણું શીખવાનું છે. કળાકારના પગ

પડેલી છે. એણે ક્યારેય એની સાથેનો સંપર્ક ગુમાવવો જોઈએ નહિ. જે માણસ સમૂહથી અલગ થઈ જાય, જે પોતાની જાતને શ્રેષ્ઠ પ્રતિભા અથવા અજાણ્યા પ્રતિભા સમજતો માણસ, તેની તો દશા જ ખાવાની રહે. સમૂહ માણસને હંમેશાં ઉન્નતર કક્ષાએ લઈ જાય છે, એને એના પગ પર દૃઢતાથી ખડો રહેવામાં સહાયક બને છે.

તમારે જે કહેવાનું હશે એ હું અત્યંત ઉત્કંઠાપૂર્વક સાંભળીશ. પરંતુ મારી વિનંતી યાદ રાખજો: મારા પ્રત્યે અત્યંત વિરોધનું અને અધિકતમ અપેક્ષાઓનું વલણ અપનાવજો.

મારી તમે ટીકાની મોટી બંદૂકો તાકજો. એ નિશ્ચિતપણે મારી શક્તિ વધારશે, તત્કાળ કામે લાગવાની અને મારી નવી નવલકથાના આ પ્રથમ ખંડને ઉચિત રીતે પૂર્ણ કરવાની મારી ઇચ્છાને ઉત્કટ બનાવશે.

મારા વિચારોને મારે જે રીતે રજૂ કરવા જોઈએ એ રીતે રજૂ કરવા જો હું સમર્થ ન બન્યો હોઉં તો તમે મને ક્ષમા કરજો.

હું તમારી સમક્ષ એ પરિસ્થિતિની સંક્ષિપ્ત રૂપરેખા રજૂ કરું છું કે જેમાં મારાં પાત્રો એમનો સંઘર્ષ ચાલુ રાખશે. તમને વિદિત છે એમ પ્રથમ ખંડની ઘટનાઓ ૧૯૧૮ના અંતમાં યુક્રેઈનના એક ખૂણામાં બને છે. એમાં જર્મન દળોની રવાનગીનું અને પોલીશ જમીનદારો તથા મૂડીદાર વર્ગની સામે કામદાર વર્ગ તથા કિસાનપ્રજાના સંઘર્ષનું વર્ણન છે.

બીજા ખંડમાં પિલ્સુદ્સ્કી દળોના એકત્રીકરણનું, યુક્રેઈનના એક ભાગ ઉપર તેમના કબજાનું, આખરે તેમના હાથમાં તદ્દન વેચાઈ જનારા પેત્લ્યૂરા સાથે તેમની એકસંપીનું, અને નાકાબંધીઓની બીજી બાજુએ નાનકડી છાપામાર ટુકડીઓમાંથી લાલ સેનાના સંગઠનનું, જમીનદારો સામે કિસાનપ્રજાના સંઘર્ષનું, બોલ્શેવિક નેતાગીરી હેઠળ વિદેશી આક્રમકો સામેના સમગ્ર પ્રજાના આંદોલનમાં વિકાસ પામનારા સ્વયંભૂ વિદ્રોહોનું, અને પેત્લ્યૂરાની ટોળકીઓ પર લાલ સેનાના વિજયોનું વર્ણન કરવામાં આવશે.

ત્રીજા ખંડમાં જમીનદારશાહી અને મૂડીવાદી પોલેંડ દ્વારા પ્રતિનિધિત્વ પામતા સમ્મિલિત બળે શરૂ કરેલાં અને સાવ ઉઘાડી પડી ગયેલી દખલગીરીનું વર્ણન કરવામાં આવશે. બારમા લશ્કર—ચીંથરેહાલ, અડધું ઉઘાડપગું, સંખ્યામાં નાનું તરફથી વીરતાપૂર્ણ પ્રતિકાર. ગરમ કપડાં અને ઉત્કૃષ્ટ શસ્ત્રોથી સજ્જિત સાઠ હજાર પોલીશ સૈનિકોની સામે માત્ર તેર જ હજાર.

પોલીશ લશ્કરો કીએવ કબજે કરી લે છે. પોલીશ મૂડીદારો વિજયી બને

છે. પરંતુ કામદારોનો પોલાદી મુક્કો કમાન જેવો આકાર ધારણ કરે છે. પ્રચંડ બળનો એક પ્રહાર—અને પોલીશ લશ્કરો પીછેહઠ કરવા લાગે છે.

આપણું વિજયી આક્રમણ, અને યુક્રેઈનામાંથી દખલગીરીની હકાલપટ્ટી. પુસ્તકમાં ફાસીવાદીઓનાં વિધ્વંસક કૃત્યોનું ચિત્રણ કરવામાં આવશે—સુંદર ઇમારતો તથા ભવ્ય પુલોનો વિનાશ. હાથમાં આવ્યું એ તમામનો અક્કલહીન, જંગલિયતભર્યો નાશ. ગામડાંઓ આગથી નષ્ટ થઈ ગયાં, રેલવે લાઈનો અને સ્ટેશનો ધડાકાઓ સાથે હવામાં ઊડ્યાં. પાશવી વ્હાઈટગાર્ડો—"સંસ્કૃતિના રક્ષકો"—નો લોહીથી ખરડાયેલો પંથ.

એવી પૃષ્ઠભૂમિમાં આપણી માતૃભૂમિની મુક્તિ માટે બોલ્શેવિક માર્ગદર્શન હેઠળ મારાં યુવાન જોમભર્યાં પાત્રોના સંઘર્ષનું ચિત્રણ કરવાનો મારો ઇરાદો છે. ઘટનાઓના વિકાસ સાથે હું બતાવીશ કે યુવાન કામદારો, સામ્યવાદીઓ, અને તરુણ સામ્યવાદી સંઘના સભ્યોનું આ વીરતાપૂર્ણ જૂથ કપરા સંજોગોમાં કઈ રીતે પરિપક્વ અને બળવત્તર બન્યું.

તમારી સમક્ષ મેં સમગ્ર કૃતિની રૂપરેખા ધરી દીધી છે. તમે જુઓ છો એમ મેં અલગ અલગ પાત્રોના આલેખન અંગે કશું જ કહ્યું નથી. જરૂરી હોય તો હું એની રૂપરેખા પણ દોરી શકું.

ઉપસંહાર

પુસ્તક ઝડપથી બહાર પડવું જોઈએ એમ કહેવામાં બિરાદરોની વાત ખરી છે. પરંતુ મારે પ્રથમ તો આ મિટિંગમાં—હું તમારી સાથે એકદમ નિખાલસપણે જ વાત કરીશ—મને મળેલી આવશ્યક કાર્યની સ્પષ્ટ અને નક્કર સમજણના પ્રકાશમાં પુસ્તક અંગે કામ કરવાનું છે. હું તમારાં સૂચનોને ઊંડા ધ્યાનપૂર્વક સાંભળતો રહ્યો છું.

મને બિરાદર ગેરાસિમોવાનું પ્રવચન ઘણું ગમ્યું. એમણે અદ્ભુત સ્પષ્ટતા સાથે મહત્ત્વપૂર્ણ વિચારો વ્યક્ત કર્યા.

અને હવે, પુસ્તક વિશે:

હસ્તપ્રત પર વધારાના કામની જરૂર સ્પષ્ટ છે. હું સ્તાવ્સ્કીની અને બીજા બિરાદરોનાં કથનો સમજું છું. પુસ્તકને નિષ્ફળ ગણાવવામાં નથી ઘટતું. નિષ્ફળતાનો ચુકાદો આપવામાં આવ્યો હોત તો તેને પણ મેં સાચા લડવૈયાના

જીવનમાં આવી પડત, તમામ આઘાતો અને નિષ્ફળતાઓની જેમ જ હિંમતથી સ્વીકારી લીધો હોત.

આપણે જાણીએ છીએ કે વિજય સહેલાઈથી નથી મળતો, વિજયનો માર્ગ સરળ નથી. એવા કોઈ વિજયો ઇતિહાસમાં નોંધાયા નથી, અથવા સમજણ બિલકુલ નહિ. આપણા દેશનો વિજય, આપણામાંના કોઈ પણ માણસે હાંસલ કરેલા વિજયો—અવરોધોને મારી હટાવવાના પરિણામે આવ્યા છે.

જો આજે સ્પષ્ટપણે નિર્દેશિત થયું હોત (અને આવી બાબતોમાં હું સંવેદનશીલ છું, મને લાંબી સમજાવટની જરૂર નથી), જો આજે મારા પુસ્તકને નિષ્ફળ ઠરાવવામાં આવ્યું હોત, તો એનું એક જ પરિણામ શક્ય હતું: હું કાલે સવારે ફરી સખત કામ કરવા બેસી ગયો હોત. આ માત્ર વાત નથી, માત્ર શબ્દો નથી. મારા માટે સંઘર્ષ વગરનું જીવન એ જીવન જ નથી. બીજી કોઈ બાબત માટે નહિ પરંતુ માત્ર જીવતા રહેવા ખાતર જ જો મારે જીવવાનું હોય તો એવું જીવન ભાડમાં જાય! જીવન એટલે સંઘર્ષ.

જ્યારે કોવોસોવે મને કહેલું કે 'માનવીનું ઘડતર' અંગે મારે ફરી વાર ધ્યાનપૂર્વક કામ કરવું જોઈએ, ત્યારે મેં ઇનકાર નહોતો કર્યો, જોકે એ વખતે હું ન્યુમોનિયાની સખત માંદગીમાંથી ઊઠયો હતો અને ખૂબ નબળો હોવાથી એ મારે માટે અત્યંત મુશ્કેલ હતું.

મારા નવા પુસ્તકની મુખ્ય ખામીઓ શાં રહેલી છે એ હું હવે સમજું છું. અને બીજી જે એક વાત મારી સમજમાં આવી તે એ કે આજના જેવી મિટિંગો કોઈ રીતે સમયની બરબાદી નથી જ.

આવતીકાલે હું આરામ કરીશ—હું એટલા વૈભવની છૂટ લઈશ. પરમદિવસે હું ફરી તમારી ટીકાટિપ્પણીઓ જોઈ જઈશ, એનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરીશ, અને પછી સ્તાવ્સ્કીએ જણાવ્યું છે એમ જે ફકરાઓને સુધારવાની જરૂર છે તેને અંગેનું કામ શરૂ કરીશ. હું માનું છું કે ત્રણ મહિનાની એકધારી મહેનતથી એ કામ પૂરું થઈ જશે. પરંતુ ત્રણ પાળી કામ કરવાથી ત્રણ મહિનાનો એક મહિનો થઈ શકે. મને અનિદ્રાનો રોગ છે, અને તે મને મદદરૂપ થશે. કેટલાક લોકો આરામ કરીને તો કેટલાક કામ કરીને પોતાની માંદગીનો ઉપચાર કરે છે. આજથી એક મહિના પછી હું તરુણ સામ્યવાદી સંઘની કેન્દ્રીય સમિતિ સમક્ષ હસ્તપ્રત રજૂ કરવાની આશા રાખું છું, જે કદાચ સ્વીકૃતિ પામશે.

તમારી ટીકાટિપ્પણીઓમાંથી મોટા ભાગની કૃતિના બીજા ખંડ માટે પણ ઘણી મદદરૂપ બનશે, કારણ કે આપણે અહીં જેને અંગે ચર્ચાવિચારણા કરી છે એ તો નવલકથાની મારી યોજનાનો માત્ર ત્રીજો હિસ્સો જ છે. તમે જે કંઈ કહ્યું છે એ બધું, તમારી મૈત્રીપૂર્ણ આલોચના, લક્ષમાં રાખીને હું હવે કામ શરૂ કરી શકું એમ છું. અને પુસ્તક બને એટલું જલદી બહાર પડે એવી ઇચ્છા વ્યક્ત કરનારા બિરાદરોને સંતોષ થશે.

આજથી એક મહિનામાં, સંઘની કેન્દ્રીય સમિતિને, આજે આપણે અહીં ચર્ચેલી ખામીઓ વગરનો 'ઝંઝાવાતનાં સંતાનો'નો પ્રથમ ખંડ મળી જશે. પરંતુ એક વાત છે—અને સઘળા લેખક બિરાદરો, મારી વાત સમજશે: લેખકે પોતે જ પોતાનું પુસ્તક ફરી લખવું જોઈએ. જે કંઈ સુધારવાની જરૂર હોય તેને એણે પોતે જ વિચારીને સુધારવું જોઈએ. જેને પોતાના પુસ્તક માટે જરા સરખી પણ લાગણી હોય એવો લેખક પોતાના પુસ્તકને "મઠારવા" માટે બીજા કોઈને સોંપી જ ન શકે, પછી એ બીજો કોઈ ભલે ને ગમે તેવો પ્રતિભાશાળી હોય. આ વાત દરેકના મનમાં સ્પષ્ટ થઈ જવી જોઈએ.

જો તમે મોસમની મધ્યમાં કોઈ "પાંચસો સેન્ટનર"* ટુકડી પાસે જઈને કહેશો કે "લાવો, અમે ખોદી દઈએ," તો હું તમને ખાતરીથી કહું છું કે તેઓ સંમત નહિ જ થાય. "અમારું કામ અમે જ પૂરું કરી લઈશું," તેઓ તમને જવાબ આપશે.

આમ કહેવાનો આશય કોઈ જ રીતે અહીં કરાયેલી ટીકાઓના મૂલ્યને ઓછું આંકવાનો નથી. એ ટીકાઓથી તો મને મારું પુસ્તક સુધારવામાં ઘણી મદદ મળશે. પરંતુ આ કામ મારે પોતે જ કરવું જોઈએ.

હા, મારે કાબેલ સંપાદકની જરૂર છે. એ સાચું છે. એથી આ 'માનવીનું ઘડતર'ની ચાલીસ આવૃત્તિઓમાં ચાલુ રહેલી "લીલમ આંસુ" જેવી ભૂલોને ટાળી શકાશે.

---

*અહીં નિર્દેશ હેક્ટર દીઠ ખાંડ બનાવવાના બીટકંદના પાંચસો સેન્ટનરનો પાક ઉતારવાના વ્યાપક આંદોલન પ્રત્યે છે. સામૂહિક ખેતરની યુવતીઓ મારીયા દેમચેન્કો અને મારીના ગ્નાતેન્કોએ, ૧૯૩૫માં પોતાની ટુકડીઓ સાથે મળીને એટલા પાકનો વિક્રમ નોંધાવ્યો હતો, અને તેમના અનુકરણ રૂપે એ આંદોલન શરૂ થયું હતું.—સં.

હું તો એક સામાન્ય મહેનતકશ માણસ છું. મને ખ્યાલ ન રહ્યો કે હીરામ લીલા રંગના હોય છે. એ બાલીશ ભૂલ હતી. પરંતુ એ છ વર્ષ પહેલાં લખાયું હતું.

સંઘની કેન્દ્રીય સમિતિ મને સંઘનો સક્રિય સભ્ય ગણે છે. સંઘના સભ્ય તરીકેનાં તમામ વર્ષોમાં મને બેદરકારી માટે અથવા કેન્દ્રીય સમિતિના આદેશોનો અમલ કરવામાં નિષ્ફળતા બદલ ઠપકો આપવાની જરૂર ક્યારેય પડી નથી. અને હું આ કામગીરી પણ શક્ય એટલી ઝડપથી પાર પાડીશ. હું આ વિશે અત્યંત ગંભીર છું. પુસ્તકને ઠીક ઠીક અંશે સુધારવાની જરૂર છે, જેથી હું એ રજૂ કરી શકું અને મારે શરમ ન અનુભવવી પડે. ઘણા લોકો માને છે કે લેખકનું પ્રથમ પુસ્તક એની ખૂબ જ જીવંત અને ઊંડાણભરી કૃતિ હોય છે, કારણ કે એ જીવનમાં એણે જાણેલું બધું જ એમાં ઠાલવે છે, પરંતુ, બીજી કૃતિ લખવાનું મુશ્કેલ હોય છે. હું તમારી તમામ ટીકાઓ અંગે વિચાર અને પૂરી મહેનત કરીશ, વહાલા મિત્રો! આવાં મૈત્રીપૂર્ણ મિલનો હજુ વધારે યોજાવાં જોઈએ.

એલેક્સાન્દર સેરાફિમોવિચે અને ફાદેયેવે, અને અસેયેવે, અને ગેરાસિમોવાએ જે કંઈ કહ્યું એનાથી હું ખૂબ જ પ્રભાવિત થયો હતો. મારે તો માત્ર એટલું જ કહેવાનું છે કે તમારે વધારે સખત ટીકા કરવી જોઈતી હતી. બિરાદર અસેયેવે એ બાબતમાં કંઈક પ્રગતિ કરી.

આપણામાંથી કોઈ પણ એકલવાયો તો ભૂલો કરે જ. માણસ ગમે તેટલો પ્રતિભાશાળી હોય પરંતુ સમૂહ હંમેશાં એના કરતાં વધારે શાણો અને બળવત્તર રહેશે.

વહાલા મિત્રો, આજની તમારી સ્પષ્ટ, ચોક્કસ અને સાચી ટીકાઓ માટે હું તમારો આભાર માનું છું. આપણે હવે પરિચિત બન્યા છીએ. હવે બિરાદર ગેરાસિમોવા મને અધિક જીવંત રૂપમાં દેખાય છે. અને ફાદેયેવ પણ. મેં આપણા સંઘર્ષમાં, આપણા નિર્માણમાં એમની હાજરી સદા અનુભવી હતી, પરંતુ હું એમને રૂબરૂ ક્યારેય મળ્યો નહોતો.

હું આશા રાખું છું કે મારી નવલકથાનો બીજો ખંડ પણ આ જ પ્રમાણે ચર્ચાશે, અને ત્યારે તમે ઉગ્ર ટીકાઓ કરતાં જરા પણ અચકાશો નહિ.

અને છેલ્લે, વહાલા બિરાદરો, આ અત્યંત મદદરૂપ ચર્ચાવિચારણા માટે ખૂબ ખૂબ આભાર.

પત્રો

કુટુંબને

ખાર્કોવ, ૨૩મી માર્ચ, ૧૯૨૫

વહાલાં સ્વજનો,

થોડા સમય અગાઉ તમારો પત્ર મળ્યો હતો પરંતુ ડૉક્ટરો તરફથી ચાલતાં દવાદારૂને કારણે હું એનો જવાબ ન લખી શક્યો.

પ્રિય બાપુજી, હું તમારા હાથ વિશે અત્યંત ચિંતા અનુભવું છું. આશા રાખું છું કે તમે એ બાબતમાં કાળજી રાખતા હશો જેથી હાલત વધારે ખરાબ ન થાય. મને બેહદ દુઃખ થાય છે, ખૂબ પ્યારા બાપુજી. હવે, ઘેરથી જ્યારે પત્ર આવે છે ત્યારે હું હંમેશાં ત્રણ જણની સહીઓ— માની, કાત્યાની* અને તમારી — જોવા તલસું છું. દરેક પત્રમાં એટલું જરૂર કરજો, થોડા શબ્દોની તસ્દી જરૂરથી લેશો.

આજકાલ મને અત્યંત ઉગ્ર દવાઓ આપી રહ્યા છે, અને એટલે, અલબત્ત, પરિણામો ઝડપી છે. મારા પગમાં સોજો કંઈક ઓછો થયો છે. એ ખરું કે જરાક પીડા થાય છે, પરંતુ એનો તો કંઈ વાંધો નહિ. મને હમણાં જ આયોડોફોર્મનું ઇંજેક્શન આપ્યું હતું, અને એની સાથે બીજી પણ ઘણી દવાઓ હતી, એટલે અત્યારે મને અસુખ જેવું લાગે છે. તોપણ હવે હું આશા રાખવા લાગ્યો છું કે કદાચ આ વર્ષના અંતમાં તમારી પાસે આવી શકીશ—અગાઉ મને આ વિશે ખાસ આશા નહોતી. કદાચ હું એટલો ભાગ્યશાળી બનીશ!

---

* કાત્યા — ઓસ્ત્રોવ્સ્કીની બહેન, યેકાતેરીના અલેક્સેયેવ્ના ઓસ્ત્રોવ્સ્કાયા. —સં.

તમે બધાં કુશળ હશો. તમારા સૌને વિશે કંઈક વધારે સમાચાર લખશો, અને મીત્યાને* પણ લખવાનું કહેશો. હું ઉમેદ પત્રોની રાહ જોઉં છું. ચાલો ત્યારે, હવે વધુ નથી લખતો. બીજી વખત વાત! બધાંને, અને પડોશીઓને પણ, મારી આદરભરી યાદ. બસ, આવજો! પ્યાર...

તમારો,

પુત્ર કોલ્યા

પત્ર જરૂર લખજો. હું તમારા સમાચાર જાણવા આતુર રહું છું. આ સાથે મા માટે ત્રણ ટિકિટો મોકલું છું.

પિતાને

ખાર્કોવ, ૮ એપ્રિલ, ૧૯૨૫

વહાલા બાપુજી,

આ પત્ર હું તમને મારી અત્યારની હાલત અને આગળ જતાં લેવાનાં પગલાં અંગે જણાવવા લખી રહ્યો છું. મેં તમને લખ્યું છે એમ, હાલ બન્ને ઘૂંટણોના સાંધાઓની સારવાર આયોડીનનાં ઇંજેક્શનો અને બીજી દવાઓ આપીને કરી રહ્યા છે. ઇંજેક્શનો ખૂબ પીડાકારક છે. ત્રણચાર દિવસ તાવ રહે છે, પછી ફરી ઇંજેક્શન, અને વળી પછી એવી જ હાલત. આ ઉગ્ર ઇલાજ છે. સહન કરવું મુશ્કેલ છે, પરંતુ આ એક જ ઇલાજ ફાયદાકારક જણાયો છે. સોજો ઘણોખરો ઊતરી ગયો છે, હવે ખાસ રહ્યો નથી. હું અત્યંત નબળો થઈ ગયો હોવાથી મને આરોગ્યભવનમાં મોકલવાનું વિચારી રહ્યા છે. ત્યાંની સિઝન ૧૫મી મેથી શરૂ થાય છે. શું નક્કી થશે એ મને થોડા વખતમાં જાણવા મળશે. પ્રોફેસરે અહેવાલ આપ્યો છે કે મારે ત્યાં જવાની જરૂર છે, અને અમે અરજી કરી રહ્યા છીએ. એટલે, પ્રિય બાપુજી, નસીબ યારી આપશે તો હું સાજો થઈ જઈશ અને આપણી પાર્ટીમાં કામ કરવા તેમ જ તમને મદદ કરવા પાછો આવીશ. તમારા પત્રોમાં મને ઘણી વાર દુઃખભર્યા શબ્દો જોવા મળે છે. એવું લાગે છે કે તમે મુશ્કેલીમાં છો. આ મારે માટે અત્યંત દુઃખદ છે. વહાલાં બા અને બાપુજી, હું તમને વચન આપું છું. હવે તમે થોડું વધારે ખમી કાઢો, હું પાછો આવું ત્યાં સુધી. વર્ષના અંત સુધીમાં હું તમારી પાસે આવી જઈશ. અને પછી બધું સરળ—બરાબર થઈ જશે. તમારે જેટલી જરૂર પડે એટલી બધી મદદ હું કરી શકીશ. હું બધું જ તમને આપી દઈશ, બધું જ, વહાલા બાપુજી. મારે મારા પોતાના માટે કશાની જ જરૂર નથી. હું સામ્યવાદી છું.

યાદ,

કોલ્યા

*મીત્યા—એમનો ભાઈ, દ્મીત્રી અલેક્સેયેવિચ ઓસ્ત્રોવ્સ્કી, જેનું ચિત્રણ 'માનવીનું ઘડતર'માં પાવેલ કોર્ચાગિનના મોટા ભાઈ આર્ત્યોમ તરીકે કરાયું છે.—સં.

ભાઈને

ખાર્કોવ, ૧૫મી એપ્રિલ, ૧૯૨૫

મારા વહાલા મઝાના ભાઈ મીત્યા,

ગઈકાલે તારો પત્ર મળ્યો અને હું તરત જ એનો જવાબ આપી રહ્યો છું.

તારા પત્રમાં ઊંડી ઉદાસી અને સ્નેહ નીતરતો બંધુભાવ વરતાય છે. તેં હંમેશાં એવી લાગણી રાખી છે, અને હું જાણું છું કે ભવિષ્યમાં પણ હંમેશાં રાખીશ જ.

વહાલા મીત્યા, તારા પત્રમાંથી ફરી એક વખત હું મારા પ્રત્યેનો તારો સાચો સ્નેહ અનુભવી શકું છું. આભાર, વહાલા ભાઈ!

એક વાત મારે તને કહેવી જ જોઈએ કે મારી હાલત તને જણાવવામાં આવ્યું છે એટલી બધી ખરાબ વાસ્તવમાં નથી. મારા પગ કાપી નાખવા વિશેની વાત તો પ્રોફેસર વાગ્નેર પાછા આવ્યા એ અગાઉની છે. તેઓ જર્મની ગયા હતા. એમના સહાયકોને લાગતું હતું કે જો બીજા કોઈ ઇલાજથી ફાયદો ન થાય તો કદાચ એમ કરવું પડે. અલબત્ત, હું એમને ક્યારેય એમ ન જ કરવા દેત. કારણ કે એને પરિણામે તો હું સાવ અસહાય જ બની જાઉં. પરંતુ આ તો લાંબા સમય અગાઉની, પાંચ મહિના પહેલાંની, વાત છે. હવે મને નવા પ્રકારની સારવાર આપી રહ્યા છે, અને સોજો લગભગ ઊતરી ગયો છે. થોડી જ અસર બાકી છે. છેલ્લું ઇંજેક્શન મને

આજે અપાશે, કારણ કે કોર્સ પૂરો થાય છે. હા, મારે તને એક સમાચાર આપવાના છે. મને આરોગ્યધામમાં મોકલવાના છે. પ્રોફેસરે કહ્યું છે કે મારે જવાનું જ છે. ગઈકાલે આરોગ્યધામ કમિશન ખાતે મારી તપાસ કરાઈ હતી, અને મારે ક્યાં જવાનું છે એ તેઓ મને આવતીકાલે જણાવશે. અમારા પ્રોફેસર દર વર્ષે ૧૫મી મેથી સ્લાવ્યાન્સ્ક આરોગ્યધામમાં કામ કરે છે. તેઓ ત્યાં દાક્તરી વિભાગ સંભાળે છે. અને તેઓ મને ત્યાં મોકલવા માગે છે, જેથી પોતે જ મારું ધ્યાન રાખી શકે. એમણે કમિશનને ભલામણ કરી છે, મને સ્લાવ્યાન્સ્ક મોકલવાનું જણાવ્યું છે, અને મને લાગે છે કે મારે ત્યાં જ જવાનું થશે. એમણે મને કમિશન સમક્ષ જવા માટે પથારીમાંથી ઊઠવાની છૂટ આપી હતી, જોકે એવી છૂટ મને હજુ બે દિવસ પછી મળવાની હતી. હું ચાલી શકીશ.

જો, બધું કેટલી સરસ રીતે થઈ રહ્યું છે, વહાલા મીત્યા! હું જે કંઈ આશા સેવતો હતો એ સાચું પડી રહ્યું છે. અને હું આરોગ્યધામમાં ખાતે એક મહિનાના બદલે ત્રણ મહિના રોકાવાનો છું. પ્રોફેસર કહે છે કે "તમારા માટે જરૂરી બને એટલો સમય હું તમને ત્યાં રાખીશ." આમ, બધું જ બરાબર છે, વહાલા ભાઈ, અને મારા પગ કાપી નાખવાનો તો હવે કોઈ પ્રશ્ન જ નથી. અને હું પૂરો આરામ કરીશ. મારી સાથે એક બીજો બિરાદર પણ આવવાનો છે, એ પાર્ટીનો સભ્ય છે અને મારો સારો મિત્ર છે. અમને એક જ જગ્યાએ મોકલવાના છે. અને એ પછી, વહાલા મીત્યા, આશા તો છે, સાવ ઠગારી નહિ, કે હું તદ્દન સારો થઈને ઘેર આવીશ.

વહાલા ભાઈ, હું ત્યાં આવીને તને જોવા, અને તારી સાથે કામ કરવા કેટલો આતુર છું! મારા વિશેની વિગતો આપણાં સ્વજનોને—બાપુજી, મા અને દરેક જણને—કહેજે. અને હું ઘેર પાછો ફરું (કદાચ આ વર્ષના અંતમાં) ત્યારે કેન્દ્રીય સમિતિ મને થોડા પૈસા, ૧૫૦ અથવા ૨૦૦ રૂબલ, આપશે. આમ, શરૂઆતમાં મારા નિર્વાહની સગવડ થઈ જશે, અને પછી તો હું કામ કરી શકીશ. હું તને કહેવા ઇચ્છું છું, વહાલા ભાઈ, કે હું તારાથી ક્યારેય કશું છુપાવતો નથી, અને ક્યારેય કશું છુપાવીશ નહિ. અને સામ્યવાદી તરીકે હું તને કહું છું કે મારે માટે સંજોગો ઉજ્જવળ બની રહ્યા છે. હું તને બધું લખી જણાવીશ.

તારો,

કોલ્યા

એ. પી. દાવીદોવાને*

યેવપાતોરીયા, ૩ જુલાઈ, ૧૯૨૬

પરમપ્રિય ગાલ્કા,

તને પત્ર લખવામાં થોડી ઢીલ કરી છે. કારણની તને જાણ છે—હવે હું તને સ્થિતિનો ખ્યાલ આપી શકું છું.

ડૉક્ટરો કહે છે કે મારે અહીં હજુ એક મહિનો વધારે રહેવાની જરૂર છે. એમણે એમનો નિર્ણય કેન્દ્રીય સમિતિને જણાવ્યો છે, અને હું જવાબની રાહ જોતો, અહીં રોકાઈ ગયો છું.

માટીના ઉપચાર પૂરા થયા છે, અને હવે મને દરિયાની નજીકના કોઈ બીજા આરોગ્યભવનમાં ફેરવી શકાય એમ છે. હું દરિયાકાંઠે બેસીને સૂર્યના પ્રકાશની મોજ માણી શકવાની સ્થિતિમાં છું. ત્યાંનું વાતાવરણ વધારે આહ્લાદક હશે. અહીં લાગતી ઉદાસી દરિયાકાંઠે નહિ લાગે.

પરંતુ મારી તબિયત સુધરી નથી. હું કબૂલ કરું છું કે સંભવ હતો એમ બન્યું, માટીના ઉપચારથી મારી કરોડમાં સખત દુખાવો થયો. એક્સ-રે લેવામાં આવ્યો અને સાફ જણાયું કે બીજા મણકાનો સ્પોન્ડીલાઈટિસ છે.

તું સમજી શકશે કે આ તો વણનોતરી પીડા છે. એક વધારે ગૂંચવણ. તકદીરનો એક વધારે ખેલ. લાગે છે કે પોતાને માટે નવી તકલીફો ઊભી કરવાની બાબતમાં હું મોટા ભાગના લોકોથી વધારે કાબેલ છું. હું ધારું છું કે વળી કંઈક બીજું નીકળી આવવામાં વધારે સમય નહિ લાગે, અને એમ અંતહીન ચાલ્યા જ કરશે...

...પાછો વર્તમાનની ઘટનાઓ પર આવી જાઉં—જીવન માટેનો, કામ પર પાછા ફરવા માટેનો સંઘર્ષ. અત્યંત મુશ્કેલ મોરચો, તમામ જોરને ખતમ કરી નાંખે છે, એને ફરી એકત્રિત કરવા માટે મારે પ્રબળ પ્રયત્ન કરવો પડે છે. એમાં મારી ઘણી બધી શક્તિ ખર્ચાઈ જાય છે!

---

*આન્ના પાવલોવ્ના દાવીદોવા—ખાર્કોવના મેડિકો-મિકેનિકલ સંશોધન વિદ્યાલયની એક પરિચારિકા. ૧૯૨૫માં ઓસ્ત્રોવ્સ્કીને ત્યાં સારવાર અપાઈ હતી.—સં.

કોણ જીતવાનું? એ હજુ નક્કી નથી, જોકે દુશ્મન (મારી બીમારી) પ્રચંડ તુમુલ (સ્પોન્ડીલાઈટિસ) લાવ્યો છે.

તારી તબિયત સાચવજે. તારા તરફથી સમાચારની આશા રાખું છું. ક્યારેક ફરી લખીશ.

કોલ્યા

એ. પી. દાવીદોવાને

નોવોરોસ્સીઇસ્ક, ૧૮મી જુલાઈ, ૧૯૨૬

પ્રિય ગાલોચ્કા,

આખરે તારો પત્ર આવ્યો. તું મને ભૂલી ગઈ હતી અને પત્ર લખવા નહોતી માગતી એવો વિચાર મારા મનમાં ડોકાવા લાગ્યો હતો. મેં તને બે પત્રો—એક ઇન્સ્ટિટ્યૂટના સરનામે અને બીજો ગ્રીબોયેદ્સ્કાયા માર્ગના સરનામે—લખ્યા, પરંતુ તારા તરફથી કોઈ જવાબ જ ન આવ્યો! એ પછી મેં નોવિકોવને લખેલું કે એ તને મળે તો મૈત્રીપૂર્ણ સંભારણાં જણાવે.

વારુ, જે થઈ ગયું એને જવા દો.

હવે મારા વિશે કંઈક. મને જણાવતાં દિલગીરી થાય છે કે મારી તબિયત ચોક્કસ વધારે કથળતી જાય છે—ધીરે ધીરે, રફતે રફતે, પરંતુ નિઃશંક. થોડા જ સમય પહેલાં મેં મારા ડાબા હાથ અને ખભા પરનો કાબૂ ગુમાવ્યો છે. મને જમણા ખભાના સાંધાનું એન્કીલોસિસ હતું એ તું જાણે છે. હવે ડાબો પણ ગયો. એમાં દુખાવો થયા જ કર્યો, અને પછી એ સાવ અક્કડાઈ ગયો.

બીજું બધું તો ઠીક, દર્દએ પણ હું મારા વાળ ઓળવાનુંયે જાતે નથી કરી શકતો. અને હવે મારો ડાબો કૂલો સૂજી ગયો છે અને સખત દુખે છે. હું પગને અત્યંત મુશ્કેલીએ બીજી તરફ ફેરવી શકું છું. એ પણ બહુ થોડા ક્ષણમાં સાવ અક્કડ થઈ જશે, એમાં જરાય શંકા નથી. હું તમામ સાંધાઓની હિલચાલની શક્તિ ગુમાવી રહ્યો છું, હજુ તો થોડા સમય અગાઉ જ જે સાંધા હલાવી શકતો હતો તેના ઉપરનો કાબૂ પણ ગુમાવી રહ્યો છું. કાયા તદ્દન જડ બની રહી છે.

એનો અર્થ તું સારી રીતે સમજે છે. હું પણ સમજું છું. કોઈ પણ રીતે સાજો થઈને ચાલી શકવાની મારી આશાને બીમારી ટુકડે ટુકડે છીનવી રહી છે, અને હું લાચારીથી એ જોઈ રહેવા સિવાય બીજું કશું જ કરી શકવાની સ્થિતિમાં નથી. કશો જ ઉપાય નથી. મને ઝડપભેર ઘેરી રહેલા આ હઠીલા રોગને અટકાવવા માણસ શું કરી શકે? મારી કરોડનો દુખાવો હવે ફક્ત કમર પૂરતો સીમિત નથી રહ્યો પરંતુ તેનાથીયે ઉપર, છઠ્ઠા મણકા સુધી, પહોંચી ગયો છે. હું ધારું છું કે બેમાંથી એક વાત છે,—કાં તો બીજા મણકામાં અથવા કદાચ બન્નેમાં સ્પોન્ડીલાઈટિસ, કે પછી મારી કરોડનો રોગ પણ ક્ષય નહિ પરંતુ મારા સાંધાઓમાં થયો છે. એ જ રોગ છે.

રાતે મને પુષ્કળ પરસેવો થાય છે. મારે આખી રાત મારા જમણા પડખા પર જ પડ્યા રહેવું પડે છે, અને એથી બહુ થકી જવાય છે. હું રાત્રે ચત્તો સૂઈ શકતો નથી. અને હું ડાબા પડખે તો બિલકુલ સૂઈ શકતો જ નથી કારણ કે મારો કૂલો બહુ સૂજી ગયેલો છે. આખો દિવસ હું ચત્તો પડ્યો રહું છું. એક પગલું પણ ચાલી શકતો નથી. બધો સમય પથારીમાં જ પડ્યો રહું છું. મેં મારી સામાન્ય સ્થિતિનો ખ્યાલ તને આપી દીધો. બહુ આનંદી તો ન જ ગણાય. મેં મિખાઈલ ઇવાનોવિચને પત્ર લખેલો પરંતુ કમનસીબે કોઈ જવાબ નથી આવ્યો, જોકે હું એની બહુ ચિંતા નથી કરતો. મને તબીબી વ્યવસાય ક્યારેય ગમ્યો નથી, અને હવે હું એ મારાથી સહેવાતો પણ નથી. જો હું તને મઝાની પ્રિય તરુણી માનીને નહિ પરંતુ એ વ્યવસાયની એક સભ્યા ગણીને પત્રો લખું હોત, તો મારા એ પત્રો બહુ સુખકર ન જ હોય. પીડા કેટલીક વખત અત્યંત વધી પડે છે, પરંતુ અગાઉની જેમ જ હું એ શાંતિથી સહી લઉં છું. હું એ વિશે કોઈને કહેતો નથી, કોઈને ફરિયાદ કરતો નથી. કોણ જાણે કેમ પણ મારી લાગણીઓ બુઠ્ઠી થઈ ગઈ છે. હું અગાઉ કરતાં વધારે ગંભીર બની ગયો છું, અને મારે દિલગીરીથી કહેવું પડે છે કે વારંવાર ઉદાસ થઈ જાઉં છું.

પ્રિય ગાલોચ્કા! તું લખે છે કે આનંદી રહેવું અને મનોબળ જાળવી રાખવું. વહાલી નાનકડી બાળા! મનોબળ તો છે, પણ આનંદી મનોભાવ અદૃશ્ય થઈ રહ્યો છે. મારી નવી શારીરિક યાતનાઓએ એને ભરખી લીધો છે. જો શારીરિક પીડા જરા સરખી ઓછી હોત તો હું ચોક્કસ પ્રસન્ન રહેત. પરંતુ હાલત એવી છે કે ક્યારેક મારે વરુ જેવું કારમું ને અણથંભ આક્રંદ ખાળવા માટે દાંત ભીડી દેવા પડે છે.

માર્તા પુરીન* વિશે તને કઈ રીતે જાણવા મળ્યું? તને નોવિકોવે કહ્યું હોવું જોઈએ—બરાબર ને? હું તને એ વિશે ફરી કોઈક વખત લખીશ. એટલું કહી દઉં કે એ મારા બહુ વહેલા વાંચેલા ગંભીર [illegible] જીવનનું એક પૃષ્ઠ છે અને કોઈને પણ એની બહુ ઝાઝી માહિતી નથી. તને એકબે મિનિટની ફુરસદ મળે તો મને પત્ર લખજે, ક્યારેક ક્યારેક તો જરૂર લખજે.

મિખાઈલ ઈવાનોવિચને કહેજે કે કાગળ ન લખવા માટે એમનો આભાર હું નહિ માનું. ફાઈના ગેબ્રિયેલ્નાને અને તારી માતા તથા બહેનને મારી આદરભરી યાદ કહેજે. તું વહાલી બાળા છે—હું જાણું છું. આ તારા અમુક કથન પછી તો તું અને હું અગાઉ કરતાં વધારે આત્મીય બની ગયાં છીએ, એટલે મને તારી સાથે હાથ મિલાવવાનું, તારો હાથ જોરથી દબાવવાનું, મન થાય છે, મારી વહાલી મઝાની ગાલોચ્કા—"નાનકડી ડોશીમા"!

એન. ઓસ્ત્રોવ્સ્કી (કોલ્યા)

એ. પી. દાવીદોવાને

નોવોરોસ્સીઈસ્ક, ૨૨ ઑક્ટોબર, ૧૯૨૬

વહાલી ગાલોચ્કા,

મોસ્કોથી ફરી અહીં મોકલવામાં આવેલો તારો પત્ર ગઈકાલે મને મળ્યો. અને એ બધા દિવસો દરમિયાન ખાર્કોવમાં મને બહુ એકલવાયું લાગતું હતું! માનું છું કે તારું સરનામું જાણતો હોત તો ચોક્કસ તારી પાસે આવીને મેં તને ભયંકર કંટાળો આપ્યો હોત.

પરંતુ કમનસીબે એમ ન બન્યું.

ઝળમૂખી ઈન્સ્ટિટ્યૂટ! નોવિકોવ સાથે હું ત્યાંથી પસાર થતો ત્યારે દરેક વેળાએ મોં બીજી તરફ ફેરવી લેતો—મને તેના પ્રત્યે સખત નફરત થઈ ગઈ છે!

---

*માર્તા પુરીન—આનવીનું ઘડતરમાં માર્તા લૌરીન.—સં.

જીવનનાં બે પૂરાં વર્ષ વ્યર્થ ગયાં. હું તને મળવા અત્યંત આતુર હતો. પરંતુ ઈન્સ્ટિટ્યૂટ બંધ હતી અને તેં લખેલું કે હું આખો ઑગસ્ટ દુબાનીનામાં ગાળવાની હતી. ભાગ્ય ફટાકો દઈ ગયું! મેં ફાઈના ગેબ્રિયેલ્નાને મળવાનું વિચાર્યું, પરંતુ એય બન્યું નહિ. એટલે ખાર્કોવમાં મેં ગાળેલો બધો જ સમય સાવ નીરસ અને ગમગીન હતો.

તેમ છતાં મોસ્કોમાં મેં મારા આખા જીવનમાં પ્રથમ વાર આરામ કર્યો. ઘણા મિત્રોને મળ્યો, અને ઘણાં પુસ્તકો વાંચ્યાં—જાણે મોટા ઘૂંટડા ભરીને પી ગયો! અને ઘણું બધું નવું જાણ્યું. દુઃખની વાત એટલી જ હતી કે સમય ઘણો ટૂંકો હતો, માત્ર એકવીસ જ દિવસ.

તું જાણવા માગીશ કે હું નોવોરોસ્સીઈસ્કમાં પાછો કેમ ફર્યો. તને તો ખબર છે કે મને એકીસાથે કેટલીય બીમારીઓ છે. અને ડૉક્ટરોએ મને ઓછામાં ઓછા એક વર્ષ માટે દક્ષિણમાં મોકલ્યો છે. તેઓ કહે છે કે જો હું મોસ્કોમાં રહીશ તો ફેફસાંની તકલીફમાં પટકાઈ પડીશ.

અહીં વાતાવરણ હૂંફાળું છે—નિર્મળ આકાશમાં, સૂરજ પ્રકાશતો રહે છે. અને પાનખરનો કોઈ અણસારો નથી. એટલું છે કે ઉત્તર-પૂર્વમાંથી વારંવાર ઠંડો પવન ફૂંકાય છે.

અહીં હું એપ્રિલ સુધી રહીશ, અને પછી—અનાપા, અહીંથી લગભગ ૪૦ માઈલ દૂર દરિયા કિનારે. ત્યાં હું આવતી પાનખર સુધી રોકાઈશ. પછીની વાત એ વખતે જોઈશું. જો હું કંઈક તાકાત, થોડીઘણી પણ, મેળવી શકીશ તો આ કે તે કંઈક કામ કરીશ. એમ નહિ બને તો મારે આગળની વાત નક્કી કરવી પડશે. મને માત્ર એક જ ખરી તકલીફ છે, ગાલોચ્કા, મારી કરોડની. એ સહન ન થઈ શકે એટલી હદે દુઃખે છે, અને સરખામણીમાં બીજું બધું જ ક્ષુદ્ર લાગે છે. રાત્રે તો હું ગૂંગળાઈ જાઉં છું. મારા હાથ અને પગને કારણે હું ચત્તો સૂઈ શકતો નથી, અને પડખાભેર પડ્યા રહેવાનું તો અત્યંત કષ્ટદાયી છે. ગમે તેટલો પ્રયત્ન કરવા છતાં હું પડખાં ફરી શકતો નથી. મને ફેરવવો પડે છે. અને હું ભાગ્યે જ ચાલી શકું છું—દિવસમાં દશ પગલાં, અને એ પણ બેહદ મુશ્કેલીથી. રોગ સ્પોન્ડીલાઈટિસનો જ છે, એના વિશે તો મુદ્દલ શંકા નથી. માત્ર એનો પ્રકાર હજુ નક્કી નથી થયો.

ગાલોચ્કા, મિખાઈલ ઈવાનોવિચ ઈન્સ્ટિટ્યૂટમાં છે? મને મારી હાલત વિશે એમને લખીને પૂછવાનું મન થાય છે કે મારી પીઠની આવી ખરાબ

હાલતને ધ્યાનમાં લેતાં તેઓ મને અંદર કોર્સેટ (પોચું પડ) પહેરવાની સલાહ આપે છે કે નહિ. તું ફાઈના યેવ્સેયેવ્નાને મળે ત્યારે એમને પણ એ વિશે જરૂરથી પૂછજે—કોર્સેટ કંઈ ફાયદો કરશે કે નહિ.

એમ હાલત ઘણી ખરાબ છે. હું ગમે તેટલો પ્રયત્ન કરું તો પણ મારી શારીરિક બીમારીઓના કૂવામાંથી બહાર નીકળી શકું એમ નથી લાગતું. હું નીચે જ ગબડી રહ્યો છું, ઉપર ચડવાનું બનતું જ નથી.

દરેક બાબતનો અંત લાવી દેવાના વિચારથી બચવા માટે ભારે મનોબળની જરૂર પડે છે. કોઈક દિવસોએ આવે છે જ્યારે બધે જ અંધકાર ભાસે છે. પરંતુ, સમગ્ર રીતે જોતાં, હું મારી જાતને કાબૂમાં રાખું છું. સંઘર્ષ અને અમારા નિર્ણાયક કાર્યોથી ભરપૂર જીવન તજી ન શકાય એટલું બધું આકર્ષક છે. કોઈ દહાડો ફરી કામે વળગી શકવાની નિરંતર નવલી આશા હૈયે ધરીને હું ટકી રહું છું. પરંતુ દરમિયાનમાં જીવન સખત પ્રહાર કરી રહ્યું છે, અને હું વળતો પ્રહાર કરી શકતો નથી.

પરંતુ અમે એક વધુ આશા—આગામી ગ્રીષ્મ, અને દરિયો—અજમાવી જોશું. એથી ફાયદો થાય તો બધું સારું થઈ રહેશે.

મને આપણા મિત્રો વિશે જાણવાનું મન છે. તેઓ બધા ક્યાં છે? ઇન્સ્ટિટ્યૂટ હજુ બંધ જ છે? એમ હોય તો તમે કામ વગર બેઠાં છો? તારી માને અને બહેનને, અને ફાઈના યેવ્સેયેવ્નાને, મારી આદરભરી યાદ. હું વધુ બીજી વખત લખીશ. હાલ શારીરિક હાલત ખરાબ છે, અને એટલે જ લખાણ સાવ ખરાબ છે, અને પત્ર પણ સાવ ટૂંકો છે. હું મનમાં તારો હાથ દબાવું છું, ગાલોચ્કા.

એન. ઓસ્ત્રોવ્સ્કી (કોલ્યા)

પિતા અને બહેનને

નોવોરોસ્સીઈસ્ક, ૨૪ ઓક્ટોબર, ૧૯૨૬

વહાલા બાપુજી અને કાત્યા,

કાગળો સમયસર મળી ગયા. આભાર! જરૂર હતી એ બધું જ તમે મોકલ્યું છે. મારું, વત્તેઓછે અંશે ઠીક જ ચાલે છે. ના, ઓશિકું કે કોટ મોકલશો નહીં. ના, કોટનું કશું ઊપજતું હોય તો એને વેચી નાખજો, અને તારે જેની જરૂર હોય એ કંઈ પણ ખરીદી લેજે. મારે એની જરા

સરખીયે જરૂર નથી. મારી તબિયત થોડીક બદતર છે. મને પગ કરતાં કરોડમાં વધારે પીડા થાય છે. મારે પથારીમાં જ રહેવું પડે છે. માત્ર પડ્યા રહેવાનું અને આખો દિવસ વાંચ્યા કરવાનું. મારી તબિયત કથળી ગઈ છે. ગમે તેટલા પ્રયત્નો કરીનેય સારો થાઉં એમ લાગતું નથી. હું ગ્રીષ્મ માટે ઝંખું છું. ત્યારે હું દરિયાકાંઠે અનાપા ખાતે જઈ શકીશ. મેં તમને પત્ર લખ્યાને ઘણો સમય થયો. એ માટે ક્ષમા કરશો. પરંતુ મારી પીડા અને યાતનાઓ સિવાય બીજા કશા વિશે કંઈ લખવાનું હોતું નથી, અને એ વિશે લખવાનું મને ગમતું નથી. હું એ બાબતોથી ભયંકર કંટાળી ગયો છું. સુધારાનો કોઈ અણસારો જણાતો નથી. દરરોજ હાલત એવી ને એવી જ રહે છે. તમારું કેમ ચાલે છે, વહાલા બાપુજી? મને પત્ર લખજો. તમને સહુને મારો પ્રેમ, અને શુભેચ્છા.

તમારો,
કોલ્યા

ભાઈને

નોવોરોસ્સીઈસ્ક, ૨ નવેંબર, ૧૯૨૬

વહાલા મિત્યા,

તારો પત્ર આજે મળ્યો અને હું તરત જ એનો જવાબ લખું છું. મારા વહાલા ભાઈ, તારે મારા વિશે આટલા બધા દુઃખી થવાની જરૂર નથી. ના, મુદ્દલ જરૂર નથી. બેશક, મારી હાલત ખરાબ છે, હું ઘણો બીમાર છું, વગેરે—પરંતુ એ તો તું ઘણા સમયથી જાણે છે. અને હું હજુ હાર સ્વીકારતો નથી. હું કોઈ પણ રીતે ગ્રીષ્મ સુધી ટકી રહીશ. તું એની ખાતરી રાખી શકે. આખરે, આપણે એ સંબંધમાં કશું જ કરી શકીએ એમ નથી. મારે પથારીમાં પડ્યા રહેવાનું જ છે અને એવી હાલત સ્વીકારી લેવાની છે, બસ પત્યું.

હું તને જણાવવા માગું છું, વહાલા ભાઈ, કે હું તને બધું જેમ છે એમ જ, કશું છુપાવ્યા વગર, લખું છું. જો મારી હાલતમાં કોઈ ગંભીર પલટો આવશે તો હું તારાથી એ છુપાવીશ નહિ. હું તને એ વિશે લખીશ અને જણાવીશ, કારણ કે તને, મારા સગા ભાઈને, નહિ કહું તો બીજા કોને કહેવાનો? અલબત્ત, હું બીમાર છું, અને હોસ્પિટલ છોડી શકું એમ લાગતું

નથી. પરંતુ મારો જુસ્સો, ઉત્સાહ અણનમ છે—એ તો તું જાણે છે. હું કદી ફરિયાદ કરતો નથી, જેટલી સારી રીતે ખેંચી શકું એટલી સારી રીતે ખેંચે જાઉં છું. અલબત્ત, કેટલીક વખત એ અત્યંત મુશ્કેલ બને છે... તારે અહીં આવવાની જરૂર નથી જ. હાલત નિરાશાજનક હોત તો હું તને અહીં આવતો ન અટકાવત. પરંતુ અત્યારે એવું કંઈ નથી. થોડા સમયમાં હું બેઠો થતો આવ્યો છું. હું માનું છું કે ગ્રીષ્મ સુધીમાં થોડા વધારે મહિના હું ખેંચી કાઢી શકીશ, અને પછી આપણે વિચાર કરીશું. મારી હાલત એટલી બધી ખરાબ નથી. માત્ર મુર્ખાઈ જ!

અહીં વાતાવરણ હૂંફાળું અને તડકો રહે છે, પરંતુ ધારું છું કે તમારી તરફ તો ખરી શરદ ઋતુ ચાલતી હશે. તું કામે લાગી ગયો છે એમ તારું કહેવું છે? ક્યાં? અને શું કરે છે -ફિટર, કે કંડક્ટર? આપણા વડીલો અને બીજાઓનું કેમ ચાલી રહ્યું છે? મને તમામ સમાચાર લખજે. હું પણ તને લખીશ, પરંતુ મારી પાસે તો કંઈ સમાચાર હોતા જ નથી. હું પત્ર લખવાનું શરૂ કરું છું ત્યારે મને ખબર પડે છે કે મારે તો કશું કહેવાનું છે જ નહિ. મારે તો બધા દિવસો સરખા જ છે.

શુભેચ્છાઓ.

તારો,

ભાઈ કોલ્યા

એ. પી. દાવીદોવાને

નોવોરોસ્સીઈસ્ક, ૭ જાન્યુઆરી, ૧૯૨૭

વહાલી ગાલોચ્કા,

હમણાં જ તારો પત્ર મળ્યો. મેં તને છેલ્લા થોડા દિવસોમાં પત્ર લખ્યો છે કે નહિ એ યાદ આવતું નથી. વાંધો નહિ, હું તને હવે ફરી લખીશ. જો ને, હાલત રોજના કરતાં વધારે નિરાશાજનક બનવા લાગે ત્યારે હું જેનાથી સાવ કપાઈ ગયો છું એ બહારની દુનિયા સાથે એક યા બીજી રીતે મારો સંપર્ક કરાવી શકે એવા બાકી રહેલા થોડાક લોકોને પત્રો લખીને આનંદી બનવાનો પ્રયત્ન કરું છું.

અહીં મારે મિત્રો નથી—એટલે કે શબ્દનો આપણે જે અર્થ કરીએ છીએ એ અર્થમાં. એ ખરું કે મારી આજુબાજુ લોકો છે, તેઓ બહુ

ભલા છે. પરંતુ અસલ સંકુચિત માનસનું કુટુંબ છે. મારે એમની સાથે સારું બને છે, પરંતુ મારા પોતાના લોકો મને જે આપી શકે એ તેઓ નથી આપી શકતા. મારા પોતાના મિત્રો અને બિરાદરોથી, સામ્યવાદીઓથી, વિખૂટા પડી જવાની હકીકત ખિન્ન કરી દેનારી છે. આ તમામ મહિનાઓમાં એક પણ બિરાદરને જોયો નથી, નિર્માણકાર્યના આપણા ખરા ચેતનભર્યા જીવનનો એક શબ્દ પણ સાંભળ્યો નથી, આપણી પાર્ટી અને એના કાર્ય વિશે પણ એકેય શબ્દ સાંભળ્યો નથી,—એવા લોકોની સાથે હળવામળવાની અને જીવવાની (જો પથારીવશ માણસ હળીમળી અને જીવી શકતો હોય તો) ફરજ પડી છે કે જેઓ સમજી શકાય એવાં કારણોસર મારી આંતરિક જરૂરિયાતો સંતોષવા કશું જ કરી શકતા નથી.

મારા જીવનમાં પાર્ટી મારે માટે સર્વસ્વ છે—તું એ જાણે છે. અને તું સમજી શકીશ કે મારે માટે આવી પરિસ્થિતિમાં પડ્યા રહેવાનું કેટલું અસહ્ય છે. આ પરિસ્થિતિ પાર્ટીજીવન સાથેના ખાર્કોવમાં હતા એવા કોઈ સંપર્કથીયે મને વંચિત રાખે છે. મારી આજુબાજુ જાણે શૂન્ય આકાર લઈ રહ્યું છે. મારા મન પર ધીરે ધીરે એક નવા પ્રકારની લાગણી સવાર થઈ રહી છે—કંઈક એવું જેને નિષ્ક્રિયતા કહી શકાય કારણ કે કેટલીક વખત દિવસો એટલા ખાલી હોય છે કે તમામ પ્રકારના ક્ષુદ્ર વિચારો અને નિર્ણયો આગળ તરી આવે છે. બીજા કોઈ પણ કરતાં તું આ વધારે સારી રીતે સમજી શકીશ: જો માણસ પશુ ન હોય, સંકુચિત તથા સ્વાર્થી અને મૂઢ ન હોય—અને અસ્તિત્વની હકીકતને જ ઝનૂનથી વળગી રહેનારા, જીવવા સિવાય બીજું કશું જ ન ઇચ્છતા, માત્ર અસ્તિત્વ ચાલુ રાખવા અને વધારે લંબાવવા ઇચ્છતા, એમની પરિસ્થિતિની તમામ વાસ્તવિકતાઓ પ્રત્યે આંધળા માણસો પણ હોય છે ખરા—જો માણસ એવો ન હોય તો હાલત એને માટે ક્યારેક ખૂબ ખૂબ અંધકારભરી બની જાય છે.

થોડાં વર્ષો અગાઉ આવી પરિસ્થિતિ સહન કરી લેવાનું મારા માટે ઘણું સરળ બન્યું હોત. ત્યારે મેં એને મોટા ભાગના લોકો જે રીતે સ્વીકારી લે છે એવી રીતે સ્વીકારી લીધી હોત. પરંતુ હવે હાલત જુદી છે. હું ક્યારેક હતાશામાં સરી પડું છું એમાં કશું શરમજનક નથી. આખર ત્રણ વર્ષ તો થઈ ગયાં છે. જીવન માટેના સંઘર્ષનાં ત્રણ વર્ષ—અને વારંવાર મારો પરાજય થયો છે, હું એક એક કદમ પાછળ ધકેલાતો ગયો છું. છેલ્લી પળ સુધી સંઘર્ષનો નિર્ધાર જો મારા લોહીમાં ન હોત તો મેં મારી જાતને

પછી હાર કરી નાખી હોત. કારણ કે માણસ આવા સમયને તદ્દન પ્રાસંગીક દાર કરી નાખી હોત. કારણ કે માણસ આવા સમયને તદ્દન

મહત્ત્વના સંઘર્ષના ગાળા તરીકે ન ગણે તો આ રીતે લાંબુ ટકી શકે નહિ. આપણને, મને અને તને, મિત્રો બનાવનારું શું હતું એ યાદ કર.

આપણને, મને અને તને, મિત્રો બનાવનારું શું હતું એ યાદ કર. ઇન્સ્ટિટ્યૂટમાંના મારા એ પ્રથમ દિવસો. હું એ ક્યારેય ભૂલનો નથી. હું ત્યારે પકડાઈને પાંજરામાં પુરાઈ ગયેલા વરુના બચ્ચા જેવો હતો. આજે હું છેલ્લા દિવસો પસાર કરી રહેલું થાકેલું વરુ છું.

માત્ર અમારા જેવા લોકો જ મારી જેમ જીવનને તથા અમારા સંઘર્ષને તેમ જ જૂની દુનિયા કરતાં બહેતર નવી દુનિયાના નિર્માણ માટે થઈ રહેલા ક્રાન્તિ ઉન્માદભર્યો પ્રેમ કરનારા લોકો જ, કેવળ અમે જ જીવનને ખરા રૂપમાં, વાસ્તવિક રૂપમાં, જોઈ શકીએ છીએ—માત્ર અમે જ છીએ કે જેઓ એક પણ તક બચી હોય ત્યાં સુધી ઝઝૂમ્યા સિવાય જીવનની વિદાય લઈ શકતા નથી. ગ્રીષ્મના મહિનાઓ કસોટીના બનશે.

અંગત રીતે તો હું કોઈ પ્રકારના સુધારાની બહુ આશા નથી રાખતો. શું થાય છે એ જોઈશું. મેં તને બધું જ નથી લખ્યું. બીજા પત્રમાં બધું લખીશ. હું હવે કંટાળી ગયો છું... તું તારા પત્રોમાં બહુ જ માયા દાખવે છે, ગાલોચ્કા. જોકે આપણે બે જુદી જુદી દુનિયાઓના જીવ છીએ છતાં કંઈક એવું છે જે આપણને નિકટના સ્નેહી બનાવે છે. મારી નાનકડી ડોશીમા, ટચૂકડી ને નાજુક, હું તારો ટચૂકડો હાથ લાગણીથી દબાવું છું.

અવશ્ય, તું મને પત્ર લખશે. કારણ કે મારા માટે દિવસો હવે હંમેશ કરતાં વધારે અંધકારભર્યા છે.

એન. ઓસ્ત્રોવ્સ્કી

પી. એન. નોવિકોવને*

નોવોરોસ્સીઇસ્ક, ૨૨ ઓક્ટોબર, ૧૯૨૭

વહાલા પેત્યા,

આપણો પત્રવ્યવહાર કંઈક અનિયમિત છે, પરંતુ—માણસ શું કરી શકે? હું સામા મળવાનો પ્રયત્ન નહિ કરું. પહેલાં તું થોડોક બબડીશ અને પછી ઠંડો પડી જઈશ—એ શું હું નથી જાણતો?—અને તું એ નિર્ણય પર આવીશ કે "અવ્યવસ્થિત તત્ત્વો"ને કોઈ રીતે સુધારી શકાય નહિ.

મારી પાસે કોઈ વિશેષ સમાચાર નથી. બધો સમય પથારીમાં ગાળું છું. કોઈક પ્રકારની "ઐતિહાસિક – ઊર્મિપ્રધાન – પરાક્રમ ગાથા" લખવાનું વિચારું છું. મજાકની વાત જવા દઉં તો હું ખરેખર ગંભીરતાપૂર્વક લખવાનું વિચારી રહ્યો છું. શું લખાશે એ હું નથી જાણતો. ખરેખર રાતદિવસ વાંચું છું. મારી ઇચ્છા મુજબનાં પુસ્તકો મને મળે છે—હું એક મોટા પુસ્તકાલયનો સભ્ય બન્યો છું.—અને હું લાલસાપૂર્વક વાંચું છું. વિજ્ઞાન, અને વચ્ચે—મારું મગજ સાફ કરવા— નવલકથાઓ પણ. તમામ નવાં પુસ્તકો. મઝા પડે છે!.. તું શું કરે છે, જૂના મિત્ર? તારો સમય કઈ રીતે પસાર કરે છે? સાચી હકીકત એ છે કે તું હજુ સંજોગોની સપાટી પર જ રખડ્યા કરે છે, અંદર ડૂબકી નથી મારતો. ખાલી વિચાર કરું છું, પેત્યા, ભલા ભાઈ પેત્રો, કે મારી પાસે તારા જેવા પગ હોત તો હું અત્યાર સુધીમાં આપણો આખો સોવિયેત સંઘ ખૂંદી વળ્યો હોત અને દશ વખત પાછો આવ્યો હોત.

મનમાં તારો હાથ દબાવું છું, વહાલા મિત્ર. ફ્રોલ અને આન્નાને મારી આદરભરી યાદ.

તારો,

કોલ્યા ઓસ્ત્રોવ્સ્કી

કુટુંબને

માત્સેસ્તા, ૨૦ જૂન, ૧૯૨૮

વહાલ મિત્રો,

તમારા માટે સમાચાર છે—તારની પદ્ધતિએ:

પ્રથમ સ્નાન નાહ્યો (પાંચ મિનિટ). તમે તો એને ખબર ગણાવશો! સાદું ઝરણાનું પાણી નહિ! ગંભીર કેસો માટે મોટો બાથરૂમ. તેઓને સ્ટ્રેચર અથવા અપંગની ખુરશીઓ પર સીધા અંદર જ લઈ જવાય છે. અંદર બહુ મોકળાશ અને સગવડ.

*પ્યોતર નિકોલાયેવિચ નોવિકોવ—ઓસ્ત્રોવ્સ્કીનો મિત્ર.—સં.

આરોગ્યભવન પર્વતીય બાજુએ આવેલું છે. ચારે બાજું જંગલો, તાડવૃક્ષો અને ફૂલો. સુંદર જગ્યા, ભગવાન મારો સાક્ષી છે! સ્નાનાગાર ૨૦૦ પગલાં નીચેની બાજુએ છે. તેઓ અમને ચાર પૈડાંવાળી ખુલ્લી ગાડીમાં ત્યાં લઈ જાય છે. અને અમને લઈ જનારા કેવા કાબેલ હોય છે! જરાય ઉછાળો કે આંચકો નહિ. મેં એમનામાંથી ઘણાને મિત્રો બનાવ્યા છે. પરિચારિકાઓ યુવાન છે, અને તેઓ મને 'પ્રાવદા' વાંચી સંભળાવે છે, વગેરે. જરાય ગેરસમજ ન કરશો. 'વગેરે' પૂર્ણરૂપે નિર્દોષ છે.

બીજું: ડૉક્ટરોએ મારી દેખભાળ કરનારની ગોઠવણ કરી છે. તેઓ કહે છે કે માત્સેસ્તામાં ફાયદો થવો જોઈએ. દરેક વસ્તુ બરાબર નક્કી કરી દેવાઈ છે. પ્રથમ પાંચ દિવસો પછી બાથરૂમમાં જ મસાજ. અને તેઓ મને દિવસના ભાગમાં ખાસ ખુરશીમાં બેસાડીને બહાર તાડવૃક્ષોની નીચે લઈ જશે. મેં ગુમાવેલા દિવસો ઉમેરી દેવામાં આવશે. અને સત્તાવાર નિર્ણય એવો લેવાયો છે કે મારે એક મહિનો નહિ પરંતુ દોઢથી બે મહિના અહીં રહેવાની જરૂર છે. જમતી વખતે એક પરિચારિકા મને ખવડાવવા માટે મારી પાસે હાજર રહે છે. શરૂઆતથી એમણે જોઈ લીધું હતું કે હું વધારે ખાનારો માણસ નથી—પરંતુ ઘેર જમતો હતો તેનાથી ત્રણ ગણું હવે પ્રયાસ પછી ખાઉં છું. દિવસમાં પાંચ વખત જમવાનું, અને પેટ તો જાણે ઠાંસીઠાંસીને ભરી દેવામાં આવે છે—કેવી વિપદા!

રૂમમાં મારો જોડીદાર અદ્ભુત બિરાદર છે—એ પુરાણો બોલ્શેવિક અને મોસ્કો નિયંત્રણ કમિશનના પ્રમુખમંડળનો સભ્ય છે. અમારે વાતો કરવા માટે ઘણો બધો મસાલો છે.

અહીં કોઈ જાતની ખામી નથી! મને નીંદર પણ બહુ સારી આવે છે. આખી રાત કબ્રસ્તાન જેવી શાંતિ હોય છે. અને બારીઓ આખો દિવસ સાવ ખુલ્લી હોય છે. અહીં મને નિઃશંક ખૂબ જ આરામ મળશે. કાત્યા, પરમ પ્રિય કાત્યા, તું મારી સાથે અહીં નથી એનો મને અત્યંત અફસોસ છે. સ્વભૂમિ કરતાં પણ આ સ્થળ વધારે સુંદર છે. મારી વહાલી મઝાની નાનકડી બેની, તારી વેદનાનો વિચાર આવતાં મારું હૈયું કકળી ઊઠે છે.

ખૂબ વહાલ,

કોલ્યા

એ. એ. ઝિગિરેવાને*

માત્સેસ્તા, ૧ ઑગસ્ટ, ૧૯૨૮

પ્રિય શૂરા,

તું અહીંથી ગઈ એને એક જ દિવસ થયો છે. માત્ર એક જ દિવસ.

હું પરમદિવસે શહેરમાં ચાલ્યો જઈશ. પરંતુ કોણ જાણે કેમ આ દિવસો મારે માટે, ગમે તેમ પણ, સાવ ખાલીખમ અને શૂન્ય રહ્યા છે.

લોકોથી ટેવાઈ જવું એ દુઃખદ વસ્તુ છે, અને એમાંય માણસ મારા જેવો ભટકેલ હોય ત્યારે મૈત્રી બાંધવી, બિરાદરી કેળવવી, એ તો એથીયે ખરાબ છે કારણ કે જ્યારે જીવન તમને તમારા મિત્રોથી છૂટા પાડે છે ત્યારે એ હંમેશાં દુઃખભર્યું બની જાય છે.

હું તને વારંવાર પત્રો લખીશ, બધું જ લખીશ...

પાન્કોવ મારી બાજુમાં જ બેઠો છે, વાતો કરી રહ્યો છે, પરંતુ મારા મનમાં તો તું અત્યારે ક્યાં હોઈશ, શું વિચાર કરતી હશે, એના જ ખ્યાલો ચાલી રહ્યા છે.

મારી વહાલા બિરાદર શૂરા! મેં તને બહુ ઓછી જાણી છે, પરંતુ તોયે આપણે ખૂબ જ આત્મીય બની ગયાં છીએ!

હું તને તરતમાં જ દરેક બાબત વિશેનો લાંબો કાગળ લખીશ.

એન. ઑસ્ત્રોવ્સ્કી

એ. એ. ઝિગિરેવાને

સોચી, ૨૫ ઑગસ્ટ, ૧૯૨૮

પ્રિય શૂરા,

આજે હું એકલો છું. રાયા** જિલ્લા પરિષદમાં ગઈ છે. રાયાના જાહેર કાર્ય વિશે કહું: કામદાર મંડળની એની પ્રવૃત્તિ વધી રહી છે. આ

---

*અલેક્સાન્દ્રા અલેક્સયેવ્ના ઝિગિરેવા—ઑસ્ત્રોવ્સ્કીની મિત્ર. 'માનવીનું ઘડતર'માં અસલ નામે જ ચિત્રિત છે.—સં.

**રાયા—ઑસ્ત્રોવ્સ્કીના પત્ની, રઈસા પાવ્લોવ્ના ઑસ્ત્રોવ્સ્કાયા.—સં.

કામ એનો વધારે ને વધારે સમય લેતું જાય છે, એટલે સ્પષ્ટ છે કે મારે વધારે ને વધારે વાચન એકલા રહેવાનું થશે. પરંતુ એમાં ફેરફાર કરવાનો કોઈ પ્રશ્ન જ નથી, વિશેષ કરીને તો રાયા જ્યારે સોવિયેત કોમ્યુનિસ્ટ પાર્ટી (બોલ્શેવિક)ના ઉમેદવાર સભ્યપદ માટે અરજી કરવાનું વિચારી રહી છે ત્યારે એવો પ્રશ્ન હોઈ જ ન શકે. આ એનું તરુણ સામ્યવાદી સંઘનું છેલ્લું વર્ષ છે (એ ૨૩ની થઈ). હું એને જરૂરી રાજકીય તાલીમ આપું છું...

હું પોતે રાજકીય જાગૃતિએ પહોંચ્યો એ પછી ઘણા કામદારોને પાર્ટીમાં લાવ્યો છું. કમનસીબે, આજે મારો એમની સાથેનો સંપર્ક તૂટી ગયો છે, પરંતુ હું જાણું છું કે તેઓ તમામ પાર્ટીના સારા બિરાદરો બન્યા છે. મારા પરિશ્રમના પરિણામે જ્યારે પણ આપણી હરોળોમાં એક નવો બિરાદર—અગાઉ સામ્યવાદી આંદોલનની બહાર (સંગઠનની દૃષ્ટિએ) રહેલો માણસ—ઉમેરાતો ત્યારે એ મારે માટે અત્યંત આનંદની વાત બની રહેતી.

પરંતુ એવાયે કેટલાક બિરાદરો છે ખરા કે જેઓ એક પણ વ્યક્તિને શીખવ્યું હોવાની, પ્રભાવિત કરવાની, પાર્ટીની અંદર આકર્ષી લેવાની, વાત યાદ કરી શકે એમ નથી! એમણે તો માત્ર યંત્રવત્ લોકોને સભ્ય બનાવવાની ભલામણો જ કરી છે—પણ એ બન્ને કંઈ એકસરખી બાબતો નથી.

હવે હું જ્યારે માંદો છું ત્યારે ભયંકર પીડામાં મને જ્યારે જ્યારે રાહત મળે છે એ ગાળા દરમિયાન મારા ઉત્સાહનો ઘણો મોટો ભાગ મારી આજુબાજુના થોડાક કાર્યકરોને (વર્તમાન સમયમાં રાયાને) સમર્પિત થતો રહ્યો છે અને થઈ રહ્યો છે, જેથી તેમનામાં કામદાર વર્ગીય સમજણ કેળવી શકું અને નવા જીવન માટેના સંઘર્ષનું મનોબળ વધારે મજબૂત બનાવી શકું. અને હું મારા કામનું પરિણામ એ હકીકતમાં જોઈ રહ્યો છું કે જ્યારે ભાવી પુત્રો ફરી નીકળશે ત્યારે આપણી હરોળોમાં નિષ્ઠાવાન પાર્ટી બિરાદરો એટલા વધારે હશે. રેતીના કણ, અલબત્ત, અતિશય ઓછા છે. પરંતુ અત્યારે તો હું આટલું જ કરી શકું એમ છું...

બિરાદર શૂરા, જ્યારે પણ... જાણવા જોગ સમાચાર હોય ત્યારે મને લખજે, વાસ્તવિક, જીવંત કર્મના પ્રસંગો જણાવજે.

મારી કમભાગી આંખો પૂરેપૂરી હવે જ વની રહી છે બધું વાગાડતી નાખે છે. હું આ લખી રહ્યો છું, પણ શું લખી રહ્યો છું એ જોઈ શકતો નથી. મને ભય છે કે હું એક શબ્દની ઉપર જ બીજો શબ્દ લખી નાખું છું અને તું મારા પર ગુસ્સે થઈ જઈશ કારણ કે તને કશું ઊકલશે નહીં...*

'પ્રાવદા' મોકલવા બદલ આભાર. અહીં કેવી હાલત છે એ તો તું જાણે જ છે. એક અંક મળે, અને પછી બીજો ન મળે. શરમજનક!

માફ કરજે, પ્રિય મિત્ર, તને આટલા લાંબા સમય સુધી કંટાળો આપવા બદલ.

હું તારો હાથ દબાવું છું. તારા નાનકા બેટાને પ્યાર. રાયાની આદરભરી યાદ.

કોલ્યા ઓસ્ત્રોવ્સ્કી

એ. એ. ઝિગિરેવાને

સોચી, ૨૯ ઓક્ટોબર, ૧૯૨૮

મારી પ્રિય બિરાદર,

તારા પત્રો કેમ ઓછા થઈ ગયા છે? શું તારો બધો સમય કામમાં જ નીકળી જાય છે? એવું બને છે, હું જાણું છું. અને એ વચ્ચેનો ગાળો મને એવો તો લાંબો લાગે છે કે બસ! હવે મને કોઈ પત્રો લખતું નથી એટલે કદાચ એવું લાગતું હશે. અથવા તો હું માત્ર તારા જ ગાઢ સંપર્કમાં છું, મારી લગભગ રોજની દિનચર્યા અંગે તને લખ્યા કરું છું, અને મારી આંખોને કારણે બીજા કોઈને લખતો નથી, એટલે આમ થતું હશે. કદાચ આ અંતહીન પત્રોથી તું થાકી જતી હોઈશ અને જે સમયનો તું વધુ સારો ઉપયોગ કરી શકે એ ઝૂંટવાઈ જતો હશે. પણ એમ થતું હોય તો તારે મને લખીને કહેવું જોઈએ. આ બધી પૂર્વની રસમો—એ તારી રીત નથી, મારી પણ નથી. તું મારા પત્રોથી કંટાળી જતી હોય તો એમ કહી દે એટલે હું થોડો સંયમ રાખવાનો પ્રયાસ કરીશ. હું લખવાનું સાવ

---

*ઓસ્ત્રોવ્સ્કીની આંખો આ સમયે બગડી ચૂકી હતી. તેમના ઘણા પત્રોમાં શબ્દો તેમ જ આખાં ને આખાં વાક્યો ઉકેલી શકાય એવાં નથી, એક લીટી પર લખાયેલી બીજી લીટી, બેવડાયેલા શબ્દો, તથા એવી જ બીજી ક્ષતિઓ પુષ્કળ જોવા મળે છે.—સં.

બસ તો નહીં જ કરું—એવી ખાતરી આપવાનો હું ઇનકાર કરું છું. પરંતુ આટલો બધો ઊભરો ઠીક નથી. એને હવે પૂરો કરું છું, બસ. હવે લખવાનું શરૂ કરી શકું છું. અને ત્રણ દિવસ પહેલાં જગ્યા બદલાવી નાખી છે અને હવે રીતસરના અમીરોના જેમ રહીએ છીએ મોટો ઓરડો, ત્રણ બારીઓ, ભરપૂર ઉજાસ. વિજળીની બત્તી અને ચોવીસે કલાક પાણી (અમારે માત્ર પંપ ચલાવવો પડે છે) હવે હું ઊંડા શ્વાસ લઈ શકું છું અને સૂર્યપ્રકાશ માણી શકું છું. મેં ૨૬ દિવસથી સૂરજનાં કિરણો જોયાં જ નહોતાં. અમે જ્યાં રહેતાં હતાં એ ભંડકિયામાં હું શારીરિક અને નૈતિક, બંને રીતે શોષાઈ ગયો હતો. હવે હું શિયાળા દરમિયાન અહીં જ રહેવાનો છું.

...અમે 'ક્રાસ્નાયા મોસ્કવા' સેનેટોરિયમની નજીક છીએ. રાયાને માટે આ જગ્યા દૂર પડી જાય છે એ ખરું. એને ઘણીબધી સભાઓમાં જવાનું હોય છે. પણ એનો કોઈ ઉપાય નથી. અને અહીં એટલી સુંદરતા છે, શૂરોચ્કા! આપણે અહીં આવતા ઉનાળામાં મોજથી આરામ કરીશું, પ્રિય મિત્ર. પણ રખે ભૂલતી, શૂરા! જો તું નહીં આવે, તારા નાનકડા બેટાને ભેગો લઈને, તો હું તારી સાથે હંમેશ માટે ઝઘડો કરી બેસીશ. સમુદ્ર કાંઠે પહોંચવા દસ મિનિટ ચાલવાનું તો ટચૂકડા ચીની પગ માટે—મતલબ એ કે તારા છે એવા પગ માટે, પણ વધારે પડતું ન ગણાય. તારે માત્સેસ્તા ખાતે સ્નાનાગાર સુધી ચાલવું પડતું એથી ઓછું અંતર છે. અહીં એક મોટો બગીચો પણ છે. વળી શૂરોચ્કા, તું અને હું માત્સેસ્તા ખાતે નહાવા જઈએ તોપણ ઘર દરિયાકિનારાથી એટલું નજીક છે કે તારો નાનકો દરિયામાં નહાી શકે અને સૂર્યસ્નાન કરી શકે. અને સેનેટોરિયમની અવધિ પૂરી થઈ ગયા બાદ, અહીંયાં તું પણ આરામથી રહી શકે. આ મશ્કરી નથી—તું મારા પત્રનો આ ભાગ તારા નાનકાને વાંચી સંભળાવજે. અને હું માનું છું કે તું 'લેનિનગ્રાદ સોચી' પાટિયાવાળી ટ્રેનમાં નહીં બેસી જાય ત્યાં સુધી એ તને જંપવા નહીં દે. હા, લ્યોન્યા તને જંપવા ના દે એ જ બરોબર છે, નહીં તો તું કદાચ "ભૂલી" જાય કે એવું જ કંઈક બને.

હું પેલા ભંડકિયામાં રહેતો હતો ત્યારે તને અહીં બોલાવવાની વાત હાસ્યાસ્પદ બની ગઈ હોત. પણ હવે તો હું જાણે અમીર બની ગયો છું! અમારા ઓરડા વિશાળ છે (મારી મર્યાદિત કલ્પના મુજબ).

તું મારા પત્રો વાંચી શકે છે?

(આ પત્રનો અંતિમ ભાગ મળી શક્યો નથી.)

એ. એ. ઝિગિરેવાને

સોચી, ૧૬ નવેમ્બર, ૧૯૨૮

પ્રિય શૂરા,

તારા બધા પત્રો મળ્યા. તારા તરફથી કંઈ સમાચાર ન મળતાં હું ચિંતિત હતો, અને એવું વિચારવા લાગ્યો હતો કે કદાચ તું આપણા પત્રવ્યવહારથી થાકી ગઈ હોઈશ. હવે મને સમજાય છે કે મારી માન્યતા કેટલી ખોટી હતી...

હું તમારી જોડે હોઉં અને બોલ્શેવિક બિરાદરો જોડે ચર્ચાવિચારણા કરી શકું એવી મને તીવ્ર ઝંખના થાય છે. મારા માટે એ કેટલું આરામદાયક બની રહે!..

મારી લાચારી કેટલીક વાર મને એટલો વ્યગ્ર બનાવી મૂકે છે—શારીરિક અને નૈતિક બંને રીતે—કે એનું વર્ણન હું કરી શકું એમ નથી. એની કલ્પના કરવાનો પ્રયાસ કર શૂરા: આપણી આસપાસ સંઘર્ષ ચાલી રહ્યો હોય અને આપણે જકડાઈ ગયેલા હોઈએ, માત્ર જોઈ રહેવા સિવાય બીજું કશું જ ન કરી શકીએ...

મને પત્ર લખજે પ્રિય શૂરા જરૂર લખજે, મારી પ્રિય સરસ મિત્ર! મને તારા પત્રોની ખૂબ જરૂર છે.

લ્યોન્યાને મારી વતી પ્યાર.

કોલ્યા

હું તને મારી બિરાદર રાયા અંગે અને તેના વિકાસ અંગે બે શબ્દો લખવા માગું છું.

આ યુવાન મહેનતકશ મહિલાના વૃદ્ધિ અને વિકાસને જોઈને હું મારી તમામ તકલીફો ભૂલી જાઉં છું, શૂરા. એ મારી રાજકીય વિદ્યાર્થિની છે અને એને વિકાસ પામતી, એક નવી વ્યક્તિ બનતી, જોતાં મને બહુ ખુશી થાય છે. હમણાં તે તેના કામમાં જ તદ્દન ડૂબેલી રહે છે... કોઈ સભા કે સંમેલન કે એવું કંઈક ન હોય એવો એક પણ દિવસ જતો નથી, એક પણ સાંજ ખાલી હોતી નથી. તે તેને સોંપાયેલાં નવાં કામો અને જવાબદારીઓ લઈને હરખાતી હરખાતી દોડતી આવે છે અને અમે સાથે બેસીને એ કામ કરીએ છીએ. આજકાલ તો એ બેહદ કામમાં રહે છે,

નિરંતર દોડધામ કરે છે, નગર સોવિયેત માટેની ચૂંટણીઓની તૈયારીઓમાં મદદ કરી રહી છે.

સોવિયેતને નવાં બળોથી, મહેનતકશ ઇન્સાનોથી, નવચેતન મળે એ સારી વાત છે.

સાચન. આ વિકાસને અવરોધવાનો મારો જરાય ઇરાદો નથી. આગેકૂચ કરનાર આ સર્વહારાને મદદ કરવા હું મારી શક્તિ મુજબ બધું જ કરી રહ્યો છું.

કોલ્યા

એ. એ. ઝિગિરેવાને

સોચી, ૨૬ નવેમ્બર, ૧૯૨૮

શૂરા, પરમ પ્રિય,

મારે તને આ પત્ર હમણાં નહોતો લખવો જોઈતો કારણ કે હું અસ્વસ્થ છું અને આ ક્ષણે જે સૂઝે એ લખી રહ્યો છું...

જ્યારે હું મારા આ જીવનનો વાસ્તવિક પાયો—સંઘર્ષમાં ફરી જોડાવાની આશા—ગુમાવી બેસીશ ત્યારે અંત આવી જશે.

મારે મને પોતાને કોઈ અંધારા કૂવામાં ગબડી પડતો બચાવવા માટે જે બધી શક્તિ ખર્ચવી પડે છે, એના માટે જે અખૂટ બોલ્શેવિક ખંતનો વ્યય કરવો પડે છે, એને અંગે હું ક્યારેક અફસોસપૂર્વક વિચાર કરું છું. આ તમામ શક્તિ જો નક્કર કાર્યમાં ખર્ચાય તો ઘણી ઉપયોગી બની શકે.

હું મારી આસપાસના લોકો અંગે વિચારું છું—સાંઢ જેવા મજબૂત પણ માછલી જેવા ઠંડા લોહીવાળા, સુસ્ત, બેપરવા, ચેતનવિહોણા, કંટાળેલ... તેમની વાતોમાંથી ઊબનો દુર્ગંધ છૂટતો હોય છે. હું તેમને ધિક્કારું છું. હું સમજી શકતો નથી કે સશક્ત અને નીરોગી માણસો આવા ઉત્તેજનાભર્યા જમાનામાં "કંટાળાના ભોગ" કેવી રીતે બની શકે. હું કદી એવું જીવન જીવ્યો નથી અને જીવીશ પણ નહીં...

હું તને મળી શકું અને તારી જોડે વાતો કરી શકું તો તો કેવું સારું! હું જેમના પર વિશ્વાસ રાખું છું એમાંની તું એક છે... પાર્ટીની જૂની બિરાદર...

મેં મારી અંદર ઊંડે ઊંડે મારો જીવનમાર્ગ દોરી રાખ્યો છે. આપણે ક્યાં જઈ રહ્યા છીએ અને કેવી રીતે એ હું જાણું છું. ના; હું કંઈ ચોભેટા પર માર્ગની દ્વિધા પડી ગયેલા આદમી નથી...

મારા રેડિયો અંગે હજુ કશું થયું નથી. એને હું અંતે બરોબર ગોઠવી લઈશ ત્યારે લેનિનગ્રાદ પકડી શકું છું કે નહીં એ અંગે તને લખીશ.*

તારા બાળકને મારા વતી પ્યાર.

તારો,

કોલ્યા

એ. એ: ઝિગિરેવાને

સોચી, ૩૦ જાન્યુઆરી, ૧૯૨૯

પ્રિય શૂરોચ્કા,

મને ચિંતા થઈ રહી છે. ત્રીસ-ત્રીસ દિવસ થયા, અને તારી બે લીટી પણ નહીં! શું વાત છે? કે પછી તારું કામ તારો બધો જ વખત ખાઈ જાય છે?

અમારું નવું સરનામું મેં તને મોકલ્યું જ છે. છતાં ફરી લખું છું: સોચી, વોઇકોવા માર્ગ, ૩૯. જોકે જૂના સરનામે મોકલાયેલું બધું અહીં મોકલી અપાય છે.

અહીં વસંત ઋતુ છે. અવારનવાર રાત્રે થોડુંક હિમ પડે છે...

આજથી આઠ દિવસ પછી મારી આંખો પર શસ્ત્રક્રિયા કરશે. અંગત રીતે મને મારી નેત્રજ્યોત પાછી ફરશે એવી ભાગ્યે જ શ્રદ્ધા છે. પણ મારે બધું જ કરી છૂટવું જોઈએ, જેથી આ મોરચે મેદાનમાં ન ઝુકાવ્યું એવો અફસોસ ન રહી જાય.

હું મારી હાલત અને એ સંબંધી દરેક બાબતને સમજું છું. આ બધું મારા જેટલી સ્પષ્ટ રીતે કોઈ નથી સમજતું. એ અંગે કોઈ બિનજરૂરી આવેશ કે કારુણ્ય નથી. પણ હું પરિસ્થિતિને સારી રીતે જાણું છું, સમગ્ર પરિસ્થિતિને.

મને કપૂરનાં બે ઇન્જેક્શનો અપાયાં છે. મારું હૃદય આટલું મજબૂત હોવા છતાં અમારે એને કપૂરની મદદ આપવી પડી. હવે ઘણું સારું છે,

---

*નજર કરતાં વધુ તો સ્પર્શના આધારે (તેઓ હવે લગભગ સંપૂર્ણ અંધ થઈ ગયા હતા) ઓસ્ત્રોવ્સ્કી પોતાના માટે રેડિયો સેટ તૈયાર કરી રહ્યા હતા.—સં.

જોકે નાડી હજુ એકદમ બરાબર નથી—હજુ એ ઓછીવધુ થયા કરે છે. મને પોતાને તો ખાતરી છે કે હું ઉનાળા સુધી ટકી જઈશ. હા, અને ઉનાળો પણ કાઢી જઈશ. અને એ પછી જોયું જશે...

તું અને હું હજુ મળીશું, મારી પ્રિય બિરાદર, શૂરોચ્કા, અને આપણને એકબીજાને કહેવાની ઈચ્છા હશે એવી ઘણી બાબતો અંગે વાતો કરીશું.

મારે મારો અલાયદો ઓરડો છે, મજાનો અને સૂર્યપ્રકાશવાળો... રાયા અને મા માટે બીજો ઓરડો છે... અમને (ઠંડી ઉડાવવા માટેની) ભઠ્ઠીનાં લાકડાં પૂરતાં મળી રહે છે અને ઓરડાઓ ઉષ્માભર્યા છે.

મારે રાયાને મળવાનું ભાગ્યે જ થાય છે. તે સવારના સાડા છએ નીકળી જાય છે (જ્યારે હું હજુ સૂતો હોઉં છું) અને રાત્રે અગિયાર કે બારે ઘેર પાછી ફરે છે (જ્યારે હું સૂઈ ગયો હોઉં છું). તે માર્ચમાં—મહિલા દિને સોવિયેત સંઘની કોમ્યુનિસ્ટ પાર્ટીની સભ્યા બનશે.

નગરપાલી (સમિતિ)એ બહુ બિરાદરીભર્યું વલણ લીધું છે. તેમણે અમને ભઠ્ઠી માટેનાં લાકડાં પૂરાં પાડ્યાં છે અને મારા માટે તબીબ પણ મોકલ્યો છે...

તબીબો મને વાતો કરવાની રજા આપતા નથી—ખાસ કરીને હમણાં હમણાં. અને હું એકલો એકલો પડ્યો રહું છું. દિવસોનાં દિવસો સુધી, અને મહાન વિશ્વવ્યાપી જાગૃતિનાં મારાં ઉત્કટ, ભવ્ય સોણલાં જોયા કરું છું.

હું તારો હાથ દબાવું છું, ઓહ, ખૂબ ઉષ્માથી, મારી પરમ પ્રિય શૂરોચ્કા.

નિકોલાઈ

એ. એ ઝિઝિરેવાને

સોચી, ૨૦ ફેબ્રુઆરી, ૧૯૨૯

પ્રિય શૂરોચ્કા,

અંતે તારો પત્ર મળ્યો! આટલા લાંબા સમયથી તારા તરફથી કંઈ સમાચાર કેમ નહોતા એ હવે બરોબર સમજાય છે—ગ્રામવિસ્તારમાં તારું કામ અને તારી માંદગી.

તબીબો અંગે—હા, તારી સલાહ મુજબ હું વર્તીશ.

મારી દાક્તરી તપાસ થઈ રહી છે અને તબીબો આજે કે આવતીકાલે ફરી અહીં આવશે. હકીકત એ છે કે, મારા પેટની વિચિત્ર તકલીફોનું કારણ મેં શોધી કાઢ્યું છે. તે મને આંખમાં નાખવા આપેલાં ટીપાંને કારણે છે—એને "એટ્રોપાઈન" કહે છે. હું જ્યારે એ ટીપાંનો ઉપયોગ નથી કરતો ત્યારે સ્વાદમાં કડવાશ રહેતી નથી અને મારી ભૂખ પણ ઊઘડે છે. અને કોઈ તબીબને અંદાજ ન આવ્યો કે આ ગડબડ શું છે?! હવે મારી આંખો વિશે. હું અંધ બની રહ્યો છું, શૂરા. હું ભાગ્યે જ કશું જોઈ શકું છું. ટૂંક સમયમાં જ સોએ સો ટકા અંધાપો આવી જશે, અને મારી ઉપર ભયાનક આફત તૂટી પડશે.

મારા આંખના તબીબ જે લખી આપે એના આધારે તારા તબીબ મિત્ર જો કોઈ ખરેખરા નિષ્ણાત સાથે વાતચીત કરી શકે તો ઘણું સારું, કારણ કે અહીંનો તબીબ ઘણો યુવાન છે. મારી સર્વાંગી સ્થિતિ સુધારવા માટે મને કોઈક પ્રકારના ઇન્ટ્રાવીનસ પાણીનાં ઇંજેક્શનો આપવાનાં છે. હું એ માટે સંમતિ આપીશ કે નહીં એ ચોક્કસ નથી કારણ કે એથી થનારા ફાયદા અંગે શંકા છે.

પ્રિય શૂરોચ્કા, હું કેટલી ગમગીની અનુભવી રહ્યો છું એ તો મેં તને લખ્યું જ છે. હા, એ હજુ ચાલુ જ છે. અને અંધત્વમાં સતત વધારાની સાથે એ પણ વધે છે.

હજુ પણ જેમ તેમ ટકી રહેવા જેટલી શક્તિ મારામાં છે. પણ પ્રયત્નપૂર્વક હું એટલી જ શક્તિ એકઠી કરી શકું છું.

જરા વિચાર તો કર, મારી વહાલી મિત્ર—તું તારા નાના પુત્ર સાથે અહીં આવીશ ત્યારે હું તારો ચહેરો નહીં જોઈ શકું. અને એનો કોઈ ઉપાય નહીં હોય.

હવે હું તને થોડા સમય સુધી લખી નહીં શકું. પણ તું એ સમજી શકે છે.

અભિવાદન. હું તારા હાથ દબાવું છું.

કોલ્યા

મા અને રાયા તરફથી આદરભરી યાદ. ૮મી માર્ચના દિવસ રાયા સોવિયેત સંઘની કોમ્યુનિસ્ટ પાર્ટી(બો)ની હરોળોમાં સામેલ થઈ જશે.

એ. એ. ઝિગિરેવાને

સોચી, ૨૧ એપ્રિલ, ૧૯૨૯

પ્રિય શૂરોચ્કા,

આ એક પછી એક આવતી જતી માંદગીઓ જે હમણાં હમણાં તો મારો વ્યવસાય જ થઈ પડી છે, એની પાછળ ખર્ચાતી શક્તિનો સોમો ભાગ પણ જો ઉત્પાદક શ્રમમાં ખર્ચાય તો વીબોર્ગનો કામદાર* પણ મારી બરાબરી કરવામાં હાંફી જાય. પણ વાસ્તવિકતાને જોતાં આ સ્વપ્નો સાબુના પરપોટા જેવાં છે.

આ અંતહીન પરેશાનીઓ—જેમાંથી બહાર નીકળવાનો કોઈ માર્ગ હું શોધી શકતો નથી—પ્રત્યેની મારી નફરતને થોડીક ખરી આકરી ગાળો સિવાય બીજી કોઈ રીતે વ્યક્ત કરી શકાય એમ નથી. હકીકત, કાળમુખી પણ નક્કર હકીકત, કાયમ જ રહે છે કે ૧૯૨૯નું વર્ષ, કે ભલે એનો આરંભ, મારા માટે ૧૯૨૮ના વર્ષ કરતાં વધુ ત્રાસદાયક છે. અને તબિયતનો આ બગાડો જો હજુ થોડોક વધશે તો કદાચ જીવન જ હરી લેશે...

મેં યુવાન માણસોનું એક (જૂથ) ઊભું કર્યું છે—એમાં હજુ ઝાઝા નથી એ ખરું, અને બહુ નિયમિત પણ નથી. અને હું નિર્દયતાથી તેમનું શોષણ કરું છું—અખબારો, પાર્ટીનાં સામયિકો, વગેરેમાંથી મોટેથી વાંચવા તેમને ફરજ પાડું છું. "મને વાંચી સંભળાવો" એમ કહીને જ હું પ્રત્યેક નવાગંતુકનું સ્વાગત કરું છું. અને તેઓ વાંચે છે. જીભ થોથવાય ત્યાં સુધી વાંચે છે. મને જેની ખોટ સાલી રહી છે એનું હું ત્વરાથી સદાય તરસ્યાની જેમ પાન કરું છું. 'વાંચો' એ સૂત્ર હું બધાને આપું છું—અને મારે કહેવું જોઈએ કે—કેટલાકને માટે એ થકવી નાખતું કામ છે. પણ એનું પરિણામ જોઈ શકાય છે. હું ફરી વર્તમાન જીવન સાથે સંપર્કમાં આવી રહ્યો છું.

સંઘમાંથી યુવાનોને મારી પાસે મોકલવા રાયાને આદેશ અપાયો છે. હું તેમને થોડાક તૈયાર કરું છું. અને પછી તેમનું શોષણ કરવા માંડું છું—સાવ બેશરમ બનીને. એ તેમના અને મારા માટે સારું છે, જોકે તેઓ જલ્દી થાકી જાય છે. વાચનની બાબતમાં તેઓ નબળા છે. તેમને માટે વાચન હજુ જરૂરી બન્યું નથી.

'બોલ્શેવિકો'નું ભારે સ્વાગત કરું છું.* મોકલવાનું ચાલુ રાખજે, શૂરોચ્કા! સરસ કામ છે!

લ્યોન્યાને થોડાક શબ્દો:

પ્રિય લ્યોન્યા,

મા મને લખે છે કે તું એને કાળા સમુદ્ર અંગે યાદ અપાવ્યા કરે છે. તારો એ બાલ્ટીક (સમુદ્ર) સુંદર હશે પણ કાળો હંમેશાં અધિક સુંદર છે! અહીં એટલું ઉષ્માભર્યું છે અને નાળિયેરીનાં વૃક્ષો જાણે ઉષ્ણકટિબંધનો પ્રદેશ ન હોય, અને હિમાચ્છાદિત વિશાળ પર્વતો—તથા એ બધાનું સૌન્દર્ય! તને રાતે એનાં સપનાં આવે છે એમાં જરાય નવાઈ નથી. માત્ર તારી મા શૂરા એ અંગે તદ્દન જુદો અનુભવ કરતી હોય એમ લાગે છે. આથી મનમાં ગાંઠ વાળી રાખજે. માને સારું થઈ જાય અને તેને રજા મળે ત્યારે દક્ષિણના પ્રવાસ માટે જોરદાર પ્રચાર ઝુંબેશ આદરજે. ચળવળ ચલાવજે અને પ્રચારનો અજમાયશ કરજે... લેનિનગ્રાદથી સોચી માટેની સીધી ટ્રેન પકડી લેવા માટે પૂરેપૂરા પ્રયાસો કરજે. કબૂલ ને નાનકડા ભાઈલા?

સારું ત્યારે. ઓગસ્ટ સુધી—ખરું ને?

હું તારો હાથ દબાવું છું અને માનો પણ.

એન. ઓસ્ત્રોવ્સ્કી

ભાઈ, બહેન અને પિતાને

સોચી, ૧૯૨૯

પ્રિય મીત્યા, કાત્યા અને મારા વહાલા વૃદ્ધ પિતાજી,

મા હવે નગર પાર્ટી સમિતિના મહિલા પ્રવૃત્તિ અંગેના વિભાગમાં પ્રતિનિધિ બની છે એ જણાવવા આ લખું છું. એને એ મુજબનાં ઓળખપત્રો અપાયાં છે, અને હવે તે એ વિભાગ તેમ જ પાર્ટીની વિવિધ શાખાઓની

*લેનિનગ્રાદમાં આવેલો વીબોર્ગ જિલ્લો તેની ક્રાંતિકારી પ્રણાલિકાઓ માટે જાણીતો છે.—સં.

*એપ્રિલ ૧૯૨૯માં એ. એ. ઝિગિરેવાએ 'બોલ્શેવિક' સામયિકની જૂની ફાઈલ ઓસ્ત્રોવ્સ્કીને મોકલી હતી.—સં.

બેન્કોમાં [illegible] આપી કામદાર વર્ગના જીવનમાં પોતાનો ભાગ ભજવશે. [illegible] જો તે ઇચ્છતી હોય તો, અને થોડોક રાજકીય અભ્યાસ શરૂ થાય—કદાચ, જો તે ઇચ્છતી હોય તો, અને થોડોક રાજકીય અભ્યાસ કરવા શક્તિ એકઠી કરી શકે તો, તે હજુ યે આપણી પાર્ટીના સભ્યા બની જાય—આપણા કુટુંબમાંથી ત્રીજી વ્યક્તિ.

કોલ્યા

આર. બી. લ્યાખોવિચને*

મોસ્કો, (યુનિવર્સિટી ક્લિનિક),
૯-૧૦ જાન્યુઆરી, ૧૯૩૦

પ્રિય રોઝોચ્કા,

અંતે મેં બિરાદર લીઝાને મારા સકંજામાં લીધી છે અને મારા વતી લખવા બેસાડી છે—ત્રણ મહિનામાં મારો પ્રથમ પત્ર, ઘણું દુઃખદ, ખરું ને! સૌપ્રથમ તો એક પ્રશ્ન: મેં તને તારા સુખૂમીના સરનામે લખેલો પત્ર તને મળ્યો? અને હવે, મારું શું થઈ રહ્યું છે તે. જોકે એ પહેલાં હું તને ટી. ખોરુન્ઝેન્કોના નિયમની ફરી યાદ અપાવવા માગું છું: કે પત્રોની સંખ્યા પરથી મૈત્રીનું માપ ન નીકળી શકે. ઠીક હવે, ટૂંકમાં પરિસ્થિતિ આ મુજબ છે. મારી આંખોની શસ્ત્રક્રિયા હજુ થઈ શકે એમ નથી—સોજો ઊતરે નહીં ત્યાં સુધી તો નહીં જ. મોસ્કોમાં શિયાળાએ મને પાંજરામાં પકડાયેલા ઉંદરની જેમ ઝડપી લીધો છે. અહીં ક્લિનિકમાં મને સખત શરદી થઈ ગઈ અને આખો મહિનો તાવ રહ્યો. કાળમુખો ફ્લૂ અને એથી થતું અસુખ અને એમાંથી ઊભા થતા બધા ગૂંચવાડાઓ. મારું તાપમાન હજુ ૩૭° અને ૩૭.૫° (૯૮.૫° અને ૯૯.૫° ફે.) વચ્ચે ચઢઉતર થતું રહે છે. મારી અંદર રહ્યો ગંદો અને મચક ન આપતો તાવનો અંશ હજુ થર્મોમિટરને આંચકા આપ્યા કરે છે. પરિણામે, હું ઠીક ઠીક નબળો પડી ગયો છું (મારી વતી આ લખી રહેલી બિરાદર લીઝા સાથે ઝઘડો કરવા જેટલી શક્તિ પણ નથી રહી). મારો ઇરાદો હવે તમામ તબીબી સંસ્થાઓમાંથી છુટકારો મેળવવાનો છે—અહીંથી ચાલ્યા જવું, ગમે તે થાય, ક્યાં જવું એની પરવા હું કરતો નથી. ઇસ્પિતાલમાંના મારા અસ્તિત્વની વિગતોમાં હું નહીં પડું. એ બધાથી હું ખૂબ કંટાળ્યો છું, થાક્યો છું, મારી જાતને અહીંથી બહાર કાઢવા હું ઘણાં પગલાં લઈ રહ્યો છું. મને ક્રેમલીન ઇસ્પિતાલમાં ખસેડવાનો વિચાર થઈ રહ્યો છે. પણ હું જો શક્ય બને તો આ કે બીજાં કે બધાં જ ચિકિત્સાલયોથી દૂર ચાલ્યા જવાના તમામ પ્રયાસો કરી રહ્યો છું.

૧૦ જાન્યુઆરી. મારા પત્રલેખનમાં ગઈકાલે અણધારી ખલેલ પડી. આજે મારી વતી એ કામ પુરુષ બિરાદર મીશા, મોસ્કોના મારા મિત્ર, કરી રહ્યા છે. તારા પત્રો બાબત લખવાનું, રોઝા, કે એ બધા અમને મળ્યા છે, અને પ્રત્યેક પત્ર બાદ મારું મન મારા લાંબા મૌન બદલ વધુ ને વધુ ડંખતું રહ્યું છે. હા, રોઝા,— મોસ્કોમાં ઓરડો મેળવવા માટે મારા પ્રયાસનું શું પરિણામ આવ્યું એ રાયા પાસેથી મને આવતીકાલે જાણવા મળશે...

તારો ભાઈ મારી પાસે આવવાનો છે. રાયાનો કુલ સમય કરતાં દોઢ ગણો કામમાં જ જાય છે. અમે એકબીજાને ભાગ્યે જ મળીએ છીએ—ચાર કે પાંચ દિવસમાં એક વાર. હાલમાં જ તે પાર્ટીની સફાઈમાંથી સકુશળ પાર ઊતરી છે. સરસ બિરાદરીભર્યું વાતાવરણ. આપણે ધાર્યું હતું તેવું જ. તો તું કહે છે તેમ આપણા બધા જૂના મિત્રો પરણી ગયા છે, ખરું? ઠીક ત્યારે, હવે તારો વારો છે—તું જીવનને ગંભીરતાથી જોવા માંડે એ માટે સમય પાકી ગયો છે! હા, શૂરા ઝિગિરેવા મને તેના સમાચાર લખે છે. પણ મારી નાનકડી ડોશીમા—તારે મને ખાર્કોવમાં જે કંઈ બની રહ્યું છે તેને વિશે તથા આપણા મિત્રો અંગે લખવું જ જોઈએ. અને હું ન લખું ત્યારે માઠું ન લગાડવું. હું તમને બધાંને યાદ કરું છું. એકેએકને. લોકોને એમ જલ્દી ભૂલી જનારાઓમાંનો હું નથી. એ મારી ચૂક નહિ પણ મારું કમનસીબ છે કે હું તમને બધાંને લાંબા પત્રો લખી શકતો નથી. અને રાયા -એ તો કોઈને લખતી જ નથી. ચોતરફથી રોષભરી બૂમો આવે છે. બિચારી મારી "રાયકોમ."* કલ્પના ન આવે એટલી બધી કામમાં રહે છે. આગામી થોડાક દિવસો દરમિયાન મારી તબીબી સારવાર અને બીજી બાબતોમાં ઘણા નવા બનાવો અને પરિવર્તનો થશે. હું તને બધા જ સમાચાર હમણાં જ ન

*રોઝાલિયા બોરીસોવ્નાં લ્યાખોવિચ—ઓસ્ત્રોવ્સ્કીની મિત્ર.—સં.

*રાયકોમ—રાઇઓની કોમીતેત (જિલ્લા પાર્ટી સમિતિ)નું ટૂંકું રૂપ. ઓસ્ત્રોવ્સ્કીએ તેમની પત્નીનું મશ્કરીમાં પાડેલું નામ.—સં.

લખી નાખ તો જાણે મરી જઈશ લાગે છે. એટલે—મને લખજે, લાંબા પત્રો, તે પણ વારંવાર. આ મુખ્ય વાત લખું છું. બાકી બધી મૂર્ખતા છે.

હું તારા હાથ દબાવું છું.

નિકોલાઈ

રાયા પાસે તારું સરનામું છે. પણ આ હું હમણાં જ ટપાલમાં રવાના કરવા માગું છું. એટલે પેન્સિલને સરનામે મોકલું છું. એ તને આપી દેશે.

રાયા પ્રેમપૂર્વક યાદ પાઠવે છે.

નિકોલાઈ

કુટુંબને

મોસ્કો, ૧૨ જાન્યુઆરી, ૧૯૩૦

પ્રિય કોમ્યુનવીરો,

હું તમને વારંવાર લખતો નથી. મારા માટે એ કપરું કામ છે.

તમને સૌને ઉષ્માભર્યાં અભિવાદન. એક બાબત કરવા હું ખૂબ આતુર છું. મા સામ્યવાદી બને એ જોવા હું ઇચ્છું છું. તે પણ એમ ઇચ્છે છે. હું આ વરસ જીવી જઈશ તો એને—આપણી મહેનતકશ માને—એ માટેની તૈયારીમાં મદદ કરીશ. હું ઘણા સમયથી આ ઇચ્છા મારા મનમાં ઘણા વખતથી છે, પણ પહેલાં તો મને ખબર જ નહોતી કે એ પોતે આ અંગે શું માને છે. હવે તો મેં મારા માટે ધ્યેય નક્કી કરી લીધું છે: મા પાર્ટીમાં જોડાય ત્યાં સુધી જીવતા રહેવું. ત્યારે આપણે બધા જ બોલ્શેવિક બની જઈશું—આપણું આખું કુટુંબ. હું થાકી છું, પ્યારાં સ્વજનો. હું ન લખું એથી ગુસ્સે ન થતા. એમાં મારો વાંક નથી.

હું તમારા હાથ દબાવું છું. ઉષ્માથી, ખરા દિલે.

સામ્યવાદી અભિવાદનો,

એન. ઓસ્ત્રોવ્સ્કી

એ. એ. ઝિગિરેવાને

મોસ્કો, ૨૨ ફેબ્રુઆરી, ૧૯૩૦

પ્રિય શૂરોચ્કા,

હું ધારું છું કે તારા પોષિતો તને પત્ર ન લખે એનું તને આશ્ચર્ય થતું હશે. સંજોગો જરાપણ ઉજળા બને શૂરોચ્કા, મારા આ જીવનમાં જરાપણ સારું પરિવર્તન આવે, તો હું એ અંગે તને તુરંત લખી નાખું. પણ વાસ્તવિકતા જોતાં હું જાણું છું કે મારી તકલીફોને કારણે હું તારા જીવનને કેટલી અસ્વસ્થતા અને ચિંતાથી ભરી દઉં છું. હું તને બરોબર ઓળખું છું અને એથી કલ્પના કરી શકું છું કે દરેક બાબત તને વ્યથિત કરશે અને મને મદદ કરવા તું પ્રયાસ કરીશ. પણ હું એટલો સ્વાર્થી બની શકું નહીં. મારા જેવા મિત્રો ચિંતા જ કરાવશે કારણ કે જિંદગી કઠોર છે. જે લોકો પોતાના પગના ટેકે ઊભા રહી શકતા નથી એને એ સાંખી લેતી નથી.

પસાર થતા દિવસોનાં લોખંડી પગલાં હું બીજા લોકો કરતાં સારી રીતે અનુભવી અને સમજી શકું છું અને મારા માટે કંઈપણ અનિર્ણિત રહેતું નથી. પણ, શૂરોચ્કા, પ્રત્યેક દિવસ ગમે તેટલો કઠોર કેમ ન હોય, હું આ બધા આગામી મહિના જીવંત રહેવાનો છું—વધુમાં વધુ એક વરસ—જ્યાં સુધી મારી આંખોની બાબતનો ફેંસલો ન થઈ જાય ત્યાં સુધી.

તને શું કહું, મારી પ્રિય મિત્ર, કેટલાક બિરાદરોએ ઘણી બાબતોમાં મને નાસિપાસ કરી નાખ્યો છે અને તેના પરિણામે મારે કેટલાક આછા આઘાતો અને ફટકા ભોગવવા પડ્યા છે. પણ જિંદગી એવી જ હોય છે.

અંતે તો એ ખરું જ છે કે આજે પરિસ્થિતિ ભલે અંધકારભરી લાગતી હોય પણ આવતીકાલે તે ઉજાસભરીયે હોઈ શકે.

અને હવે મારે મારી પાર્ટી-દુહિતા અંગે, રાયા અંગે, કંઈક સમાચાર કહેવા છે. તેને સોવિયેત સંઘની કોમ્યુનિસ્ટ પાર્ટી(બો)ના ઉમેદવાર સભ્યપદમાંથી હવે પૂર્ણ સભ્યપદ મળ્યું છે.

રાયા, મારી સરસ પત્ની—પાર્ટીને એ મારું છેલ્લું પ્રદાન હશે. જીવનનું પ્રદાન — અનામી લડતોની વીરાંગના, અને પ્રમાણિક નિષ્ઠાવાન કાર્યકર.

હું થાકી ગયો છું, શૂરોચ્કા. હું તારો હાથ દબાવું છું.

લ્યોન્યા અને બીજાં બધાંને મારી શુભેચ્છાઓ.

કોલ્યા

એ. એ. ઝિગિરેવાને

મોસ્કો, ૩ એપ્રિલ, ૧૯૩૦

પ્રિય શૂરા,

મારા પર ૨૨ માર્ચના દિવસે શસ્ત્રક્રિયા કરાઈ. પેરેથાઈરોઈડ ગ્રંથિ દૂર કરવામાં આવી. શસ્ત્રક્રિયા બાદ મારી હાલત ખરાબ હતી પણ હવે સારું થતું જાય છે. મને મોસ્કોમાં એક ઓરડો અપાયો છે. પ્રોફેસરનું એમ

કહેવું છે કે આ શસ્ત્રક્રિયા બાદ મને મારું સ્વાસ્થ્ય પુનઃ પ્રાપ્ત થશે. થોડી વધુ શક્તિ આવશે કે તરત તને મોટો પત્ર લખીશ. તારી પાસેથી, શૂરા, ઘણા સમયથી સમાચાર નથી. તારા હાલચાલ લખજે. કંઈ નહીં તો છેવટે થોડી લીટીઓમાં જ. રાયા બધો સમય મારી સાથે જ છે.

હું તારા હાથ દબાવું છું.

નિકોલાઈ

ના.ક:—આ દુસ્વપ્નભર્યા મહિનાઓ બાદ એપ્રિલ ૧૫ની આસપાસ હું આરામ કરવા સોચી જવા વિચારી રહ્યો છું.

એ. એ. ઝિગિરેવાને

મોસ્કો, ૨૨ એપ્રિલ, ૧૯૩૦

પ્રિય શૂરા,

તને મે-દિનની શુભેચ્છાઓ થોડીક અગાઉથી જ આપી દઉં છું! હું ક્લિનિકમાંથી મારા નવા નિવાસમાં રહેવા આવી ગયો છું. સરનામું: મોસ્કો ૩૪, મ્યોત્વી પેરેઉલોક, મકાન નં.૧૨, ફ્લૅટ નં.૨.

હું બીજી મેની આસપાસ સોચી ચાલ્યો જવા માગું છું. પણ કેવળ વ્યવસ્થાની જ દૃષ્ટિએ એમ થઈ શકશે કે નહીં એની મને ખાતરી નથી… (આ લીટી કાગળનો છેડો આવી ગયો હોવા છતાં તેમણે આગળ લખી હશે એમ સ્પષ્ટ લાગે છે.—સં.) લેનિનગ્રાદના પ્રોફેસર ઓપ્પેલે સૂચવેલી પદ્ધતિ પ્રમાણે પેરેથાઈરોઈડ ગ્રંથિ દૂર કરાઈ. દોઢ કલાક લાગ્યો. શસ્ત્રક્રિયાની જગ્યાએ અંગ નિશ્ચેતન કરી નાખવામાં આવી હતી. એ પછી નવ દિવસ સુધી મારી હાલત ખરાબ રહી—શસ્ત્રક્રિયા પછી તાવ (૪૦°) હતો.

હવે મને નબળાઈ ઘણી છે. પણ પરિણામો સારાં જણાય છે. મારા સાંધાઓમાં હવે થોડું હલનચલન શરૂ થયું છે.

રાયા એ બધી રાતો મારી સાથે રહી. એ કેટલી થાકી હશે એની તું કલ્પના કરી શકે છે. એ કેટલી સુકાઈ ગઈ છે એનો ખ્યાલ બધાને આવી જાય છે.

ડૉક્ટરોનો અભિપ્રાય છે કે મારી શસ્ત્રક્રિયા બાદ તુરત મારે માત્સેસ્તા જવું જોઈએ કારણ કે મારા સાંધાઓમાં ભરાઈ ગયેલું મીઠું ઓગળવા માંડશે.

મારા લોહીમાં કેલ્શિયમનું પ્રમાણ વધુ પડતું છે. એ… (કાગળનો છેડો આવી ગયા છતાં લીટી આગળ લખાઈ છે.—સં.)

શસ્ત્રક્રિયા બાદ મારી આંખોનો સોજો ઊતરી રહ્યો છે. લગભગ મહિનાથી આંખોમાં એકે વાર દુખાવો થયો નથી. સોજો સાવ ઊતરી જાય તો સારું. ત્યારે આવેરબાખ શસ્ત્રક્રિયા કરવા તૈયાર થશે.

તું કેમ લખતી નથી, શૂરોચ્કા? શું કંઈ થયું છે?..

હું તારા તરફથી સમાચારની રાહ જોઈશ. ભલે ને એ એક ચબરખી જ હોય.

મને કહે, શૂરા—આપણે મળવાના છીએ ને, આ વર્ષે?

રાયા પહેલાંની જેમ તેના કારખાનામાં કામ કરવા લાગી છે. હવે તેના પર એક વધુ જવાબદારી છે—ફરતા પુસ્તકાલયનું કામ તેના શિરે મૂકવામાં આવ્યું છે. જોકે હું એનો એટલો બધો સમય લઈ લઉં છું કે તેના બધા કામને તે પહોંચી વળી શકતી નથી.

તેને ટૂંકમાં જ સોવિયેત સંઘની કોમ્યુનિસ્ટ પાર્ટી (બો)નું પૂર્ણ સભ્યપદ મળશે.

હું તને ઘણું ઘણું લખવા માગું છું, પણ હું ખૂબ નબળો પડી ગયો છું, અને વળી અંધ, શૂરોચ્કા. તારા મિત્રોને મારી શુભેચ્છાઓ.

અમે તારા હાથ દબાવીએ છીએ.

નિકોલાઈ અને રાયા

આર. બી. લ્યાખોવિચને

મોસ્કો, ૩૦ એપ્રિલ, ૧૯૩૦

પ્રિય બિરાદર રોઝોચ્કા,

પત્રલેખનની શક્તિ મારામાં રહી નથી. પણ હું પ્રયાસ કરીશ. મને મારા ભાગની ઘણી ઉપાધીઓ મળી ચૂકી છે અને હવે આ નવી મુસીબત: તમે લોકો નથી આવવાનાં. હું આતુરતાપૂર્વક તમને મળવાની રાહ જોઈ રહ્યો હતો. આપણને બધાંને સાંકળતી મૈત્રી પુરવાર કરવા માટે કંઈ પત્રોના ખડકલાની થોડી જ જરૂર છે! જરા થંભી જાઉં. મારે મારી શક્તિનો કરકસર કરવાની છે. એટલે એક વધુ ફટકો પડતાં હું કુદરતી રીતે જ એ પત્રીનાં અટકાવવા. હાથ લંબાવું છું. કારણ કે મેં સોદી છાડ્યું નાખ્યી જરૂ

મુક્કાબાજીની તાલીમના કોથળા જેવી મારી હાલત છે—હું આવી સરખામણી કરું છું કારણ કે મને ફટકા લાગ્યા કરે છે પણ હું સામા ફટકા મારી શકતો નથી. હું જે કંઈ વીતી ગયું એ અંગે, મારી શસ્ત્રક્રિયા અને મારા શરીરે ભોગવેલા તાવના કુલ સરવાળા અંગે, કશું ન લખવાનું પસંદ કરીશ. આ બધું પતી ગયું છે. હું વધુ ગંભીર બની ગયો છું અને ઉંમરમાં જાણે વધુ મોટો દેખાઉં છું, અને વિચિત્ર લાગે એવી વાત છે પણ મારી હિંમત વધી છે. હું સંઘર્ષના અંતિમ તબક્કાની નજીક પહોંચી રહ્યો છું એથી આમ થયું હશે એમ મને લાગે છે.

જ્ઞાનતંતુ નિષ્ણાતો સ્પષ્ટ કહે છે કે હું સાયકોસ્થેનીઆના આખરી તબક્કામાં છું. એ ખરું છે. આઠ ભયંકર મહિનાઓનું પરિણામ. એક વાત સ્પષ્ટ છે, રોઝોચ્કા— અહીંથી તુરંત દૂર ચાલ્યા જવું જરૂરી છે—શાંતિ હોય, મારી આસપાસ મારાં સ્વજનો હોય એની જરૂર છે. મારાં સ્વજનો એટલે કોણ? એટલે મા, રાયા, રોઝા, પેત્યા, મરુસ્યા, બેર્સેનેવ, શૂરા, મીત્યા ઓસ્ત્રોવ્સ્કી અને મીત્યા ખોરુઝેન્કો: એવા લોકો જેમની સાચી મૈત્રી અંગે હું હંમેશાં નિશ્ચિંત રહી શકું. વળી થોડી વાર થંભી જાઉં. ભયાનક મુશ્કેલ તબક્કો પૂરો થઈ ગયો છે.

હું મારી સૌથી કીમતી મૂડીને યથાવત્ સાચવી રાખીને એમાંથી પાર ઊતર્યો છું. મારું મન બધું સ્પષ્ટ સમજી શકે છે અને મારા વિદ્યુતયંત્રને જરા પણ હાનિ નથી થઈ—હું મારા પોલાદી અને કસાયેલા બોલ્શેવિક હૃદયની વાત કરી રહ્યો છું— જોકે મારી શારીરિક શક્તિ લગભગ નેવું ટકા જેટલી ખતમ થઈ ગઈ છે.

આટલું લખાવવામાં મારો આખો દિવસ નીકળી ગયો. મારે સોચી જલ્દી ચાલ્યા જ જવું જોઈએ એ માટે બીજું કારણ એ છે કે અહીં દિવસના ૧૬ કલાક હું એકલો જ હોઉં છું. અને હું જે સ્થિતિમાં છું (એનો) અંત ભયાનક આફતમાં આવશે. આ વિષચક્રમાં રાયાની શક્તિનું છેલ્લું બુંદ ખર્ચાઈ રહ્યું છે. તેને દિવસમાં વધુમાં વધુ ચાર કલાક ઊંઘ મળે છે. પાછો જરાક થંભી જાઉં.

મોસ્કો રહેવા આવવાના તારા વિચાર સાથે હું પૂરેપૂરો સંમત છું (કારણ કે હું પણ અહીં જ રહેવાનો છું- બેશક, જીવતો રહ્યો તો). તને હમણાં અહીં કામ મળી રહે તેમ છે. તારા જેવા લોકોની તો ખાસ જરૂર છે. પાર્ટી અંગે—આપણે એ અંગે હજુ વાતચીત કરીશું. પણ સામાન્ય

સવાલને લાગેવળગે છે ત્યાં સુધી, હું આવા હજુની તરફેણમાં છું... લેનિનના પોલાદી બોલ્શેવિક પાર્ટીનો સભ્ય બન્યા સિવાય કોઈ નવજવાનનો જોસ્સો સો ટકા ઘડાયેલો બની શકે નહીં. એના વિના જીવન નીરસ, નિષ્પ્રાણ છે. આપણા સમય જેવા મહાન, અભૂતપૂર્વ યુગમાં પાર્ટીની કતારોથી બહાર કોઈ કેમ રહી શકે? કુટુંબ, પ્રેમ—એમાંથી કંઈપણ તમને જીવનના સર્વાંગીપણાની ભાવના અર્પી શકે નહીં. કુટુંબ—એટલે કે થોડાક માણસો. પ્રેમ—એટલે કે એક વ્યક્તિ. જ્યારે પાર્ટી એટલે તો ૧૬ લાખ ઇન્સાનો. માત્ર પોતાના કુટુંબ માટે જ જીવવું એ તો પાશવી અહંતા છે. કોઈ એક વ્યક્તિના પ્રેમ ખાતર જીવવું એ અધમતા છે. માત્ર પોતાની જાત ખાતર જ જીવવું એ શરમજનક છે. તું એમાં જોડાઈ જા, રોઝા. કદાચ ફટકા પણ પડે—ક્યારેક ચમચમી ઊઠે એવા ફટકા—પણ તારું સુકાન સ્થિરતાપૂર્વક સોવિયેત સંઘની કોમ્યુનિસ્ટ પાર્ટી(બો)ની દિશામાં જ મક્કમ રાખજે. તો તારું જીવન ભર્યુંભર્યું બની રહેશે. તારા જીવનમાં હેતુ હશે, જીવનની સાર્થકતા માટે. પણ—એ અઘરું છે એટલું ધ્યાનમાં રાખજે. તારે સખત પરિશ્રમ કરવો પડશે. વળી થંભી જાઉં.

તારા સ્વાસ્થ્યનું ધ્યાન રાખજે. તબિયત બગડે તો બધું જ બગડે, આખી જિંદગી બગડે. જો ને, મારી શી હાલત થઈ છે! તું જે ઝંખે છે એ બધું જ મારી પાસે છે, પણ મારી પાસે શક્તિ નથી એટલે કશું જ નથી. આગલી વાત. આપણે મળવું જોઈએ. તારી રજાઓ અમારી જોડે ગાળજે, એટલે કે તારા બીજા કુટુંબ જોડે ગાળજે. તબિયત ખરાબ થવાનો જરાક ભય હોય તો બધું પડતું મૂકી તારું સ્વાસ્થ્ય સુધારજે—એ તો લડવૈયાનો એકમાત્ર અપરિહાર્ય ખજાનો છે. મે દિનની શુભેચ્છાઓ, બંનેને સ્નેહસ્મરણ.

નિકોલાઈ ઓસ્ત્રોવ્સ્કી

પી. એન. નોવિકોવને

સોચી, ૨૩ જૂન, ૧૯૩૦

વહાલા બેટા—પ્યોતર નિકોલાયેવિચ,

લેનિનગ્રાદમાં તારું વર્તન યોગ્ય રાખજે, સરસ મઝાના જુવાનિયા બનજે. તારું માથું ચોપડીઓમાં ઘાલી રાખજે અને તારો બધો સમય નાટ્યગૃહમાં ગાળીશ નહીં. ઝિગિરેવાની ફઈનું સરનામું આ મુજબ છે.

વોલોદાર્સ્કી ઓલ્ગાં.૧, ૧૩મી શેરી, મકાન નં.૩૨, ફ્લેટ નં.૪૦.
પ્રિય પેત્યા!.. હું માનતો હતો કે તું હવે પુખ્ત બન્યો છે. પણ જણાય છે કે તારા પર હજુ પિતાની ચકોરીભરી નજર જરૂરી છે. મારી મંજૂરી વિના પરણી જવા બદલ હું તને માફ કરી શકું એમ નથી. હા, આજકાલ નાનાઓ જે રીતે વર્તવા માંડ્યાં છે – એકદમ ભયંકર! બિચારાં માબાપ માટે આફત જ! ઠીક ત્યારે, જો કંઈ નવું અને રસપ્રદ જુઓ એ અંગે મને લખજે. તને સપ્ટેંબરમાં મળવાની ખૂબ ઇચ્છા છે. તામારા હજુ ખાર્કોવમાં છે કે નહીં એ મને જણાવજે. હું તેને ફરી પત્ર લખવા માગું છું. ખાસ કંઈ સમાચાર નથી.

હેતથી તારા હાથ દબાવું છું.

તારો પિતા નિકોલાઈ

પી. એન. નોવિકોવને

સોચી, ૧૧ સપ્ટેંબર, ૧૯૩૦

હું તને ભયંકર પરેશાનીઓના છેલ્લા આઠ મહિના અંગે લખવા માગતો નથી. દોજખમાં જાય એ બધું! વેદના અને રક્તનું અનંત દુઃસ્વપ્ન— જિંદગી જાણે માંડ માંડ બચી. એક વાતનો મને સંતોષ છે કે અત્યાર સુધી, આ બધું છતાં, મૃત્યુને હાથતાળી આપવામાં અથવા કદાચ તેને ડરાવીને નસાડી મૂકવામાં હું સફળ થયો છું. મારી કાયામાં મોટા જખમનું એક વધુ નિશાન થયું છે—પણ આ વખતે એ જંગમાં થયેલો જખમ નથી. ઇસ્પિતાલમાં થયેલો છે. આખા મામલાનું સરવૈયું એમાં જ આવી જાય છે...

મેં મારા જીવનમાં ખરું અંતસ્તત્ત્વ ભરી દેવાની યોજના ઘડી કાઢી છે માત્ર એ એક જ બાબત હયાતીની હકીકતને ઉચિત ઠરાવી શકે એમ છે. મારી આ યોજના મુશ્કેલ છે, જરાય સહેલી નથી જ. હું તેને અમલમાં મૂકી શકીશ તો તને લખી જણાવીશ. જોકે આમ તો મારા જીવનના માર્ગમાં બિનઆયોજિત કશું જ નથી. હું સીધો જ માર્ગ પકડું છું. એમાં કોઈ "બાંધછોડ" માટે કે વાંકાચૂંકા ચાલવા માટે અવકાશ નથી. હું ક્યાં છું એ હું જાણું છું અને હજી સુધી મને બેચેન બની જવાનું કશું કારણ રહ્યું નથી. જિંદગી જ્યારે દયાહીન બનીને ફટકા મારે ત્યારે રોકકળ કરતા અને

ચીસાચીસ કરી મૂકતા લોકો પ્રત્યે મારા અંગેઅંગમાં ધિક્કાર અને ઘૃણા છૂટે છે.

આજે ભલે હું પથારીમાં જકડાયેલો હોઉં, પણ એનો અર્થ એવો નથી કે મને કોઈ બીમાર કહી શકે. એમ કહેવું તદ્દન ખોટું છે, મૂર્ખાઈભર્યો બકવાદ છે! હું સંપૂર્ણપણે તંદુરસ્ત છું. મારા પગ હાલી ન શકે અને હું કંઈ જોઈ શકું નહીં એથી શું? એ તો સાવ ગેરસમજણ છે—મૂર્ખતાપૂર્ણ ક્રૂર મજાક છે. આજે મને એક પગ અને એક આંખ આપો તો હું પણ નિર્માણકાર્યના દરેક ક્ષેત્રમાં તમારા સૌ જેવો જ સક્રિય યોદ્ધો બની રહીશ.

નિકોલાઈ

પી. એન. નોવિકોવને

મોસ્કો, ૨૬ મે, ૧૯૩૧

...તો પેત્યા, મને મારી "માનવીનું ઘડતર" લખવાની, આખી નવલકથા લખી નાખવાની, તીવ્ર ઝંખના છે. પણ એ ભગીરથ કાર્ય છે— માર્ગમાં કેટલી બધી મુશ્કેલીઓ! હું બોલીને લખાવી શકું એવું કોઈ મારી પાસે નથી. ભારે વિટંબણા છે. પણ હું પર્વતની જેમ અડગ છું. હવે હું લોકોને એક જ તોલે માપું છું કે તેમને લખવાનું કહી શકાય એમ છે કે નહીં. જાતે પણ લખવા બેસી જાઉં છું!!! રાત્રે—એ અવસ્થા તો છે જ—જ્યારે બધા સૂઈ ગયા હોય અને મારા કામમાં અવરોધ નાખે એવો ગણગણાટ ન હોય ત્યારે. કાળમુખી કુદરતે મારી આંખો એવા સમયે છીનવી લીધી છે જ્યારે મને તેની સૌથી વધુ જરૂર છે...

મેં જે કંઈ લખી નાખ્યું છે એમાંનો અમુક ભાગ તને અને ખાર્કોવ ખોતેના મારા મિત્રોને કદાચ હું મોકલી શકીશ. પણ આપણે બધા સાથે હોઈએ તો કેટલું સારું, નહીં! આસપાસ મિત્રો હોય તો મારું જીવન વધુ આનંદી બને. પેત્યા, એક વાત મને કહે: હસ્તપ્રતનાં દરેક પાનાં ટાઈપ કરવાની મને જરૂર પડે તો તું મારા માટે એટલું કરી આપે ખરો, કે પછી એ તારા માટે મુશ્કેલ બનશે? સંપાદક મંડળે આ અંગે નિર્ણય લેવા માટે થોડાક પ્રસંગો જોવા માગ્યા છે અને—જો તો ખરો કેવા માણસો છે! - તેઓ નોટબુકમાં હાથે લખેલું કશું સ્વીકારવા તૈયાર નથી. એ ટાઈપ થયેલું જ હોવું જોઈએ, કાગળની એક જ બાજુ. તને કદાચ લાગશે કે હું તારું

પણ [illegible] મરવા પ્રયાસ કરી રહ્યો છું. પણ તું મને ચોખ્ખો નન્નો સંભળાવી શકે છે, પેત્યા, અને તેમ છતાં આપણી મૈત્રીમાં જરાય ફરક નહીં પડે.

હું તારો પંજો અને તામારાના નાના હાથ દબાવું છું.

કોલ્યા ઓસ્ત્રોવ્સ્કી

એ. એ. ઝિગિરેવાને

મોસ્કો, ૨૮ જૂન, ૧૯૩૧

પ્રિય શૂરોચ્કા,

...ઘણાં લાંબા સમય બાદ તારો પત્ર મળતાં અમને સૌને ખૂબ આનંદ થયો. મુખ્ય વાત એ છે કે તું જીવતી છો અને મહદ અંશે સ્વસ્થ છો. બાકી બધું તો ઠીક. હું આશા રાખું છું કે આપણી વચ્ચે હવે આટલા લાંબા સમય સુધી મૌન નહીં રહે.

તું આપણા મિત્રો વિશે પૂછે છે... પાન્કોવનો પત્તો નથી. અને હમણાં તો મને એની ખાસ જરૂર છે. તેણે મને એક વખત વચન આપ્યું હતું કે પત્રકાર તરીકે તે મને જે કંઈ મદદ કરી શકે એમ હશે તે કરશે... રોઝોચ્કા કામ કરે છે. પરણી નથી. બાકીના બધાનું પૂર્વવત્ ચાલ્યા કરે છે.

મને લખજે, શૂરા, ચોક્કસપણે, કે મારા લખાણનો થોડો ભાગ જોઈ જવા તને સમય અને ઇચ્છા છે કે નહીં: એમ હોય તો હું એ બધું ગોઠવીને તને મોકલી આપીશ. તું પાર્ટીમાં કોઈ પત્રકારોને કે એવા કોઈ માણસોને ઓળખતી હોય તો તેમને કદાચ મારું લખાણ વાંચવા આપી શકે અને તેઓ આ અંગે શું કહે છે એ જાણી શકે.

આ અંગે વધુ તને પછીથી લખીશ.

મોસ્કોમાં મારા બહુ ઓછા મિત્રો છે. બે જ આમ તો. એક જૂનો બોલ્શેવિક છે, બીજો એક યુવાન છે.

હું તારો હાથ દબાવું છું.

એન. ઓસ્ત્રોવ્સ્કી

પી. એન. નોવિકોવને

મોસ્કો, ૪ જુલાઈ, ૧૯૩૧

...આમ, હું ઘેરાઈ રહ્યો છું. મારી શક્તિ ક્ષીણ થતી હું અનુભવી શકું છું. માત્ર મારું મનોબળ કાયમ છે, હંમેશની જેમ દૃઢ અને સ્પષ્ટ.

એ ન હોત તો હું ગાંડો થઈ જાત, કે એથીય બદતર. છેલ્લા ૨૦ દિવસમાં એક લીટી સુધ્ધાં લખી નથી. બધું સાવ ઠપ. અને હું વિચાર્યા કરું છું: આની અમાનવીય પરિસ્થિતિમાં [illegible] [illegible] કેવી [illegible] [illegible]? તમે લોકો ગુણવત્તા અંગે કેમ એક અક્ષર પણ લખતા નથી? તમે શું માનો છો એ જાણવા હું આતુર છું. 'માનવીનું ઘડતર'માં બધું વાસ્તવિકતાનું જ બયાન છે. વાસ્તવિકતા સિવાય કશું નહીં, હું કામદાર વર્ગના યુવકગણને, તેના સંઘર્ષ અને ઘડતરકાર્યમાં [illegible] દર્શાવવા પ્રયત્ન કરું છું. મારા લખાણની, એની ગુણવત્તાની, ટીકા કરીને મને લખી મોકલજો. એ અંગે કેમ તમે એક અક્ષર પણ લખતા નથી? પેત્યા, આ પત્ર રોઝા અને તામારાને પણ વાંચવા આપજે.

તેં, પેત્યા, કે તામારાએ હજુ સુધી આખું પુસ્તક વાંચ્યું નથી. અફસોસની વાત છે. મેં મારા મિત્રોને ટીકાની ઝડી વરસાવવા વારંવાર આગ્રહપૂર્વક કહ્યું છે, જેથી મને ખબર પડે કે મારી નબળી બાજુ કઈ છે. અને તેં મને લખ્યું કે વાક્યો લાંબાં છે, ત્યારે મેં વિરામ ચિહ્નો તપાસ્યાં, અને હું સડક જ થઈ ગયો. જે પ્રકરણ તેં જોયું નથી એની ટાઈપ થયેલી નકલમાં મારે ૮૪૦ અલ્પવિરામ ચિહ્નો અને બીજાં ચિહ્નો ઉમેરવા પડ્યાં. અને એ ટાઈપ કરનાર કૉલેજનો વિદ્યાર્થી હતો!

લેખક મંડળમાં મારા પુસ્તક અંગે હાલમાં ઉગ્ર ચર્ચા થઈ રહી છે અને એ 'મોલોદાયા ગ્વાર્દીયા' પ્રકાશનગૃહના સંપાદક મંડળને સુપ્રત કરાયું છે. ગમે તે ક્ષણે એનો ચુકાદો આવશે એવી મારી ધારણા છે. જીવને મને લોખંડની જે જાળીમાં કેદ કર્યો છે એની સામે મેં મારી જાતને ટકરાવી છે. પાછલી હરોળમાંથી નીકળવા, સંઘર્ષ અને શ્રમની પ્રથમ હરોળોમાં ફરી જોડાઈ જવા, હું જે વર્ગનો છું એની સાથે થઈ જવા, હું પ્રયાસો કરી રહ્યો છું. મારા જેવી નિરાશાજનક હાલતમાં કોઈ બોલ્શેવિક પોતાની પાર્ટીને ઉપયોગી ન થઈ શકે એમ જો કોઈ લોકો માનતા હોય તો એ તેમની ભૂલ છે. પ્રકાશનગૃહ ખાતે જો મારો ખાતમો થઈ જશે તો હું ફરી કામ કરવા મંડી પડીશ. અને એ આખરી લડાઈ હશે. મારે જીવનના "ધબકાર" ફરી માણવા છે. એ મારી તીવ્ર ઝંખના છે, અને મારા પોતાના અસ્તિત્વના પડછાયા જેમ વધુ અંધકારમય બને છે તેમ મારી આકાંક્ષા વધુ પ્રદીપ્ત બને છે.

હું તારા, તમારા સૌના, હાથ દબાવું છું. ટૂંક વખતમાં સમાચાર મોકલીશ. હું વિજયની આશા સેવું છું.

નિકોલાઈ

એ. એ. ઝિગિરેવાને

મોસ્કો, ૯ ડિસેંબર ૧૯૩૧

પ્રિય મિત્ર,

હમણાં જ તારો પત્ર મળ્યો, પ્રિય મિત્ર! લખવાનું જો મારા માટે આટલું મુશ્કેલ કાર્ય ન હોત તો હું તને કેટલા બધા પત્રો લખત, મારા બહુ જ પ્રિય મિત્ર! હું તારા પત્રની, મારા પુસ્તક વિશે તારા વિચારો જાણવાની, બહુ આતુરતાથી વાટ જોતો રહ્યો છું.

શૂરોચ્કા! પત્ર દ્વારા તો હું તને પુસ્તક કેવા સંજોગોમાં લખાયું એનું વર્ણન કરવા સિવાય બીજું કંઈ ભાગ્યે જ કહી શકું. આવા અકથ્ય મુશ્કેલ સંજોગો ન હોત તો પુસ્તક આથી સારું લખાયું હોત, શૂરોચ્કા, સરખામણી ન થઈ એટલું બહેતર લખાયું હોત. લખાવવા માટે કોઈ મળતું નહોતું. નિરાંત પણ નહોતી અને શાંતિ પણ નહોતી, કશું જ નહોતું. પાર્ટી માટે સાવ નકામા બોજા કરતાં કંઈક બહેતર બનવાનો એક વધુ પ્રયાસ કર્યા વિના હું મારી જાત પર ફિટકાર વરસાવી શકું નહીં. હું સાહિત્યનો અભ્યાસ કરી રહ્યો છું. ખંતથી. આમ તો, હું થોડું ઘણું માંડ ભણ્યો છું. મને ખાતરી છે કે મેં અત્યાર સુધી લખ્યું છે એથી વધુ સારું હવે હું લખી શકીશ. ખંતપૂર્વકના અભ્યાસ અને નિષ્ઠાપૂર્વકના શ્રમથી ગુણવત્તા આવશે. પણ એ બધું તો જ થાય જો પ્રકાશનગૃહો મને સાવ ખતમ કરી ન નાખે—મારા પ્રથમ પ્રયાસમાં જ દરવાજો દેખાડી દેવામાં ન આવે. અને છતાં એવી ધારણા તો સ્વાભાવિક જ છે. મારું લખાણ કેટલું નબળું હશે એ હું જાણું છું. માત્ર તું જ મારી કરુણ દશા સમજે છે. પ્રકાશકોનો તો એક જ માપદંડ છે: ગુણવત્તા. (મારા જેવા લોકો માટે લખવાનું મુશ્કેલ છે).

...હસ્તપ્રત અંગે તેં ખરાબ અભિપ્રાય આપ્યો નથી. એથી મને આનંદ થયો. આવા અત્યંત ખરાબ સંજોગોમાં હું સારું લખી શક્યો છું અને તને એ નિરસ કે નિરર્થક નથી લાગ્યું—એથી મને હર્ષ થયો છે. હસ્તપ્રત સંબંધી તમામ અધિકારો હું તને આપું છું. મને વિશ્વાસ છે કે આ પુસ્તક અંગે પ્રકાશકો વિચારણા કરે અને નિર્ણય લે એ માટે તું બધું જ કરી છૂટીશ. તું જ, બીજું કોઈ નહીં. આખર હું તો માત્ર એટલો જ અનુરોધ કરું છું કે આ પુસ્તક સંપાદકો પાસે ખડકાતા હસ્તપ્રતોના ઢગલાઓમાં વર્ષો સુધી અટવાયા ન કરે. સાહિત્યક્ષેત્રે નવા જનસમૂહ

આવી ઊમટી છે અને સંપાદકમંડળો અત્યંત કામમાં ડૂબેલાં હોય છે—હજારો હસ્તપ્રતોનો ધોધ આવતો રહેતો હોય છે, અને એમાંથી માત્ર થોડીક જ ક્યારેક પ્રકાશિત થશે.

હું તારી પાસેથી લાંબા પત્રની આશા રાખી રહ્યો છું. આટલા લાંબા ગાળા લખવા બદલ મને ઠપકો ન આપીશ. બીજાના હાથે લખવાનું એટલું સરળ નથી. અને તું લખે ત્યારે કોર્ચાગિન અંગે પણ લખજે. આ યુવાન કામદાર અને યુવાન સામ્યવાદીના જીવનને કંઈક અંશે જીવંત રીતે રજૂ કરવામાં હું સફળ થયો છું?

તારું જીવન કેમ ચાલી રહ્યું છે એ લખજે. હા, તારી પાસેથી લાંબા પત્રની અમને આશા છે. અને તને મળવાનું મને કેટલું મન થાય છે, શૂરોચ્કા! અહીંયાં હવામાં સખત ઠાર છે—માઈનસ ૨૦°—૨૪° ડિગ્રી. કુટુંબમાં સૌ વારાફરતી માંદાં હતાં—રાયા પણ. અમને ભૂલીશ નહીં. અને મારા પુસ્તકની જે કંઈ ટીકા થતી હોય એ મને નિખાલસપણે લખજે.

નિકોલાઈ

એ. એ. ઝિગિરેવાને

મોસ્કો, ૨૮ ડિસેંબર, ૧૯૩૧

પ્રિય શૂરોચ્કા,

આ હું જાતે જ લખી રહ્યો છું. આ ગરબડીયું લખાણ તું વાંચી શકે છે? અમારી જોડે છ દિવસ ગાળવા શેપેતોવ્કાથી મારો ભાઈ આવ્યો છે. મારા લખાણના કાચા મુસદ્દાનાં પાંચ પ્રકરણો ત્યાં પાર્ટીની મિટિંગમાં વાંચવામાં આવ્યાં હતાં. લોકોએ એનાં વખાણ કર્યાં અને નગરના ક્રાંતિકારી આંદોલનના ઇતિહાસના અભ્યાસ તરીકે એને આવકાર આપ્યો છે. તરુણ સામ્યવાદી સંઘ સંબંધી સાહિત્યનું દેશવ્યાપી અવલોકન ચાલી રહ્યું છે, અને 'મોલોદાયા ગ્વાર્દિયા' પ્રકાશનગૃહે મારી હસ્તપ્રત જોવા માગી છે. પણ મેં લેનિનગ્રાદથી તું જવાબ લખે ત્યાં સુધી રાહ જોવાનું નક્કી કર્યું છે. અંતે તો એ જો લે(નિનગ્રાદ)માં અસ્વીકાર્ય હશે તો અહીં પણ અસ્વીકાર્ય જ બનશે...

આ દિવસોમાં લખવાનું કશું કરતો નથી. અત્યંત થાક્યો છું. આ બધા મહિનાઓના સખત પરિશ્રમ પછી તો... તારી તરફથી સમાચારની રાહ જોઈશ. તારા નાના ભાઈને ભૂલીશ નહીં.

કોલ્યા

એ. એ. ઝિગિરેવાને

મોસ્કો, ૩૧ જાન્યુઆરી, ૧૯૩૨

પ્રિય શૂરોચ્કા,

તારો પત્ર ગઈકાલે, ૩૦મીએ મળ્યો. એ મને વાંચી સંભળાવવામાં આવ્યો ત્યારે મારું હૃદય કેવું ધબકી ઊઠ્યું હતું, શૂરા, એની તને ખબર નથી. હું મારી જાતને પૂછ્યા કરું છું—શું ખુશીએ ખરેખર મારી તરફ હાથ લંબાવ્યો છે અને (હું) સંગ્રહસ્થાનના અંધારા ખૂણામાંથી ફરી પાછો રણમેદાનમાં સેનાની હરોળમાં સામેલ થઈ રહ્યો છું? શું એવું ખરેખર હોઈ શકે કે આ યુવાન—આ હું પાર્ટી પ્રત્યેના મારા ઋણનો અંશ પણ એને ચૂકવી શકીશ? હું મારા દિવસો નિરર્થક આળસુપણામાં ગાળવાનું બંધ કરી શકીશ? અને હું મારી જાત પર અંકુશ રાખ્યા કરું છું. "જરા થોભ, યુવાન", હું મારી જાતને કહ્યું કરું, "અધીરો થા મા. જીવન તને ક્યાંક ફરી ફટકો મારશે, સ્વપ્નો જોવા માટે સજા કરશે."

એટલે, એ ફટકો સહન કરવાનું વધુ સરળ બને એ માટે હું મારી જાતને માનવા નહીં દઉં કે હું સફળ થયો છું. જીવન મને કેવળ હકીકતોમાં જ વિશ્વાસ મૂકવા દે છે...

રાયા હંમેશાં સવારથી સાંજ સુધી કારખાનામાં હોય છે અને હું ઘણી વાર તડપું છું કે મારી આસપાસ માણસો હોય—ઉત્સાહ અને આશાદથી તરવરતા માણસો. આથી મેં નિર્ણય કર્યો છે કે... અમારા ઓરડાને યુવાનીના ઊછળતા ઉમંગથી ભરી દેવો.

મેં દેપેનોવ્કાના યુવાનોમાં સાહિત્યિક જૂથની રચના કરવાનું માથે લીધું છે. 'યુન ઓક્ત્યાબ્ર્યા' (ઓક્ટોબરનો માર્ગ) અખબારે મારી ઓફરનો સ્વીકાર કર્યો છે. દર દસમે દિવસે એમાં "સાહિત્યનું પાનું" આવે છે. અને આમ હું કહું તો અર્ધદગ્ધ લેખક, પણ બની ગયો છું સાહિત્યિક જૂથનો નેતા. અને મને ઉક્રાઈનિયન ભાષાની પદ્યરચનાઓનો પ્રથમ થોકડો

ટીકાટિપ્પણ માટે મોકલી આપવામાં આવ્યો છે. બસ, શૂરોચ્કા - મારે માત્ર આટલા જ સમાચાર લખવાના છે.

તને મળવાની કેટલી બધી ઈચ્છા થાય છે, શૂરોચ્કા! આટલી બધી કડવાશ, આટલા બધા વિરોધાભાસો, અને એની સાથે જ—અનંત ઉત્સાહ, સર્જનાત્મક જીવનની નવી આશાઓ.

ઘણાથી ભૂલી જવાયેલો હું હવે યુવકગણ સાથે નવા સંપર્કો સાધતો રહ્યો છું. મારા લખાણને આવકાર મળે છે અને હું જેને વિષે લખું છું એ નગરના તરુણ લોકો (જ્યારે) માન્યતા આપતા હસ્તાક્ષર કરે છે ત્યારે મારું હૃદય ભરાઈ આવે છે, ઉષ્મા અનુભવે છે. શીતસરની શાળામાં થયેલી મારા પુસ્તકની ચર્ચા અંગે વિદ્યાર્થીઓના એક જૂથ મને લખ્યું છે.

તું જો મને "હા" લખી જણાવે, ત્રીજી કે ચોથી તારીખ સુધીમાં, તો હું કહીશ—નિકોલાઈનો પુનર્જન્મ થયો છે.

હું તારા પત્રની રાહ જોઈશ.

એન. ઓસ્ત્રોવ્સ્કી

એ. એ. ઝિગિરેવાને

મોસ્કો, ૨૨ ફેબ્રુઆરી, ૧૯૩૨

પ્રિય મિત્ર શૂરોચ્કા,

મારા સાહિત્ય ક્ષેત્રના શુભ સમાચાર મારે તને કહેવા જ જોઈએ. ગઈકાલે મારી પાસે મુલાકાતીઓ આવ્યા હતા— ફેદેનેવ અને એમની સાથે બિરાદર કોલોસોવ, 'મોલોદાયા ગ્વાર્દિયા' સામયિકના સહાયક તંત્રી. મારી હસ્તપ્રત અંગે અહીં મોસ્કોમાં ચર્ચા થઈ હતી. બિરાદર કોલોસોવે પણ તે વાંચી છે... એટલે તેઓ ગઈકાલે આવી ચડ્યા અને તેમણે કહ્યું:

"અમારી પાસે તમારા લખાણ જેવું કોઈ લખાણ નથી. પુસ્તક સારી રીતે લખાયેલું છે અને તમે સર્જનાત્મક કાર્ય કરી શકો એવી પૂર્ણ સંભાવના છે. મારા હૃદયમાં ઊંડી અસર પડી. અમે એને પ્રકાશિત કરવાનો નિર્ણય લીધો છે... હું તમને બીજા લેખકો સાથે સંપર્કમાં આણીશ, અને અમે તમને પુસ્તક પ્રસિદ્ધ થાય એ પહેલાં જ કામદાર લેખકોની મોસ્કો સંસ્થા(ના) સભ્ય બનાવશું."

ખરો જવાબ મેળવવા નક્કી દશ દિવસમાં ફરી આવવા માટે તેમણે મને વચન આપ્યું છે. એટલે શૂરોચ્કા, લેનિનગ્રાડમાં મારો પત્તો ન ખાય તો આવતો જઈ શકાય એવી અનામત મારી પાસે છે મારું પુસ્તક બહાર પડવાની સીધી ઓફર. જોકે હજુ કોઈ લેખિત કરાર થયા નથી, કોઈ દસ્તાવેજ નથી, માત્ર વાતચીત. પણ — એ લગભગ વિજય છે. લગભગ... લેનિને આપણને શબ્દોમાં વિશ્વાસ ન રાખવાની ચેતવણી આપી છે ને?

ઠીક, તો લેનિનગ્રાડના પ્રકાશકો જોડે આપણું પ્રકરણ કેવુંક ચાલી રહ્યું છે, શૂરોચ્કા? સફળતા કે નિષ્ફળતા? હું એ અંગે તારી પાસેથી સમાચારની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યો છું. હું તને એક ક્ષણ પણ જંપવા દેતો નથી! આ કદીય ન સુધરનારો માણસ ક્યારે તારો જીવ ખાવાનું બંધ કરશે?—એ તું જાણવા માગે છે એમ મને લાગે છે. પણ હું કહી શકું એમ નથી.

મારું કાર્ય મારા જૂના સંપર્કો તાજા કરી રહ્યું છે. જે લોકો મને ઘણા સમયથી ભૂલી ગયા હતા એમના પત્રો આવે છે. શ્રમ અને સંઘર્ષનો વિજય હજો! કોલ્યા ખરેખર લોખંડની જાળીને ભેદીને આગેકૂચ કરતા કામદારોની કતારમાં જોડાઈ શકશે એવી આશા આમાં રહેલી છે.

હું સાહિત્યિક અભ્યાસમાં મગ્ન થઈ રહ્યો છું અને આગામી કાર્ય માટે મારી યોજનાઓની રૂપરેખા તૈયાર કરી રહ્યો છું. સૌથી પ્રથમ—અભ્યાસ અને ફરી ફરી અભ્યાસ...

તારો,
કોલ્યા

પી. એન. નોવિકોવને

મોસ્કો, ૪ એપ્રિલ, ૧૯૩૨

આખા પરિવાર તરફથી શુભેચ્છાઓ.

પ્રિય પેત્યા અને મારા, ન્યુમોનિયાના બીજા હુમલા બાદ મને હજુ નબળાઈ વર્તાય છે. હાડપિંજર જેવી ડોકરીએ — મૃત્યુએ — બે વખત મારું ગળું પકડી લીધું હતું. પણ હમણાં મરવાનો મને અધિકાર નથી. એટલે ત્રાસજનક ૪૭ દિવસો બાદ હું ફરી સ્વસ્થ થઈ રહ્યો છું. મેં લખ્યું નથી એનું કારણ આ બધું છે.

પ્રિય મિત્રો, આ પૂરા ગાળામાં મારા પુસ્તક અંગે ઘણી સુખદ ઘટનાઓ બની છે. ટૂંકમાં તે આ મુજબ છે.

સંઘની અને પાર્ટીની કેન્દ્રીય સમિતિઓના મુખપત્ર 'મોલોદાયા ગ્વાર્દિયા' સામયિકના ૧૫ એપ્રિલે બહાર પડનારા અંકમાં પુસ્તકના પ્રથમ ત્રણ હપ્તાઓ છપાશે. બાકીના એ પછીના અંકોમાં છપાશે. પુસ્તકાકારે પ્રગટ થતા પહેલાં આખું પુસ્તક સામયિકમાં પ્રસિદ્ધ થશે. સંઘની જયંતીના પ્રારંભ સુધીમાં એ પુસ્તકાકારે પ્રસિદ્ધિ માટે તૈયાર થઈ જશે. હાલ પૂરતી દશ હજાર નકલો છાપવાનું નક્કી કરાયું છે.

પ્રકાશકો મને પુસ્તકના બીજા ભાગ માટે આગળ ધપવા જણાવે છે. કામદાર લેખકોની મોસ્કો સંસ્થાના સભ્ય તરીકે મારો સ્વીકાર થઈ ચૂક્યો છે. આ મૂર્ખ માંદગીએ 'માનવીનું ઘડતર'ના બીજા ભાગનું કાર્ય પાછળ ઠેલ્યું છે.

જીવનનાં દ્વાર મારી સમક્ષ સંપૂર્ણપણે ખુલ્લાં થયાં છે. મારું સૌથી વહાલું સ્વપ્ન સક્રિય સંઘર્ષમાં પાછા ફરવાનું—સાચું પડ્યું છે.

સર્જનાત્મક કાર્ય માટે હવે સંજોગો સાનુકૂળ છે. જીવન હવે ભર્યું ભર્યું છે—ઊભરાઈ જાય એટલું. શ્રમ, વૃદ્ધિ, સિદ્ધિ ભણી આગેકૂચ! મારા હાથ જોરથી દબાવો, વહાલા બિરાદરો! મારો વિજય તમારો વિજય છે! મારું હૃદય ખુશીથી કેવું ધબકી રહ્યું છે એ તમે સાંભળી શકો છો? પુસ્તક છપાઈ જાય એટલે પ્રથમ નકલ તમને મળશે, પેત્યા અને મારા!

તમારો,
કોલ્યા ઓસ્ત્રોવ્સ્કી

એ. એ. ઝિગિરેવાને

મોસ્કો, ૭ મે, ૧૯૩૨

શૂરા, પ્રિય મિત્ર,

મેં છેલ્લો પત્ર લખ્યો એને ઘણો સમય થયો. તને પણ એ જ લાગુ પડે છે. ખાસ સમાચાર નથી. મારી તબિયત નાદુરસ્ત કહેવાય એવી જ રહે છે. સારી પણ નહીં ને ખરાબ પણ નહીં, પણ તોયે કોઈ કામ કરવાની મારામાં શક્તિ નથી.

'મો. ગ્વા.' સામયિકનો ચોથો અંક આજે જ બહાર પડ્યો. હું પ્રથમ વાર જ કહી શકું એમ છું કે મારી કથાનો એક હિસ્સો છપાઈ ગયો છે.

તને યાદ હોય, શૂરોચ્કા, તો મેં તને એક વખત મારા લખાણ અંગેના અભિપ્રાયો, તને બિરાદરોએ કંઈ આપ્યા હોય તો, મોકલવા જણાવ્યું હતું, જેથી હું તેનો અભ્યાસ કરી શકું. અહીં હું એવું કંઈ મેળવી શકતો નથી. આ લોકો આપતા જ નથી, ખરા છે! અથવા કદાચ અભિપ્રાયો ગેરવલ્લે પડી ગયા હોય. બીજું પુસ્તક લખવાનું હું શરૂ કરું એ પહેલાં મારી ક્ષતિઓ મારે જાણવી છે, જેથી તેનું પુનરાવર્તન ટાળી શકાય.

ફેદેનેવ બાબા મારો પ્રકાશકો સાથેનો બધો કારભાર સંભાળે છે. જાણે "નસીબે" જ એમને મારી પાસે મોકલ્યા છે. તેઓ ૧૯૦૪થી પાર્ટીમાં છે અને જેલજીવન પણ ઓછું નથી ભોગવ્યું... તેઓ અવારનવાર મને મળવા આવે છે અને મને બધા સમાચારો સંભળાવે છે. અને પ્રકાશકો પાસેથી પૈસા પણ લઈ આવે છે...

હું તારા પત્રોની આશા રાખું છું. તને 'મોલોદાયા ગ્વાર્દિયા' જો લેનિનગ્રાદમાં ન મળી શકે તો હું તને મારી પ્રૂફ નકલો મોકલી આપીશ. મને બધી બાબતો અંગે લખજે—સરસ લાંબો પત્ર. લેનિનગ્રાદથી આવનારા સમાચારની હું યુગોથી રાહ જોઈ રહ્યો છું. અમારા આખા કુટુંબ તરફથી શુભેચ્છાઓ. લ્યોન્યાને મારો પ્યાર.

તારો,
નિકોલાઈ

હું શું લખું છું એ તું ઉકેલી શકે છે? મેં પહેલાં પણ આ તને પૂછ્યું હતું. અને એથી તને ભારે થાક લાગે છે—આ બધું ઉકેલવાનું? જો એમ હોય તો હું હજુ વધુ "કાળજીથી" લખવા પ્રયાસ કરીશ.

એ. એ. ઝિગિરેવાને

મોસ્કો, ૨૦ મે, ૧૯૩૨

મારી પોતાની પ્રિય શૂરોચ્કા,

...એમ જણાય છે કે સંઘની કેંદ્રિય સમિતિના સંસ્કૃતિ અને પ્રચાર વિભાગમાં મારી નવલકથા વંચાઈ રહી છે અને એને અંગે સારો અભિપ્રાય

બંધાયો છે. વળી તેમણે મને સર્જનાત્મક કાર્ય આગળ ધપાવવામાં મદદ કરવાનો નિર્ણય કર્યો છે.

...નિર્ણય: મને તુરંત મોસ્કોથી સોચી ખસેડવો—પહેલાં ડ્રૂઝ્બે સેનેટોરીયમમાં અને પછી મારા પોતાના રહેઠાણમાં. મારે આખો ઉનાળો સોચીમાં ગાળવાનો, પછી શિયાળામાં પાછા મોસ્કો, અને દર વરસે એમ જ કરવામાં આવશે. આ બધી વ્યવસ્થા ઝડપથી કરાશે. કે. સ. સોચી તાર કરીને મારા માટે ઓરડાઓ તૈયાર રાખવા જણાવશે, વગેરે...

શૂરોચ્કા, પ્રિય, તો આપણે સોચીમાં મળશું. તને મળીને મને કેટલો આનંદ થશે...

તને 'મો. ગ્વા.'ના ચોથા અંકની નકલ મળી કે નહીં એ મને જણાવજે. ન મળી હોય તો હું તને મોકલી આપીશ. નવલકથા (હું એને માત્ર વાર્તા જ કહેવાય એમ ઇચ્છતો હતો) પહેલાં તેમણે (મારો) તં(ત્રી મંડળ) પર લખાયેલો પત્ર છાપ્યો છે. એ માટે એમણે મારી પરવાનગી માગી નહોતી. એ સારું નથી લાગતું—જાણે કેમ જાહેરખબર હોય. કેટલાક ભયંકર મુદ્રણદોષો પણ છે. કામમાં બેપરવાઈ થઈ છે. પુસ્તક પાંચ હપ્તામાં છપાશે—'મો. ગ્વા.'ના પાંચ અંકોમાં. એ લોકોએ અંત ટૂંકાવી નાખ્યો છે—એ બહુ લાંબો છે અને કાગળની તંગી છે. અને એ જ કારણસર તેમણે અહીંતહીં થોડી કાપકૂપ પણ કરી છે. પુસ્તકને થોડુંક ખરાબ કર્યું, પણ શું થઈ શકે! આ તો મારું પ્રથમ પગલું જ છે...

હું તારા પત્રોની રાહ જોઈશ. કંઈ નવું હશે તો તને જણાવીશ.

હું તારા હાથ દબાવું છું.

તારો,
નિકોલાઈ

આખા પરિવારનાં હાર્દિક અભિવાદન.

એ. એ. ઝિગિરેવાને

સોચી, ૭ ઓગસ્ટ, ૧૯૩૨

શૂરોચ્કા, પરમ પ્રિય,

આખો દિવસ ખુલ્લી હવામાં કેટલાંક ઓક વૃક્ષો હેઠળ ગાળ્યો.

હું ફરી કામે લાગી ગયો છું. નવમા પ્રકરણની જરૂર છે. રજીસ્ટર કરીને મોકલી આપજે.

હું અહીં તારી રાહ જોઉં છું, શૂરોચ્કા. 'ક્રાસ્નાયા મોસ્કવા' સેનેટોરિયમમાં રહેવાનું થાય એવો પ્રયાસ કરજે. એ અહીંથી માત્ર ૨૦ ડગલાં દૂર છે. સપ્ટેમ્બર બહુ સરસ રીતે ગાળીશું! અમે તને મળવા ઇચ્છીએ છીએ, ર. અને હું.

હમણાં હવામાન ખુશનુમા છે. પણ જુલાઈમાં ૧૮ દિવસ વરસાદ પડ્યો હતો. બિરા૦ ફેદેનેવ આવ્યા છે, અને પુષ્કળ સમાચાર લાવ્યા છે...

હમણાં વધુ કશું નહીં. મને નવમું પ્રકરણ મોકલી આપજે. તંત્રીઓએ એનો અડધો ભાગ (અંત) કાગળની અછતને કારણે કાપી નાખ્યો છે, અને હું એને પુસ્તકના બીજા ભાગમાં મૂકી રહ્યો છું.

મા તરફથી આદરભરી યાદ. લખજે!

તારો કોલ્યા

હસ્તપ્રત અંગે તને કોઈ અભિપ્રાયો મળ્યા હોય તો મોકલી આપજે.

એ. એ. ઝિગિરેવાને

સોચી, ૧૬ ડિસેંબર, ૧૯૩૨

શૂરા, પ્રિય મિત્ર,

હું બીજા પુસ્તકનું કામ ખૂબ મહેનતથી કરી રહ્યો છું. એટલે પત્ર ન લખી શક્યો. ગઈકાલે એક મોટું પ્રકરણ પૂરું કર્યું અને આજે મેં "રજાનો દિવસ" રાખ્યો છે.

આગામી થોડાક દિવસોમાં મને અંતે મોસ્કોથી મારા પુસ્તકની દશ નકલો મોકલાશે. હું તરત તને એક મોકલી આપીશ, પ્રિય શૂરા!

એક નકલ મળી ગઈ છે. તેમણે ખરેખર સારી મહેનત લીધી છે... ટૂંકમાં જ તું જાતે એ જોઈ શકીશ. ૧૦૩૦૦ નકલો છપાઈ છે. પાકું પૂંઠું, અને આપના સ્નેહાધીનની તસવીર સાથે.

ગુણવત્તા માટે ભારે પ્રયાસ કરતાં રહીને મેં બીજા પુસ્તકનું ચોથા ભાગનું લખાણ પૂરું કર્યું છે. પ્રથમ પુસ્તક અંગે અહીંતહીં કશુંક લખાતું રહે છે, પણ એના પર બહુ આકરા પ્રહારો થતા નથી. 'મો. ગ્વા.'ની ગંભીર આલોચનાત્મક અવલોકન છાપવાનો યોજના છે! જોઈશું, કેવું આવે છે.

સોચીમાં હમણાં અમારું આખું કુટુંબ છે. મા અને મારા ઉપરાંત મારા ભાઈની નાની દશ વર્ષની દીકરી ઝીના અમારી સાથે રહે છે. હવામાન ઠંડું છે. મારું સ્વાસ્થ્ય નરમગરમ રહ્યા કરે છે — મારા કામમાં અડચણ નાખતું નથી. પણ મા હંમેશાં નિસાસા નાખ્યા કરે છે. એનું શરીર નબળું પડી ગયું છે અને મનોબળ પણ પહેલાં જેવું રહ્યું નથી...

પાર્ટીની આંતરિક સફાઈના વખતે હું ફરી શ્રમજીવી તરીકે આગળ આવ્યો છું. હવે નિષ્ક્રિય નથી રહ્યો.

કંઈ સમાચાર હશે તો હું તને લખીશ. મા સ્નેહભીની શુભેચ્છાઓ મોકલે છે.

તારો,

કોલ્યા

એ. એ. ઝિગિરેવાને

સોચી, ૨૨ ડિસેંબર, ૧૯૩૨

પ્રિય શૂરોચ્કા,

તારો પત્ર હમણાં જ મળ્યો. ન લખવા બદલ મને માફ કરજે. હું બને એટલી શક્તિ લગાવીને કરું છું. મારું પુસ્તક આજે તને ટપાલમાં રવાના કરીશ...

ગયા ઉનાળામાં હું તને મળવા કેટલો ઝંખતો હતો! ઠીક, હવે હું ૧૯૩૩માં મુલાકાતની આશા રાખવાનો પ્રયત્ન કરીશ.

કામ કરવા માટે મારા સંજોગો અનુકૂળ નથી, પણ હું લડત જારી રાખું છું. તને આરંભનાં થોડાં પ્રકરણો મોકલીશ.

મારી આસપાસ ખરેખર મજબૂત મનવાળા માણસો હોય એમ હું ઝંખું છું.

માની તબિયત જરાયે સારી નથી. બિચારી આખો દિવસ નિસાસા નાખ્યા કરે છે. આવી હાલત ખાસ પ્રેરણાદાયક નથી. ખંતથી મંડ્યા રહેવું તમામ અવરોધો સામે મારું એ હથિયાર છે. અને અવરોધો તો અગણિત છે. દિવસો ઉદાસીભર્યા અને મુશ્કેલ છે. પણ મારું સમગ્ર જીવન, મારી તમામ સંચિત શક્તિ, મારા પુસ્તકને માટે છે. હું જાતે, મારા પોતાના હાથે, પણ લખું છું.

મને હંમેશાં સ્મરણમાં રાખજે. તું અહીં મારી સાથે હોત તો કેટલું સારું થાત! હું ઉતાવળે જીવી રહ્યો છું. પ્રિય દોસ્ત, મારું હૃદય ધબકારા કરે છે ત્યાં સુધી કંઈક લખાવી લેવું જ જોઈએ.

તને પત્રો લખતો રહીશ.

તારો,
કોલ્યા

એ. એ. કારાવાયેવાને*

સોચી, ૨૭ ડિસેંબર, ૧૯૩૨

પ્રિય બિરાદર આન્ના,

હું 'માનવીનું ઘડતર'ના બીજા ભાગનાં પ્રથમ બે પ્રકરણો ટપાલ દ્વારા મોકલી રહ્યો છું. તમારી પાસે હું અંગત રીતે, એવો એકરાર કરી શકું કે તમારા નિર્ણયની હું બહુ આતુરતાપૂર્વક રાહ જોઈશ. તમે એ કહી શકવાની સ્થિતિમાં હશો કે વલણ કેવું છે—ઉપર કે નીચે. મારું તાત્પર્ય એ છે કે પ્રથમ ભાગની સરખામણીમાં એની સાહિત્યિક વગેરે કક્ષા કેવી છે. એ ખરાબ હોય તો જરાય દયા ન રાખશો. હું ડગમગી નહીં જાઉં. હું કોઈપણ ટીકા સહન કરી શકું એમ છું. એથી મને નબળાઈઓ દૂર કરવામાં મદદ થશે. લખાણનો અમુક ભાગ હજુ તૈયાર નથી. તમારા પર પત્રોનો મારો ન ચલાવવા આપેલું વચન મેં પાળ્યું છે—જોકે તમને પત્ર લખવા તીવ્ર ઇચ્છા થતી હતી. માણસે બીજા લોકોના સમયનો ખ્યાલ રાખવો જોઈએ અને તેમના પર બિનજરૂરી "સાહિત્યિક પ્રયાસો"નો ભાર ન લાદવો જોઈએ. તમને અને કોલોસોવને પ્રથમ ભાગની નકલો રૂપે મારા અભિવાદનો મોકલી રહ્યો છું... નિષ્ઠાપૂર્વક કામ કરી રહ્યો છું. ખલેલો ઘણી પડે છે પણ એમાં મારો દોષ નથી. કામ કરવાની મારી ઇચ્છા કામની શક્યતાઓના વિપરિત ક્રમમાં છે. અને આમ છતાં—ચોક્કસ પ્રગતિ થઈ છે.

---

*આન્ના અલેક્ઝાન્દ્રોવ્ના કારાવાયેવા - લેખિકા, અને 'મોલોદાયા ગ્વાર્દિયા' સામયિકનાં મુખ્ય સંપાદિકા. 'માનવીનું ઘડતર' સૌ પ્રથમ એ સામયિકમાં છપાયું હતું. - સં.

તમારી પ્રસ્તાવના અંગે સેવાયેલી બેદરકારીથી હું કેટલો અસ્વસ્થ થઈ ગયો હતો એ કહી શકાય એમ નથી. લાગે છે કે પ્રકાશનગૃહના બિરાદરો કોઈપણ પુસ્તકને એક યા બીજી રીતે, ટેક્નીકલ દૃષ્ટિએ આટલા સરસ (સંખ્યાબંધ મુદ્રણદોષોને ગણતરીમાં ન લઈએ તોયે) પુસ્તકને પણ, કેમ ન બગાડવું એ શીખી શકતા નથી.

મારું સ્વાસ્થ્ય મારા કાર્યમાં વિઘ્ન નાંખતું નથી. સોચીમાં હાલ ટાઢ છે અને વાતાવરણ કંટાળાજનક છે.

હું સર્જનાત્મક શક્તિથી તરવરી રહ્યો છું. પણ ઘણી વાર એવું થાય છે કે એ શક્તિને હું કાગળ પર ઉતારી શકતો નથી. એનું એકમાત્ર કારણ એ કે લખાવવા માટે મારી પાસે કોઈ હોતું નથી. અને એથી હું ઉકળાતો થઈ જાઉં છું. જાતે લખવા બેસું ત્યારે મારી ગતિ કાચબા જેવી હોય છે. મારા મનમાં રમતાં બધાં ચિત્રો દોરાઈ જાય એ પહેલાં હું શારીરિક રીતે થાકી જાઉં છું. મારા "મદદનીશો"ના કામની મંથર ગતિ ખરેખર ભયંકર છે. કામચોરો વિરુદ્ધ લોક કોમીસાર ગંભીરે જાહેર પાડેલા હુકમને હું લાગુ કરી શકતો નથી એ કેટલું શરમજનક છે! પણ હું હાથ ખંખેરી નાખતો નથી, બિરાદર આન્ના. હું "ભાંગી પડ્યો છું" એવી કે એવા મતલબની અથવા મેં કોઈક પ્રકારની વિષાદમય વાર્તાઓ લખવાનું શરૂ કરી દીધું હોવાની ગંદી અફવાઓને માનશો નહીં. મોત અને સર્વનાશની તબીબોની આગાહીઓ છતાં હું આનંદપૂર્વક જીવી રહ્યો છું. કારણ કે હું હઠીલો પણ છું. વિદ્વાન તબીબો એક ચીજને ગણતરીમાં લેતા નથી—તેમનો દર્દી કઈ માટીમાંથી ઘડાયેલો છે તે. અને મને એ જુદી માટી જ બચાવે છે. તમારો શિષ્ય માત્ર જીવતો જ નથી, કામ પણ કરે છે. "જેમનાં દિલો વિદ્યુતયંત્રો જેવાં હોય એમનો વિજય ચોક્કસ થાય જ", પાવ્કા કોર્ચાગીને ૧૯૨૧માં તેના જોશભર્યા પ્રવચનમાં એવી ઘોષણા કરી હતી. અને એ મને પણ લાગુ પડે છે.

હું તમારા તરફથી સમાચારની વાટ જોઈશ.

યાદ રાખજો: બીજા ભાગનાં પ્રથમ પ્રકરણો વાંચી લો કે તરત તમારે મને પત્ર લખવાનો છે.

બિરાદર માર્કને અભિવાદનો.

નિકોલાઈ ઓસ્ત્રોવ્સ્કી

એ. એ. ઝિગિરેવાને

સોચી, ૨૯ જાન્યુઆરી, ૧૯૩૩

પ્રિય શૂરચ્કા,

મેં ૨૭ ડિસેમ્બરે ટપાલમાં નાખેલું નાનું પાર્સલ તને મળ્યું? એમાં મારું પુસ્તક હતું...

મારી તબિયતે મને થોડો સમય દગો દીધો અને હું તાવમાં રહ્યો. દરદી થઈ ગઈ. ૨૦ દિવસમાં એક લીટી નથી લખાઈ. હવે મેં ફરી કામ શરૂ કર્યું છે. વિવેચકો મારા પુસ્તકની વધુ પડતી પ્રશંસા કરે છે. ઉદાહરણ રૂપે, 'ક્નીગા મોલોદ્યોઝી' (યુવાનો માટેનાં પુસ્તકો) સામયિકનો અંક ૧૨ (ડિસેમ્બર), પાનું—૨૦ જોજે.

હું તારા હાથ દબાવું છું.

પત્ર જરૂર લખજે.

તારો,
નિકોલાઈ

એ. એ. કારાવાયેવાને

સોચી, ૨૦ એપ્રિલ, ૧૯૩૩

પ્રિય બિરાદર આન્ના,

મેં સામયિકને છ પ્રકરણો મોકલ્યાં છે—બધાં મળીને લગભગ ૨૩૦ ટાઈપ થયેલાં પાનાં. બાકીનાં બે પ્રકરણો ૧૫ મે સુધીમાં તૈયાર થઈ જશે. પ્રકાશનગૃહે બીજા ભાગ માટે આશરે ૧૫ ફોર્મની મર્યાદા સ્વીકારી છે, અને એમાંનો ઘણોખરો હિસ્સો મેં તૈયાર કરી નાખ્યો છે. હવે માત્ર અંત બાકી છે.

'માનવી...'ના બીજા ભાગ અંગેના તમારા નિર્ણયની રાહ જોતો રહીશ. હું એની વધારે પડતી કિંમત આંકતો નથી. હું એની બધી નબળાઈઓ જાણું છું અને સમજું છું કે માત્ર અભ્યાસ જ મને ઊંચી કક્ષાએ લઈ જઈ શકે એમ છે.

'માનવી...' પ્રથમ કૃતિ છે, તંદુરસ્ત માણસને પણ સહન કરવી મુશ્કેલ બને એવી પરિસ્થિતિમાં થયેલું સર્જન છે. સદ્ભાગ્યે, મારામાં હજુ શક્તિના ઘણાં અનામત જથ્થા છે અને વિકાસ માટે આતુરતા છે. સવાલ

માત્ર એ છે કે તેને માટે અનિવાર્ય ત્રણથી ચાર વર્ષો આટલાં હું જીવન પાસેથી મેળવી શકીશ કે નહીં. જો હું સફળ થઈશ તો સારું એક પુસ્તક લખીશ. મારી નજરે ચડેલાં અવલોકનોમાંથી એક હું તમને મોકલી રહ્યો છું. કદાચ તમે પણ એ જોયું હશે. એ ઉપરાંત, લેખક સંઘ સંગઠન સમિતિને સંબોધેલી એક અરજી પણ મોકલું છું. તમને મોકો મળે તો મારા વતી એ તમે રજૂ કરો એમ હું ઈચ્છું છું.

છેલ્લાં પ્રકરણો ભારે જહેમત માગી લેનારાં છે, અને હું નિષ્ઠાપૂર્વક એ કરી રહ્યો છું. પરંતુ મારા "ટેક્નીકલ કર્મચારીઓ" મને ખૂબ નિરાશ કરી મૂકે છે. મારા સ્વાસ્થ્યનું વર્તન સારું છે. એ મારા કામમાં વિઘ્ન પાડતું નથી—અને એથી વધુ હું શું માગી શકું?

વસંત ઋતુ આવતી નથી. ઠંડી અને વરસાદ છે. પરંતુ મે મહિનો સૂર્યપ્રકાશ લાવશે અને એની સાથે—નવી શક્તિ અને ઉલ્લાસ.

હું તમારો હાથ દબાવું છું.

એન. ઓસ્ત્રોવ્સ્કી

ભાઈ અને પિતાને

સોચી, ૬ મે, ૧૯૩૩

પ્રિય મીત્ય અને પિતાજી,

ખાર્કોવથી મને સમાચાર મળ્યા છે કે ઉક્રાઈનિયન સંઘની કેં. સ.એ મારું પુસ્તક આપણી સ્થાનિક ભાષા—ઉક્રાઈનિયન—માં પ્રસિદ્ધ કરવાનો નિર્ણય લીધો છે. અનુવાદ ઝડપથી કરાશે અને જૂનના અંતે તઓ છાપકામ શરૂ કરશે જેથી સંઘની પંદરમી જયંતી નિમિત્તે પુસ્તક બહાર પાડી શકાય. મારા માટે એ મહાન વિજય છે. એટલે આપણે ટૂંક સમયમાં જ આ પુસ્તક આપણી પોતાની ભાષામાં જોઈશું. જીવન અને સમાજવાદ માટેના સંઘર્ષનો વિજય હજો!

સામ્યવાદી અભિવાદનો,
એન. ઓસ્ત્રોવ્સ્કી

ખ્રી. પા. ચેર્નોકોઝોવને*

સોચી, ૧૫ મે, ૧૯૩૩

મારા પ્રિય મિત્ર ખ્રીસાન્ફ પાવ્લોવિચ,

તમારી માંદગી તમને નમાવી શકી નથી અને તમે જોરદાર લડત આપી રહ્યા છો એ સાંભળીને મને આજે ખૂબ આનંદ થયો. તમારા અંગે આથી વધુ સારા સમાચાર સાંભળવાની આશા મેં શી રાખી હોત? બે બિરાદરો ગ્રિત્સેન્કો અને ઓદિનેત્સ, જેઓ ગ્રોઝની ખાતે કામ કરતા હતા, તેમણે મારી સમક્ષ "પિતા" અંગે—એટલે કે તમારા વિષે, અને તમે જે કાર્ય કરી રહ્યા છો એ અંગે ઉષ્માપૂર્વક વાતો કરી હતી. આપણી બોલ્શેવિક મૈત્રીથી કારણ કે આપણે, તમે અને હું, બોલ્શેવિઝમના જૂના સંત્રીઓ અને યુવાન સંત્રીઓના લાક્ષણિક પ્રતિનિધિઓ છીએ ને?—હું તમારી જોડે હંમેશાં ગાઢ બંધાયેલો હોઉં એવો મને અનુભવ થાય છે. છેલ્લાં ત્રણ વર્ષથી તમારી જોડેનો મારો સંપર્ક તૂટી ગયો હતો, સિવાય કે મેં બે વાર તમારું નામ અખબારોમાં જોયું હતું. હું બેટા તરીકે અને મિત્ર તરીકે તમારું હાર્દિક અભિવાદન કરું છું. પ્રિય ખ્રીસાન્ફ પાવ્લોવિચ! તમે બિરાદર ઝેમ્લ્યાચ્કાને, મોસ્કોમાં પત્ર લખ્યો હતો એ તમને યાદ છે? મને બરોબર યાદ છે. તમે લખ્યું હતું: "મને વિશ્વાસ છે, મને ઊંડી ખાતરી છે, કે બિરાદર ઓસ્ત્રોવ્સ્કી તેમના અંધાપા છતાં અને તેઓ શારીરિક રીતે સાવ ખતમ થઈ ગયા હોવા છતાં પણ આપણી પાર્ટીને હજુ ઉપયોગી થઈ શકે એમ છે અને થશે જ."

અને મને એ લખતાં અનહદ આનંદ થાય છે કે હું હજુ પણ કતારમાં, આગેકૂચ કરતા કામદાર વર્ગની સક્રિય હરોળમાં, જે આદર્શ એવી તમારી શ્રદ્ધાને, અને ઘણા જૂના બોલ્શેવિકોની શ્રદ્ધાને, મેં ખરી ઠરાવી છે. એથી ઊલટું કદી બની શકે જ નહીં. કોઈ માંદગી કે કોઈ પીડા બોલ્શેવિકને, જેનું સમગ્ર જીવન સંઘર્ષમાં વીત્યું છે અને અડગપણે સંઘર્ષમાં વીતી રહ્યું છે એને, કદી ઝુકાવી શકે જ નહીં. હું છેલ્લે ચાલ્યો હતો એને બે વર્ષ થવા આવ્યાં એ ખરું. મારું સ્વાસ્થ્ય મને પાછું મળ્યું નથી. હું અગાઉની જેમ જ પથારીમાં જકડાયેલો છું. પણ—હું પાછલી હરોળમાંથી મોરચે

*ખ્રીસાન્ફ પાવ્લોવિચ ચેર્નોકોઝોવ—ઓસ્ત્રોવ્સ્કીના મિત્ર. 'માનવીનું ઘડતર'માં નામ બદલ્યા વિના જ પાત્ર રૂપે તેમની રજૂઆત કરાઈ છે.—સં.

આવી ગયો છું. આ વખતે સાહિત્યિક મોરચે—એક માત્ર એવે મોરચે કે જ્યાં હવે હું લડી શકું છું.

૧૯૩૦માં મેં 'મોલોદાયા ગ્વાર્દિયા' સામયિકના સાહિત્યિક સંપાદકોમાંના એક તરીકે સક્રિય રીતે કામ કરવાનું શરૂ કર્યું. એ સાથે જ મેં આપણા વીતેલા જંગ—આંતરવિગ્રહની જ્વાળાઓમાં તરુણ સામ્યવાદી સંઘ—અંગે જે મોટું પુસ્તક હું લખી રહ્યો હતો એનું કામ પણ ચાલુ રાખ્યું. ૧૯૩૨માં મેં આ નવલકથાનું પ્રથમ પુસ્તક 'માનવીનું ઘડતર' પૂર્ણ કર્યું. એ પ્રથમ 'મોલોદાયા ગ્વાર્દિયા' સામયિકના ૧૯૩૨ના ૪, ૫, ૬, ૭, ૮ અને ૯મા અંકોમાં છપાયું—અને પછી ઓક્ટોબરમાં પુસ્તકાકારે પણ. હમણાં હું 'માનવીનું ઘડતર'ના બીજા ભાગનાં—જેમાં ૧૯૨૧થી ૧૯૩૦ સુધીના ગાળાને આવરી લેવાયો છે—છેલ્લાં પ્રકરણોને આખરી ઘાટ આપી રહ્યો છું. એ પુસ્તક રૂપે જુલાઈમાં છપાશે. પ્રથમ પુસ્તક યુક્રાઈનિયનમાં પણ પ્રસિદ્ધ કરાઈ રહ્યું છે. ગયા જુલાઈમાં તબીબોએ મને મોસ્કોથી હદપાર કરી સોચી મોકલ્યો. ન્યુમોનિયાના હુમલામાં હું મરતાં મરતાં બચ્યો ત્યાર બાદ એવી વ્યવસ્થા કરવામાં આવી. મારું સ્થળાંતર કરવામાં કે. સ.એ મદદ કરી હતી. અહીંયાં મારે બીજું કંઈ કરવાનું હોતું નથી એટલે બીજા ભાગને આખરી ઘાટ આપી રહ્યો છું.

મા અહીં મારી સાથે રહે છે. રાયા મોસ્કો ખાતે છે, ખાદ્ય પદાર્થોને ડબ્બાઓમાં બંધ કરવાના કારખાનામાં પાર્ટીકાર્ય કરે છે. આમ ત્રણ વર્ષનો ટૂંકો અહેવાલ તમારી સમક્ષ રજૂ કર્યો. તમે સોચી આવો તો મને મળવાનું ભૂલશો નહીં, નહીં તો મને બહુ ખરાબ લાગશે.

તમારાં પત્નીને હાર્દિક અભિવાદનો. પુસ્તકાલયમાંથી મારું પુસ્તક લાવીને વાંચજો. હું તમારા હાથ દબાવું છું, મારા પ્રિય મિત્ર.

તમારો,
નિકોલાઈ ઓસ્ત્રોવ્સ્કી

હું તમારા જવાબની રાહ જોઈશ.

એ. એ. ઝિગિરેવાને

સોચી, ૧૦ જૂન, ૧૯૩૩

મારી પરમ મિત્ર, શૂરા,

આ છેલ્લા થોડા મહિનાઓ દરમિયાન હું ભારે પરિશ્રમ કરી રહ્યો છું. એટલે મેં પત્ર લખ્યો નથી.

'માનવીનું ઘડતર'નું બીજું પુસ્તક પૂરું કરી મેં મોસ્કો મોકલી આપ્યું છે—330 ટાઇપ થયેલાં પાનાં, અને હું ફરીને લોથપોથ થઈ ગયો છું. થોડીક રાતોના ઉજાગરાથી ચડી ગયેલી ઊંઘ હવે પૂરી કરવા પ્રયાસ કરું છું. થોડોક આરામ લઈ લીધા બાદ, હું તને ખરેખરો પત્ર લખીશ. મને જલદી લખજે, તારા અંગે બધું જ. મને તું ક્યારે મળીશ?

મારી પાસે અહીં બે સરસ મઝાના ઓરડા છે.

હું તારા પત્રોની રાહ જોઈશ. તું ક્યારે આવવાની છો? મા વતી પ્યાર.

તારો,

નિકોલાઈ

એ. એ. ઝિગિરેવાને

સોચી, ૨૨ જૂન, ૧૯૩૩

મારી પરમ મિત્ર, શૂરોચ્કા,

મેં તને ખરેખર પત્ર કહી શકાય એવો પત્ર લખ્યાને ઘણો સમય થઈ ગયો. કારણ—ખૂબ જ કામ. સાહિત્યિક મોરચે સંખ્યાબંધ વિજયો અને સિદ્ધિઓનો અહેવાલ આપવાનો છે. 'માનવીનું ઘડતર'નો બીજો ભાગ પૂરો કર્યો. હસ્તપ્રત મોસ્કો પહોંચી ગઈ છે, અને તેઓ છાપવાની તૈયારી કરી રહ્યા છે. તરુણ સામ્યવાદી સંઘની ૧૫મી જયંતી પ્રસંગે એ બહાર પડશે. ઉક્રાઈનાની કેં. સ.એ બંને ભાગ એક ગ્રંથમાં ઉક્રાઈનિયન ભાષામાં પ્રસિદ્ધ કરવાનો નિર્ણય કર્યો છે. 'મોલોદોય બોલ્શેવિક' પ્રકાશનગૃહ તેને લીગની ૧૫મી જયંતીના પ્રસંગે બહાર પાડશે. ૧૦૦૦૦ નકલો છપાશે. પ્રકાશકોના વાધાવચકાની જાળમાંથી પુસ્તકને બહાર કાઢવામાં પાન્કોવે મને મદદ કરી, અને એને ન્યાય આપવા ખાતર મારે કહેવું જ જોઈએ કે ખાતાની ધીમી ગતિ અને બાબુશાહી સામે પણ તેણે સારી લડત આપી હતી. આજે મેં હસ્તપ્રત ઉક્રાઈના મોકલી આપી છે. અને હવે અંતે મને આરામ કરવાનો અધિકાર છે...

હું ખૂબ ઉત્સાહમાં છું. અને એમ જ હોય ને! એક વર્ષનું કામ પૂરું થયું. અને પરિણામો બહુ ખરાબ નથી. ઝડપ અને ખંતપૂર્વકના શ્રમનો સવાલ છે ત્યાં સુધી મેં પૂરું જોમ જાળવી રાખ્યું છે. મેં જે લખ્યું છે એની ગુણવત્તા અંગે તો ભવિષ્યમાં જ ખબર પડશે. એ ખરું કે હું શારીરિક રીતે અતિશય થાકી ગયો છું. પણ થાક તો ઊતરી જશે...

તું અને ચેર્નોકોઝોવ બીજા ભાગમાં આવો છો. મેં તારી પરવાનગી લીધી ન હતી એ વાત સાવ સાચી. પણ કલમથી જે લખાયું એને કુહાડાથી ન ભૂંસી શકાય એવી જૂની કહેવત છે ને!

હવે હું અવારનવાર પત્ર લખતો રહીશ. હવે મેં "વેકેશન" લીધું છે. તારા પત્રની રાહ જોઈશ, શૂરોચ્કા.

ભૌતિક રીતે, હમણાં હમણાં પરિસ્થિતિમાં ઘણો સુધારો થયો છે.

હું તારા હાથ દબાવું છું. આપણે મળીએ ત્યાં સુધી—અને ટૂંકમાં જ!

તારો,

કોલ્યા ઓસ્ત્રોવ્સ્કી

આર. બી. લ્યાખોવિચને

સોચી, ૧૫ ઓક્ટોબર, ૧૯૩૩

રોઝોચ્કા,

તારો યાલ્ટાથી લખેલો પત્ર મળ્યો. અહીંના તરુણ લોકો મને વમળમાં રાખે છે. તને કદાચ ખબર નહીં હોય, પણ હું સંઘના નગર સંગઠનનો માનદ્ સભ્ય છું. સંઘની ૧૫મી જયંતીની તૈયારીઓના ભાગ રૂપે સોચીના તમામ એકમો મારા પુસ્તક અંગે ચર્ચાવિચારણા કરી રહ્યા છે. સ્થાનિક રેડિયો પરથી એ પ્રસારિત કરાય છે. પણ બધાંને મળી રહે એટલી નકલો નથી. આવી વિમાસણભરી પરિસ્થિતિ છે. એકમોના મંત્રીઓ મારી પાસે આવી નકલોની માગણી કરે છે. અને મારી પાસે તેમને આપવા એકેય નકલ નથી.

રોઝોચ્કા, હું તને એક કામ સોંપવા માગું છું. કોઈ મોટા પુસ્તકાલયમાં જજે, અથવા કોઈને મોકલજે, અને વધુ ન મળે તો છેવટે એક નકલ મેળવી લેજે. અને એ મને, વહાલી બાઈ, જમ અને એમ જલદી મોકલી આપજે. એથી મોટી મદદ થશે. મારું રહેઠાણ આજકાલ ક્લબ જેવું થઈ ગયું છે. જિલ્લા સમિતિની બેઠકો, સંઘના સક્રિય સભ્યોની બેઠકો, વગેરે યોજાય છે. હું પ્રવૃત્તિમય રહું છું, લેખો લખું છું, અને અભ્યાસ વર્ગો ચલાવું છું. બીજો ભાગ ટૂંક સમયમાં જ બહાર પડશે. માનાં સ્નેહસ્મરણ.

એન. ઓસ્ત્રોવ્સ્કી

એ. એ. ઝિગિરેવાને

સોચી, ૨૫ ઑક્ટોબર, ૧૯૩૩

પ્રિય શૂરોચ્કા,

તારો પત્ર વાંચીને ખૂબ જ આનંદ થયો: એક તો તારા સમાચાર મળ્યા, અને બીજું તું જાતે મળવાની છે! મારે સ્વીકારવું જ જોઈએ કે મેં એની બધી આશા છોડી દીધી હતી. હવે મને પત્ર લખવાની ખાસ ઈચ્છા થતી નથી, આપણે આટલા જલ્દી મળવાના છીએ ને! લખવાનું પહેલાં જેવું ફાવતું નથી, ખાસ કરીને બીજાના હાથથી.

ટૂંકો અહેવાલ આ મુજબ છે. ઉક્રાઈનિયન સંઘની કેં. સ.એ સંઘની હાલની નિમિત્તે કોઈક પ્રકારનું ઈનામ આપવાનો નિર્ણય કર્યો છે. ઈનામમાં શું છે એની મને હજુ ખબર નથી. તેઓ એ અંગે રહસ્ય જાળવી રહ્યા છે. મૉસ્કોથી મને સમાચાર મળ્યા છે કે ઘણી સોવિયત પ્રજાઓની ભાષાઓમાં મારા પુસ્તકના અનુવાદ થઈ રહ્યા છે. જયંતી પરિસંવાદ પણ બહાર પડશે જેમાં આપણા સંઘના બિરાદરોએ મને આપણા સમગ્ર બંધુત્વના સૌથી ઊંચા મિનારાઓમાંના એક તરીકે લખાતી બરોબર પ્રશંસા કરી છે. સંઘની સોચી શાખાએ મારી જૂની લડાયક સભ્યપદ પુસ્તિકા મારા માટે બદલી આપી છે અને એ નાનકડી નવી પુસ્તિકા હવે તેના સમુચિત વડીલની—મારી પાર્ટી સભ્યપદ પુસ્તિકાની—બાજુમાં પડી છે. એમાં આવા શબ્દો અંકિત છે: એન. એ. ઓસ્ત્રોવ્સ્કી, તરુણ સામ્યવાદી સંઘના ૧૯૧૯થી સભ્ય. પુસ્તિકાનો નંબર છે ૮૧૪૪૯૧૧.

તને કહેવા જેવું મારી પાસે કેટલું બધું ભેગું થયું છે! આપણે છેલ્લે મળ્યાં હતાં એને ત્રણ વર્ષ થયાં, અને આ ત્રણ વર્ષમાં ઘણું બધું બની ગયું છે. હું આપણી મુલાકાતની રાહ આનંદના પર્વની જેમ જોઈશ. જે વિસરાઈ ગયું છે એની યાદ એ તાજી કરાવશે—કારણ કે તું મને ભૂલી જવા લાગી છો, ખરું ને? અને સમયે તારી સ્મૃતિમાં મારી તસવીર ઝાંખી કરી નાખી છે. ફિલ્મ અંગે શક્ય હોય એટલી બધી વિગતો મેળવજે. હું તારી રાહ જોઈ રહ્યો છું, પ્રિય શૂરા.

તારો,
કોલ્યા

ખ્રી. પા. ચેર્નોકોઝોવને

સોચી, ૧૫ ડિસેમ્બર, ૧૯૩૩

પ્રિય ખ્રીસાન્ફ પાવ્લોવિચ,

શૂરા અને હું આ તમને લખી રહ્યા છીએ કારણ કે તમે સલામત છો એ જાણીને અમને ખૂબ આનંદ થયો છે (શૂરા સોચી ખાતે સારવાર લઈ રહી છે. એ આવતીકાલે લેનિનગ્રાદ પાછી ફરશે). બન્યું એવું કે સોચી સોવિયેતના અધ્યક્ષ, જેમનો ગ્રોઝનીમાં તમારી જોડે પરિચય થયો હતો, એક દિવસ મને મળવા આવ્યા અને કહ્યું, "ચેર્નોકોઝોવ પર્વતમાળામાં માર્યા ગયા છે." મને કેવું લાગ્યું હશે એની તમે કલ્પના કરી શકો છો. અને પછી હમણાં એક દિવસ અમને ખબર પડી કે એ સાચું નથી. શૂરા જે સેનેટોરિયમમાં રહે છે ત્યાં તમારા ગ્રોઝનીના તેલમથકોના એક બિનપક્ષીય ઇજનેર બિરાદર જોડે મુલાકાત થઈ, અને એણે કહ્યું કે તમે જીવતા છો અને કામ કરી રહ્યા છો. તમને અમારી શુભેચ્છાઓ, પ્રિય મિત્ર.

મેં તમને મારા છેલ્લાં ત્રણ વર્ષના જીવનવૃત્તાંત આલેખતો એક મોટો પત્ર લખ્યો હતો. એ તમને મળેલો? મેં તમને પ્રાદેશિક કામદારમંડળ સમિતિના સરનામે એ મોકલ્યો હતો. તમારા યુવાન સાથીઓને મારું પુસ્તક 'માનવીનું ઘડતર' પુસ્તકાલયમાંથી તમારા માટે લાવી આપવા જણાવજો. એનો બીજો ભાગ તૈયાર થતાં જ હું ટપાલ દ્વારા તમને મોકલી આપીશ. એમાં એકાદ મહિનો નીકળી જશે. બીજા ભાગમાં તમારા અંગે પણ થોડા ઉલ્લેખો છે. હું તમારા પત્રની રાહ જોઈશ. મને તમારું ઘરનું સરનામું મોકલજો. અને હું એ લેનિનગ્રાદ ખાતે શૂરા ઝિગિરેવાને પણ મોકલી આપીશ. હું રાહ જોઈશ—તમે ભૂલી જશો નહીં! તમારો પત્ર આવ્યા પછી હું મારા અંગે તમને વધુ લખીશ. તમે જાણો છો તેમ હું જીવતો છું, અને પ્રમાણમાં સ્વાસ્થ્ય સારું છે, તથા મારું મનોબળ ટકી રહ્યું છે. ગયા વર્ષે મેં કરેલું કામ ખાસ ખરાબ નથી, કમસે કમ મને તો એમ લાગે છે. હું તરુણ લોકો સારુ આપણા ભૂતકાળ અંગે લખું છું. હાલ સોચીમાં રહું છું. મૉસ્કો જવાની યોજના ઘડું છું.

શૂરા ઝિગિરેવાએ મોટે ભાગે અગત્યનું જ કામ ચાલુ રાખ્યું છે - સામ્યવાદી યુનિવર્સિટીમાં, પાર્ટીના કાર્યકરોને તાલીમ આપવાનું, તરુણ

લોકોની કેળવણીનું. તમારાં પત્નીને મારી આદરભરી યાદ, અને શૂરા ઝિગિરેવા તરફથી પણ. તેઓ અમને યાદ કરે છે? તમને શુભેચ્છાઓ.

સ્નેહાધીન નિકોલાઈ ઓસ્ત્રોવ્સ્કી અને શૂરા ઝિગિરેવા

એ. એ. કારાવાયેવાને

સોચી, ૨૫ ડિસેંબર, ૧૯૩૩

સ્નેહી બિરાદર આન્ના,

હમણાં જ મને તમારો ખાસ ટપાલથી આવેલો પત્ર વાંચી સંભળાવવામાં આવ્યો... ન મળેલા પત્રોનો મારી પાસે કોઈ હિસાબ રહ્યો નથી. અને તમારા પત્રો, તથા સોન્યાના*, ગુમ થયા એ મારે માટે નાનાસૂની બાબત નથી. મેં મારા પોતાના નિષ્કર્ષો તારવ્યા. અને મારે સ્વીકારવું જોઈએ કે એ નિષ્કર્ષો સુખદ નહોતા. હું આ વાત કરી રહ્યો છું ત્યારે મારે આપણા સામાન્ય સાહિત્યિક સંપર્ક અંગે બે શબ્દો કહેવા જોઈએ. એ હવે તો લગભગ નહિવત જ છે, સ્નેહી બિરાદર આન્ના. પંદર મહિનામાં મને તમારો માત્ર એક જ ગંભીર આલોચનાત્મક પત્ર મળ્યો છે. અને તમને તો ખબર છે કે મારા કામની ખરાબીઓ અને તેનાં કારણો મને જણાવવામાં આવે—કામની પ્રક્રિયા દરમિયાન જ જણાવવામાં આવે, પછી નહીં,—એવી પ્રબળ ઝંખના હું ધરાવું છું. એટલા માટે હું તમને એક પછી એક પ્રકરણ મોકલતો જ રહ્યો છું. એટલા માટે જ મેં તમને બારપંદર વાર તાકીદ કરી છે કે મને તત્કાળ જવાબ લખો અને મારા પર ટીકાની ઝડી વરસાવો. જરા કલ્પના કરો કે તમે મને કેટલો નિરાશ કર્યો છે. લશ્કરી અફસરો લડાઈ ચાલુ હોય ત્યારે રણાંગણમાં જ આગેકૂચની હરોળને બરોબર ગોઠવતા રહે છે. તમે અગાઉ, પુસ્તક રચનાની પ્રક્રિયા દરમિયાન જ, મારા પર પ્રહારો કર્યા હોત તો એથી મને અસાધારણ મદદ મળી હોત. મારા સમગ્ર જીવન દરમિયાન મેં સંઘર્ષના પ્રત્યેક ક્ષેત્રમાં વડીલ બોલ્શેવિકો પાસેથી, મારાથી વધુ જાણકારો પાસેથી, શીખવાનો પ્રયાસ કર્યો છે. જ્ઞાન માટેની મારી

*સોફ્યા માર્કોવ્ના સ્તેસીના—'મોલોદાયા ગ્વાર્દિયા' સામયિકના સ્ટાફમાં સંપાદકીય કર્મચારી.—સં.

પિપાસા કદી તૃપ્ત ન થાય એવી છે. આપણા હેતુની લડતમાં સાવ નકામો સિપાહી ન બનવાનું જેમણે મને શીખવ્યું છે એમના પ્રત્યે હું અત્યંત આદર અનુભવું છું. અને તમારી તરફથી પણ, સ્નેહી બિરાદરો, હું એવા જ શિક્ષણની આશા રાખું છું.

અવલોકનો અંગે—પુસ્તક બહાર પડ્યું હોય અને લેખક બીજા નવા કામ માટે તૈયારી કરી રહ્યો હોય ત્યારે એ ઉપયોગી થઈ શકે. પણ મને તો મારું બીજું પુસ્તક પૂર્ણ કર્યું છે ત્યારે પ્રથમ પુસ્તકનાં અવલોકનો મળી રહ્યાં છે. અને નવામાં જૂનાની ક્ષતિઓનું પુનરાવર્તન થયું છે. બિરાદર આન્ના, મારા કિસ્સામાં મુખ્ય પરેશાની તો અલબત્ત આપણને છૂટા પાડતા અંતરની છે. મારી સ્મૃતિમાં જે હજુ તાજી છે એ આપણી વાતચીતની ટૂંકાક્ષરી ભાષામાં નોંધ લેવામાં પણ કેટલાંય પાનાં ભરાઈ જાય. તમે જે રીતે કહેલું કે "અમે ઉતારી પાડવામાં માનતા નથી" એ મને યાદ છે. અને 'મો. ગ્વા.'એ મારી જોડે કરેલા વર્તનને સંબંધ છે ત્યાં સુધી એ સર્વાંગી રીતે સાચું છે. હું અંગત રીતે ઓળખતો નથી એવા એક બિરાદરે—મને એમનું (નામ) યાદ નથી—એક વખત સામયિક પર એવો આરોપ મૂક્યો હતો કે જે યુવાનોને એણે આગળ આણ્યા છે એમના અંગે તે પૂરતું ગૌરવ લેતું નથી. હું એમની સાથે સંમત થતો નથી, જ્યાં સુધી મને લાગેવળગે છે ત્યાં સુધી તો નહીં જ. 'મો. ગ્વા.'નો ભાગ્યે જ એવો કોઈ અંક હોય છે કે જેમાં તમારા આ શિષ્ય અંગે થોડાક પણ શુભેચ્છાભર્યા શબ્દો ન હોય. અને હવે તમારો છેલ્લો પત્ર—હું થીજેલા બરફ જેવી જે લાગણી અનુભવતો હતો તે એ પત્રથી ઓગળવા લાગી છે. એની ઉષ્માથી મને ઘણો આનંદ થયો—એથી યે વધુ મૂલ્યવાન!—મારા કામને આગળ ધપાવવાની અત્યંત આતુરતા. હું આટલો લાગણીપ્રધાન છું એથી તમને આશ્ચર્ય થવું જોઈએ નહીં, બિરાદર આન્ના. એમાં દોષ હું જે સંજોગોમાં જીવી રહ્યો છું એનો છે. જાન્યુઆરીના અંકથી મારું પુસ્તક પ્રસિદ્ધ કરવાની શરૂઆત કરશે એવા તમે મોકલેલા સમાચારથી ઘણો માનસિક સંતોષ થયો છે. શું એ કહેવાની જરૂર રહે છે ખરી કે સામયિકમાં એ પ્રસિદ્ધ કરવાનો ઇનકાર થયો હોત તો એ મારા માટે પરાજય હોત, એવો પરાજય જે મોસ્કો અને ખાર્કોવમાં આ પુસ્તક છપાયાથી દૂર ન થઈ શકત. પરંતુ ભયની લાલબત્તી હજુ છે. હું એ બરોબર સમજું છું અને મેં એ અંગે વિચાર કર્યો છે. સંગઠન સમિતિ સમક્ષ તમારા પ્રવચનમાં તમે ખરું જ

કહેવું કે "દર વરસે પ્રકાશન વધારે મુશ્કેલ બનતું જાય છે." રસ ન હોવાને કારણે નહીં પરંતુ એ કારણે કે આપણા લાખો વાચકોની માગણીઓમાં નિશ્ચિતપણે વધારો થઈ રહ્યો છે. હું ખંતથી અભ્યાસ કરી રહ્યો છું. પણ એકલે હાથે એ સહેલું નથી. સામગ્રી ઓછી છે, અને અહીં મને મદદ કરવા માટે સ્નાતક મિત્રો નથી. એમ છતાં મને લાગે છે કે મારા અલ્પ અંગત અનુભવ અને સાંસ્કૃતિક સિદ્ધિઓની સંકુચિત સીમાઓ હવે વિસ્તૃત બની રહી છે. આકસ્મિક રીતે અથવા આ કે તે મુશ્કેલીભરી માંદગીને કારણે હું મરી નહીં જાઉં તો હું ચોક્કસ એવી આશા રાખું છું કે કોઈક દિવસ હું તમને ખુશ કરી શકીશ અને મારા બીજા પુસ્તકથી તમને જે "નિરાશા" થઈ છે એનો બદલો વાળી શકીશ.

તમે પૂછો છો કે મેં છેલ્લા ત્રણ મહિના કેવી રીતે ગાળ્યા છે. મેં મારા સાહિત્યિક અભ્યાસમાંથી સારો એવો સમય ચોરીને તરુણ લોકોને આપ્યો છે. એકલે હાથે કામ કરનારને બદલે હું લોકસમુદાયોમાંનો કાર્યકર બન્યો છું. નગર સમિતિના બ્યૂરોની બેઠક મારે ઘેર યોજાય છે. હું પાર્ટીનું અભ્યાસ વર્તુળ ચલાવું છું અને મને સાંસ્કૃતિક કાર્ય માટેની જિલ્લા સમિતિનો અધ્યક્ષ બનાવવામાં આવ્યો છે. ટૂંકમાં, હું પાર્ટીની પ્રત્યક્ષ પ્રવૃત્તિમાં પૂરેપૂરો ગૂંથાઈ ગયો છું અને કંઈક ઉપયોગી માણસ બન્યો છું. એ સાચું છે કે હું એમાં પુષ્કળ શક્તિ ખર્ચું છું. પણ જીવન આ રીતે ઘણું સુખી છે! તરુણ સંઘના સભ્યો હંમેશ મારી આસપાસ રહેતા હોય છે. અને સાંસ્કૃતિક મોરચે જે બધું કામ કરવાનું હોય છે તે! શહેરના પુસ્તકાલયો જ જુઓ ને!—અત્યંત બેકાળજીથી રખાયેલા, કંગાળ ફાળવણીઓ, અને ગોઠવણી તથા યાદીઓમાં સાવ અંધાધૂંધી. હવે તેઓ વ્યવસ્થિત થવા લાગ્યાં છે અને તેમનો હેતુ સિદ્ધ થવા લાગ્યો છે. મેં સાહિત્યિક જૂથ સ્થાપ્યું છે અને મારી પૂરી આવડત લગાવીને હું એનું સંચાલન કરું છું. પાર્ટી અને સંઘની સમિતિઓ મારી અને મારા કામની બાબતમાં ઘણી મદદ કરે છે અને ધ્યાન આપે છે. પાર્ટીના આગેવાન સભ્યો ઘણી વાર મને મળવા આવે છે. જીવનનો ધબકાર હું અનુભવું છું. હા, મેં આ મહિનાઓ અમલી કાર્યમાં ગાળ્યા એની પાછળ ચોક્કસ હેતુ છે. હું આપણા સમયનો, મારી આસપાસ હાલ આજે જ બની રહ્યું છે એનો, અનુભવ કરવા માગું છું. મારે જે કંઈ તમને કહેવું છે એ બધું હું આ એક પત્રમાં ઠાલવી શકું એમ નથી. મારા પત્રો તમને કંટાળાજનક ન લાગતા હોય તો હું તમને ફરી પત્ર

લખવા ઇચ્છું છું. મારા કામ ઉપરાંત, હું પુષ્કળ વાચન પણ કરાવું છું. આ મહિનાઓ દરમિયાન મેં Balzac *'Peau de Chagrin'*, Vera Figner *'Reminiscences'*, German *'Accession'*, *'The Last of the Udeghe'*, *'Steep Ascent'*, *'Anna Karenina'*, *'Literary Heritage'*, *'Literary Criticism'*નો પ્રત્યેક અંક, Turgenev *'A Nest of the Gentry'* અને બીજું ઘણું વાંચ્યું છે. મારે ભવિષ્યમાં શાના વિશે લખવું એ અંગે તમે મને લખો એમ હું ખૂબ ઇચ્છું છું. કેવો વિષય હાથ ધરવો? તમે મને ઓળખો છો એટલે તમે મને કંઈક રસપ્રદ સૂચન કરી શકો. હું શું સારી રીતે પાર પાડી શકું એમ તમે માનો છો, કેવા પ્રકારનો વિષય? જવાબ લખવાનું ભૂલશો નહિ. તમારા આ અંગેના વિચારો જાણવામાં મને ખૂબ રસ છે. સામયિકના 'વાચક અને લેખક' વિભાગ સારુ લેખ લખવાના તમારા સૂચન અંગે વિચારી જોઈશ.

હું તમારો હાથ દબાવું છું, બિરાદર અન્ના, બિરાદર માર્કને ઉષ્માપૂર્ણ શુભેચ્છાઓ. તમનો 'વાર્તાસંગ્રહ' હું આવતીકાલથી વાંચવાનું શરૂ કરીશ. આપણી સર્જનાત્મક બિરાદરી દિર્ઘાયુ થાય અને સમૃદ્ધ બનો.

સાદર,

એન. ઓસ્ત્રોવ્સ્કી

મારી વિનંતીથી મારી વતી લખાયો છે.

એ. આઈ. પુઝીરેવ્સ્કી*

સોચી, ૨૬ ડિસેંબર, ૧૯૩૩

પ્રિય એલેક્સાન્દર,

રોઝા મને લખે છે કે એ તને કેં. સ. ના કાર્યાલયમાં મળી હતી. હા, હું જીવતો છું, બંધુ, અને તું સોચી આવે તો તને મળવાની આશા રાખું છું. માત્ર જીવતો જ છું એવું નથી, ફરી પ્રવૃત્તિમાં છું. મેં 'માનવીનું ઘડતર' નામની નવલકથાના બે ભાગ લખ્યા છે. તને એમાં એલેક્સાન્દર

* એલેક્સાન્દર ઇઓસીફોવિચ પુઝીરેવ્સ્કી – ઓસ્ત્રોવ્સ્કીના મિત્ર. 'માનવીનું ઘડતર'માં નામમાં ફેરફાર વિના તેમનો ઉલ્લેખ છે.—સં.

પુઝીરેવ્સ્કી — જેનું કમાન્ડર યોદ્ધા તરીકેનું સ્થાન અન્ય કરતાં જરાય ઊતરતું નથી — અંગે થોડો ઉલ્લેખ જોવા મળશે. મારા હૃદયમાં તારા માટે ઉષ્માભર્યું સ્થાન છે, મારા ભાઈ, અને હું તને મળવાની આશા સેવી રહ્યો છું. તને ઉમદાની જેમ ઉત્સાહથી તરવરતો જોવા માગું છું. મારું જીવન હવે સારી રીતે ચાલી રહ્યું છે. પાછલી હરોળનું આળસ મેં છોડી દીધું છે. ફરી પાછો મોરચે આવી ગયો છું.

એન. ઓસ્ત્રોવ્સ્કી

એ. આઈ. પુઝીરેવ્સ્કી

સોચી, ૧૬ જાન્યુઆરી, ૧૯૩૪

પ્રિય અલેક્સાન્દર,

તારો પત્ર મળ્યો. મને આશા છે કે આપણો પત્રવ્યવહાર ચાલુ રહેશે: એનો આધાર તારા પર રહેશે. તને મળતાં મને ઘણો આનંદ થશે. તું કહે છે કે તને મારું પુસ્તક દુકાનોમાં મળતું નથી. હશે, એથી મને આશ્ચર્ય થતું નથી. હું પોતે આખા સોવિયેત સંઘમાં એની તપાસ કરી રહ્યો છું. અને મને એ ક્યાંય મળતું નથી. વિચિત્ર લાગે છે, ખરું ને? પણ વાત એમ જ છે. 'માનવીનું ઘડતર'ના પ્રથમ ભાગની ૧૦૦૦૦ નકલો છપાઈ હતી. એ બહુ નથી. બીજી વિશાળ આવૃત્તિ — ૧૦૦૦૦૦ નકલો — ટૂંકમાં જ બહાર પડશે. બીજો ભાગ મોસ્કોમાં થોડાક દિવસોમાં જ બહાર પડવાનો છે અને મને એ મળતાં જ એક નકલ હું તને મોકલી આપીશ. પ્રથમ ભાગ મોકલી શકું એમ નથી કારણ કે મારી પાસે હતી એ બધી નકલ મેં વહેંચી આપી છે. હા, બંને ભાગ ખાર્કોવમાં યુક્રેનિયન ભાષામાં એપ્રિલમાં બહાર પડવાના છે. બન્ને ભાગ એક જ ગ્રંથમાં પ્રકાશિત થશે. ૧૦૦૦૦ નકલો છપાશે. પ્રથમ ભાગ 'મોલોદાયા ગ્વાર્દિયા' સામયિકના ૧૯૩૨ના ૪, ૫, ૬, ૭, ૮ અને ૯મા અંકોમાં છપાયો હતો. બીજો પુસ્તક પણ એ જ સામયિકમાં પ્રસિદ્ધ થઈ રહ્યો છે. અને નોંધ લેવી જોઈએ કે અલેક્સાન્દર પુઝીરેવ્સ્કી બીજા ભાગના પ્રથમ પ્રકરણમાં આવે છે. પ્રથમ ભાગમાં મેં તારું ચિત્રણ પ્રકરણ ૮માં રેજીમેન્ટના કમાન્ડર (૧૯૨૦મા

દક્ષિણ-પશ્ચિમ મોરચાના ઉમાન વિભાગમાં) તરીકે કર્યું છે. તને પુસ્તકાલય સિવાય બીજે ક્યાંય એ પુસ્તક નહીં મળે.

પુસ્તકનાં અવલોકનો અંગે ૧૯૩૩ના 'રોસ્ત' (વિકાસ) સામયિકના અંકો ૧૧-૧૨ તથા 'મોલોદાયા ગ્વાર્દિયા'નો અંક ૧ જોઈ લેજે. હું સિવાયની યાદી નહીં આપું. આમ — સાહિત્યિક મોરચે આવી પરિસ્થિતિ છે.

ખૂબ પરિશ્રમ કરું છું અને ખૂબ વાચન પણ કરાવું છું. યુવાન લોકો, તરુણ સંઘના સભ્યો, હંમેશાં મારી આસપાસ હોય છે. જીવનના પ્રવાહમાં મોટો વળાંક આવ્યો છે. એક માત્ર ખરાબ બાબત હોય તો એ છે મારું સ્વાસ્થ્ય. એ પાતળા કાગળ જેવું નાજુક છે. ૧૯૩૨માં ન્યુમોનિઆથી મરણ પથારીએ હતો અને તબીબોએ મને મોસ્કોથી દૂર દક્ષિણમાં મોકલી આપ્યો. તેમણે કહ્યું કે હવા વિના હું ગૂંગળાઈ મરીશ. એટલે મને ગમે કે ન ગમે, મારે અહીં સોચીમાં જ રહેવાનું છે, પણ મારું હૃદય મોસ્કો ભણી ખેંચાયા કરે છે. સાશા, મને ખાતરી છે કે તું આવીને જોઈશ ત્યારે તને આનંદ થશે કે તારો આ મિત્ર ગમે તેમ તોય પડી ભાંગ્યો નથી. ના, એણે બધાને આશ્ચર્યમાં નાખી દીધા છે — પરવશતાના કાદવિયા ખાડામાંથી નીકળી જઈને એ ખુલ્લા માર્ગ પર આવી ગયો છે અને હવે વિજયી કામદાર વર્ગ પર બોજારૂપ રહ્યો નથી. એ છેલ્લો ઉમેરો એ જોવા માટે છે કે એ કેવો લાગે છે.

તારા ઘરનું સરનામું લખજે અને તારી પત્ની સાથે મારી ઓળખાણ કરાવજે. તને મારું (પુસ્તક) મળે ત્યારે એને એ વાંચવા આપજે અને કેવું લાગ્યું એ મને લખી જણાવવા કહેજે. ખાર્કોવથી ગઈકાલે પત્ર આવ્યો છે અને એમ જાણવા મળે છે કે 'મોલોદોય બોલ્શેવિક' પ્રકાશનગૃહમાંનું રૂઢિવાદીઓનું જૂથ મારા પુસ્તકને ખરાબે ચડાવી દેવાની કોશિશ કરતું રહ્યું છે. હવે એ લોકોને ઉઘાડા પાડી દેવામાં આવ્યા છે એટલે કામ ગતિથી ચાલશે. પેલ્લુરાના ટેકેદારો — અલબત્ત, તેમને મારું પુસ્તક ગમ્યું નહોતું.

કંઈ સમાચાર હશે તો હું તને જણાવીશ. શુભેચ્છાઓ.

તારો,

એન. ઓસ્ત્રોવ્સ્કી

એ. એ. કારાવાયેવાને

સોચી, ૧ એપ્રિલ, ૧૯૩૪

પ્રિય બિરાદર આન્ના,

તમારો પત્ર મને હમણાં જ વાંચી સંભળાવવામાં આવ્યો. આજે કેવો શુભ દિન છે! તમારો પત્ર મળ્યો, અને બીજો પત્ર જેમાં એવા સમાચાર છે કે મેક્સીમ ગોર્કી ટૂંક સમયમાં તમારા એક શિષ્યનાં ઘોર પાપ અંગે એક લેખ લખવાના છે. મારો તો ખુરદો જ બોલી જશે, બિરાદર આન્ના, કારણ કે અંતે તો મેં એમાં સાહિત્યના ક્ષેત્રે મારા પ્રથમ પ્રયાસમાં—સાત ઊંધુંચત્તું બાફી માર્યું છે. મારે સ્વીકારવું જોઈએ કે હું થોડોક ગભરાઈ ગયો છું. આપણા મહાન ગુરુ ખાસ કરીને હમણાં હમણાં તો કોઈ ને કોઈ નવા "કીર્તિમાન"ને જોરદાર ચાબખા મારવા લાગ્યા છે. અલબત્ત, મારા મનમાં એવો કોઈ ઘમંડ નથી. આમ છતાં, ગોર્કી શું કહેશે એ અંગે હું અસ્વસ્થ છું.

ફરી તમારા પત્ર અંગે. હા, સાહિત્યિક ભાષા અંગે સામયિક માટે લેખ તૈયાર કરવામાં મને આનંદ થશે. એ બહુ મોટી સમસ્યા છે અને બહુ તાકીદની—વળી માત્ર આજના સમય પૂરતી જ મર્યાદિત નથી. આ વિષય પર લખવા હું પહેલાં પણ વિચારી રહ્યો હતો અને મારા મગજમાં મેં એની યોજના પણ તૈયાર કરી છે—એટલે કે કામનો મહત્ત્વનો ભાગ તૈયાર થઈ ગયો છે. હું આવતીકાલે લખવાનું શરૂ કરીશ અને એક સપ્તાહ બાદ ટાઈપ કરાવીને ખાસ ટપાલ દ્વારા તમારા ઘરના સરનામે મોકલી આપીશ.

હું ફરી સાવ મરણ પથારીએ હતો, બિરાદર આન્ના, અને મને લાગે છે કે તમને એની ખબર છે. એ પણ માણસ કલ્પનાય ન કરી શકે એવી બેવકૂફીભરી માંદગી હતી. ક્યાંથી આવી એ કોઈ કહી શકે એમ નથી. આખો મહિનો ચાલેલી જોરદાર લડત હતી. પણ એ બધું હવે પૂરું થઈ ગયું છે અને હું દિવસે દિવસે વધુ શક્તિશાળી બનતો જાઉં છું.

મારા નવા પુસ્તકના વિષય અંગે હું તમને પછીથી લખીશ. તમે દોરેલી રૂપરેખા અત્યંત રસપ્રદ છે. એ અઘરો વિષય છે—"આપણા યુગનો વીર" અદ્ભુત યુવાન. હંમેશાં કરતાં તમને વધુ ટૂંકા ગાળામાં પત્રો લખવા હું વિચારું છું, બિરાદર આન્ના. મને ઘણી વાર મારા વિચારો અને યોજનાઓ વિશે તમને ઘણું બધું કહેવાનું મન થાય છે.

સામયિકના અંક ૧ અને ૨ મળ્યા, આગામી અંકો પણ એ જ રીતે મોકલતા રહેવા તેમને જણાવશો—બહાર પડે કે તુરંત મને મોકલી આપે.

પ્રથમ પ્રકરણો વાંચતા મને તમારી અહીંતહીં ફરેલી "કાતર"નો અનુભવ થયો. હું ફેંકી દેવા જેવા નિરર્થક ટુકડાઓ અંગે ફરિયાદ નથી કરતો—વિદ્યાર્થીઓની ટોળકી અને એવી બીજી બાબતો. હું તો કેવળ કદ ઘટાડવા ખાતર થયેલી કાપકૂપના પરિણામે જ્યાં કૃતિને હાનિ પહોંચી છે એની વાત કરું છું. પણ, અર્થનો અનર્થ કરનારા કેટલાક ખરાબ મુદ્રણદોષોને બાદ કરીને સર્વાંગી રીતે જોતાં, હું કોઈ ફરિયાદ કરી શકું એમ નથી. ઉદાહરણ રૂપે, બીજા પ્રકરણમાં જ્યાં "આ બધું સમૂહની સહાયથી" હોવું જોઈએ ત્યાં છપાયું છે કે "આ બધું સમૂહની હાયથી..."

બિરાદર આન્ના! હું તમને અને માર્કને વિશાળ આવૃત્તિના પ્રકાશનમાં મદદ કરવા અનુરોધ કરું છું. મને યુક્રેઇન અને દેશના બીજા ભાગોમાંથી સંઘની શાખાઓના અનેક પત્રો મળે છે. અને એ બધા એક જ ફરિયાદ કરે છે: પુસ્તક અપ્રાપ્ય છે. એ વાચકોના સમુદ્રમાં ડૂબી ગયું છે. પુસ્તક ન હોવાને કારણે મુખ્યત્વે સામયિકમાંનું લખાણ વાંચવામાં આવે છે. દાખલા રૂપે, શેપેતોવ્કામાં પુસ્તકની એકપણ નકલ મળી નથી.

અને બીજી એક વાત. તમે મારા મિત્રોને તો જાણો છો, બિરાદર આન્ના. આર્થિક ઇત્યાદિ બાબતોના સંબંધમાં તેઓ મને "સામ્યવાદરંગી આદર્શવાદી" અને બીજા જાત જાતના અણગમતા નામે ઓળખાવે છે. તેઓ મારી પરવાનગી લેવાની પરવા કર્યા વિના તમને કદાચ ગુસ્સે કરશે. અને એ અંગે મને બહુ ખરાબ લાગે છે. તેઓ જે કંઈ કહે કે કરે એ મારા તરફથી થઈ રહ્યું છે એવું મહેરબાની કરીને માનશો નહીં.

તમારો,

નિકોલાઈ ઓ.

પ્રિય બિરાદર આન્ના,

મારા તમને લખાયેલા પત્રોમાં અને સામાન્ય રીતે મારા તમામ પત્રોમાં જોડણી અને વ્યાકરણના દોષો ઠેરઠેર નજરે ચડે એવી પૂરેપૂરી શક્યતા છે. દુર્ભાગ્યે, મારો એક પણ સહાયક બહુ ભણેલો નથી.

એન. ઓ.

એ. એ. ઝિઝિરેવાને

સોચી, ૮ મે, ૧૯૩૪

મારી પ્રિય શૂરોચ્કા,

યુગો થઈ ગયા મેં તને પત્ર લખ્યો નથી. તેં પણ નથી લખ્યો. પણ હું તને માફ કરી શકું છું કારણ કે આપણી મૈત્રીનું માપ કદી પત્રોની સંખ્યાથી કઢાતું નથી.

મારું સ્વાસ્થ્ય ખરાબ નથી. મારી માંદગીમાંથી હું સાવ સાજો થઈ ગયો છું. ટૂંક સમયમાં જ કામ શરૂ કરીશ.

હવામાન ખુશનુમા છે. હા, થોડો વરસાદ પડે એ ખેતી માટે સારું છે. હાલનું સૂકું હવામાન લણણીના સમય માટે ખરાબ છે.

હું પુસ્તકનો પ્રથમ ભાગ જોઈ ગયો છું. જૂનમાં બહાર પડનારી નવી આવૃત્તિ માટે સંપાદન કર્યું—બન્ને ભાગ એક જ ગ્રંથમાં બહાર પડશે—સંપાદકો એને (ગર્વમાં) "વિશેષ સુંદર" આવૃત્તિ કહે છે. તેઓ પુસ્તક માટે ફેન્સી કાર્ડબોર્ડ બોક્સનો પણ વિચાર કરી રહ્યા છે. લેખક પરિષદના પ્રસંગે દેખાવ કરવાનો પ્રયાસ જ વળી કરે છે!

ગોર્કીના અભિપ્રાયની રાહ જોઉં છું. સેરાફિમોવિચ ગયા પરમદિવસે મને મળવા આવ્યા હતા, અને મને બધેથી સરસ પત્રો મળી રહ્યા છે. લોકો મને લખે છે કે હું શક્તિશાળી યુવાન છું, અને હું દારૂ પીવાનું કે ખણખોદ કરવાનું શરૂ નહીં કરું તો કદાચ કંઈક સિદ્ધિ પ્રાપ્ત કરી શકીશ...

મારે શિયાળો ગાળવા મોસ્કો જવું જ જોઈએ. મને અભ્યાસની, અનુભવસિદ્ધ સલાહની, સાહિત્યિક વાતાવરણની, ઇત્યાદિની જરૂર છે. ખૂબ વાંચું છું.

તારા શું સમાચાર છે?.. તું ઉનાળામાં અહીં આવે તો હું બેહદ ખુશ થઈશ, તું જરૂર આવજે, શૂરોચ્કા!..

લોક કોમીસાર મંડળે મને ખાસ પેન્શન બાંધી આપ્યું છે.

બધાં કુટુંબીજનો તરફથી ઉષ્માભરી શુભેચ્છાઓ.

બીજો ભાગ પુસ્તક હવે ગમે તે દિવસે મળવો જ જોઈએ એવી મારી ધારણા છે. મળતાંની સાથે જ તને એક નકલ મોકલી આપીશ.

તારો,

એન. ઓસ્ત્રોવ્સ્કી

આર. બી. લ્યાખોવિચને

સોચી, ૨૪ જૂન, ૧૯૩૪

રોઝોચ્કા,

તારો પત્ર હમણાં જ મળ્યો. તું મને એમ કહેવાની કોશિશ કરે છે, ડાહી બાઈ, કે હું તને ભૂલી ગયો છું, તથા હું અહંકારી થઈ ગયો છું, અને એવું જ બધું. અલબત્ત, એ બધું ખોટું છે. મારી સ્મરણશક્તિ સારી છે અને અહંકાર કદી મને સ્પર્શ્યો નથી. મુસીબત એ છે કે મારી પાસે મિત્રોના પત્રોના નિયમિત જવાબ આપવા માટે સમય અને શક્તિ નથી. મને રોજ ઢગલાબંધ પત્રો મળે છે તાકીદના પત્રો, જેમાંના ઘણા અંગે તત્કાળ નિર્ણય લેવાનો હોય છે. અને એ બધા કામને પહોંચી વળવા માટે મારી પાસે શક્તિ નથી. માટે મહેરબાની કરીને જેમ ફાવે તેમ બોલીશ નહીં. અંતે તો હવે તું મોટી થઈ ગઈ હોઈશ, ખરું ને? અને વર્ષો પહેલાં હતી એવી બાળકી નહીં રહી હોય!

...તો તું કીયેવ રહેવા માટે જવાનો વિચાર કરી રહી છે, એમ ને! એ સુખદ સંસ્મરણોનું સ્થળ છે. આપણા જીવનનાં સર્વોત્તમ વર્ષો ત્યાં વીત્યાં છે. બીજા ભાગનાં પ્રથમ ત્રણ પ્રકરણો કીયેવની આસપાસ ગૂંથાયેલાં છે. લખવા જેવા ખાસ કંઈ સમાચાર નથી. મને સોવિયેત લેખક મંડળનો સભ્ય બનાવાયો છે. ઉક્રાઈનિયન આવૃત્તિ આગામી થોડા દિવસોમાં જ બહાર પડશે અને મારી માન્યતા મુજબ એ કાર્ય સારી રીતે થયું છે. અને બીજી મોસ્કો આવૃત્તિ પણ ટૂંકમાં જ બહાર પડશે. હું શિયાળા દરમિયાન, મોસ્કો જઈને રહેવા માગું છું, ત્યાં જગ્યા મળી જાય તો. મને અભ્યાસ અને સાહિત્યિક પ્રગતિ માટે મોસ્કોની જરૂર છે. બીજા ભાગની નકલો મને મળતાં જ તને એક નકલ ટપાલમાં મોકલી આપીશ. રાયા ઓગસ્ટમાં અહીં આવવા વિચારે છે. કાત્યાની તબિયત જરાય સારી નથી. તબીબો કહે છે કે ક્ષય રોગ છે. મારે એને બરોબર સારવાર માટે ક્યાંક મોકલવી પડશે. માની તબિયત પણ બહુ ખરાબ છે અને હું એમને સેનેટોરિયમમાં મોકલવા પગલાં લઈ રહ્યો છું. પિતાજી હવે ઘણા વૃદ્ધ થયા, માંડમાંડ હરેફરે છે. અમારા બધામાં એક કાત્યા જ ચેતનવંત છે. એટલે તું સમજી શકશે કે મારી આસપાસનું વાતાવરણ સર્જનાત્મક શક્તિ વધારનારું નથી. પણ એથી

મને હતાશ થઈ જવાનો અધિકાર મળી જતો નથી. ના—જીવન એક સંઘર્ષ છે, આપણા લક્ષ્યને સિદ્ધ કરવામાં નડતા અવરોધોને દૂર કરવા માટેનો સંઘર્ષ.

હું અભ્યાસ કરતો રહું છું. પુષ્કળ વાંચું છું. આપણા પ્રશિષ્ટ સાહિત્યમાં જે શ્રેષ્ઠ છે એનો ગંભીરતાપૂર્વક અભ્યાસ કરું છું. અભ્યાસ વિના, માનસિક વિકાસ કર્યા વિના, હું મારા પ્રથમ પુસ્તકથી વધુ જીવંત અને વધુ શક્તિશાળી નવું પુસ્તક કેવી રીતે લખી શકું?

રોઝા! મને ખબર પડી છે, આકસ્મિક રીતે જ, કે પેત્યા અને પાર્ટીમાંના મારા મિત્રો ફરીં કેં. સ.માં મારા અંગે કો'ક પ્રકારનો સવાલ ખડો કરી રહ્યા છે. કેટલીય વાર મેં મારા મિત્રોને આજીજીપૂર્વક કહ્યું છે, તેમની પાસેથી માગણી કરી છે, કે મને શાંતિથી રહેવા દો અને કામ કરવા દો. હું લોખંડનો બનેલો નથી—એટલું યાદ રાખજે. અને આ બધું સાંભળીને મારી માનસિક હાલત શી થતી હશે એની તું કલ્પના કરી શકે છે? કેં. સ.માંના બિરાદરો શું વિચારશે? અને આ બધું શા માટે? આજે મારું જીવન મારા માટે અદ્‌ભુત છે. મારા વહાલામાં વહાલાં સોણલાં સાચાં ઠર્યાં છે. હું ફરી યોદ્ધો બન્યો છું, હવે પાર્ટી માટે નકામો બિરાદર નથી રહ્યો. આપણા દેશના જીવનમાં મેં મારું સ્થાન ગોતી કાઢ્યું છે. મારા મિત્રોએ મને શા માટે આવી પીડામાં નાખવો જોઈએ? જેનો સારો ઉપયોગ થઈ શકે એવી આટલી બધી શક્તિને મારા જીવન અને એની નજીવી વિગતો અંગેના સવાલો કેં. સ.ને માથે લાદવામાં શા માટે વેડફવી જોઈએ? તેઓ સારી રીતે જાણે છે કે હું દરેકને, બધાને જ, આવું કંઈ કરવા ના પાડું છું. બસ—હાલ આટલું જ લખવાનું છે. હું તારો હાથ દબાવું છું.

એન. ઓસ્ત્રોવ્સ્કી

હું તને થોડીક તસવીરો જૂથના ફોટા, સેરાફિમોવિચ અને મારા ફોટા—મોકલું એમ જો તું ઇચ્છતી હોય તો અબ્રામને કહેજે કે મને થોડાક સારા છબીકાગળ મોકલી આપે.

બધાં કુટુંબીઓ તરફથી શુભેચ્છા.

એ. એ. ઝિગિરેવાને

સોચી, ૨૬ જૂન, ૧૯૩૪

પ્રિય શૂરોચ્કા,

તારો પત્ર હમણાં જ મળ્યો. હું સમજું છું, અને મને જરાય માઠું લાગ્યું નથી. તું આટલી માંદી છો એ જાણી ખૂબ દુઃખ થયું. ખૂબ જ લાગી આવ્યું. આ બાબત અત્યંત દુઃખદાયક છે, સૌથી વધુ દુઃખદાયક.

તું પૂછે છે કે શા સમાચાર છે.

મને લેખક સંઘનો સભ્ય બનાવાયો છે. એ ખરેખર તો એક સન્માન છે. તેમણે મને બેશક મારી ભાવિ કૃતિઓની અપેક્ષાના આધારે જ લીધો છે.

હું કામ કરવા આતુર છું—એ એક પ્રમાણિક સત્ય છે. એમાં મને ઘણી વાર અવરોધો નડે છે, પણ વાંક મારો નથી. મારી પાસે ઘણા મુલાકાતીઓ આવે છે—તારું એ અનુમાન સાચું છે. એવા દિવસો પણ આવે છે કે જ્યારે હું થાકીને લોથપોથ થઈ જાઉં છું અને પછી સવારના ચાર સુધી જાગતો રહું છું. એ વધુ પડતું છે. હું મારા મુલાકાતીઓની યાદી જોઈ ગયો છું અને એની સંખ્યા કાપીને અડધી કરી નાખી છે—આમ છતાં તેઓ મારો અડધોઅડધ સમય લઈ છે. મારે એમાં બીજો પચાસ ટકા કાપ મૂકવો પડશે. પ્રત્યેક કલાક કીમતી છે.

હું ખૂબ અભ્યાસ કરું છું, અને વિસ્તૃત વાચન કરું છું! નવા મોટા પુસ્તકની તૈયારી રૂપે. અને મારા સ્વાસ્થ્યની પરિસ્થિતિને જોતાં આ ઠાલી ચર્ચા અને ગપ્પાબાજી તો સમયનો ગુનાહિત વ્યય જ છે.

બીજો ભાગ થોડા દિવસોમાં જ તને મોકલી આપીશ...

શિયાળામાં મોસ્કો પાછા ફરવાનું હું પસંદ કરીશ. એ મારા અભ્યાસ માટે જરૂરી છે. મને રહેવા જગા મળી જશે તો જઈશ.

સોચી ઝડપથી વિકસી રહ્યું છે. લોકો કહે છે કે ઈમારતોનાં માળખાંમાંથી માંડ માંડ રસ્તો કાઢીને સમુદ્રકાંઠે પહોંચી શકાય છે.

માની તબિયત સારી નથી. અમે એમને સેનેટોરીયમમાં મોકલી આપવા વિચારી રહ્યા છીએ. હું જગા શોધી રહ્યો છું. જીવનમાં ક્યારેક તો એ પણ આરામ કરે, અને થોડી સારવાર પામે.

મોસ્કોમાં ટૂંક સમયમાં જ બીજી આવૃત્તિ બહાર પડશે—ભપકાદાર!

હું તને નકલ મોકલીશ. અને ત્રીજી, લોકભોગ્ય આવૃત્તિ, ૧૦૦૦૦૦ (નકલો)—વર્ષાન્તે.

...અહીં હજુ વરસાદ પડ્યા કરે છે. જોકે હવામાન ઉષ્માપૂર્ણ છે. પાકની સ્થિતિ સારી છે. અનાવૃષ્ટિનો સમયસર અંત આવી ગયો.

ના, મને અફસોસ છે કે માત્ર એક જ વાર જઈને વૃક્ષોની નીચે બેસી શક્યો છું. પણ ટૂંકમાં જ હું ત્યાં વધુ સમય ગાળી શકીશ.

ફિલ્મ અંગે—(તેં) મોકલેલી માહિતી બદલ આભાર. કંઈ નવું હશે તો તને જણાવીશ. તો આ વર્ષે હું તને નહીં મળી શકું. કેમ? નિરાશા અનુભવું છું...

બધાં તરફથી શુભેચ્છા.

તારો,

કોલ્યા

એ. એ. કારાવાયેવાને

સોચી, ૨૯ ઑગસ્ટ, ૧૯૩૪

પ્રિય બિરાદર આન્ના,

તમારો પત્ર મને હમણાં જ વાંચી સંભળાવવામાં આવ્યો, હૃદયને સૂર્યપ્રકાશ જેવી ઉષ્મા મળી! મને મોસ્કો પહોંચાડવા માટેની તમારી યોજનાઓ અને પ્રયાસોની સફળતાની આશા રાખું છું. હું મનમાં નિષ્ફળતાના વિચારો આવવા જ નહિ દઉં. આટલા બધા સજ્જન માણસો એ માટે કામ કરી રહ્યા છે—તેઓ નિષ્ફળ કેમ જાય?

હું તમારા હાથ દબાવું છું, મારાં પોતાનાં મજાનાં બિરાદર કારાવાયેવા!

સાદર,

એન. ઓસ્ત્રોવ્સ્કી

ઉક્રાઈનાના તરુણ સામ્યવાદી સંઘની કેં. સ.એ સંઘની તમામ શાખાઓમાં, શાળાઓમાં, અને અભ્યાસ વર્તુળોમાં 'માનવી...' અંગે ચર્ચા કરવાનો નિર્ણય કર્યો છે. મારે કહેવું જોઈએ કે મેં આની કોઈ ધારણા રાખી નહોતી. મેં બધાં પ્રવચનો વાંચ્યાં, હું હૃદયથી તમારી સાથે છું. જીવન આપણને ચેતનમય બનવાની હાકલ કરી રહ્યું છે.

બી. જ. માર્ખ્લેવ્સ્કાયાને*

સોચી, ૧૭ ઑક્ટોબર, ૧૯૩૪

પ્રિય બિરાદર માર્ખ્લેવ્સ્કાયા,

બિરાદર ફેદેનેવ મને તમારો ઉષ્મા અને મૈત્રીભર્યો પત્ર મોકલ્યો છે.

મોસ્કો પાછા ફરવાની મારી તમન્ના ફળશે તો મને તમને મળવામાં અને તમારી પાસેથી અવિસ્મરણીય અતીતની વાતો તેમ જ કોમીન્ટર્ન તથા આપણા યુવાન લોકો માટે ગૌરવ અંકિત કરી જનારા ઇન્સાનોની—જેમનું જીવન સર્વહારા ક્રાંતિના ધ્યેયને સમર્પિત હતું એવા ઇન્સાનોની.—પત્રલેખક. સાંભળવામાં ખૂબ જ આનંદ થશે.

અને મારા તરફથી, આપણા એ ભવ્ય ભૂતકાળના કેટલાક અંશોને સાહિત્યિક રૂપમાં ચિત્રિત કરવાની હું પૂરી કોશિશ કરીશ.

હું તમારા હાથ દબાવું છું.

મને મોસ્કો મોકલવા જે મિત્રો પ્રયાસો કરી રહ્યા છે તેઓ એને વળગી રહેશે તો આપણે ટૂંક સમયમાં જ મળીશું.

અત્યંત આદરપૂર્વક,

એન. ઓસ્ત્રોવ્સ્કી

એ. એ. કારાવાયેવાને

સોચી, ૧૭ નવેંબર, ૧૯૩૪

પ્રિય બિરાદર આન્ના,

...મારા એક મિત્ર પરમદિવસે મોસ્કો જઈ રહ્યા છે. મેં એમને પોલીશ વ્હાઈટસ સાથેના આપણા યુદ્ધ અંગે જે કંઈ પુસ્તકો મળે તે મારા માટે ખરીદી લાવવા જણાવ્યું છે.

મારા નવા પુસ્તક અંગેનું કામ આરંભી રહ્યો છું. એની કાચી રૂપરેખા તૈયાર થઈ રહી છે...

---

*બ્રોનિસ્લાવા માર્ખ્લેવ્સ્કાયા—પોલાન્ડના નામાંકિત ક્રાંતિકારી જે. એમ. માર્ખ્લેવ્સ્કીના વિધવા.—સં.

મારું સ્વાસ્થ્ય સારું છે. મારી માનસિક અવસ્થા સહેજ મૂંઝવણભરી છે એનો મારે સ્વીકાર કરવો જોઈએ.

તમારી મુલાકાત તમને મારી ઘણી નજીક લાવ્યાં અને ઘણી ઉષ્માભરી મૈત્રીપૂર્ણ લાગણીની છાપ અંકિત થઈ ગઈ.

સાહિત્યના ક્ષેત્રે તમારા શિષ્યોમાં, લેખનના જગતમાં આવવામાં તમે જેમને મદદ કરી છે એમનામાં, મને લાગે છે કે હું સૌથી વધુ કષ્ટદાયક સાબિત છું. હું તમને નિરંતર તકલીફો આપી રહ્યો છું. પણ એવો દિવસ જરૂર આવશે કે જ્યારે અંતે બધું સુખરૂપ થાળે પડી જશે અને તમે આ બધી પરેશાનીઓ તથા ચિંતાઓથી મુક્ત થઈ જશો.

હું તમારા હાથ દબાવું છું.

સાદર,

એન. ઓસ્રોવ્સ્કી

અમારા સમગ્ર "કોલ્ખોઝ" વતી તમને અને બિરાદર કારાવાયેવને અભિવાદનો.

બી. ત્ર. માર્ખ્લેવ્સ્કાયાને

સોચી, ૨૨ નવેમ્બર, ૧૯૩૪

પ્રિય બિરાદર માર્ખ્લેવ્સ્કાયા,

તમારો પત્ર બેશક મળ્યો જ છે. તમે રસ લીધો એ બદલ હું આભારી છું...

તો મોસ્કોમાં સમગ્ર શક્તિઓ એકત્રિત કરવામાં આવી છે, એટલે હવે હું ટૂંક સમયમાં જ નિર્ણયની અપેક્ષા રાખું છું. રહેવાની જગ્યાનો પ્રશ્ન, અલબત્ત, મુશ્કેલ છે અને એનો ઉકેલ બહુ સહેલો નથી.

ભલે જે હોય તે, પણ મારે કામ શરૂ કરવું જ જોઈએ. પરંતુ ઐતિહાસિક માહિતીના તદ્દન અભાવને કારણે હું આરંભમાં જ અટકી પડ્યો છું. મારી પાસે પોલાન્ડ સાથેના ૧૯૧૮, ૧૯૧૯, ૧૯૨૦ દરમિયાનના આપણા સંબંધો અંગેનાં પુસ્તકો નથી, ચોપાનિયાં નથી, રાજકીય કે લશ્કરી બાબતો વિશેના લેખો નથી. લાંબા સમય પહેલાં મેં વાંચેલું, અનુભવેલું, કે બીજાઓ પાસેથી સાંભળેલું જે કંઈ હું યાદ કરી શકું એમ છું એ બધું રાજકીય નવલકથાની પૂર્વતૈયારી માટે અપૂરતું છે. હું પરિસ્થિતિનો તાગ કાઢી શકું એ

માટે મારે એ ફરી વાંચી જવું જોઈએ, એનો ગહન અભ્યાસ કરવો જોઈએ.

મારા માટે તમે બિરાદર બુત્કેવિચ પાસેથી કે આ અંગે જાણતા હોય એવા બીજા બિરાદરો પાસેથી આ પ્રશ્નો રશિયન ભાષાનાં પુસ્તકોની અને એ ક્યાંથી ખરીદી શકાય તેની માહિતી મેળવી શકો તો હું અત્યંત આભારી થઈશ.

કદાચ પિલ્સૂદ્સ્કી કે પોલીશ વ્હાઈટોના બીજા કોઈ આગેવાનનાં સંસ્મરણો પ્રકાશિત થયાં હોય અને પોલીશ ભાષામાંથી તેનો રશિયન અનુવાદ છપાયો હોય. એવા ફાસીવાદી સાહિત્ય પર નજર ફેરવી જવાનું મારા માટે ઉપયોગી નીવડશે. બરાબર નિશાન પર જ ઘા કરવો હોય તો દુશ્મનનો અભ્યાસ કરવો જ જોઈએ. હું ખાસ કરીને શરૂઆતનો સમય અને પછી આપણું બંને પોલીશ સામ્યવાદી પક્ષનાં બળો એકત્ર થતાં દર્શાવવા માગું છું.

અલબત્ત, આજે જીવતાજાગતા ઇન્સાનો લોકો એ વેળાએ વાસ્તવમાં જીવી રહેલા માણસો વિશે જે કંઈ કહી શકે એનું સ્થાન અસંખ્ય પુસ્તકો પણ લઈ શકે નહિં. કારણ કે નવલકથાના સ્વરૂપમાં તો લોકો અંગેનાં નજરે જોયેલાં બયાનો જ સૌથી વધુ મહત્ત્વનાં હોય છે. એટલે મારા માટે વળી મોસ્કો અનિવાર્ય બની રહે છે, તમને મળવાનું અને તમે મને જેમની સાથે સંપર્કમાં લાવી શકો એ પોલીશ બોલ્શેવિકોને મળવાનું અનિવાર્ય બની જાય છે...

આ બધી વિનંતીઓથી હું તમને જે મુશ્કેલીઓમાં મૂકી રહ્યો છું એ બદલ, અને મને મોસ્કો પહોંચાડવા માટે મારા મિત્રોએ જે રીતે તમારી મદદ માગી છે એ બદલ, મને જરૂર માફ કરશો.

હું તમારો હાથ દબાવું છું.

અત્યંત આદરપૂર્વક,

એન. ઓસ્રોવ્સ્કી

એ. આઈ. પુત્રીરેવ્સ્કીને

સોચી, ૨૩ નવેમ્બર, ૧૯૩૪

પ્રિય સાશ્કો,

ના, હું તને કદી ભૂલ્યો નથી, અત્યારે પણ નહિ. વાત એટલી જ છે કે હું વારંવાર માંદો પડવા લાગ્યો છું. આ બધા છતાં હું ટકી રહું. પ્રયાસો કરું છું. બિરાદરોને મળીને હું ખુશ થયો. મારી એક તીવ્ર ઇચ્છા છે -

મોસ્કો પાછો ફરવાની. પણ મને ખબર નથી કે એ શક્ય બનશે યા નહિ. એ અંગે આગામી થોડા દિવસોમાં જ નિર્ણય લેવાશે. એનો આધાર મારા પર નથી. પણ શિયાળા દરમિયાન અહીં સોચીમાં રહેવાનું થશે તો તને મળીને મને ખૂબ ખૂબ આનંદ થશે. તું નક્કી આવજે! હવામાન ખરાબ થવા માંડ્યું છે. વરસાદ અને ભેજવાળું. પણ આમ તને મળવા માટે ખાસ આદેશથી સૂર્યપ્રકાશવાળા દિવસો ગોઠવીશું. આહ, સારકો, પણ જીવન સુંદર છે! માત્ર એક જ ચીજ ખૂટે છે: થોડીક શારીરિક શક્તિ.

હમણાં વધુ કંઈ નથી. જ્યારે બધું નક્કી થઈ જશે ત્યારે ફરી લખીશ. શુભેચ્છાઓ. હું તારા હાથ દબાવું છું.

નિકોલાઈ ઓસ્ત્રોવ્સ્કી

તારાં કુટુંબીઓને શુભેચ્છાઓ. અને—લખજે. તારા સમાચારથી મને હંમેશ આનંદ આવે છે.

એક વાચક, તરુણ સામ્યવાદી સંઘની સભ્યા, ખાર્ચેન્કોને

સોચી, ૧૯ ફેબ્રુઆરી, ૧૯૩૫

...'માનવીનું ઘડતર'ના લેખક એક પાત્રને—પાવેલ કોર્ચાગિનને—જે રીતે અપંગ બનાવી દે છે તેની સામે તમે વિરોધ જાહેર કર્યો છે. હું તમારી આ વિરોધની લાગણી સમજી શકું છું. શક્તિ અને ઉત્સાહથી તરવરતી યુવાનીની એ સ્વાભાવિક પ્રતિક્રિયા છે. આપણી ભૂમિના વીરપુરુષો માત્ર ચેતનામાં જ નહીં પરંતુ શારીરિક રીતે પણ મજબૂત છે. અને એ જો મારા હાથમાં હોત—એટલે કે કોર્ચાગિન જો માત્ર મારી કલમનું જ સર્જન હોત—તો એને જેટલો હિંમતવાન બતાવાયો છે એટલો જ તાકાતવાન અને તંદુરસ્ત દર્શાવાયો હોત.

પણ મને અફસોસ છે કે કોર્ચાગિનનું ચિત્રણ વાસ્તવિક જીવનના આધારે કરાયું છે. હું એને મળતો રહું છું. પાવેલ કોર્ચાગિન મારો જૂનો મિત્ર અને સાથી યોદ્ધો છે. એટલે જ તો હું એને આટલી ઉષ્માપૂર્ણ લાગણીથી આલેખી શક્યો છું.

એ મારી સામે જ સૂતો છે, મલકાતો અને ખુશમિજાજમાં.

છ વર્ષ થવા આવ્યાં હવે, એ પથારીમાં કેદ છે. એણે નવી નવલકથા લખવાની શરૂઆત કરી છે, જે આપણે ટૂંક સમયમાં જ છપાયેલી જોઈશું.

આ નવી કથાના નાયકો યુવાન માણસો છે—દેખાવડા, તંદુરસ્ત, ઉત્સાહથી તરવરતા આપણા દેશના અદ્‌ભુત યુવાન ઈન્સાનો!

પાવેલ તમને અભિવાદનો પાઠવે છે.

તમને એમ કહેવાની સૂચના એ મને આપી રહ્યો છે કે "તમે તમારા જીવનમાં સુખનું ઘડતર કરો. અને સુખ તો છે નવજીવનના નિર્માણમાં, સમાજવાદના માનવીના—હવે પોતાના દેશના સ્વામી બનેલા મહાન અને નૂતન માનવીના— નવઘડતરમાં, તેને નવેસરથી કેળવણી આપવામાં. સામ્યવાદ માટેની લડત, સાચી મૈત્રી, પ્રેમ, યુવાની—એ બધું માનવ માટે છે—માનવ સુખી થાય એ માટે છે."

સરસ વીરાંગના બનજો, બિરાદર ખાર્ચેન્કો!

એન. ઓસ્ત્રોવ્સ્કી

આઈ. પી. ફેદેનેવને*

સોચી, ૫ એપ્રિલ, ૧૯૩૫

પ્રિય ઈન્નોકેન્તી પાવ્લોવિચ,

હું અચાનક બીમાર પડી ગયો છું. બન્ને ફેફસાંમાં પ્લૂરિસી. તાવ, હૃદયના ધબકારાના વેગમાં વધારો, અનિદ્રા, અને એવા બધા "સુખદ" ગૂંચવાડાઓ. તબીબો મને કામ કરવાની કે વાતચીત કરવાની ના પાડે છે—અને તે પણ હું સર્જનાત્મક પ્રેરણાના શિખરે હતો ત્યારે. મારો મિજાજ કેવો રહેતો હશે એ તું કલ્પી શકે છે. ઉક્રેઇનિયન ફિલ્મ સ્ટુડીયોમાંથી આવેલા પત્રની નકલ બીડું છું. મારું સમગ્ર અસ્તિત્વ મને કામ કરવા, સક્રિય સેવા, પોકારે છે—અને હું એનો પડઘો પાડી શકતો નથી. અમે માંદગી સામે લડી રહ્યા છીએ. હું એવી આશાએ તબીબોની સૂચનાઓનું પૂરેપૂરું પાલન કરું છું કે બને એટલી જલદી ફરી કામે ચડી શકું.

હું તારા હાથ દબાવું છું, પ્રિય મિત્ર.

---

*ઈન્નોકેન્તી પાવ્લોવિચ ફેદેનેવ—ઓસ્ત્રોવ્સ્કીના મિત્ર. 'માનવીનું ઘડતર'માં લેદેનેવ તરીકે આવે છે.—સં.

અને હું ફરી સાજો થઈ ગયો છું તથા કામે ચડી ગયો છું એવું ટૂંકમાં જ તને જણાવવાની આશા સેવું છું.

તારો,

કોલ્યા

ઉક્રાઈનિયન કોમ્યુનિસ્ટ પાર્ટી (બો)ની વીન્નિત્સા પ્રાદેશિક સમિતિના મુખપત્ર 'બોલ્શેવીસ્ત્સ્કાયા પ્રાવદા'ના સંપાદક મંડળને

સોચી, ૧૪ એપ્રિલ, ૧૯૩૫

પ્રિય બિરાદરો,

આપનો પત્ર ગઈકાલે મળ્યો. મારી નવી નવલકથાનાં થોડાંક પાનાં મોકલવાનું અને મારું કામ કેવુંક આગળ વધી રહ્યું છે એ અંગે લખવાનું તમે મને જણાવો છો. હું તત્કાળ જવાબ આપી રહ્યો છું. 'ઝંઝાવાતનાં સંતાનો'ના—(શીર્ષક આ જ રહેશે એવો અંતિમ નિર્ણય નથી લીધો) ચોથા પ્રકરણનું કાચું લખાણ ટપાલમાં રવાના કરી રહ્યો છું. પ્રકાશન માટે હું પ્રકરણના આખરી ભાગની ભલામણ કરું છું.— એમાંથી તમારા અખબારની અનુકૂળતા મુજબ વધુ કે ઓછું છાપી શકાય.

વાર્તા ટૂંકમાં આ મુજબ છે. તમે એનો પ્રસ્તાવના તરીકે ઉપયોગ કરી શકો.

'ઝંઝાવાતનાં સંતાનો' ફાસીવાદ વિરોધી નવલકથા છે. સમય, ૧૯૧૮ના અંતનો. સ્થળ, પશ્ચિમ ઉક્રાઈનાનું એક શહેર અને પૂર્વીય ગેલીસીયા. ઉક્રાઈનામાં કબજો જમાવીને પડેલાં જર્મન દળો લૂંટ છાપામારીથી ત્રાસીને નાસી રહ્યા છે. પોલાંડના જાગીરદારો, જમીનદારો, કારખાનદારો, બેંકરો શહેરમાં સત્તા કબજે કરી લે છે અને આવી રહેલી ક્રાંતિકારી ટુકડીઓનો સામનો કરવાની તૈયારી કરે છે. પોલીશ ફાસીવાદીઓના આગેવાનો કાઉન્ટ મોગેલ્નીત્સ્કી, પ્રિન્સ ઝામોઈસ્કી, ખાંડના કારખાનાનો માલિક બારાનકેવિચ, જમીનદાર ઝાયઓન્ચકોવ્સ્કી, કેપ્ટન ઝ્રોના, લેફ્ટેનન્ટ ઝારેમ્બા, અને કેથોલીક પાદરી ફાધર ઇયેરોનીમ છે.

સામ્યવાદીઓ પણ સંઘર્ષ માટે તૈયારી કરે છે. પાર્ટીની ભૂગર્ભ પ્રાદેશિક સમિતિ સક્રિય છે. ભૂગર્ભ તરુણ સામ્યવાદી સંઘનું જૂથ પાર્ટીના કાર્યમાં

વફાદાર મદદગાર છે. સૌથી વધુ ખૂનખાર એવા પોલીશ ફાસીવાદ સામેના જબરદસ્ત લડતમાં પિતાઓ અને સંતાનો ખભેખભા મિલાવીને લડે છે. એ પરાક્રમી તરુણ સંતાનો છે ભૂગર્ભ લડૈયાની પુત્રી અંદ્રેસ્યા, પાછળથી કામ્યુનિસ્ટ પાર્ટીની કેંદ્રીય સમિતિના સભ્યનો પુત્ર રાઈમોન્દ રાયેવ્સ્કી, ભૂગર્ભમાં પોલાદી અને શિસ્તબદ્ધ બનતો યુવાન કામદાર આન્દ્રી પ્તાખા.

સામ્યવાદી અભિવાદનો,

એન. ઓસ્ત્રોવ્સ્કી

'ઈન્ટરનેશનલ લીટરેચર' સામયિકના સંપાદક મંડળને

સોચી, ૨૦ એપ્રિલ, ૧૯૩૫

પ્રિય બિરાદરો,

તમારો પત્ર મને વાંચી સંભળાવવામાં આવ્યો ત્યારે ભૂતકાળ તાજો થયો, જે મારી સ્મૃતિમાં સ્પષ્ટપણે અંકિત છે. અટોઅટ કતારોમાં ગોઠવાયેલું લશ્કર, પ્રતિમાઓ જેવા સાતસો ઘોડેસવાર સિપાહીઓ. અશ્વો પણ સ્થિર, આજ્ઞાંકિત. લડાઈઓમાં પોલાદી બનેલો અને સહેલાઈથી લાગણીવશ ન બનનારો બ્રિગેડ કમાંડર લશ્કરી ઘોષણા મોટેથી વાંચી સંભળાવે છે. સાવ સાદા સરળ શબ્દો. પણ—કમાંડરના શબ્દો સાંભળતાં જાણે હૈયામાં જુવાળ આવે છે અને આનંદનાદની હાકલ કાનમાં રણકી ઊઠે છે: "લડાઈમાં દર્શાવેલી વીરતા અને સૂઝ બદલ કમાંડ આભાર વ્યક્ત કરે છે..." અને નીચે સહી, હૃદયમાં અકબંધ રીતે જડાઈ ગયેલી. અત્યારની ઘડીએ એટલી જોરથી પડઘાઈ જાય છે કે કાંઈક દુઃખવા લાગે છે. એવા શબ્દો—જાણે આહ્વાન... મને આશા છે કે તમે મને મોકલેલો આ પત્ર આખરી નહીં હોય. જેમનો અનુભવ નવા નિશાળીયાઓ માટે અત્યંત જરૂરી છે તેમનો સંપર્ક સાધવાની મારી જેટલી આતુરતા બીજા કોઈને ન હોઈ શકે. અનુવાદ અંગેના તમારા નિર્ણય અંગે કેવુંક કામ થઈ રહ્યું છે એ મને લખશો એની મને ખાતરી છે. હું તમારા પત્રોની કેટલી અધીરાઈથી રાહ જોઉં છું એ તમે સમજી શકો છો. 'માનવી...' સરહદ ઓળંગી જવાનું છે એ વિચારે મારું હૃદય જોરથી ધબકવા માંડે છે.

મને જ સખતાઈ રહેતી કામની યોજના રાખનાર મૂર્ખામીભરી બિનજરૂરી માંદગી બાદ હું થોડા દિવસ પૂર્વે જ ફરી કામે ચડ્યો છું. અને હું સંપૂર્ણપણે

કામમાં ડૂબી ગયો છું—કામ છે તો અઘરું, પણ આહ્લાદક, સુંદર, મારા માટે આનંદથી ભરપૂર.

આગામી થોડા દિવસોમાં કીવથી મુલાકાતીઓ આવશે એવી અપેક્ષા છે.- 'માનવીનું ઘડતર'ની પટકથા તૈયાર કરવા ઊક્રાઈનાના ફિલ્મ સ્ટુડીઓમાંથી. બેલોરશિયન કં. સ. મને જણાવે છે કે પુસ્તકનો બેલોરશિયન ભાષામાં અનુવાદ થઈ રહ્યો છે. સોવિયેત સંઘની અંદર એ છઠ્ઠી ભાષામાં છે. પરમદિવસ સોચી પ. શ્રી સમિતિની મારા નિવાસસ્થાને થનારી મિટિંગમાં મારે મારા કામ અંગે અહેવાલ આપવાનો છે.

મને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો કે જીવનમાં મને આવો અદ્ભુત આનંદ મળશે. મારા ભયાનક કરુણ સંજોગોને મારી હઠાવવામાં આવ્યા છે, ખતમ કરી નાખવામાં આવ્યા છે. જીવન સર્જનાત્મક શ્રમના સર્વજિત આનંદથી ઊભરાય છે. અને હું નાનો હતો—યુવાન, ખડતલ, અને તંદુરસ્ત હતો—ત્યારે વધુ સુખી હતો કે આજે, એ કોણ કહી શકે?

મારા હાથના સ્પર્શની ઉષ્મા તમે અનુભવો એમ હું ઇચ્છું છું.

એન. ઓસ્ત્રોવ્સ્કી

એ. એ. કારાવાયેવાને

સોચી, ૨ મે, ૧૯૩૫

પ્રિય આન્ના અલેક્સાન્દ્રોવ્ના,

તમારો તાર મળ્યો. તમે મંજૂર કરેલો હિસ્સો 'કોમ્સોમોલ્સ્કાયા પ્રાવદા'ને ટપાલથી રવાના કર્યો. મારા નવા પુસ્તકનાં તૈયાર થઈ ગયેલાં તમામ પ્રકરણો અખબારમાં શ્રેણીબદ્ધ છાપવા માટે મોકલી આપવા તાકીદની વિનંતી કરતા તેમના બે ખાસ તારસંદેશાઓ મને મળ્યા હતા. આજે એમને લખું છું કે તમે છાપવા માગતા હોવ તો તમારી પરવાનગી મેળવી લેવી પડશે. એના વિના ન છાપવું. અલબત્ત, તેમનો પ્રસ્તાવ ઘણો આકર્ષક છે. પણ એક વસ્તુ નક્કી છે, હું 'મોલોદાયા ગ્વાર્દિયા'નો છું, અને સૌપ્રથમ તો વિશ્વાસમાં માનવાવાળો. અને બીજી વાત, પુસ્તક હજુ કામની પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યું છે. એ હજુ તમારા ટીકાટિપ્પણના અગ્નિમાંથી પસાર થયું નથી. અને હું 'કો. પ્રા.'ના બિરાદરોને એ જ લખી રહ્યો છું. પ્રથમ પ્રકરણો અંગેની તમારી સમીક્ષાની હું રાહ જોઈ રહ્યો છું. મે-દિન અદ્ભુત હતો.

નિદર્શન બાદ નગર પાર્ટી સમિતિના તમામ આગેવાન બિરાદરો, સરહદી ટુકડીના આગેવાનો, અને 'મેંલોત'ના—પ્રાદેશિક અખબારના—સંપાદક મારી સાથે દિવસ ગાળવા આવ્યા હતા. 'માનવીનું ઘડતર'ની પટકથા તૈયાર કરવા માટે મારી જોડે કામ કરવા ફિલ્મ દિગ્દર્શક અને પટકથા લેખક કીએવથી રવાના થઈ ચૂક્યા છે.

ઉક્રાઈનિયન તરુણ સંઘની કેં. સ.ના બ્યૂરોની મિટિંગની કાર્યનોંધમાંથી મારી નવલકથાનું ફિલ્મીકરણ કરવાના નિર્ણય અંગેનો અને એ કામ પાર પાડવાની જવાબદારી જેમને સોંપાઈ છે એ બિરાદરોના નામોની યાદીને લગતો ભાગ મને મોકલવામાં આવ્યો છે. આ ઉતાવળે લખી રહ્યો છું, જરાક અવકાશ મળ્યો છે એ દરમિયાન. મુલાકાતીઓ હમણાં જ આવવાના છે—સંઘના સ્થાનિક સભ્યો. અમારો સમય આનંદમાં જશે. "સાહિત્યિક મોરચે જાંનિસાર કામગીરી બદલ" ઇનામ રૂપે પાર્ટી સમિતિએ મને ગ્રામોફોન આપ્યું છે.

હું તમારા હાથ દબાવું છું. બધાં કુટુંબીઓ તરફથી હાર્દિક શુભેચ્છાઓ.

તમારો,

એન. ઓસ્ત્રોવ્સ્કી

એ. એ. કારાવાયેવાને

સોચી, ૨૫ મે, ૧૯૩૫

પ્રિય આન્ના અલેક્સાન્દ્રોવ્ના,

મેં મારા કામ અંગે બ્યૂરોની એક મિટિંગમાં રજૂ કરેલા અહેવાલની શબ્દશઃ નોંધો ટપાલ દ્વારા સોચી પાર્ટી સમિતિ આજે સામયિકને રવાના કરશે. તમને યોગ્ય લાગે તો એને સામયિકમાં પ્રસિદ્ધ કરી શકો છો. મારા દિવસો વધારે ને વધારે ઝડપથી વીતી રહ્યા છે. આગ્રહી અને અદમ્ય જીવન મારા પર સવાર થઈને મારા સ્વાસ્થ્ય અને શક્તિના છેલ્લા બુંદ સુધી હું જે કંઈ આપી શકું એ બધું જ તેની તહેનાતમાં પેશ કરી દેવાનું ફરમાન કરી રહ્યું છે. તમે તો અલબત્ત કહેશો જ કે એ ખોટું છે, ડાબેરી ઝોક છે. પણ એને રોકવાની મારામાં શક્તિ નથી. સંઘની શાખાઓ અને વિવિધ બિરાદરો પાસેથી આવતા પત્રોનો જંગી ખડકલો જ લો. એમને જવાબ આપવા જ જોઈએ. કેટલા અદ્ભુત પત્રો! કેવળ લાગણીભર્યા! પુસ્તકે યુવાનોના

મનમાં જે આકાંક્ષાઓ જન્માવી છે એ મને હવે જ સમજાઈ રહી છે. હું એવા બે પત્રો બીડું છું.

તમને ખબર જણાવું કે મને એક મહિનો રજા પાળવાનો આદેશ અપાયો છે. તબીબોએ કંઈક કહ્યું છે એથી બિરાદરોને ચિંતા થઈ રહી છે. મારે એ સ્વીકારવું જ રહ્યું.

પણ ફિલ્મવાળા બિરાદરો આવ્યા છે અને પટકથા લખવાની જ છે. હું એ બાબતમાં તદ્દન બાળક છું. પણ ઉક્રાઈનિયન કોં. સ.એ એમાં મદદ કરવાનું મને જણાવ્યું છે. અંતે તો ત. સા. સંઘની ફિલ્મ ચેતનમય અને હૃદયસ્પર્શી બને એ ખરેખર ગૌરવપ્રદ બાબત છે. અને એ બધું ઘણી શક્તિ માગી લે છે. પરંતુ મેં તો મારી સમગ્ર શક્તિને છેલ્લા ટીપા સુધી ખર્ચી નાખી છે. મારી શક્તિ ફરી એકઠી કરવા મને રજાની જરૂર છે જ. અને બીજી બાબત છે મુલાકાતીઓની અણથંભ વણઝારની, જેનાથી બચવું લગભગ અશક્ય છે.

પરંતુ આ બધું હોવા છતાં, બિરાદર આન્ના, હું બેહદ ખુશ છું. મારા જીવનમાં આવા પલટાની કલ્પના પણ હું ન જ કરી શક્યો હોત.

મારું વેકેશન શરૂ થશે ત્યારે હું તમને વધુ લખીશ, અને વધુ નક્કર લખીશ. હમણાં હું ધ્યાન કેન્દ્રિત કરી શકું એમ નથી. ઘણી બધી બાબતો અંગે વિચારવાનું છે.

બધાને શુભેચ્છાઓ.

હું તમારો હાથ દબાવું છું, મારા પ્રિય બિરાદર.

તમે કરેલી આલોચનાના મુખ્ય સૂર સાથે હું સંમત થાઉં છું. એ મુજબ જે ફેરફારો કરવા જોઈએ એ મેં કર્યા છે, અને મારા લખાણમાં જે કચરો ઘૂસી ગયો હતો એને છેકી નાખ્યો છે.

વિનમ્ર,

એન. ઓસ્ત્રોવ્સ્કી

એ. એ. ઝિગિરેવાને

સોચી, ૩૧ મે, ૧૯૩૫

આજે મારા કામનો છેલ્લો દિવસ છે. વેકેશન આવતીકાલથી શરૂ થાય છે. મારી તમામ સાહિત્યિક પ્રવૃત્તિઓ ક્રમબદ્ધ ગોઠવાઈ ગઈ છે. મિત્રોને

પત્રો લખી રહ્યો છું. આવતા આખા મહિનામાં ગંભીર કામ હાથ ધરવાની મનાઈ છે. મારે "દિમાગ અને શરીરમાં" આરામ લેવાનો છે.

આ સપ્તાહો દરમિયાન તને ન લખું તો આશ્ચર્ય ન પામીશ. પત્રો આવે, થોકબંધ, એ મને ગમશે. પણ હું જાતે વધુ લખવાનો નથી.

પ્રાદેશિક સમિતિએ મને સુંદર રેડિયો સેટ મોકલ્યો છે. યુરોપનાં બધાં મથકો પકડતો એ સેટ મારા ઓરડામાં ગોઠવવામાં આવ્યો છે.

તો હું તારા પત્રોની આશા રાખીશ, બધા વિષે અને બધી બાબતો અંગે.

હું તારા હાથ દબાવું છું.

એન. ઓસ્ત્રોવ્સ્કી

એ. એ. કારાવાયેવાને

સોચી, ૨ ઓગસ્ટ, ૧૯૩૫

પ્રિય આન્ના અલેક્સાન્દ્રોવ્ના,

સોવિયેત લેખક મંડળના મધ્યસ્થ બોર્ડે મને એવી માહિતી મોકલી છે કે એન. ઓસ્ત્રોવ્સ્કીના કાર્ય અંગે સાહિત્યિક ચર્ચા ટૂંકમાં જ થવાની છે અને તેમાં અહેવાલ તમે રજૂ કરશો. હું એની શબ્દશઃ નોંધોની આતુરતાપૂર્વક રાહ જોઈશ. તમને મેં છેલ્લો પત્ર લખ્યો એને ઠીકઠીક સમય વીતી ગયો છે. મને માફ કરશો, પ્રિય મિત્ર.

જુઓ ને, મારી ખંતના બદલામાં જીવને મને પુનઃ આનંદ બક્ષ્યો છે—અમાપ, અનન્ય, અદ્ભુત આનંદ. અને—હું મારા તબીબોની તમામ ચેતવણીઓ અને તેમણે બનાવેલાં જોખમોને ભૂલી જ ગયો. મારી શારીરિક શક્તિઓ બહુ મર્યાદિત હતી એ હું ભૂલી ગયો. અને મને મળવા આવતા લોકોના અણથંભ ધસારાએ સંઘના યુવાન લોકો ખાણો અને કારખાનાંઓના પ્રસિદ્ધ કામદારો, આપણા સુખના પરાક્રમી ઘડવૈયાઓ, સૌ મને 'માનવી...'ના કારણે મળવા આવતા—મને મારામાં બુઝાઈ રહેલી લાગતી જ્યોતને તેમણે સંકોરીને તેજોમય બનાવી દીધી. ફરી હું તરવરિયો આંદોલનકાર અને પ્રચારક બની ગયો. હું વારંવાર ભૂલી જવા લાગ્યો કે હરોળમાં મારું જે સ્થાન છે ત્યાંની ફરજ મારે મારી કલમથી વધુ કામ કરીને બજાવવાની છે, જબાન ચલાવીને નહીં. અને મારા દગાખોર સ્વાસ્થ્યે વધુ એક વાર

મને દગો દીધો. અચાનક મેં જોયું કે હું ભયસૂચક ચિહ્ન સુધી પહોંચી ગયો છું. આખા મહિનાથી તબીબો તબિયતને લથડતી જતી અટકાવવા પ્રયાસો કરી રહ્યા છે. મારા શરીરમાં જાતજાતનાં તબીબી દ્રવ્યો ઠાંસી રહ્યા છે. પણ હજુ સુધી તેઓ સફળ થયા નથી. થોડા સમય પહેલાં જ હું દિવસના ૧૧ કલાક કામ કરી શકતો હતો એનો માત્ર વિચાર કરીને નિઃસાસા નાખવા સિવાય બીજું કશું જ હું કરી શકું એમ નથી. હવે હું માંડ ત્રણેક કલાક ઉક્રાઈનાના આંતરવિગ્રહ અંગેની સામગ્રીનું વાચન સાંભળી શકું છું, અને એ ઉપરાંત ફિલ્મની પટકથા અંગેનું થોડુંક કાર્ય કરી શકું છું.

દેશના ખૂણેખૂણેથી આવતા હજારો પત્રો મને સંઘર્ષ ખેલવાની હાકલ કરે છે — અને હું મારી અંદર જાગતા બળવાને કચડી નાખવાનો પ્રયાસ અહીંયાં સૂતો સૂતો કરી રહ્યો છું. આવી જોખમી હાલત છતાં અલબત્ત આ વખતે પણ હું મરવાનો નથી — એનું એક સબળ કારણ એ છે કે પાર્ટીએ મને સોંપેલું કાર્ય મેં હજુ પૂર્ણ કર્યું નથી. 'ઝંઝાવાતનાં સંતાનો'ને પૂરું કરવાની મારી સ્પષ્ટ ફરજ છે અને પુસ્તકને માત્ર લખાવી દેવાનું જ નથી પરંતુ મારા પોતાના હૃદયની આગથી એને પ્રજ્વલિત કરવાનું છે. ઉપરાંત, મારે 'માનવીનું ઘડતર'ની પટકથા પણ લખવાની (કે લખવામાં મદદ કરવાની) જ છે. વધુમાં, મારે બાળકો માટેનું એક પુસ્તક પણ લખાવવું છે. હું એને 'પાવ્કાનું બાળપણ' કહીશ. અને પાવ્કા કોર્ચાગિનના સુખી જીવન અંગેનું પુસ્તક પણ ખરું જ. એ પાંચ વર્ષનું કામ છે — એકનિષ્ઠ, બોલ્શેવિક પ્રયાસો માગી લેતું. અને મારા જીવનની યોજનામાં આથી ઓછું તો હું ન જ ચલાવી લઉં. મને લાગે છે કે તમે હસી પડશો. પણ આ સિવાય બીજો કોઈ માર્ગ નથી. તબીબો પણ હસે છે — ગૂંચવણ અને મૂંઝવણભર્યું. પણ — ફરજનું સ્થાન સૌથી ઊંચું છે, એટલે હું ઓછામાં ઓછાં પાંચ વર્ષ જીવવાનો જ છું.

ને કહો તો ખરા, આપણા - આપણા જ અદ્ભુત સમયમાં જીવતાં રહ્યા છતાં એ વેળા જીવનથી વિદાય લેવા માગતો ગાંડો માણસ તમને ક્યાંય જોવા મળશે? અરે, એ તો દગાખોરી ગણાય, આપણા દેશ પ્રત્યેની બેવફાઈ. મારા પર એક કૃપા કરજો: મારી વતી ટીકાકારોને અનુરોધ કરજો કે એ પ્રથમ પાંચ પ્રકરણો પર બોલ્શેવિક ટીકાની વર્ષા કરે. એમને કહેજો કે જરૂર લાગે તો આકરા શબ્દો વાપરતાં જરાય ન અચકાય. હું બધું સહન કરી

શકું એમ છું. અને મને કહેવા જેવું હોય એ બધું જ કહેવું જોઈએ. મારે સત્ય જાણવું જ જોઈએ. અને તમે જ દાખલો બેસાડજો. હું તમારો શિષ્ય છું અને મિત્ર છું. મારા લખાણની ટીકા કરો.

હું તમારા હાથ દબાવું છું.

આ ઉનાળામાં હું મોસ્કો પાછા ફરવાનું પસંદ કરીશ. પણ લાગે છે કે મારા નસીબમાં એવી જોગવાઈ નથી.

'મોલોદાયા ગ્વાર્દિયા'ના બધા બિરાદરોને તેમ જ માર્ક અને મારી પ્રિય સોન્યાને શુભેચ્છાઓ.

વિનમ્ર,

એન. ઓસ્ત્રોવ્સ્કી

જી. આઈ. પેત્રોવ્સ્કીને*

સોચી, ૧૫ સપ્ટેંબર, ૧૯૩૫

મારા અતિ પ્રિય ગ્રીગોરી ઇવાનોવિચ,

તમારો અદ્ભુત પત્ર મળ્યો છે. ક્યારેક એવો સમય પણ આવે છે કે માણસને પોતાની લાગણીઓ વ્યક્ત કરવા શબ્દો શોધ્યા જડતા નથી. પણ મેં તમારા ઉષ્માપૂર્ણ, મૈત્રીભર્યા હાથનો સ્પર્શ અનુભવ્યો, મારા હૃદય નજીક એનો અનુભવ કર્યો. મેં માનવી કલ્પી પણ ન શકે એટલું મહાસુખ પ્રાપ્ત કર્યું છે. અત્યંત શારીરિક વેદના છતાં, પળ વાર પણ મને ન છોડતી પીડા છતાં, હું ઊંઘમાંથી જાગું છું ત્યારે આનંદ અને ઉલ્લાસમાં હોઉં છું, અને મને અંધારામાં રાખતી આખી રાતના બદલા રૂપે આખો દિવસ કામ કરું છું. મારી આસપાસનું જીવન સૂર્ય અને રંગોથી પ્રકાશમાન છે. મારા નવા પુસ્તકનાં પાનાંઓને મારા હૃદયની અગ્નિશિખા અને લાગણીઓ ભરી દેવાની — આપણા યુવાનો સંઘર્ષ માટે સંગઠિત બને, આપણી મહાન પાર્ટી માટે નિઃસ્વાર્થપણે ફના થઈ જવાની તેમનામાં તમન્ના જાગે, એવું પુસ્તક લખવાની — મારી આતુરતા અમાપ છે.

---

*ગ્રીગોરી ઇવાનોવિચ પેત્રોવ્સ્કી એ વેળા ઉક્રાઈનિયન સોવિયેત સમાજવાદી પ્રજાસત્તાકની કેન્દ્રીય કારોબારી સમિતિના અધ્યક્ષ અને સોવિયેત સમાજવાદી પ્રજાસત્તાકોના સંઘની કેન્દ્રીય કારોબારી સમિતિના ઉપાધ્યક્ષ. — સં.

આપણા દેશના બોલ્શેવિક યુવાનો, દૂર પૂર્વમાંનાં આપણાં દળોના સિપાહીઓ મને લેનિન ચંદ્રક એનાયત કરવાનો સરકારને અનુરોધ કરી રહ્યા છે એવા સમાચાર આપના પત્રો મને મળે છે ત્યારે મને થાય છે કે મારી નસોમાં શક્તિનો પ્રચંડ ધોધ વહેવડાવી દેનારો સર્વોચ્ચ ઇલકાબ – આપણા દેશના તરફથી બહાલીનો ઇલકાબ – મને મળી ચૂક્યો છે એની તો એ સૌને ખબર જ નથી. એથી વધુ કીમતી શું હોઈ શકે? આપણે મળ્યા હતા ત્યારે તમને આપેલું વચન મેં પાળ્યું છે. 'માનવીનું ઘડતર'ની પટકથા તૈયાર છે. યુક્રેઇનિયન ફિલ્મ સ્ટુડીઓના બિરાદરો એ અંગે ચર્ચા કરવા અહીં આવી ગયા છે. આવતા વર્ષની મધ્યમાં ફિલ્મ તૈયાર થઈ જશે.

હું આપના હાથ દબાવું છું.

વિનમ્ર,

એન. ઓસ્ત્રોવ્સ્કી

તમે મોકલેલું પુસ્તક—યુક્રેઇનિયન સો. સં. પ્રજાસત્તાકની સરકારના નિર્ણયોનો તમારી સહી સાથેનો ગ્રંથ—મળ્યું છે. ઘણો જ આભાર.

એ. એ. ઝિગિરેવાને

સોચી, ૨૮ ઓક્ટોબર, ૧૯૩૫

મારી પોતાની, મારી પ્રિય શૂરોચ્કા,

તારો ઉષ્મા અને મૈત્રીભર્યો પત્ર મળ્યો. હા વળી, આપણે મોસ્કોમાં બેશક મળીશું જ. હું અહીંથી ૧૦ નવેંબરની આસપાસ નિકળવા વિચારું છું.

માણસનું મગજ ચસકી જાય એવા સમયમાંથી હું પસાર થઈ રહ્યો છું એની તને ક્યાંથી ખબર પડે! સવારથી મોડી રાત સુધી એક પળની ફુરસદ નથી. એટલે પત્ર ન લખવા બદલ તારે મારી ઉપર ગુસ્સે ન થવું જોઈએ, મારી પરમ પ્રિય શૂરોચ્કા! મારી શૂરોચ્કા હંમેશાં મારા હૃદયમાં છે. પણ જીવન બહુ ગતિમાન છે, ઘટનાપ્રવાહોથી ભરેલું, જમવા માટે પણ ક્યારેક તો સમય રહેતો નથી. પોતાના જ મનની સાથે એકાંત માણવા પણ સમય રહેતો નથી.

હું તને મોસ્કોનું સરનામું સમયસર મોકલી આપીશ. અહીં કંઈ નવાજૂની નથી. બધા કુટુંબીજનો તરફથી તને સ્નેહભર્યા શુભેચ્છાઓ.

હું તારા હાથ દબાવું છું.

કોલ્યા

આઈ. પી. ફેદેનેવને

સોચી, ૬ નવેંબર, ૧૯૩૫

પ્રિય ઇન્નોકેન્તી પાવ્લોવિચ,

મોડી રાતનો સમય છે. આવતીકાલે આપણે આપણી સુંદર સોવિયેત ભૂમિની ૧૮મી વર્ષગાંઠ ઊજવીશું.

તને ઉષ્માથી ભરપૂર શુભેચ્છાઓ, પ્રિય મિત્ર.

મેં જોયેલા વાર્ષિક દિનોમાં આ સૌથી સુખદ છે. આ નવેંબરના દિવસોમાં આપણું પ્રજાસત્તાક મારી છાતીએ, મારા સુર્ખ હૃદય પર, લેનિન ચંદ્રક સજાવશે. જીવન કેટલું અદ્‌ભુત છે!

હું ઉષ્માપૂર્વક તને ભેટું છું.

મા અને મારી બહેન તરફથી હાર્દિક શુભેચ્છાઓ.

તારો,
કોલ્યા

એ. એ. કારાવાયેવાને

સોચી, ૨ ડિસેંબર, ૧૯૩૫

પ્રિય આન્ના અલેક્સાન્દ્રોવ્ના,

તમારો પત્ર મળ્યો. અત્યારે મારા વિચારો અને લાગણીઓને કોઈ રીતે વ્યવસ્થિતપણે ગોઠવવાનું મારા માટે મુશ્કેલ છે. લાગણીઓના ભારથી ખૂબ દબાયેલો છું. પણ કહેવત છે કે સુખથી કોઈ મરે નહિ. ઉજવણીના દિવસોમાં છૂટથી વાપરી નાખેલી શક્તિને હવે હું ભેગી કરીને ફરી એકઠી કરવામાં લાગી ગયો છું. મને હજુ આશા છે કે આપણે ટૂંક સમયમાં જ મળીશું. અને ત્યારે હું આ અંગે બધું કહી શકીશ.

ઝેકોસ્લોવાકિયા એ બાબતમાં તેઓ શું નક્કી કરે છે એની આપણે રાહ જોઈશું. અકસ્માત પણ કેવો, થોડા દિવસો પહેલાં જ ઝેકોસ્લોવાક મુલાકાતીઓ—૭ નવેંબરની ઉજવણી માટે સોવિયેત સંઘમાં આવેલ,

પ્રતિનિધિમંડળ—મને મળવા આવ્યા હતા. અને માએ તો એક ભાષામાં જ બોલવા માંડ્યું!

મિખાઈલ બોરીસોવિચ ઝાત્સે તમને ફિલ્મની પટકથા મોકલી છે. અમારા બંનેની અરજ છે કે તમે એનું પ્રકાશન મોકૂફ રાખો. એ હજુ કાચી સામગ્રી છે. થોડા વધુ દિવસોમાં એ ખરેખર પરિપૂર્ણ અને પરિષ્કૃત થઈ જશે, અને પછી આપણે જરાય અચકાયા વિના એને છાપી શકીએ...

'મોલોદાયા ગ્વાર્દિયા'—આ નામને હું ખરેખર ચાહું છું. મને સાહિત્ય જગતમાં પ્રવેશ કરાવનાર 'મોલોદાયા ગ્વાર્દિયા' જ છે, અને મને એની સાથે ગાઢ રીતે બાંધી રાખતી સ્નેહગાંઠને હું કદી નહીં છોડું...

હું આઠથી દશ દિવસમાં મોસ્કો પહોંચવા ધારું છું. આશા છે કે સહીસલામત ત્યાં પહોંચી જઈશ.

લાલ સેનાના જનરલ સ્ટાફે અને 'આંતરવિગ્રહના ઈતિહાસ'ના સંપાદક મંડળે પોલીશ વ્હાઈટો સાથેના યુદ્ધ અંગેની તમામ સામગ્રી મેળવવામાં સહાય કરવાનું વચન આપ્યું છે. એટલે હું એવી આશા રાખવાની હિંમત કરું છું કે મારી નવલકથા નક્કર દસ્તાવેજી હકીકતો પર આધારિત હશે.

હાલ તુરત બસ આટલું જ.

બીજી બાબતો અંગે આપણે મળીએ ત્યારે ચર્ચા કરીશું. કોઈ પત્ર કરતાં એ વધુ સારું રહેશે.

બધાને શુભેચ્છાઓ.

તમારો,
કોલ્યા

બી. એમ. ઝાત્સને*

સોચી, ૨ ડિસેંબર, ૧૯૩૫

નમસ્તે, મીશેન્કા!

તમારા બંને પત્રો મળ્યા. આન્ના કારાવાયેવાને લખ્યું છે, પટકથાને આખરી સ્પર્શ ન અપાય ત્યાં સુધી પટકથાનું પ્રકાશન મોકૂફ રાખવા જણાવ્યું છે.

*મિખાઈલ બોરીસોવિચ ઝાત્સ ઉક્રેનિયન ફિલ્મ સ્ટુડિયોના પટકથા લેખક. તેમણે ઓસ્ત્રોવ્સ્કીને 'માનવીનું દફતર'ની પટકથા લખવામાં મદદ કરી હતી. -સં.

અર્દાબલ 'રાદ્યાન્સ્કે કીનો' (યુક્રેનિયન સોવિયેત સિનેમા) સામયિક અને આદેસ્સા સ્ટુડિયોને પત્રો લખ્યા છે. પૂર્ણ સ્વરૂપ પામેલી પટકથાના અધીરાઈથી રાહ જોઈ રહ્યો છું. બે નકલો મોકલજો. હું થોડા દિવસોમાં જ મોસ્કો જવા ધારું છું.

નિર્ધારપૂર્વકની લડતના પરિણામે મેં અંતે આ પ્રવાસ માટે તબીબોની "પરવાનગી" મેળવી છે. શરૂમાં તો તેઓ સાંભળે જ નહીં. લડત કપરી હતી, પણ વિજય મળ્યો છે. "તમે રસ્તામાં જ ગુજરી જશો"—તેઓ મને હજુ પણ કહ્યા કરે છે. રેલવેએ મને ખાસ ડબો (તેઓ એને સલૂન કહે છે) આપ્યો છે. આ બધા છેલ્લા દિવસો મારા માટે અવિસ્મરણીય દિવસો હતા—તમને એ વિશે જાણવા મળશે. સખત માનસિક તણાવ હતો અને એમાં મારી પુષ્કળ શક્તિ ખર્ચાઈ ગઈ. પણ સુખથી કોઈ મરે નહિ. અને હવે હું મારા હૃદય પર એમની તસવીર ધારણ કરું છું જેમણે આપણને આંધીમાં માર્ગદર્શન આપ્યું હતું...

હું પત્રો વારંવાર લખતો નથી એથી ગુસ્સે ન થશો. એમાં વાંક સંજોગોનો છે.

હું કેટલી અધીરાઈથી રાહ જોઈ રહ્યો છું એ યાદ રાખજે. ટાઈપરાઈટરમાંથી પ્રથમ નકલો બહાર નિકળે એટલે એને ઝડપી લઈને તુરંત મને ખાસ ટપાલ દ્વારા મોકલી આપજો. બીજા મુસદ્દો સ્ટુડિયો ખાતેના બિરાદરોને કેવો લાગ્યો એ અંગે તમે મને તદ્દન થોડુંક જ લખ્યું હતું.

મને મોટા મોટા પત્રો લખો, વિગતોથી ભરપૂર. મને એ વાંચવાની મજા આવે છે.

અને અવારનવાર લખતા રહેજો, ભલા ભાઈ!

ભલે ને ગણતર શબ્દો જ હોય—લશ્કરી આદેશ જેવા ટૂંકા ને ટચ.

મારું સ્વાસ્થ્ય? સહનશક્તિની આકરી કસોટીને એ સફળતાપૂર્વક પાર કરી ગયું છે.

હવે એક માત્ર ભય પ્રવાસનો છે. હું ટકી નહીં રહું તો બદનામ થઈ જઈશ!

એ માટે મને કોઈ માફ નહીં કરે.

એટલે મારે સહીસલામત પહોંચવું જ જોઈએ.

બધા કુટુંબીઓ અને અલેક્સાન્દ્રા પેત્રોવ્નાની શુભેચ્છાઓ.

તમારો,
નિકોલાઈ

પૈસા અંગે સ્ટુડિયોએ ઉતાવળ કરવાની જરૂર નથી. એ બાબતમાં બધું બરોબર છે. "સમૃદ્ધિ" છે!

ખ્રિ. પા. ચેર્નોકોઝોવને

સોચી, ૪ ડિસેંબર, ૧૯૩૫

પ્રિય ખ્રિસાન્ફ પાવ્લોવિચ,

તારના દોરડાઓ તમારી પત્રોથી મને સમાચાર આપી ગયા છે. આ બધાં વર્ષો દરમિયાન હું તમારો સંપર્ક સાધી શક્યો નહીં, મારા પ્રિય "બાપુ"!

અને હવે એ થોડાક શબ્દો, કેટલા લાગણીભર્યા... એ મળવાથી મને કેટલો આનંદ થયો!

અમે—હું અને મારું કુટુંબ—કદી એક ક્ષણ માટે પણ તમને ભૂલ્યા નથી. તમારી સાથે—બોલ્શેવિઝ્મના મૂળ સંત્રીઓમાંના અદ્ભુત વીરની સાથે—હું કાયમ માટે મજબૂત ગાંઠથી બંધાયેલો છું.

પ્રિય મિત્ર, તમે કે. સ.ને લખેલું એ યાદ છે કે ઓસ્ત્રોવ્સ્કી હજુ પણ પાર્ટીને ઉપયોગી થશે, એ યુવાન હજુ ખતમ નથી થઈ ગયો અને થશે પણ નહીં? તમને સૌથી વધુ શ્રદ્ધા હતી કે મારામાં સર્જન કરવાની શક્તિ બાકી હતી. અને આજે હું ગૌરવપૂર્વક જોઈ રહ્યો છું કે મેં તમારા વિશ્વાસને યોગ્ય ઠરાવ્યો છે.

આજકાલ તમારું જીવન કેમ ચાલે છે એની મને ખબર નથી—તમે શું કામ કરો છો એ પણ ખબર નથી. તમારું સ્વાસ્થ્ય કેમ છે? અને હું ઘણી બધી બાબતો જાણવા માગું છું. "મા" કેમ છે અને મારી પ્રિય રેઝોચ્કા? તમારે મને આ બધી બાબતો અંગે લખવું જ જોઈએ. તમે એ ન જ ટાળી શકો. જોકે મને અલબત્ત ખબર છે કે તમને લખવાનું બહુ ગમતું નથી. અથવા તો એમ કહો કે એ માટે તમને સમય નથી. પણ લખવાનું "મા"ને સોંપો. હું મારું પુસ્તક તમને ટપાલમાં મોકલીશ. મને લેનિન ચંદ્રક એનાયત થયો ત્યારે મેં કરેલું પ્રવચન તમે વાંચ્યું હોય તો તમે સમજ્યા જ હશો કે એક જૂના બોલ્શેવિક તરીકે, મારા એક શિક્ષક તરીકે, એ તમને પણ સંબોધિત હતું.

મારું હૃદય સર્જનાત્મક આકાંક્ષાથી, કામ કરવાની ધગશથી, ભરેલું છે.

આંતરવિગ્રહ અંગેની દસ્તાવેજી સામગ્રીનો અભ્યાસ કરવા ટૂંકમાં જ મોસ્કો જવા ધારું છું. ત્યાર બાદ મે મહિનામાં હું સોચી પાછો ફરીશ અને સરકાર મારા માટે જે નવું મકાન બાંધી રહી છે એમાં રહીશ.

આવતા વર્ષે તમારું આવવાનું થાય, તો તમારે પહેલા દિવસથી જ મારા મહેમાન બનવાનું છે. એમાં ફેરફાર નહીં ચાલે. અને હવે હું તમારા પ્રત્યુત્તરની રાહ જોઈશ, મારા પ્રિય, વહાલા મિત્ર. "મા"ને નમસ્કાર. હું તમારા હાથ દબાવું છું.

તમારો,

ઓસ્ત્રોવ્સ્કી

એ. આઇ. પુઝીરેવ્સ્કીને

સોચી, ૪ ડિસેંબર, ૧૯૩૫

પ્રિય સાશા,

પત્રો લખવાની બાબતમાં આપણે બંને અવારનવાર અને બહુ વાંકમાં પડીએ છીએ. પણ મહત્ત્વ એક જ બાબતનું છે—મૈત્રી. અને આપણા પત્રો વચ્ચે ગમે એટલો ગાળો નીકળી જવા છતાં એ અચળ છે.

રેલવેના બિરાદરો તારો પત્ર મને આપી ગયા. એમાં તેં કહ્યું છે એ બધું જ મેં કર્યું છે. ટૂંકમાં જ મોસ્કો જવા ધારું છું—મારી નવી નવલકથા માટે પુરાલેખગૃહની સામગ્રીનો અભ્યાસ કરવા. શિયાળો ત્યાં જ ગાળીશ.

મે મહિનામાં હું સોચી પાછો ફરીશ, અને મારા નવા ઘરમાં રહેવા જઈશ. એ ત્યાં સુધીમાં તૈયાર થઈ જશે.

આ મકાન યુક્રાઈનિયન સરકારે આપેલી સ્નેહભીની અને અદ્ભુત ભેટ છે.

મેં તારા પ્રાદેશિક સમિતિના સરનામે સોચી અખબારોના 'જયંતી' અંકો ટપાલથી મોકલ્યા છે. હવે મારા બધા વિચારો નવી પ્રગતિ પર, નવી સિદ્ધિઓ પર, કેંદ્રિત છે.

પાર્ટીએ મારામાં જે ઊંડો વિશ્વાસ દર્શાવ્યો છે એને મારે ઉચિત ઠરાવવો જ જોઈએ.

તારા કામના નવા સ્થળેથી મને પત્ર લખજે અને ત્યાંનું સરનામું પણ મોકલજે. તો હું તને મારા નવા પુસ્તકના કેટલાક રસપ્રદ અંશો મોકલી શકીશ.

તું મારા પત્રો છાપે ચડાવે છે—તને તે શું કહેવું! હવે તને વધુ પત્રો લખતાં મને ડર લાગે છે! (આ તો મજાક કરું છું!).

સાશા, ભાઈ, રોઝા લ્યાખોવિચનું તો થોડા સમય પહેલાં અવસાન થઈ ગયું.

ઉનાળો આવ ત્યારે તને મળવાની આશા છે. તું આરામ કરે અને તબિયત સુધારે તો સારું. યાદ રાખજે, સાશા—આગળ ખૂબ કામ પડ્યું છે. તારે તારી જાતને એટલી ઘસી નાખવી ન જોઈએ કે પછી તું કામ જ ન કરી શકે.

બધા કુટુંબીઓ વતી શુભેચ્છા.

હું તારા હાથ દબાવું છું.

તારો,

કોલ્યા ઓસ્ત્રોવ્સ્કી

એ. એ. ઝિગિરેવાને

સોચી, ૫ ડિસેંબર, ૧૯૩૫

મારી પોતાની પ્રિય શુરોચ્કા,

હું આગામી થોડા દિવસોમાં જ મોસ્કો જવા ધારું છું. મે સુધી ત્યાં કામ કરીશ, પછી—ફરી સોચી. વસંત સુધીમાં તૈયાર થઈ જનારા મારા નવા ઘરમાં રહીશ...

મને આશા છે કે પ્રવાસ સહીસલામત થઈ જશે અને મિત્રો તથા કુટુંબીઓની ડરામણી આગાહીઓ ખોટી ઠરશે. ટ્રેનમાં મારું શરદીથી મરણ થઈ જશે, અને એવું બધું એ સૌ કહી રહ્યાં છે.

મોસ્કોમાં હું મારા નવા પુસ્તકમાં—'ઝંઝાવાતનાં સંતાનો'માં—મદદરૂપ થાય એવી સામગ્રીનો અભ્યાસ લશ્કરી પુરાલેખગૃહમાં કરી શકીશ. ઉનાળામાં તું આરામ કરવા, સારવાર લેવા, અને મારી નવી કુટિમાં મારી મહેમાન બનવા આવે એની હું અલબત્ત રાહ જોઈશ. બધાં કુટુંબીઓ તરફથી તને હાર્દિક શુભેચ્છાઓ.

હું તારા નાનકડા હાથ દબાવું છું.

તારો,

કોલ્યા

મારીયા દેમચેન્કો અને મરીના ગ્નાતેન્કોને

સોચી, ૫ ડિસેંબર, ૧૯૩૫

પ્રિય બાળાઓ, મારીયા અને મરીના,

મેં 'કોમ્સોમોલેત્સ ઉક્રાઈની'માં તમારો મૈત્રીપૂર્ણ પત્ર વાંચ્યો છે. તમારા વિજયના એ દિનોમાં મેં થોડા લાગણીભર્યા શબ્દો તારસંદેશ દ્વારા મોકલવા પ્રયાસ કર્યો હતો. પણ સોચીના તાર કલાર્કોનું ભૂગોળનું જ્ઞાન બહુ સારું નથી અને તેઓ તેમની યાદીઓમાં તમારા ગામનું નામ શોધી શક્યા નહીં. આમ છતાં, તમે જોઈ શકો છો કે એથી આપણી મૈત્રીને ઊની આંચ આવી નથી. તમારા પત્રનો કોઈ સત્તાવાર પ્રત્યુત્તર વાળવા કરતાં હું તમારા હાથ—તમારા મજબૂત, યુવાન, બરછટ હાથ—મારા હાથમાં દબાવવાનું પસંદ કરીશ. (તમારા હાથ બરછટ છે? મને ખાતરી છે કે હોવા જ જોઈએ. સખત મહેનત વિના એ "પાંચસો"નું ઉત્પાદન શક્ય જ ન બને).

હું થોડા દિવસોમાં જ મોસ્કો જવાનો છું. મારી નવી નવલકથા—'ઝંઝાવાતનાં સંતાનો'—અંગે શિયાળા દરમિયાન ત્યાં કામ કરવા.

અને પછી વસંતઋતુમાં જ્યારે સોચી ખીલી ઊઠ્યું હશે અને સૂર્ય હેતભર્યાં તેજસ્વી કિરણો ફેલાવી રહ્યો હશે ત્યારે, ઉક્રાઈનિયન સરકાર મારા માટે જે નવું ઘર બાંધી રહી છે એમાં રહેવા હું અહીં પાછો ફરીશ. અને ત્યારે અહીં આવીને મારી સાથે રહેવા, આરામ કરવા અને સમુદ્રસ્નાન કરવા હું તમને આમંત્રણ આપું છું. અહીં મજા પડે એવું છે. અને તમે આવશો ત્યારે આપણે એકબીજા જોડે પેટ ભરીને વાતો કરી શકીશું. તમારામાંની સૌથી નાની, હન્ના શ્વીદ્કો, પણ તમારી સાથે આવે એમ હું ઇચ્છું છું.

વીર બાળા હન્ના જન્મી એ દિવસોમાં આપણી પેઢી તરુણ સામ્યવાદી સંઘમાં જોડાઈ રહી હતી. હાસ્તો, આપણે આજે જ કંઈ છીએ. એનો યશ આપણને બધાને તાલીમ આપનાર ઉક્રાઈનિયન તરુણ સામ્યવાદી સંઘને જાય છે.

આપણા દેશે આપણી છાતી પર લેનિન ચંદ્રક બાંધી આપ્યો છે. હવે આપણું ગૌરવભર્યું કર્તવ્ય એ છે કે આપણી ક્રાંતિકારી સરકારે આપણામાં મૂકેલા આ ભારે વિશ્વાસને આપણે ઉચિત ઠરાવીએ, અને આપણે એને

કચિત દરાવશું જ. એમાં નિષ્ફળતા હોઈ શકે જ નહીં. હું તમને ભેટું છું, વહાલી બાળાઓ, મારી પ્રિય, સરસ મિત્રો.

એન. ઓસ્ત્રોવ્સ્કી

'સોચીનસ્કાયા પ્રાવદા'ની તરુણ સામ્યવાદી સંઘ સંબંધી કટારના યુવાન વાચકોને

સોચી, ૧૯૩૫

હું સંઘના મારા બિરાદરોને, આ કટારના વાચકોને, બે શબ્દો કહેવા માગું છું.

આ અખબારની સંઘ સંબંધી કટાર માત્ર તમે, સંઘના સભ્યો, જ નહીં પરંતુ મહેનતકશ વર્ગના તમામ યુવાનો વાંચે એ જોવાની જવાબદારી તમારી છે. એ કેવી રીતે થઈ શકે?

પ્રત્યેક ઉદ્યોગમાં, બાંધકામના પ્રત્યેક સ્થળે, ફુરસદની પળોમાં સંઘના સભ્યો યુવાનોને એકઠા કરીને કટારનું મોટેથી વાચન અને ચર્ચા કરે.

ચર્ચા જીવંત અને રસપ્રદ બનાવવી જ જોઈએ. આ પ્રકારનું કામ યુવાન લોકોને તરુણ સંવાદદાતાઓના આંદોલન પ્રત્યે આકર્ષવામાં મદદરૂપ થઈ શકે અને થશે જ. યુવાન લોકોની બાબતમાં તો માત્ર તેમનો રસ જગાડવાની જ જરૂર હોય છે, અને એમ થતાં જ તેઓ તુરંત તેમની આવશ્યકતાઓ અને ઇચ્છાઓ અંગે લખતા થઈ જશે.

અને યુવાનો જે કંઈ જાણવા માગતા હોય એ બધી જ બાબતો અંગેનાં લખાણો સંઘ સંબંધી કટારમાં આવે તો જ તેમનો રસ જાગે.

મારા તરફથી તો હું આ રસપ્રદ અને ઉપયોગી કાર્યમાં મદદ કરવા તૈયાર છું.

એન. ઓસ્ત્રોવ્સ્કી

સોચી શહેર સોવિયેતના અધ્યક્ષમંડળને

સોચી, ૧૯૩૫

પ્રિય બિરાદરો,

સોચીનાં બાળકો અને તરુણ લોકોના પુસ્તકાલયને મારું નામ આપીને તમે મારું ભારે બહુમાન કર્યું છે. પુસ્તકાલયના સાંસ્કૃતિક વિકાસમાં મદદ કરવામાં મને ઘણો આનંદ થશે. અને એ દિશામાં પ્રથમ પગલાં રૂપે મારે

તમને ખાસ વિનંતી કરવાની છે: તે એ કે તમે પુસ્તકાલય માટે યોગ્ય જગ્યાનો બંદોબસ્ત કરો. તેના કાર્યનો યોગ્ય વિકાસ—નવી પેઢીની તાલીમ માટેનું ખરેખરું કાર્ય—કરવા માટે એ જરૂરી છે.

મને પાકી ખાતરી છે કે એ સંબંધમાં તમે પૂરી કોશિશ કરશો.

હું તમારા હાથ દબાવું છું, બિરાદરો.

સામ્યવાદી અભિવાદનો,

એન. ઓસ્ત્રોવ્સ્કી

હું પુસ્તકાલયના સંચાલકનો પત્ર સાથે બીડું છું જે તમારી મિટિંગમાં તમે વાંચશો એવી મને આશા છે.

એ. પી. લાઝારેવાને*

મોસ્કો, ૨૨ જાન્યુઆરી, ૧૯૩૬

પ્રિય અલેક્સાન્દ્રા પેત્રોવ્ના,

...ભારે પરિશ્રમ કરું છું. તમારી વાત ખરી હતી. મોસ્કોએ મારું ભાવભીનું સ્વાગત કર્યું છે અને મને જેનો ખપ હતો એ બધું આપ્યું છે. મારા કામમાં મને ભારે આનંદ આવે છે, અને જીવન જો નાનામોટા અવરોધો ઊભા નહિ કરતું રહે, જીવન જો મારી પ્રત્યે વધુ ભલાઈ દર્શાવશે અને મારા હૃદયને મોકળું રહેવા દેશે, તો મને લાગે છે કે હું મારા સાહિત્યિક કાર્યમાં હરણફાળો ભરી શકીશ.

આ પત્રની શૈલીને ધ્યાનમાં લેશો નહીં. હું ખૂબ ઝડપથી બોલી રહ્યો છું. અને ટાઈપરાઈટરનો અવાજ જાણે રણમેદાનમાં મશીનગન જેવો લાગે છે. એથી શૈલીની ખામીઓ અને લેખકના દોષોની ક્ષમા આપવી જ પડશે.

પ્રકરણ ૮ પૂરું થયું. એ તો છલાંગ જ ગણાય કારણ કે ૬ અને ૭ હજુ બાકી છે. અંધાધૂંધી? હા, પણ આ પ્રકરણ પૂરું કરવાની મારી પ્રબળ મનેચ્છા હતી. ટાઈપ થયેલાં ૪૨ પાનાં છે. અને હવે હું [illegible] અને તેની કરુણ દશામાં ગૂંચવાયેલો છું. એણે એના કૌટુંબિક જીવનમાં જરાય સુખ ભાળ્યું નથી. આ મક્કમ અને છતાં કૂણા હૃદયનો માનવી, અદ્ભુત યોદ્ધો, રણાંગણમાં અને કપરી કૂચોમાંએ ઘણી વાર આના પ્રેમા

*અલેક્સાન્દ્રા પેત્રોવ્ના લાઝારેવા—ઓસ્ત્રોવ્સ્કીની સેક્રેટરી.—સં.

મિત્ર હોવાથી ગોળમટોળ ફ્રાન્સીસ્કાના વિચારોમાં ખોવાઈ જાય છે. એનું સરળ તથા ક્ષમાશીલતાભર્યું સમર્પણ યાદ આવતાં બિચારાનું હૃદય ભરાઈ આવે છે. બીજી કોઈ સ્ત્રી એને આકર્ષી શકે એમ નથી. અત્યાર સુધી મને પ્યાંગોદસ્કી અને ફ્રાન્સીસ્કાની પરિસ્થિતિ અંગે ખરેખરો અંત જડ્યો નથી. કલાકાર માટે એ મુશ્કેલ સમસ્યા છે. હું માનું છું અને દિલમાં લાગણી અનુભવું છું કે પ્યાંગોદસ્કી બીજી કોઈ સ્ત્રીને પ્રેમ ન કરી શકે, અને છતાં મને એમ માનવાનું અત્યંત મુશ્કેલ જણાય છે કે એનો ફ્રાન્સીસ્કા માટેનો પ્રેમ ફરી બનાવ જેવા અંતરથી પ્રજ્વળી ઊઠે અને એના જીવનમાં ઘર હુંફાવતી ઉષ્મા અર્પે. પણ એ તો જોયું જશે. એનો બધો આધાર એ રસાંગણમાં ખપી જાય છે કે નહીં એના પર છે. નવલકથાના આ પાસાને કારણે હું કેટલી યાતના અને વેદનામાંથી પસાર થઈ રહ્યું છું એ તમે જાગૃત હોવાથી સમજી શકશો કે એ હજુ મારું આટલું બધું ધ્યાન શા માટે માગી લે છે. કદાચ વિચિત્ર લાગે એવી વાત છે પણ મને તીવ્ર અનુભૂતિ થાય છે કે જાણે પ્યાંગોદસ્કી મારો મિત્ર છે, ખૂબ પ્યારો દોસ્ત. પણ એ અંતે તો મારા પુસ્તકનું માત્ર એક પાત્ર જ છે.

અહીં મારું જીવન બહુ શાંત, એકાંતમય છે. મારા કામ સાથે જોડાયેલા લોકો સિવાય કોઈને હું મળતો નથી. અને મારી શક્તિનો ઉપયોગ તર્કસંગત રીતે થાય છે.

આવતીકાલે ગ્રામોફોનની રેકોર્ડ બનાવવાનો કાર્યક્રમ નક્કી થયો છે. 'માનવી...' માંથી મારે બે પ્રસંગો મોટેથી વાંચવાના છે...

હું તમારા હાથ દબાવું છું.

એન. ઓસ્ત્રોવ્સ્કી

રોમાં રોલાંને

મોસ્કો, ૨૯ જાન્યુઆરી, ૧૯૩૬

મારા આ શબ્દો અમારી આપના પ્રત્યેની મૈત્રીપૂર્ણ લાગણીઓ અને ઉષ્માનો પ્રવાહ આપના ભણી વહાવી રહો.

પ્રિય રોમાં રોલાં, વર્ષો પહેલાં તમારા ઘોષણાપત્રની આવેગપૂર્ણ પંક્તિઓ સાંભળીને મારા હૈયામાં લાગણીઓનો પ્રચંડ જુવાળ ઊઠ્યો હતો. એ પંક્તિઓમાં, એક સજ્જન અને હિંમતવાન માનવીએ, ઉદાત્ત સંસ્કૃતિના

જ્યોતિર્ધરે, આખું વિશ્વ સાંભળે એમ જાહેર કર્યું હતું કે પોતે કોને ચાહે છે અને કોને ધિક્કારે છે.

રોમાં રોલાંનો એ સ્નેહ અમને—મહેનતકશોનાં સંતાનોને, મૂડીવાદની બેડીઓ તોડી અમારા દેશને નૂતન અને સુંદર બનાવવા પ્રામાણિકપણે અને ખંતથી શ્રમ કરનારાઓને—સાંપડ્યો હતો. એ પ્રેમ અમને સમર્પિત થયો હતો—અમને, અમારી ભૂમિના ખરા માલિકોને, સંસ્કૃતિના રક્ષકોને, મુક્ત પ્રજાની નવી સંસ્કૃતિના સર્જકોને; અને તમારા ધિક્કારના રોષપૂર્ણ શબ્દો - માનવીના દુશ્મનોના મોઢા પર, ફાસીવાદના ચહેરા પર, મૂડીવાદીઓના ચહેરા પર ફેંકાયા હતા.

એ ઘોષણાપત્ર રણે ચડવા તૈયાર યોદ્ધાનો હતો.

અમારા દેશમાં તમારું નામ શોષિત માનવતાના મિત્ર તરીકે જાણીતું છે.

હું તમારા કર ચાંપું છું, અમારા પ્રિય મિત્ર. અને અમારા યુવાન લડવૈયાઓ અને ઘડવૈયાઓના નામે, શ્રમજીવી વર્ગનાં સંતાનો વતી, હું તમારા ૭૦મા જન્મદિને હાર્દિક અભિનંદનો અને શુભેચ્છાઓ પાઠવું છું. અમે સારી રીતે જાણીએ છીએ કે રોમાં રોલાં એક મહાન કલાકાર હોવા ઉપરાંત ખૂબ હિંમતવાન માનવી છે, એવા માનવી કે જેની પ્રામાણિક નજરે સત્યને પારખી લીધું છે.

તમારો અવાજ બુલંદ બનીને, માનવજાતની મુક્તિ માટે સંઘર્ષ ખેલતા માનવીઓને હાકલ કરતો, હંમેશાં ગાજતો રહો.

આપનો,

નિકોલાઈ ઓસ્ત્રોવ્સ્કી

એ. પી. લાઝારેવાને

મોસ્કો, ૭ માર્ચ, ૧૯૩૬

પ્રિય અલેક્સાન્દ્રા પેત્રોવ્ના,

આઠમી માર્ચનાં અભિનંદનો! આવતીકાલે આંતરરાષ્ટ્રીય મહિલાદિને હું પ્રથમ વાર મારો લાલ સૈન્યના કોમીસાર તરીકેનો ગણવેશ પહેરીને એ મહાન જાતિ પ્રત્યેની મારી મૈત્રી અને મારો આદર દર્શાવીશ. અમારા કુટુંબની મહિલા બહુમતી પણ મને મારા નવા સ્વરૂપમાં, એક [illegible]ના રૂપમાં, હજુ તદ્દન છૂટા ન કરાયેલા એકતરફી સૈનિકના રૂપમાં, ભલે જોઈ

છે. એમની આંખો ભલે મારા લાલ સિતારાઓને અને ચળકતાં બટનોને, માન કેસર પરના સંમાન સૂચક ચિહ્નને, અને રમણીના હૃદય માટે બીજા જાત ભાતક ફાંતવાઓને ભલે નીરખે. હતો નહિ!

મને પાંચ સારા સમાચારનો મોટો ખજાનો નથી. અખબારો દ્વારા તમને કાલ્વેન્કોના લેખ વિશે જાણવા મળશે. અને આવેરબાખ મારી આંખો જોવા આવ્યા હતા. તેઓ તાકીદે મને મારી જમણી આંખ કઢાવી નાખવાની સલાહ આપે છે. એટલે તમે જોઈ શકશો કે મારી બધી તકલીફોનો અંત આવ્યો નથી. અને જીવન મારા માટે આવી ઘણી કડવી ગોળીઓ લાવશે. એ જાણે મારો ધંધો જ થઈ પડ્યો છે, ખરેખર— મારા શરીરનો એક એક અંશ ગુમાવતા જવું. એની એકમાત્ર સારી બાજુ એ છે કે શારીરિક રીતે જે કંઈ ગુમાવું છું એથી સો ગણું મને મારા સર્જનાત્મક કાર્યમાંથી આવતી આધ્યાત્મિક સંપત્તિના રૂપમાં મળી રહે છે—આથી હું કદી ખોટમાં નથી રહેતો. ના, જીવન મને લૂંટી શકે એમ નથી. એ એના ગજાની બહાર છે. મારા પુસ્તકના ડચ, ચેક, ગ્રીક, અને બલ્ગેરિયન ભાષાઓમાં અનુવાદો થઈ રહ્યા છે. ઈંગ્લેંડ અને ફ્રાન્સમાં એના પ્રકાશન સંબંધી વિચારણા પૂરી થવા આવી છે. સ્વીડન, નોર્વે અને ડેન્માર્કમાં પ્રકાશન કરવા અંગેની દરખાસ્ત છે.

હું તમારો હાથ દબાવું છું.

એન. ઓસ્ત્રોવ્સ્કી

માતાને

મોસ્કો, ૨૬ માર્ચ, ૧૯૩૬

મા, પ્રિય,

તારા બધા પત્રો મને વાંચી સંભળાવાયા છે. હું તને થોડુંક સુખ આપી શક્યો છું એથી મને ઘણો આનંદ થયો. હવે હું તારી જોડે ગંભીર વાત કરવા માગું છું. હું તને પ્રાર્થના કરું છું, મારી વહાલી મા, હૃદયપૂર્વક હું માગું છું કે તું બધું ભારે કામ છોડી દે. હું ફરી કહું છું—બધું જ ભારે કામ છોડી દેવાનું. એ બાબતમાં અમે કહીએ એમ તું ક્યારે પણ નથી કરતી, મને ખબર છે. તું હમેશાં તને ઠીક લાગે એમ જ કરે છે. બીજા શબ્દોમાં, થકવી નાખતું નિરર્થક ઘરકામ તું સવારથી રાત સુધી કર્યા કરે

છે. પણ તારી તબિયત હવે સાવ નંખાઈ ગઈ છે, અને હવે આમ ને આમ ન ચલાવી લેવાય. એકાદ બે દિવસમાં હું તને એક હજાર રૂબલ મોકલી આપીશ. હું એ તારથી મોકલીશ. મારી એવી ઈચ્છા છે કે આ પૈસાથી તું બધાં કુટુંબીઓ માટે સારો ખોરાક ખરીદજે, તમને જરૂર હોય એ બધું ખરીદજે. આ પૈસા માત્ર સારા ખોરાક માટે જ મોકલ્યા છે. અને—તને કામમાં મદદ કરવા કોઈને શોધી લેજે. ઘર બદલાવવામાં પુષ્કળ કામ કરવું પડશે… હું કહું છું એમ જ કરવાનું છે, વહાલી મા! અમે ટૂંકમાં જ તારી પાસે આવી જઈશું. માત્ર થોડા દિવસો જ રહ્યા છે. નવા ઘરે ટૂંકમાં જ કાકા અને પિતાનો આવી જશે. મેં મોકલેલી પુસ્તકોની પેટીઓ ખોલીશ નહીં. એ એમને એમ રહેશે તો ખસેડવાનું સુગમ પડશે. અને પછી, હું આવી જાઉં ત્યારે, પુસ્તકાલયને આપણે વ્યવસ્થિત ગોઠવવાની શરૂઆત કરી શકીશું. તારી પોતાની બરાબર સંભાળ રાખજે—એ મૂળ વાત છે. તારી તબિયતની સરખામણીમાં બીજી બાબતોનું જરાય મહત્ત્વ નથી.

અને પ્રિય મા, તું સેનેટોરિયમ અંગે શું ધારે છે? તારા માટે એ સર્વોત્તમ રહેશે ને? તને જવાની ઈચ્છા થાય તો મને તાર કરજે અને હું તરત બધું ગોઠવી આપીશ. આ અંગે વિચારીને મને જણાવજે. હું તું કહીશ તેમ કરીશ. હા, અને હું આવું ત્યારે તારા માટે શું લેતો આવું એ મને લખજે. જરૂર લખજે.

હું તને મારા હૃદયે ચાંપું છું, મારી પ્રિય મહેનતુ મા!

તારો,

કોલ્યા

એક વાચક એમ. પી. યેગોરોવાને

સોચી, ૧૬ જૂન, ૧૯૩૬

પ્રિય મારીયા પાવ્લોવ્ના,

મને તમારો પત્ર મળ્યો છે. તમને જવાબ લખવાનું મારા માટે સરળ નથી. એવો સમય પણ આવે છે જ્યારે માણસનાં વ્યથા અને વેદનાને ઘટાડવા માટે સહાનુભૂતિના તમામ શબ્દો ઊણા ઊતરે છે. અને એ પીડા જ્યારે આપણા કોઈ અત્યંત પ્રિય માણસ હૃદય પર કરેલા જખમમાંથી ઉદ્ભવતી હોય ત્યારે તો વિશેષપણે આવું થાય છે. હું તમને સહાનુભૂતિના

ચવાઈ ગયેલા બોલકણા શબ્દો લખી શકું એમ નથી. હું માત્ર એટલું જ કહી શકું એમ છું: મેં પણ જીવનમાં વિશ્વાસઘાતની અને દગાબાજીની કડવાશ ચાખી છે. પણ એક વસ્તુએ મને બચાવી લીધો, માત્ર એક જ વસ્તુએ. હંમેશાં જીવનમાં મારી સમક્ષ ધ્યેય હતું, જીવવા માટે કારણ હતું, અને જીવનની સાર્થકતા હતી: સમાજવાદ માટેનો સંઘર્ષ. તમામ ચાહનાઓમાં સૌથી ઉદાત્ત એ જ છે. પણ જો માનવીના દૃષ્ટિક્ષેત્રમાં માત્ર અંગત બાબતો જ મુખ્ય હોય અને સાર્વજનિક બાબતો એના દિમાગમાં એક નાનામાં નાના કણ જેટલી જ જગા રોકતી હોય—તો એના અંગત જીવનમાં નિષ્ફળતા એને તદ્દન આફતની નજીક જ દોરી જાય. પછી એના મનમાં સવાલ ઊઠે: શા માટે જીવ્યા કરવું? શા કાજે? યોદ્ધા સમક્ષ આ સવાલ કદી ઊભો થતો નથી. યોદ્ધાને પણ તેનો પ્રેમ પામનારાઓની બેવફાઈથી ખૂબ દુઃખ થાય જ, પણ એની પાસે જે બાકી રહે એ તો એણે જે કંઈ ગુમાવ્યું હોય તેનાથી બેશક વધારે હોય અને અધિક સુંદર હોય.

આપણું જીવન કેટલું સુંદર બન્યું છે! આપણી ભૂમિને નવું સ્વરૂપ આપવા અને સમૃદ્ધ બનાવવાનો સંઘર્ષ—માનવીના નવઘડતરનો સંઘર્ષ—કેટલો મોહક છે! તમારું જીવન આ માટે અર્પો અને તમારા માટે સૂર્ય ફરી ઝળઝળી ઊઠશે.

એન. ઓસ્ત્રોવ્સ્કી

જી. આઈ. અને ડી. એફ. પેત્રોવ્સ્કીને

સોચી, ૧ જુલાઈ, ૧૯૩૬

પ્રિય ગ્રીગોરી ઇવાનોવિચ અને દોમીનિકા ફ્યોદોરવ્ના,

પત્ર ન લખવા બદલ મને માફ કરશો. માનશો, એનું માત્ર એક કારણ તમને હેરાન ન કરવાનું જ હતું. આપણને એકલા પડવા જ ન દે એવા માણસોથી બહેતર બીજું કંઈ નથી હોતું.

હું મારા દિવસો ખુલ્લી અગાશીમાં ગાળું છું. સમુદ્ર પરથી તાજી હવા આવે છે, ઉષ્માપૂર્ણ અને હૂંફ આપતી. હું સમુદ્રની હવાનું પાન કરું છું—જાણે ધરાતો જ નથી! અહીં મારા નવા ઘરમાં સૌ સારાં વાનાં છે. સવારના આવીને બુલબુલ ગીતો ગાય છે. એ મારી બારી પાસે ચીડના વૃક્ષની ડાળ

પર બેસી મીઠું મીઠું ગાય છે. હું તન્મય બની સાંભળું છું. જોકે એ બહુ વહેલું આવે છે—પાંચ વાગે, જ્યારે મારે નીંદરમાં રહેવું જોઈએ.

હું કામ કરું છું, પણ સખત નહીં. હું તમારી સલાહ માનું છું. સાચું કહું તો મારે સ્વીકારવું જોઈએ કે સખત પરિશ્રમ કરવાની મારામાં શક્તિ નથી. હવે એકાદ મહિનામાં 'ઝંઝાવાતનાં સંતાનો'ના પ્રથમ ભાગનું કામ પરિપૂર્ણ કરવાનું ધારું છું.

તમને હસ્તપ્રત મોકલીશ. તમને સમય હોય તો એ વાંચી જજો અને તમારા પર એની કેવી છાપ પડી એ જણાવશો.

અને આકરી ટીકા કરતાં પણ જરાયે અચકાશો નહીં.

મારું હૃદય અત્યંત ગમગીન છે. ગોર્કીનું અવસાન એ મારા માટે ક્રૂર આઘાત હતો. એણે મારી ઊંઘ અને આરામ છીનવી લીધા છે. એમના મૃત્યુ બાદ જ આપણને સમજાયું કે એ આપણા સૌની કેટલી નજીક હતા અને આપણને કેટલી મોટી ખોટ પડી છે. હા, આપણે એમના વિના અનાથ બન્યા છીએ. મારા વિચારો હવે આપણા શિરે—સાહિત્યના ક્ષેત્રે હજુ પા પા પગલી માંડી રહેલા યુવાન લેખકોના શિરે—પડેલી જવાબદારી પર કેન્દ્રિત થાય છે. મારું મન બહુ ભારે થઈ ગયું છે. ઉદાસી જતી નથી. લાહુતીએ મને બે દિવસ પહેલાં જણાવ્યું કે તેઓ એપ્રિલના અંતમાં ગોર્કીને ત્યાં ગયેલા ત્યારે તેમણે ગોર્કીને 'માનવીનું ઘડતર' અંગે લેખ લખતા જોયા હતા. ગોર્કી પુસ્તક અંગે શું વિચારતા હતા એ મને ખબર નથી. એ તેમના સાહિત્યિક વારસા રૂપે રહે છે, એમનો આ લેખ—મને આટલો પ્રિય, મારા કામમાં અત્યંત ઉપયોગી.

એ મહાન શિક્ષકે મારી ગમે તેટલી ટીકા કરી હોય, એ લેખ મને સૌથી પ્રિય છે. મારા વિકાસ, મારી સિદ્ધિ માટે એ અત્યંત મહત્ત્વનો દસ્તાવેજ છે.

અમે—મારાં બધાં કુટુંબીઓ અને હું—તમારા આગમનની રાહ જોઈશું. જલ્દી આવજો, વહાલા મિત્રો.

હું તમારા હાથ દબાવું છું.

વિનમ્ર,

એન. ઓસ્ત્રોવ્સ્કી

પત્નીને

સોચી, ૯ ઑગસ્ટ, ૧૯૩૬

પ્રિય રાયા,

...આવી ચબરખીઓ જ લખવા બદલ મને માફ કરજે, મારી રાયા, અને થોડાક દિવસ—કદાચ ૧૮મી સુધી—હું પત્ર ન લખું તો ચિંતા ન કરીશ.

હમણાં કામ પૂરવેગે ચાલી રહ્યું છે. પુસ્તકનાં છેલ્લાં પાનાં લખાઈ રહ્યાં છે. અને સમગ્ર પુસ્તક સંપાદનની પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યું છે. એ. પી.* અને બીજાં બધાં બે પાળીમાં કામ કરી રહ્યાં છે. ઘર જાણે ટાઈપીસ્ટોથી ભરાઈ ગયું છે. હું હંમેશની જેમ સૌને ઉતાવળ કરાવતો રહું છું. અને મને લાગે છે કે એ લોકો પણ એ દિવસની વાટ જોઈ રહ્યા છે જ્યારે આ ઘેલો માણસ તેમણે શાંતિથી જંપવા દે.

આ બધા ઉપરાંત, મેં એવી અફવાઓ સાંભળી છે કે પાર્ટી સમિતિ ટૂંકમાં જ મને આરામ લેવા આદેશ આપશે. એટલે હું એ આદેશ—જેનો ભંગ કરવાનો મને અધિકાર નથી—અપાય એ પહેલાં જ પુસ્તક પૂરું કરી નાખવાની ઉતાવળ રાખું છું.

હું તારા હાથ દબાવું છું...

મને વારંવાર લખજે, લાંબા પત્રો, વિગતવાર.

નિકોલાઈ

વી. પી. સ્તાવ્સ્કીને **

સોચી, ૧૭ ઑગસ્ટ, ૧૯૩૬

પ્રિય બિરાદર વ્લાદીમિર,

આ પત્રની સાથોસાથ હું તમને હવાઈ ટપાલ દ્વારા 'ઝંઝાવતનાં સંતાનો'ના પ્રથમ ભાગની હસ્તપ્રત મોકલી રહ્યો છું. મારી એક જ વિનંતી

*એ. પી.—અલેક્સાન્દ્રા પેત્રોવ્ના લાઝારેવા.—સં.

**વ્લાદીમિર પેત્રોવિચ સ્તાવ્સ્કી (૧૯૦૦—૧૯૪૩)—સોવિયેત લેખક.—સં.

કરવાની છે—તમે અને બીજા બિરાદરો એને શક્ય એટલી ઝડપે વાંચી લઈ તમારો સ્પષ્ટ અને તટસ્થ અભિપ્રાય મને જણાવજો. તમારા પત્રની અધીરતાપૂર્વક રાહ જોઈશ.

તમારો પત્ર મળ્યો. ઑક્ટોબરના અંતમાં મોસ્કો પહોંચીશ.

હું તમારો હાથ દબાવું છું.

સૌને શુભેચ્છા.

એન. ઓસ્ત્રોવ્સ્કી

તારસંદેશ

૨૧ ઑગસ્ટ, ૧૯૩૬

પ્રતિ, મિખાઈલ શોલોખોવ,
વેશેન્સ્કાયા.

તમારા મૈત્રીપૂર્ણ પત્રો મળ્યા. મારું પુસ્તક આજે પૂરું કર્યું. થોડો આરામ લીધા બાદ તમને લખીશ. આપણે ટૂંકમાં જ મળીશું. બિરાદરો લીદા અને મારીયાને શુભેચ્છાઓ.

તમારો,
નિકોલાઈ

તારસંદેશ

૨૫ ઑગસ્ટ, ૧૯૩૬

પ્રતિ, આર. પી. ઓસ્ત્રોવ્સ્કાયા,

સ્વેર્દલોવ યુનિવર્સિટીમાંથી મેટ્રિકમાં પાસ થવા બદલ અભિનંદન. તેં મઝાની સફળતા સાધી છે. એક બિરાદર સાથે ૨૩મી ઑગસ્ટે હસ્તપ્રત મોકલી છે. મળતાં જ ખબર આપજે.

નિકોલાઈ

મિખાઈલ શોલોખોવને

સોચી, ૨૮ ઑગસ્ટ, ૧૯૩૬

પ્રિય બિરાદર મીશા,

મારો પહેલો સવાલ એ છે કે—તું અહીં સોચી ખાતે તારા કુટુંબ સહિત ક્યારે આવે છે? ગ્રીષ્મ ઋતુ પૂરી થવા આવી છે. ઘરના કામમાં

દિવસો આવી પહોંચ્યા છે, વગર નિમંત્રણે, અને બધું ઠંડુગાર તથા ભીનું કરી નાખે છે—પણ ડોકરી શરદને ચોક્કસ પાછી હઠાવી દેવામાં આવશે અને આપણને ફરી એકાદ મહિનો ગ્રીષ્મનો જરૂર મળશે જ. પણ તું એની રાહ જોતાં ઘેર ન બેઠો રહીશ. જેમ બને એમ જલ્દી નીકળી જજે.

યાદ રાખજે, મીશા—આયુષ્યની બાબતમાં મારો બહુ ભરોસો કરવા જેવો નથી. અને તું જો મારો હાથ દબાવવા માગતો હોય તો હમણાં જ આવ. આવતા વર્ષ સુધી મોકૂફ ન રાખીશ.

અલબત્ત, હું અસલી ઉક્રાઈનિયન જેવો જિદ્દી છું. અને છેલ્લે સુધી એવો જ રહીશ. પણ તેમ છતાં—બહુ વિશ્વાસ રાખીશ નહીં. હું તને સમયસર ચેતવી રહ્યો છું, જેથી તું એમ ન કહી શકે કે "પેલો નિકોલાઈ! મને છેતરી ગયો!"

પ્રારંભિક વાતો બહુ લાંબી ચાલી...

હું તને 'ઝંઝાવાતનાં સંતાનો'ની હસ્તપ્રત મોકલવા માગું છું, પણ એક શરતે—તું એને વાંચીને તને કેવી લાગી એ મને જણાવે. અને જે સાચું લાગે તે કહી દેવાનું. તને એ ન ગમે તો ઈંટોના છૂટથી ઘા કરવાના! "કડવી પણ નહીં ને મીઠી પણ નહીં"—એવી ગોળગોળ વાત નથી કરવાની પણ "ત્રીજા દાયકાની સાફ કહેવાની રીત મુજબ, ખાલી કીચડ છે" એમ જાહેર કરી દેવાનું. હા, મીશા, હું પ્રમાણિક બિરાદરની ભારે શોધ ચલાવી રહ્યો છું, એવો માણસ કે જે ખેલદિલીથી ઘા કરતાં જરાય ન અચકાય. આપણી પોતાની બિરાદરીએ. લેખકોએ—નિખાલસ વાત કહી દેવાની આદત ગુમાવી દીધી છે. અને મિત્રો—મિત્રો માણસની લાગણીઓ ઘવાય એવું કહેતા અચકાય છે. અને એ બહુ ખરાબ બાબત છે. પ્રશંસા તો માણસને બગાડે છે. લોકો જો ભારે પ્રશંસા કરવા મંડી પડે તો મજબૂત છાતીવાળાઓ પણ માર્ગ ખોઈ બેસે.

સાચા મિત્રોએ સાચું કહી દેવું જોઈએ, પછી ભલે ને એ ગમે તેટલું કડવું હોય. અને જે સારું થયું હોય એના કરતાં ક્ષતિઓ અંગે એમણે વધારે લખવું જોઈએ. જે સારું થયું હોય એને તો લોકો વખોડવાના નથી.

એટલે, મીશા, એ હસ્તપ્રત જેવી ટીકાને લાયક જણાય એવી ટીકા કરજે. આટલું યાદ રાખજે, મીશા: હું વ્યવસાયે ભઠ્ઠીમાં કોલસા નાખનારો છું, અને ભઠ્ઠીઓને ઈંધણ પૂરું પાડવામાં હું કાચો નહોતો. પણ સાહિત્યના ક્ષેત્રે હું "પ્રકાન" છું. આ વ્યવસાય એવો છે કે જેમાં ચતુરાઈ જોઈએ.

અને એક જૂની ઝેક કહેવત છે. ને કે "માણસને જે ઉપરથી ન આપવામાં આવ્યું હોય તે એને કોઈ દુકાનમાંથી પણ ન જ મળે."

વેશેન્સ્કાયામાં ભટકતા ઘરડા મીશા—રીંછ, વાત એમ છે.

અને હવે તું મને એ તો કહે કે વેશેન્સ્કાયાના તારા એ અડ્ડામાંથી તારી જાતને બહાર ખેંચી કાઢવા તું શું કરે છે? હું જાણું છું કે બિરાદરો મારીયા અને લીદાની મદદ વિના તું ચસકે તેમ નથી.

હું મોસ્કો જવા ૨૩મી ઑક્ટોબર રવાના થઈશ અને શિયાળો ત્યાં ગાળીશ.

"વીતેલાં વર્ષોના ભાર"ની વાતો છોડી દે, મીશેન્કા, અને સીધો અહીં આવતો રહે. અને અહીં આવવાનો તારો વિચાર ન હોય તો એ સાફ કહી દે.

હું તારો પંજો દબાવું છું. બિરાદરો મારીયા અને લી... ને શુભેચ્છાઓ અને નાની બેટીને ખૂબ પ્યાર.

તારો,

એન. ઓસ્ત્રોવ્સ્કી

તારસંદેશ

૨૯ ઑગસ્ટ, ૧૯૩૬

પ્રતિ, અલેક્સેઈ સ્તાખાનોવ,

તમારો મૈત્રીપૂર્ણ તારસંદેશ મળ્યો. હૃદય ભરાઈ આવ્યું. મારાં બંધુત્વભર્યાં અભિવાદનો સ્વીકારશો. હું તમારા પૌરુષભર્યા અને મહેનતથી કઠણ થયેલા હાથ દબાવું છું.

નિકોલાઈ ઓસ્ત્રોવ્સ્કી

કેંદ્રીય ઇર્મીનો ખાણ અખબારને*

કેંદ્રીય ઇર્મીનો ખાણના બહાદુર કામદારોને સંબોધિત પત્ર

સોચી, ૩૦ ઑગસ્ટ, ૧૯૩૬

હું ઇચ્છું છું કે મારા હાથનું ઉષ્માભર્યું દબાણ, મારાં બંધુભાવી અભિવાદનો, તમે અનુભવો.

ઊંડી નિષ્ઠાપૂર્વક,

નિકોલાઈ ઓસ્ત્રોવ્સ્કી

*સ્તાખાનોવપંથી આંદોલનની જયંતી પ્રસંગે અભિવાદનો.—સં.

એ. એ. કારાવાયેવાને

સોચી, ૧ સપ્ટેંબર, ૧૯૩૬

નમસ્તે, આન્ના અલેક્સાન્દ્રોવ્ના!

મેં 'ઝંઝાવાતનાં સંતાનો'નું પ્રકરણ છઠ્ઠું ગઈકાલે ટપાલ દ્વારા સામયિકને મોકલ્યું છે. મોટું પ્રકરણ છે—ટાઇપ થયેલાં ૧૨૪ પાનાં, લગભગ છ થશે.

મેં એટલા માટે જ મોકલી આપ્યું કે તમને યોગ્ય લાગે તો એ છાપી શકો. છપાવું જ જોઈએ એવો, અલબત્ત, મારો જરાય આગ્રહ નથી. આ તો એટલા માટે કે મેં પ્રથમ ભાગ પૂર્ણ કર્યો અને સામયિકમાં હજુ ન છપાયેલો હિસ્સો હવે મોકલી આપ્યો, જેથી એ અંગે તમે યોગ્ય લાગે એમ કરી શકો.

મારી તબિયત જરાય સારી નથી. મને છ સપ્તાહની રજા લેવા આદેશ અપાયો છે. આ પત્ર કંઈક નિરસ છે. ક્ષમા કરશો.

ગઈકાલે 'માનવી...'ની જાપાની ભાષાની નકલ મળી. 'વિજ્ઞાન' પ્રકાશકોએ ટોકિયોમાં પ્રસિદ્ધ કર્યું છે. ચિત્રલિપિમાં છે, એટલે એમાંથી એક શબ્દ પણ આપણને સમજાય એમ નથી.

'માનવી...'નું હવે આ મુજબના દેશોમાં પ્રકાશન થશે: ઇંગ્લેંડ, ફ્રાંસ, (એડીશન્સ સોશ્યલેઝ ઇન્તરનેશનલસ), હોલેંડ, ઝેકોસ્લોવાકીયા, અને જાપાન. ન્યૂયોર્કમાં 'માનવી...'નું એક દૈનિકમાં હપ્તાવાર પ્રકાશન થઈ રહ્યું છે.

હું ૨૫મી ઓક્ટોબરે મોસ્કો જવા ધારું છું. બીજા પુસ્તક અંગે તુરંત કામની શરૂઆત કરીશ. મને ખપ પડે એવી સામગ્રી મેં એકઠી કરી લીધી છે. મારી તબિયત મને દગો ન દે તો સારું—લાનત છે એને!

તમને કદાચ ખબર હશે કે બે મહિના પહેલાં હું મરણપથારીએ હતો. ગાંઠ ફૂટતાં નસ તૂટી ગઈ અને પિત્તપ્રકોપ થયો. બધા તબીબો એકીસાથે કહેવા લાગ્યા—'બસ, હવે ખેલ ખતમ!'

પણ તેઓ ફરી ખોટા ઠર્યા. હું જેમ તેમ કરી એમાંથી ઊગરી ગયો—તબીબી શાસ્ત્રના બધા નિયમોને ખોટા પાડીને. હોય એ તો, ભૂલ તો બધાથી થાય એવી કહેવત છે ને!

મેં 'ઝંઝાવાતનાં સંતાનો'ની હસ્તપ્રત ઘણા આગેવાન બિરાદરોને સમીક્ષા માટે મોકલી છે. તેઓ પુસ્તકને છાપવા જેવું ગણાવે તો બહુ સારી

વાત છે. એમ ન થાય તો હું એને પડખે મૂકી દઈશ. શુષ્ક નિરસ કૃતિ છપાવવાની મને ઇચ્છા નથી.

આપણાં સાહિત્ય વર્તુળોમાં જે ઉઘાડાં પાડવામાં આવેલ સેરેબ્ર્યાકોવા, સેલીવાનોવ્સ્કી, અને બીજા જાનવરો તથા દગાખોરો અંગે વાંચું છું ત્યારે મારું હૃદય ખૂબ ઘૃણાથી ભરાઈ જાય છે!

આપણા બધા બિરાદરોને શુભેચ્છાઓ.

એન. ઓસ્રોવ્સ્કી

પત્નીને

સોચી, ૧૪ સપ્ટેંબર, ૧૯૩૬

પરમપ્રિય રાયા,

તારા બંને પત્રો સાથે મળ્યા, જેમાંના એકમાં પુસ્તકોની યાદી હતી.

અહીં ખાસ કંઈ સમાચાર નથી. આવતીકાલે અમે તને પુસ્તકોનાં બે બોક્સ મોકલીશું, તારા પુસ્તક સંગ્રહ માટે.

આપણા હવાઈવીરો* સાથે મુલાકાત થઈ. હવામાન ઠંડું છે અને હું ઘરમાં જ રહું છું. મારું સ્વાસ્થ્ય સંતોષજનક છે. બધા કુટુંબીઓ બીમાર છે, ખાસ કરીને મા. 'ક્રાસ્નાયા પોલ્યાના' ખાતે લેવ માંદો પડી જતાં તેને ઘણી ખરાબ હાલતમાં અહીં લાવવામાં આવ્યો છે. એ પથારીવશ છે. ફેદેનેવ અને બ્રોનિસ્લાવા માર્ખ્લેવ્સ્કાયા અહીં સોચીમાં સારવાર લઈ રહ્યાં છે.

હું મારો સમય મારી સાહિત્યિક બાબતોની વ્યવસ્થામાં, વાચનમાં, અને વિવિધ પ્રકારના પત્રો લખવામાં ગાળું છું.

હું એમ જરૂર ઇચ્છું છું કે હવે તું સંગીત શીખવાનું શરૂ કરી દે. શિક્ષક શોધી કાઢ અને શીખવા માંડ.

તું ખુશમિજાજ અને સ્ફૂર્તિલી રહેજે. અને અભ્યાસ કરજે. નજીવી બાબતો અંગે ચિંતા કરીશ નહીં. મુદ્દો એ છે કે મુખ્ય કિલ્લો જોરદાર હલ્લો કરીને જીતી લેવો જોઈએ. બાકીનું બધું ગૌણ છે.

આટલાં બધાં વર્ષો બાદ તેં પદ્ધતિસર અભ્યાસ શરૂ કર્યો છે એથી

---

*લબ્ધપ્રતિષ્ઠ સોવિયેત હવાઈવીરો ચ્કાલોવ, બેલ્યાકોવ, અને બાયદુકોવ.—સં.

મને આનંદ થયો. અગાઉની પદ્ધતિ વિનાની બધી રીતો થકવી નાખનારી હતી.

શુભેચ્છાઓ.

કશી અડચણ ઊભી નહિ થાય તો અમે ઉત્તર દિશામાં નવું પ્રસ્થાન—મોસ્કો તરફ—૨૫મી ઓક્ટોબરે કરીશું.

નિકોલાઈ

તા. ક.—દિવસના કયા સમયે ટેલિફોન કરું તો તને અનુકૂળ રહેશે એ જણાવજે.

તારસંદેશ

૧૧ ઓક્ટોબર, ૧૯૩૬

પ્રતિ—અલેક્સાન્દર ફાદેયેવ,
સોવિયેત લેખકમંડળ,
૫૨, વોરોવ્સ્કી સ્ટ્રીટ, મોસ્કો

પ્રિય બિરાદર અલેક્સાન્દર! 'ઝંઝાવાતનાં સંતાનો'ના પ્રથમ ભાગની હસ્તપ્રત સ્તાવ્સ્કી પાસેથી મેળવી લેજો. બરોબર વાંચી જજો. હું ૨૪મી ઓક્ટોબરે મોસ્કો પહોંચીશ. મારી નવલકથાની તમામ ઊણપો અંગે મૈત્રીપૂર્ણ ચર્ચા કરવા આપણે મળવું જ જોઈએ.

મારું આલિંગન સ્વીકારશો.

તમારો,
નિકોલાઈ ઓસ્ત્રોવ્સ્કી

તારસંદેશ

૧૪ ઓક્ટોબર, ૧૯૩૬

પ્રતિ—સ્તાવ્સ્કી અને લાહુતી, સોવિયેત લેખકમંડળ, ૫૨, વોરોવ્સ્કી સ્ટ્રીટ, મોસ્કો

૨૪મી ઓક્ટોબરે મોસ્કો પહોંચવા ધાર્યું છે. મારા આગમન બાદ થોડા સમયમાં 'ઝંઝાવાતનાં સંતાનો'ની ચર્ચા માટે મારા નિવાસે લેખકમંડળના

અધ્યક્ષમંડળ તથા 'પ્રાવદા', 'કોમ્સોમોલ્સ્કાયા પ્રાવદા', અને તરુણ સંઘની કેં. સ.ની સંયુક્ત મિટિંગની તૈયારી કરવાની આગ્રહભરી વિનંતી.

સામ્યવાદી અભિવાદનો.

તમારો,
નિકોલાઈ ઓસ્ત્રોવ્સ્કી

તારસંદેશ

૧૪ ઓક્ટોબર, ૧૯૩૬

પ્રતિ—કારાવાયેવા અને કોલોસોવ, 'મોલોદાયા ગ્વાર્દિયા' સામયિક, નોવાયા પ્લોશ્ચાદ, મોસ્કો

પ્રિય મિત્રો, મારા નિવાસે સોવિયેત લેખકમંડળના બોર્ડના અધ્યક્ષમંડળની મિટિંગમાં 'ઝંઝાવાતનાં સંતાનો' અંગે ચર્ચાની તૈયારી કરો એમ હું ઇચ્છું છું. ૨૪મી ઓક્ટોબરે પહોંચવાની ધારણા છે.

તમારો,
નિકોલાઈ

માતાને

મોસ્કો, ૧૪ ડિસેંબર, ૧૯૩૬

વહાલી મા, આજે મેં 'ઝંઝાવાતનાં સંતાનો'ના પહેલા ભાગનું બાકી રહેલું બધું કામ પૂરું કર્યું. એટલે ૧૫મી ડિસેંબર સુધીમાં પુસ્તકનું કામ કરવાનું સંઘની કેંદ્રીય સમિતિને આપેલું વચન મેં પાળ્યું છે.

ગયા આખા મહિના દરમિયાન "ત્રણ પાળી" કામ કર્યું. મારાં બધાં મદદનીશોને લોથપોથ કરી નાખ્યાં. એક પણ દિવસની રજા આપ્યા વિના સવારથી મોડી રાત સુધી તેમની પાસેથી કામ લીધું. બિચારી બાઈઓ! મને ખબર નથી કે તેઓ મારા અંગે કેવો ખ્યાલ ધરાવે છે, પણ મેં તેમની સાથે ચોક્કસ ક્રૂરતાભર્યું વર્તન કર્યું છે.

જોકે, હવે એ બધું પૂરું થઈ ગયું છે. હું કેટલો થાક્યો છું એ કહી બતાવવું અશક્ય છે. પણ પુસ્તક પૂર્ણ થયું છે અને આજથી ત્રણ સપ્તાહ

બાદ એ બહાર પડશે, ૧૧૦.૦૦૦ નકલો, કાગળના પૂંઠાની આવૃત્તિમાં. પછીથી એ ઘણાં પ્રકાશનગૃહો દ્વારા છપાશે. કુલ પાંચેક લાખ નકલો છપાશે.

. . .મને લાગે છે કે તેં આંદ્રે ઝીદની દગાખોરી વિષે વાંચ્યું હશે. એણે આપણાં હૃદયોને કેવાં છેતર્યાં! મા, એવું કોણે ધાર્યું હતું કે તે આટલું અધમ અને અપ્રમાણિક વર્તન કરશે! એ બુઢ્ઢો આદમી પોતાના વર્તનની શરમ અનુભવવા જીવતો રહે તો સારું! એણે માત્ર તને અને મને જ નહીં પણ આપણી સમગ્ર પ્રજાને છેતરી છે. અને હવે એનું પુસ્તક — તેણે એનું નામ 'રશિયાને તિલાંજલિ' રાખ્યું છે — સમાજવાદ અને કામદાર વર્ગ સામેના આપણા દુશ્મનોના પ્રચારમાં હાથો બનશે. એ પુસ્તકમાં એણે મારા અંગે વ્યક્તિગત રીતે "સારું" લખ્યું છે. તે કહે છે કે હું યુરોપમાં રહેતો હોત તો મને "સંત" લેખવામાં આવ્યો હોત અને એવું બધું. પણ એ ન ખપે. એની દગાખોરી મારે માટે જબ્બર ફટકો છે કારણ કે એની બધી વાતો, એના આંસુ, અને એ અહીં હતો ત્યારે આપણા વિજયો અને સિદ્ધિઓ અંગે એણે જે ઉત્સાહ દર્શાવવાનો દેખાવ કર્યો હતો એને મેં નિષ્ઠાપૂર્વક સાચાં માન્યાં હતાં.

હવે મારે એક મહિનો આરામ છે. હું બહુ થોડું કામ કરીશ — અલબત્ત, આવું આળસુપણું હું સહન કરી શકીશ તો. આ બાબતમાં તું અને હું ઘણાં મળતાં આવીએ છીએ — ખરું ને, મા? છતાં, હું મારા શરીરને આરામ આપીશ. હું વાંચી શકું, સંગીત સાંભળી શકું. અને થોડી ઊંઘ ખેંચી શકું. છ કલાક પૂરતા જણાતા નથી.

સોવિયેતોની આઠમી કોંગ્રેસમાં આપણા નેતાનું પ્રવચન તેં સાંભળ્યું હતું? આપણો રેડિયો બરોબર કામ આપે છે?

આ છેલ્લા સપ્તાહોમાં પત્ર ન લખવા બદલ મને માફ કરજે, વહાલી મા. હું તને ક્યારેય ભૂલતો નથી. તારા શરીરની સંભાળ રાખજે અને ખુશમિજાજમાં રહેજે. શિયાળાના મહિનાઓ ટૂંકમાં જ પૂરા થઈ જશે અને વસંતમાં હું ફરી તારી પાસે પહોંચી જઈશ. હું તારા હાથ, તારા પ્રમાણિક ઉદ્યમી હાથ, દબાવું છું અને તને હેતથી ભેટું છું.

તારો,

એન. ઑસ્ત્રોવ્સ્કી

વાચકોને

અમારા આ પ્રકાશનના વસ્તુ, ભાષા, રંગરૂપ તથા છપાઈ જેવા પ્રત્યેક અંગ વિશે આપના અભિપ્રાયો મેળવતા અમને અત્યંત આનંદ થશે. નવાં પ્રકાશનો વિશે આપનાં સલાહસૂચનોનું અમારા કાર્યાલયમાં સાભાર સ્વાગત થશે.

પ્રગતિ પ્રકાશન
૨૧, ઝુબોવ્સ્કી બૂલવાર
મોસ્કો (સોવિયેત સંઘ)

Н. ОСТРОВСКИЙ

ДА ЗДРАВСТВУЕТ ЖИЗНЬ!

на языке гуджарати

Перевод сделан по книге:
Н. Островский. Сочинения в двух томах. Т. 2. Изд. «Молодая гвардия», 1953

Издательский редактор *Л. Савельева*
Контрольный редактор *М. Тарвердова*
Художник *И. Бисенгалиев*
Художественный редактор *А. Маркевич*
Технические редакторы *Е. Ширяева, Е. Гоц*

Сдано в набор 29.7.1975.
Подписано в печать 15.12.1976.
Формат 84×108$^1/_{32}$. Бумага типографская № 1.
Условн. печ. л. 10,5. Уч.-изд. л. 13,25.
Тираж 1000 экз. Заказ № 97. Цена 1 руб. 99 коп.
Изд. № 21073.

Издательство «Прогресс»
Государственного Комитета
Совета Министров СССР по делам издательств, полиграфии и книжной торговли.
Москва 119021, Зубовский бульвар, 21.

Ордена Трудового Красного Знамени
Московская типография № 7 «Искра революции»
«Союзполиграфпрома» при Государственном
Совета Министров СССР по делам издательств, полиграфии и книжной торговли.